શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

ऐं નમઃ

# વૈરાગ્યની રસધાર

(વૈરાગ્યશતક વિવેચન)

## ભાગ-૨

-: વિવેચનકાર :-

પ.પૂ.આ.શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી

મ. પટ્ટધર વિરાગમૂર્તિ સુવિશાલગચ્છાધિપતિ

પ.પૂ.આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા

-: સંપાદક :-

પ.પૂ. મુનિરાજ શ્રી સત્યકાંત વિ.મ.

-: પ્રકાશક :-

દિવ્યદર્શન ટ્રસ્ટ

૩૬, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા,

ધોલકા-૩૮૭૮૧૦

| વિ.સં. | પ્રકાશન | પ્રતિ |
|---|---|---|
| ૨૦૬૯ | પોષ સુદ - ૨ | ૧૦૦૦ |

કિંમત : ૮૦ રૂા.


# સુકૃત લાભ કમાયા

ગુરૂભક્ત

સદ્‌ગૃહસ્થ


-: પ્રાપ્તિસ્થાન :-

દિવ્યદર્શન ટ્રસ્ટ,
૩૬, કલિકુંડ સોસાયટી,
મફલીપુર ચાર રસ્તા,
ધોળકા - ગુજરાત

卐

અરવિંદભાઇ જે. શાહ
૮૯, શેખ મેમણ સ્ટ્રીટ,
૨જે માળે,
મુંબઇ - ૪૦૦ ૦૦૨.


## પ્રાસ્તાવિકમ્

।। નમો તિત્થસ ।।

આસન્નોપકારી શ્રી વર્ધમાનસ્વામીએ નયસારના ભવમાં સમ્યક્ત્વ પામીને કર્મ સામે જંગ માંડ્યો. ૨૭ ભવમાં અનેકવાર કર્મો પ્રચંડ હાવી થયા, પરમ તારકના આત્માને ૧ કો. કો. સાગરોપમના સંસારવૃદ્ધિ સાથે ક્યારેક ત્રિદંડીનો વેશ ધારણ કરવો પડ્યો તો ક્યારેક ૪ થી અને ૭મી નરકમાં પણ જવા માટે મજબૂર કરવામાં આવ્યો.

કર્મોનું જોર વધ્યું ત્યારે આત્મા નિર્બળ બન્યો, જ્યારે આત્મા બળવાન બન્યો ત્યારે કર્મો દબાતા ગયા - આ રીતે ૨૭ ભવ સુધી સતત યુદ્ધ ચાલતું રહ્યું. વારંવાર કર્મોને પરાસ્ત કરવા દ્વારા કર્મની પૌદ્‌ગલિક શક્તિ ક્ષીણ થવા માંડી.

પૂર્વના ત્રીજા ભવમાં ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ કરવા દ્વારા કર્મ સામે પ્રગટ યુદ્ધ જાહેર કરીને વિજયના પગરણ માંડ્યા. અંતે ૨૭મા ભવમાં ૧૨ ।। વર્ષના સાધનાકાળમાં તો મેરૂવત્ નિશ્ચલ મને વર્ધમાન વૈરાગ્યવંત યુદ્ધવીર આત્માએ સંપૂર્ણ વિજય મેળવીને યુદ્ધવિજેતા બન્યા-કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી.

કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિની સાથે જ વિષય-કષાય રૂપી સંસાર દાવાનલના દાહના નિવારણાર્થે શાસન સ્થાપના કરીને આરાધનાના અનેક યોગોનું મહાદાન કર્યું.

સંસાર દાવાનલને ઉપશાંત કરવા માટે શાસન આરાધવાનો શ્રેષ્ઠ યોગ એટલે સંવેગ અને નિર્વેદની પ્રાપ્તિનો યોગ.

**સંવેગ** = મોક્ષની તીવ્ર અભિલાષા.

**નિર્વેદ** = સંસાર પર કંટાળો, સંસારના વાતાવરણમાં સદા.

ઉદ્‌વિગ્નતા = વૈરાગ્ય.

સંવેગ સંપ્રાપ્તિ માટે નિર્વેદ (વૈરાગ્ય) આત્મસાત્ થવો અનિવાર્ય છે.

સંસારરસિક જીવો વિષયાસક્તિની આગમાં હોમાઇને પોતાના આત્મગુણોની હોળી કરવા તૈયાર થયા છે ત્યારે તેમાંથી બચાવી લેવા પરમાત્માએ મોહનાશક વૈરાગ્યવર્ધક માલકૌંશ રાગમાં દેશના વહાવી અપૂર્વ ઉપકાર કર્યો છે.

આનું જ આલંબન લઇને પૂર્વાચાર્યોએ વૈરાગ્યવૃદ્ધિકારક અનેક ગ્રંથોની રચના કરી છે. તેમાંનો એક વિશિષ્ટ ગ્રંથ એટલે જ આ ''વૈરાગ્ય શતક''.

સંસારના સંબંધોમાં સ્વાર્થની દુર્ગંધ, પ્રમાદની ભયંકરતા, સંસાર સુખ માત્ર ને માત્ર દુઃખમિશ્રિત, અલ્પકાલીન, નાશવંત છે આવું સ્પષ્ટ દર્શન આ ગ્રંથના ગ્રંથકારે કરાવ્યું જ છે.

સાથે સાથે રતિ-રાગ-આસક્તિના ત્રિવેણી દોષમાં ફસાયેલા જીવોને મુક્ત કરવા અત્યંત ઉપયોગી આ ગ્રંથની પ્રત્યેક ગાથા પર પરમ વૈરાગી, અનાસક્તભાવમાં સતત રમમાણ પ્રાતઃ સ્મરણીય પૂ. ગચ્છાધિપતિ આ.ભ. **શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજાએ** શાસ્ત્રપરિકર્મિતબુદ્ધિ દ્વારા માર્મિક એવું વિશિષ્ટ વિવેચન કર્યું છે કે જેનાથી દેખાતો સોહામણો સંસાર અંદરથી હાડોહાડ બિહામણો લાગી જાય... વૈરાગ્યનું બીજારોપણ, સ્થિરીકરણ, વિવૃદ્ધિકરણ કરવા સક્ષમ વિવેચન પ્રદાન કરીને પૂજ્યશ્રીએ જબ્બર ઉપકાર કર્યો છે.

૫૧ થી ૧૦૪ ગાથાના વિવેચનનો આ બીજો ભાગ છે. આ પૂર્વે પ્રકાશિત થયેલ ૧ થી ૫૦ ગાથાના વિવેચનનો **'વૈરાગ્યની રસધાર'** નામનો પ્રથમ ભાગ-આ બંને ભાગનું વિવેચન **વાંચે તે પામે** એ ન્યાયે જાણે કે 'મારા માટે જ લખવામાં આવ્યો છે' એવા અહોભાવપૂર્વક વાંચવામાં આવશે તો અવશ્ય લાભકર્તા બનશે.

વૈરાગ્યપિપાસુ આત્માએ તેમજ વિષયાસક્તિના ભોગ બનેલ-બનતા આત્માએ પણ આ ગ્રંથ, વિવેચન વાંચી નિર્વેદ-વૈરાગ્યરસની અનુભૂતિ પામવા પ્રેરણા સહ...

મુનિરાજશ્રી **સત્યકાંતવિજયજી મ.સા.**એ પૂજ્યશ્રીના પુસ્તકનું સંપાદન કરવા દ્વારા ગુરુભક્તિ, શ્રુતભક્તિનું અનુમોદનીય કાર્ય કર્યું છે. ધન્યવાદ.

પૂ. ગચ્છાધિપતિશ્રીના લાગણીસભર સૂચનથી હું પણ પ્રસ્તાવના માટે સહજતાથી લાભ પામી શક્યો તે બદલ ધન્યતા અનુભવું છું.

વિ.સં. ૨૦૬૯, મા.સુ. ૩


**પૂ. પંન્યાસ પ્રશાન્તવલ્લભવિજયજી મ.સા.**

શ્રી ૐકારસૂરિ આરાધના ભવન, સુરત.

## ૫૧

निहरिय कह वि तत्तो, पत्तो मणुअत्तणंपि रे जीव ।
तत्थ वि जिणवरधम्मो, पत्तो चिंतामणिसारिच्छो ।।५१।।

पत्ते वि तंमि रे जीव ! कुणसि पमायं तुमं तयं चेव ।
जेणं भवंधकूवे, पुणो वि पडिओ दुहं लहसि ।।५२।।




ગાથાર્થ-હે જીવ! ત્યાંથી કોઇપણ રીતે નીકળીને મનુષ્યપણું પણ તું પામ્યો.
તેમાં પણ ચિંતામણિ રત્ન સમાન જિનધર્મ તને પ્રાપ્ત થયો ।।૫૧।।
હે જીવ! તે ધર્મ પ્રાપ્ત થવા છતાં પણ તે જ પ્રમાદ તું કરે છે કે જે પ્રમાદથી ભવરૂપી અંધકૂપમાં ફરી વાર પણ પડેલો તું દુઃખ પામે છે ।।૫૨।।

*51. For some reason, You escaped nigoda and attained birth*
*As a human being. Not only that, you have been born in*
*The Jain faith, which is like the wish-fulfilling gem.*

*52. Despite being born in this profound faith,*
*You spend your time in indolence!*
*This could lead to rebirth In the bottomless well of nescience,*
*Accompanied by grief and misery.*

કહવિ = કોઇપણ રીતે એટલે સહેલાઇથી નહીં પણ મહામુશ્કેલીથી જીવ એકેન્દ્રિય અને નિગોદમાંથી નીકળે છે. કારણ ત્રસજીવોની કાયસ્થિતિ કરતાં ક્રમશઃ અસંખ્ય અને અનંત ગુણી કાયસ્થિતિ એકેન્દ્રિયની પ્રત્યેકપણામાં અને નિગોદમાં છે.

ત્રસકાયમાં સંજ્ઞીપણામાં જીવ વારંવાર આવ-જા અને અવસ્થાન પણ કરે છે. દીર્ઘકાળ સંજ્ઞીમાં પસાર કરે છે અને ત્યાં જીવને જ્ઞાન-સમજણ છે. સામગ્રી મળવાની અને તેનો સદુપયોગ કરવાની યોગ્યતા હોય છે. જ્યારે જ્યારે એકેન્દ્રિયપણામાં જાય ત્યાં અનંતગુણી કાયસ્થિતિનો જંગી કાળ છે. સંજ્ઞિપણું જલ્દી મળતું નથી, સમજણશક્તિ કે જ્ઞાનની સામગ્રી પણ નથી હોતી. એટલે કહ્યું કે એકેન્દ્રિયમાંથી-નિગોદમાંથી નીકળવું સહેલું નથી.

**''કાળ બહુ સ્થાવર ગ્રહી ભમીયો ભવમાંહી, વિકલેન્દ્રિય એળે ગયો સ્થિરતા નહીં ક્યાંહી''**

ભવિતવ્યતા અને કર્મલઘુતા પામીને જીવ તેમાંથી બહાર નીકળતો હોય છે. ત્યાંથી નિકળ્યા બાદ વિકલેન્દ્રિયમાં - તિર્યંચ પંચેન્દ્રિય વગેરેમાં ભટક્યા બાદ મનુષ્યપણું મુશ્કેલીથી પમાય છે. તે દુર્લભ મનુષ્યભવને પણ તું પામ્યો. વર્તમાનમાં મનુજ અવતારને મેળવ્યો.

તેમાં પણ જે શ્રી જિનેશ્વર દેવનો ધર્મ વ્યવહારથી-દ્રવ્યથી પણ ઘણા ઓછા જીવોને મળતો હોય છે, ભાવ-આદર લાગણીથી તો જૂજ જીવોને જ મળતો હોય છે તે ચિંતામણીરત્ન સમાન ધર્મને પણ તું પામ્યો.

જેના માટે કહેવાયું કે જે ક્યારેક કોઇકને જ મળે તેવો, મહામહેનતે પ્રાપ્ત થાય તેવો, સર્વ ઇચ્છિતને પૂરનાર, સંકલ્પ ન કરો તો પણ સર્વ પ્રકારની સુખ-સામગ્રી-શક્તિ આપનાર છે.

તેવી જ રીતે સર્વ દુઃખો, પાપો, દુર્ગતિ-દોષોનો નિર્મૂળ નાશ કરનાર છે. આત્માને ક્રમશઃ સર્વગુણોમય બનાવનાર, શાશ્વતમોક્ષને આપનાર છે.

આવા ધર્મની મહત્તા-કિંમત ન સમજે-ધર્મ ન કરે તો તેનું નુકશાન ઘણું આવી



શકે, વિષય-કષાય-આવેશ-ઉપેક્ષા-અવજ્ઞા દ્વારા જિનધર્મારાધનામાં પ્રમાદ કરે તો તેના કારણે અજ્ઞાન-અવિવેક-દુર્બુદ્ધિ અને દુર્ગતિરૂપ, અંધારા અને દુઃખમય સંસારકૂવામાં ફરી તું પડશે અને દીર્ઘકાળ દુઃખ પામશે.

શ્રી જિનધર્મ એ અજ્ઞાનનો નાશ કરે છે, અવિવેકનો નાશ કરે છે, દુર્બુદ્ધિનો પણ નાશ કરે છે. આ ત્રણના નાશથી દુઃખ-દુર્ગતિ અને ભવપરંપરાનો નાશ થાય છે.

શ્રી જિનધર્મને જાણવા જ્ઞાનીના સાંનિધ્યમાં રહેવું આવશ્યક છે. જ્ઞાની આચારસંપન્ન, પ્રધાનતયા વૈરાગ્ય અને આચારના પ્રરૂપક-દર્શક હોવાથી તેમની નિશ્રા સ્વીકારવાથી વૈરાગ્યની પ્રાપ્તિ-વૃદ્ધિ થાય. આચારના જ્ઞાન-ભાવન-પાલનથી જીવના અજ્ઞાન-મોહ-ધર્મની અરૂચિ ત્રણે નાશ પામે છે.

આચાર સંપન્ન જ્ઞાનીની નિશ્રાથી-સમર્પણથી, જ્ઞાનાભ્યાસથી, વૈરાગ્યભાવથી, શક્ય આચાર પાલનથી મોહનો હ્રાસ થવાથી, આશ્રવ અને પાપસ્થાનોની રૂચિ ઘટવાથી સામે પક્ષે સંવર અને ધર્મ ઉપર રૂચિ થવાથી દુર્બુદ્ધિ નાશ પામે છે અને એનાથી અવિવેક નષ્ટ થાય છે.

સંવરની અને ધર્મની રૂચિ અને એની તીવ્રતા એ સહજ રીતે અસદ્ આચરો અને તેની લાગણીનો નાશ કરે છે. તેમ તજજન્ય પાપો અને પૂર્વે બાંધેલ પાપ અનુબંધોનો નાશ કરે છે અને નવા પાપો કે પાપાનુબંધોને બંધાતા અટકાવે છે.

સંવર રુચિ અને ધર્મ-આચાર રુચિ દ્વારા પુણ્ય-પુણ્યના અનુબંધ બંધાય છે. માટે શ્રી જિનધર્મ એ મોક્ષનો માર્ગ છે.

બીજા દર્શનમાં-ધર્મમાં જે આંશિક સારા તત્વો છે તે શ્રી જિનધર્મ પામવા માટેનો કેડી માર્ગ છે. આ કેડી જિનધર્મ રૂપી રાજમાર્ગમાં આવીને ઊભી રહે છે. પરંતુ આ જૈનેતર દર્શનની કેડીઓમાંથી-દરેકમાંથી અનંતર બીજી અનેક કેડીઓ નીકળે છે. જે ઘોર સંસાર-જંગલમાં પણ જીવને પાડે છે.

તેથી જિનધર્મ પામીને આરાધના કરનાર સંસારને પાર પામે છે, અને તેની ઉપેક્ષા-અનાદર-વિરાધના કરનાર સંસારકૂવામાં પડી દુઃખી થાય છે.

સંસાર તરવાનો - પાર પામવાનો ઉપાય શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલ ધર્મ છે. એ ધર્મ બાહ્ય-અભ્યંતર બે પ્રકારે છે.

બાહ્યધર્મ આચારરૂપ, ભાવનારૂપ, જ્ઞાનાભ્યાસરૂપ અને ચિંતનરૂપ એમ ચાર પ્રકારે છે.

આ ચારે દ્વારા ઉત્પન્ન થતી આત્મામાં સંવરની-પાપત્યાગની-કષાયજયની-વિષયવિમુખતાની-સંજ્ઞાજયની-આત્મગુણોની રુચિ અને દોષ-દુર્ગુણોના ત્યાગની રુચિ એ ભાવધર્મ છે.

ભાવધર્મ ક્ષયોપશમરુપ છે. બાહ્ય ધર્મ એ સામાન્ય ઉપયોગ અને ક્રિયારૂપ છે. એનાથી ભાવ-આંતરધર્મ વ્યક્ત થાય છે.

આવી જ રીતે ભાવ સંસારને છોડવા વ્યવહાર સંસાર છોડવો પડે-ઘટાડવો પડે. કારણ કે વ્યવહાર સંસાર જ તામસી રસ-આનંદ રૂપ ભાવસંસાર લાવે છે. જ્યારે વ્યવહારધર્મ સંસારના તામસી રસ-આનંદને પણ ઘટાડે છે અને દ્રવ્ય સંસારરૂપ વિષયપ્રવૃત્તિઓને પણ ઘટાડે છે.

ભાવસંસાર વ્યવહાર સંસારને વધારે છે તેમ ભોગવિલાસ-આકાંક્ષા-નિરંકુશતા રૂપ ભાવસંસારને પણ પુષ્ટ કરે છે.


તથા સદ્ભાવના-વૈરાગ્ય-આત્મરમણતારૂપ ભાવધર્મનો હ્રાસ-નાશ કરે છે તેમ દ્રવ્યધર્મનો પણ વૈરાગ્ય-ધર્મિસંબંધ-ધર્મપ્રવૃત્તિ ઘટાડવા દ્વારા હ્રાસ-નાશ કરે છે આમ ભાવ સંસાર-ઉભય ધર્મનો નાશ કરે છે.

વ્યવહાર સંસાર પણ ઉભયધર્મનો નાશ કરી શકે છે એથી વિપરિત ઉભયધર્મ-અન્યતર ધર્મ પણ ઉભયસંસારનો નાશ કરે છે માટે દ્રવ્યસંસાર ઘટાડવા અને દ્રવ્યધર્મ આરાધવા કટીબદ્ધ બનવું.



## ૫૩

उवलद्धो जिणधम्मो, न य अणुचिण्णो पमाय-दोसेणं ।
हा जीव ! अप्पवेरिअ ! सुबहुं परओ विसूरिहिसि ।।५३।।



ગાથાર્થ - હે જીવ! જિનધર્મ પ્રાપ્ત થયો પરંતુ પ્રમાદના દોષથી તેનું આચરણ કર્યું નહીં. અરે આત્મવૈરી! પરલોકમાં તું ખૂબ ખેદ પામીશ. ।।૫૩।।

*53. O enemy of the self,*
*If you do not follow the Jain teachings,*
*You will regret for a very long time, that*
*Despite being born in the Jain faith,*
*Out of indolence,*
*You did not practise the Jain teachings.*

દુનિયામાં સ્વ-પરનું કલ્યાણ કરનારા જીવો બહુ અલ્પ હોય છે, બીજાને નુકશાન પહોંચાડનારા ઘણા હોય છે, તો પોતાને જ નુકશાન કરનારા પણ હયાત હોય છે. મળેલ સમય-શક્તિ-સંયોગ-સામગ્રીઓનો આળસ-બેકાળજીના કારણે ઉપયોગ ન કરવા દ્વારા સ્વને નુકશાન પહોંચાડનારાઓને શાસ્ત્રમાં 'અપ્પવેરી' (આત્મવૈરી) પોતે જ પોતાના શત્રુ તરીકે ઓળખાવ્યા છે.

અહીં પણ ગ્રંથકાર કહે છે 'હે જીવ! તેં જો અહીં પ્રાપ્ત થયેલ શ્રી જિનધર્મની પ્રમાદના કારણે આરાધના ન કરી તો તું તારી જાતનો-પોતાનો જ વૈરી છે. પોતે જ વિપરીત-અનુચિત આચરણથી સ્વને દુઃખ આપનાર છે. આ અવસર હાથમાંથી ગયા પછી તું ઘણા કાળ સુધી શોક-પશ્ચાતાપ કરીશ.

આ ગાથામાં (૧) જિનધર્મ પ્રાપ્તિની વાત બતાવી (૨) પ્રમાદથી એની આરાધના ન કરવા રૂપે - ન આચરવા રૂપે ઉપેક્ષા બતાવી (૩) આવો જીવ પોતાનો જ શત્રુ-દુશ્મન છે તે કહ્યું અને (૪) ધર્મ આરાધનાના શક્તિ-સંયોગાદિ નષ્ટ થયા બાદ જીવ ઘણો પશ્ચાતાપ કરશે - ઘણા દુઃખો ભોગવવા પડશે આમ ચાર વાત બતાવી છે.

શ્રી જિનધર્મની પ્રાપ્તિ બાહ્ય અને આંતરિક બે પ્રકારે છે. ફક્ત બાહ્ય પ્રાપ્તિ પુણ્યના ઉદયથી થાય છે. આ પુણ્ય દેવ-ગુરૂ-ધર્મના-આચારના બહુમાનથી બંધાય છે. આના દ્વારા જીવને આચારપાલનના સંયોગો-શક્તિ મળે છે તેને બાહ્ય ધર્મની પ્રાપ્તિ કહેવાય.

સુદેવાદિ ઉપરનું બહુમાન જો અલ્પ-કામચલાઉ હોય તો સંયોગો-શક્તિ-જ્ઞાન મળવા છતાં જ્ઞાનની પરિણતિ ન હોવાથી જીવ ક્યારેક પ્રમાદી-ઉપેક્ષાવાળો-કષાયવિષયાંધ-વિશિષ્ટદોષોથી દુષિત હોય છે.

ક્યારેક કાળપરિપાકથી-કર્મ લઘુતાથી-ભવિતવ્યતાના સહયોગથી સામગ્રી આદિ મળતાં જીવનું સદ્વીર્ય અને વિવેક સ્ફુરાયમાણ થાય છે, સદ્ભાવનાઓ તથા સદ્આચારોમાં ઉલ્લાસ-આદર-ઉપયોગ-અહોભાવ ઉત્પન્ન થાય છે.

આ ઉલ્લાસાદિના કારણે પ્રમાદને અવકાશ મળતો નથી. ક્વચિત્ આવેલ પ્રમાદને જીવ ખસેડી દે છે અને તુરંત આરાધનામાં તલ્લીન બને છે, આગળ વધે છે.

આ રીતે પુણ્ય દ્વારા બાહ્યધર્મની પ્રાપ્તિ થાય છે અને એમાં જ્ઞાન પરિણતિ વગેરેથી ભાવધર્મની પ્રાપ્તિ પણ થાય છે. ક્યારેક ધર્મની અનુમોદના દ્વારા દ્રવ્ય-ભાવ ઉભયધર્મની પ્રાપ્તિ પણ થાય છે. સામાન્ય કાયદો છે પ્રથમ દ્રવ્ય પછી વિશેષ ભાવ



આવે.

ભાવધર્મના અભાવમાં-ભાવધર્મના હ્રાસ અને નાશમાં જીવ પ્રમાદી-વિરાધક બને છે. ભાવધર્મ પામેલ પ્રમાદ કરે તો ભાવધર્મથી ભ્રષ્ટ થાય અને પછી દ્રવ્યધર્મથી પણ ભ્રષ્ટ થાય. એની સામે દ્રવ્ય ધર્મ પામેલ જો અપ્રમત્ત રીતે આરાધના કરે તો ભાવધર્મની પ્રાપ્તિને યોગ્ય બને છે.

**કર્મની અત્યન્ત અંતરાય અવસ્થા કે તેવી ભવિતવ્યતા સિવાય ભાવધર્મ પામેલા વધારે કાળ દ્રવ્ય-વ્યવહાર ધર્મરહિત હોતા નથી. ભાવધર્મ દ્રવ્ય ધર્મના પુણ્ય-સંયોગને ખેંચી લાવે છે તેથી તત્કાલ કે આસન્નકાળ=બીજા-ત્રીજા ભવમાં ભાવધર્મ યુક્ત દ્રવ્ય ધર્મ અવશ્ય મેળવે છે.**

એ જ રીતે દ્રવ્યધર્મ આચરનારને ભાવના, લક્ષ અને પ્રયત્નથી કર્મનો ક્ષયોપશમ અવશ્ય થાય છે અને તેનાથી ભાવધર્મ ઉત્પન્ન થાય છે. શુદ્ધ દ્રવ્યધર્મ એ ભાવધર્મની ઉત્પત્તિ-વૃદ્ધિ-સ્થિરતા અને પરાકાષ્ટાનું કારણ છે. અને પ્રાપ્તભાવધર્મવાળા મોક્ષે ન જાય ત્યાં સુધી તેને દ્રવ્ય ધર્મની સાહજિક પ્રાપ્તિ-રૂચિ અને આરાધના જોડે સંબદ્ધ રહે છે.

**ભાવધર્મ એકલો ક્વચિત અને અલ્પકાલીન હોય તેમ શુદ્ધ દ્રવ્યધર્મ પણ એકલો ક્વચિત-અલ્પકાલીન હોય.**

જો આદર અને કાળજી પૂર્વકના પ્રયત્ન હોય તો અશુદ્ધ દ્રવ્યધર્મ ક્યારેક શુદ્ધધર્મનું કારણ બને. જો કાળજી-આદરયુક્ત પ્રયત્ન ન હોય તો બહુધા દ્રવ્યધર્મના નાશનું કારણ બને.

ભાવધર્મમાં પણ આવતી-કરાતી ઉપેક્ષા-ગૌણતા-અરૂચિ વગેરે ભાવધર્મના નાશનું તો કારણ બને જ છે પણ સાથે દ્રવ્યધર્મના નાશનું-અંતરાયનું પણ કારણ બને છે.

માટે દ્રવ્યધર્મથી ભાવધર્મ આવે અને ભાવધર્મથી દ્રવ્ય ધર્મ શીઘ્ર આવે અને સ્થિર થાય.

દ્રવ્યધર્મના નાશથી કાલાંતરે ભાવધર્મ નાશ પામે અને ભાવધર્મના નાશ કે હ્રાસથી દ્રવ્યધર્મનો હ્રાસ-નાશ થાય. આમ બન્ને અન્યોન્ય સંકળાયેલા છે. કેમ કે દ્રવ્યધર્મ કારણ છે, ભાવધર્મ કાર્ય છે. ઉપાદાન કારણ નાશે કાર્ય નષ્ટ થાય છે.

ધર્મનો = દ્રવ્યધર્મનો કે ભાવધર્મનો નાશ જેનાથી થાય તેને પ્રમાદ સમજવો.

**દ્રવ્યધર્મનો નાશ સાધન-કાળ-વિધિ-મુદ્રા વગેરેની અનિયમિતતા-અનિશ્ચિતતા વગેરેથી થાય છે.** ભાવ ઘટે એટલે આ દોષો આવે.

સંયોગજન્ય આ સાધન-કાળ વગેરેની ન્યૂનતામાં પણ શક્ય પ્રયત્ન અને આદરયુક્ત રૂચિ હોય તો ભાવ અખંડ રહે છે સાથે દ્રવ્યમાં અખંડતાની ઇચ્છા છે, શુદ્ધદ્રવ્ય ધર્મની રૂચિ અખંડીત છે અને અનિયમિતતા વગેરે દોષોમાં અરૂચિ પણ છે માટે દ્રવ્યધર્મનો પણ નાશ થતો નથી.

પ્રમાદ દારૂના નશાના પાવરની જેમ પ્રથમ તો કર્તવ્ય સમજવા ન દે અને આચરવા ન દે. બીજા નંબરે જેમ-તેમ આચરણ કરાવે, અધવચ્ચે છોડાવે, અવજ્ઞા-તિરસ્કાર-અરૂચિ કરાવે. આ બધી પ્રવૃત્તિઓ આવેશના ઘરની હોવાથી મદ કહેવાય. એ વિશિષ્ટ કોટિનો હોય તે પ્રમાદ કહેવાય.

**સન્માર્ગને જાણવામાં - એના પ્રત્યે રૂચિ કરવામાં અને વ્યવસ્થિત આચરવામાં વિશેષ કારણ વગર જે ગૌણતા તે પણ પ્રમાદ છે અને તે આચારો પ્રત્યે જે અરૂચિ-ઉપેક્ષા-અવ્યવસ્થિતતા-અનાદર-અવજ્ઞા વગેરે તે પણ પ્રમાદ કહેવાય.**

**'ન ય અણુચિણ્ણો પમાયદોસેણ'** જિનધર્મ મળવા છતાં જીવ પ્રમાદથી આચરતો નથી એમ બતાવીને કહેવું છે કે જિનધર્મ પૂર્ણભાવનાથી શક્તિ અનુસાર આચરવાનો હોય છે. આચરવામાં બે ચીજ જોઇએ ભાવના અને શક્તિ સંયોગ.

આમાં ભાવનાની ન્યૂનતા એ કર્મની બલવત્તા સુચવે છે. એનાથી જીવ અનેક પ્રકારના ખોટા-બનાવટી-ખરાબ આલંબનો પકડીને શરૂ શરૂમાં ધર્મમાં પ્રવૃત્ત થતો નથી. કદાચ થાય તો પણ રસરહિત કે મંદરસથી જેમ-તેમ, જેવી-તેવી પ્રવૃત્તિ કરે છે. આ ભાવનાની મંદતા અને અભાવ એ મુખ્ય પ્રમાદ છે.

ભાવની વૃદ્ધિ-તીવ્રતા એ લાગણીની તીવ્રતા લાવે છે અને એનાથી ક્રિયામાં રસ-રુચિ-ઉલ્લાસ-વિધિ-સાંગોપાંગતા આવે છે.

આ ભાવ ન હોય, એના માટે દષ્ટિકોણ ન હોય, એના માટે રસ ન હોય-ઉલ્લાસ ન હોય એ પ્રમાદ છે.

પ્રમાદ એ ભાવ-અંતરાય છે અને તે દ્રવ્ય અંતરાય ઉપાર્જન કરે છે-લાવે છે. અને ધર્મ પ્રવૃત્તિઓને ઘટાડે છે, સંપૂર્ણ છોડાવે છે, એના પરની રુચિ ઘટાડી અરૂચિ જન્માવે છે, બાહ્ય આચાર ઉપર તિરસ્કાર-અવજ્ઞા-અનાદર કરાવે છે.

દ્રવ્યપ્રમાદ એ બહુધા ભાવપ્રમાદ મૂલક હોય છે. જો ભાવ પ્રમાદમૂલક ન હોય તો આ દ્રવ્ય આચારની ન્યૂનતા અનાભોગમૂલક પણ ક્વચિત્ હોય છે. પરંતુ તે



અનાભોગને દૂર ન કરવામાં આવે તો એ આભોગ-પ્રમાદ બને અને ક્રમશઃ એ તીવ્ર બને છે.

માટે સર્વત્ર અનાભોગ અને સહસાત્કાર ફરી ન થાય તે માટે જાગૃત બનવું અનિવાર્ય છે. અન્યથા એ પણ પ્રમાદનું મૂળ છે.

(૨) શક્તિ સંયોગના અભાવમાં જે દ્રવ્યધર્મ-આચારમાં અપૂર્ણતા-ન્યૂનતા કે અભાવ હોય ત્યાં સદ્‌ભાવની બલવત્તા-તીવ્રતા હોવા છતાં પણ જો દ્રવ્યધર્મ-વ્યવહારની ન્યૂનતા કે અભાવનો પશ્ચાત્તાપ ન હોય, શક્ય પ્રયત્ન ન હોય, બીજાને તે-તે ધર્મમાં સહાય-પ્રશંસા-અનુમોદન ન હોય તો સદ્‌ભાવના મોળી પડીને નાશ પામે છે.

એટલે આ દ્રવ્યધર્મમાં રહેલ પ્રમાદ ન્યૂનતા-અભાવના કારણે, જયણા-કાળજીરહિતતા-પશ્ચાત્તાપ રહિતતાને લીધે જીવને ભાવપ્રમાદરૂપ બને છે.

**તથા સતત-વારંવાર સ્મૃતિરૂપે-ભાવનારૂપે ગુણો અને ગુણોના આચાર તરફ રુચિની લાગણી એ ભાવઅપ્રમાદ છે.**

**દ્રવ્યપ્રવૃત્તિમાં રહેલ ન્યૂનતા-અનુપયોગ-શક્તિસંયોગની અલ્પતામાં જયણા-કાળજી-ન્યૂનતાનો પશ્ચાત્તાપ એ પણ ભાવઅપ્રમાદ છે.**

આ બન્નેથી વિપરીત એ પ્રમાદ છે અને એના કારણે જીવ ધર્મ આચરતો નથી. જો આચરતો હોય તો પણ ધીમે-ધીમે એ ઘટે છે-બંધ થાય છે.


ધર્મ આચરવાથી જેમ બાહ્યજીવન વિવેકથી-ભાવોલ્લાસથી-સદ્‌ભાવનાઓથી સંપન્ન બને છે તેમ પુણ્યબંધ અને પુણ્યોદય દ્વારા સાધન સામગ્રી-બાહ્યશક્તિ સંયોગયુક્ત અને ક્રિયારુચિ-લાગણીયુક્ત બને છે. અને એની સાથે આંતરિક ગુણોમાં અને ગુણપ્રાપ્તિના ઉપાયોમાં પણ જીવ પ્રવૃત્ત બને છે. આ રીતે જીવ અલ્પકાળમાં મોક્ષ પ્રાપ્ત કરે છે.

જો બાહ્ય અને આંતરિક ધર્મ આચરવાના-સદ્‌ભાવનાના અને ક્રિયાના પ્રયત્ન વગેરેમાં જીવ સતત કાળજીથી પુરષાર્થ ન કરે તો ધર્મ આરાધી શકતો નથી અને એ ન આરાધવાથી પાપ-દુર્ગુણો-દોષોની પુષ્ટિ થાય છે અને અત્યંત દુઃખમય સંસારમાં જીવ ઘણા કાળ સુધી ભમે છે.

જો ધર્મ આરાધના કરે તો પાપ ઘટતા જાય-દુર્ગુણો ઘટતા જાય, ધીમે-ધીમે સંપૂર્ણ નાશ પામે, અને ક્રમશઃ આંતરિક રીતે ગુણોથી-પ્રસન્નતાથી અને બાહ્યરીતે પુણ્યથી સુખ-શાંતિ-સૌભાગ્ય તથા બાહ્યશક્તિઓની પ્રબળતા મેળવે છે અને તેનો સદ્‌વ્યય કરતો-દુરુપયોગ ન થઇ જાય તેની કાળજી રાખી આગળ વધે છે અને પરાકાષ્ટાને પ્રાપ્ત કરે છે.

## ૫૪

सोअंति ते वराया, पच्छा समुवट्ठियंमि मरणंमि ।
पावपमाय-वसेणं, न संचिओ जेहिं जिणधम्मो ।।५४।।




ગાથાર્થ - પાપ રૂપ પ્રમાદને આધીન થઈને જેઓએ જિનધર્મનો સંચય નથી કર્યો, તેઓ બિચારા મરણ ઉપસ્થિત થયે છતે શોક કરે છે. ।।૫૪।।

*54. Out of indolence,*
*Those who do not walk in the footsteps of the Jinas,*
*Despite suitable opportunities,*
*Regret this at the time of death.*



જીવોની એક વિલક્ષણતા કહી શકાય કે તેમને જ્યારે સાધન-સમય મળેલા હોય છે ત્યારે તે બેધ્યાન-બેભાન રહેતા હોય છે અને તેના વિયોગ-નાશ થતાં બેબાકળા બનતા હોય છે.

જિંદગીભર જેની સામે જોવા-જેનો વિચાર કરવા તૈયાર નહોતો તે મળેલ પુણ્ય-ધર્મ સામગ્રી અંતસમયે આંખ સામેથી-મનમાંથી ખસતી નથી.

માણસ ઘણો ખેદ કરે છે તેનો ઉપયોગ ન કરવા બદલ, ઘણો પસ્તાય છે હાથમાંથી એમ જ ચાલ્યા જવા બદલ. પરંતુ શું થાય? **'અબ પછતાએ હોત ક્યા જબ ચીડિયા ચૂગ ગઇ ખેત.'**

આ જ વાત કરતાં મહાપુરૂષ કહે છે જે જીવો અનંતપુણ્યે મળેલ પરમાત્માના ધર્મને આરાધતા નથી. તેની આરાધના દ્વારા આત્મામાં ગુણોના અને સારા આચારોના સંસ્કારો દઢ બનાવતા નથી, સદ્ભાવનાઓથી ભાવિત બનતા નથી તેવા આત્માઓ જીવનકાળમાં પુણ્ય અને ધર્મ એકઠો કરેલ ન હોવાથી, પરભવનું ભાથું બાંધ્યુ ન હોવાથી બિચ્ચારા! શોક કરે છે, દીન-હતાશ બની જાય છે. આવું થવાનું કારણ છે **पावपमायवसेणं** = પાપપ્રવૃત્તિનો રસ અને વિષય-કષાય વગેરે પ્રમાદો.

જેઓ પરલોક માનતા નથી, પુણ્ય-પાપ-આત્મા માનતા નથી તેવા આત્માઓ તો મરણ વખતે અસહાય-અશરણ હોવા છતાં સહાય-શરણને સમજતા-જાણતા ન હોવાથી દુ:ખી થઇને મરે છે પોતે લોહીપાણી એક કરીને મેળવેલ-ભેગા કરેલ-સાચવેલ ધન-મકાન-પરિવારને છોડીને ચાલ્યા જવું પડશે એ વિચારીને.

પરંતુ જે આત્માને-પરલોકને-પુણ્ય-પાપને માને-સમજે છે છતાં સંસારની મોહમાયામાં તેરકાઠીયાવશ પાપ છોડવાનું-ઘટાડવાનું-પશ્ચાત્તાપ કરવાનું-પાપસ્થાનો પર અરૂચિ કરવાનું કરતા નથી અને ધર્મ સમજવાનું, તેની ઉપર રૂચિ કરવાનું, ધર્મ કરાવાનું, ધર્મી આત્માની પ્રશંસા કરવાનું, ધર્મ કરવાનુ કરતા નથી તે આત્મા પણ પુણ્ય અને ધર્મ એકઠો કરતા નથી પરંતુ તે આત્મામાં ઊંડે ઊંડે પરલોકની-પુણ્યની-પાપની સમજણ-માન્યતા છે તેથી પોતે પાપથી ભારે થયો હોવાથી આત્મામાં પુણ્ય સંગૃહીત કર્યું નથી તેથી પરલોકમાં શું થશે? ક્યાં જઇશું? વગેરે વિચારોથી જાતને અશરણ-અસહાય જોતા અત્યંત શોકગ્રસ્ત બને છે.

આ અવસરે ધર્મ અને પુણ્ય એ સહાયક અને શરણ છે તેમ જીવને વ્યક્ત કે અવ્યક્ત સમજાય છે. આમાં ફક્ત પુણ્ય એ અપ્રધાન સહાયક છે જ્યારે ધર્મ એ

વસ્તુ-યોગનું ઉલ્લાસ-આનંદપૂર્વકનું પ્રવર્તન.

આમાં ક્વોલીટી અને ક્વોંટીટીનું વિવેકપૂર્વક અધિક-અધિક પ્રવર્તન હોય છે. આ સંવેગ વિવેકપૂર્વક હોય તો અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન આપે. વૈરાગ્યની ઉત્કટતા પણ વિવેકસહકૃત જ હોય તો તેને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય સંવેગસહકૃત હોય છે આ શ્રી જિનધર્મની ક્વોલીટી અને ક્વોંટીટીની પ્રકૃષ્ટતાની પ્રાપ્તિનો ઉપાય છે.

બાહ્ય સર્વ પાપ પ્રવૃત્તિ રહિત બનવું અને એના માટે શક્ય પ્રયત્નથી સર્વ પાપપ્રવૃત્તિઓ છોડવી-ઘટાડવી, તેનું અનુમોદન ન કરવું, તેમાં પશ્ચાત્તાપ ધારણ કરવો એ શ્રી જિનધર્મનું બાહ્યપ્રધાન સ્વરૂપ છે તેવી જ રીતે સર્વ જિનધર્મની પ્રવૃત્તિ ઉપર રૂચિ-આદર રાખવો, એને માનનાર-આચરનાર-પ્રશંસા કરનાર-અનુમોદના કરનારને ઉત્તમ આરાધક માનવા.


જાતે પણ પ્રરૂપણા-પ્રશંસા-અનુમોદના-કરાવણ દ્વારા સર્વ પ્રકારના શ્રી જિનધર્મની આરાધના કરવી અને શક્તિ-સંયોગાનુસાર પોતે પણ જીવનમાં અમલ કરવો. આ બધી **ક્વોંટીટી** છે. અને તેમાં જેટલો ભાવ ભળે, આનંદ-ઉત્સાહ-પ્રસન્નતા ભળે તેની માત્રા-પ્રમાણને **ક્વોલીટી** કહેવાય. અહીં જથ્થો પણ ઓછો અને પાવર પણ ઓછો હોય આમ ચાર ભેદ કરવા.

**શ્રી જિનધર્મ એ સર્વ આરાધનાના યોગોના પ્રમાણ અને પાવરનું ઉત્પત્તિસ્થાન છે અને પરાકાષ્ટાનું પણ સ્થાન છે તેથી તેની ઉપાસનામાં ક્યાંય પ્રમાદ ન કરવો કે જેનાથી પાછળ પસ્તાવાનો વારો આવે.**



## ૫૫

धी धी धी संसारं देवो मरिऊण जं तिरी होई ।
मरिऊण रायराया, परिपच्चई निरयजालाहिं ।।५५।।



ગાથાર્થ - તે સંસારને ધિક્કાર હો! ધિક્કાર હો! ધિક્કાર હો! જે સંસારમાં દેવો મૃત્યુ પામીને તિર્યંચ બને છે અને રાજાધિરાજ મરણ પામીને નરકની જ્વાલાથી અત્યંત પકાવાય છે ।।૫૫।।

*55. Woe is samsara!*
*A celestial being today,*
*May be reborn as a sub-human* being tomorrow.*
*Those who were kings and emperors on earth,*
*May die and take birth in the smouldering furnace of hell.*

**શેરબજાર તેને કહેવાય કે જ્યાં કયો શેર ક્યારે-કેટલો ઉંચકાશે અને પટકાશે તે નિશ્ચિત નહીં તેમ સંસાર તેનું નામ જ્યાં કોણ-ક્યારે ટોપ પરથી તળિયે આવશે કે ધરતી પરથી આકાશમાં ઊડતો થઇ જશે તે કહી ન શકાય.**

કરોડપતિ ક્ષણમાં રોડપતિ બને, ભાગ્યવાનોની શ્રેણીમાં ગણાતો ક્ષણમાં ભિખારી થાય તે આ સંસારમાં નવી ઘટના ન કહેવાય. **જ્યાં સદા-સર્વ સરતું રહે-પરાવર્તન પામતું રહે તે સંસાર.**

જે સારું-ઉંચુ-વિશેષ બનીને, પામીને પાછું નાશ પામે-હલકું બને તેવી સારી અવસ્થાનો નાશ કરનાર સંસાર છે. કેમ કે જ્યાં દેવ મરીને તિર્યંચ થાય છે, મહારાજા-ચક્રવર્તિ પણ મરીને નરકમાં જાય છે. અગ્નિની જ્વાળામાં શેકાય છે. પકાવાય છે.

અર્થાત્ સંસારમાં કોઇ જીવની સ્થિર અવસ્થા નથી. સુખી બનીને દુઃખી થાય, દુઃખી થયેલ કાલાંતરે સુખી થાય. સુખદુઃખનું ચક્ર ચાલ્યા જ કરે છે.

જેમ પુણ્યનાં કારણે સુખ મળે છે તેમ પાપના કારણે દુઃખ મળે છે એ તો સર્વવિદિત છે છતાં દુઃખની વાત એ છે કે સંસારમાં પાપપ્રવૃત્તિનું પ્રમાણ અત્યંત વધારે હોય છે-જોવા મળે છે. તેમ જ પાપબુદ્ધિ-પાપનો ભાવ-પાપનો રસ અને પાપપ્રવૃત્તિનો કાળ પણ વધારે હોય છે. જ્યારે પુણ્ય અલ્પકાલીન અને અનેક રીતે ઓછું હોય છે.

તેના કારણે પુણ્યની ક્વોલીટી અને ભોગવટાનો કાળ પણ અલ્પ હોય છે. જ્યારે દુઃખનો કાળ અને પ્રમાણ વધારે હોય છે.

આ સુખ-દુઃખના ચક્રમાં ચારેગતિમાં જીવ ભમ્યા કરે છે. આ સંસાર દુઃખના કારણભૂત છે.

સુખ પણ ભૌતિક છે, આસક્તિનું કારણ છે, પાપબંધનું કારણ છે. જે આત્મિકસુખના-વૈરાગ્ય-આધ્યાત્મિક સુખના બિંદુતુલ્ય પણ નથી તે સુખ આભાસિક છે. દુઃખરૂપ જ છે. વિશેષ અને દીર્ઘકાલીન દુઃખનું કારણ છે.

સાંસારિક દુઃખમાં પણ અવિવેક-આર્તધ્યાન-પાપબુદ્ધિથી નવા દુઃખના કારણભૂત પાપ બંધાય છે અને દુઃખની પરંપરા ચાલે છે. ક્યાંક-ક્યારેક-અજાણતા-મામૂલી રીતે બંધાયેલા પુણ્યના ઉદયમાં પણ જીવ અનેક રીતે બાહ્ય-આંતરિક દોષથી પાપ બાંધે છે અને અનેક રીતે દુઃખો પામે છે.



માટે રાગ-દ્વેષની પરિણતિ દ્વારા સાંસારિક સુખ અને દુઃખ બન્ને અનેકાનેક દુઃખનું કારણ હોવાથી ધર્માત્માઓ સંસારના સુખો છોડે છે અને દેવ વગેરે ભવમાં-અવસ્થામાં નિકાચિત કર્મોના કારણે એ છોડી ન શકાય ત્યારે પણ રાગ-દ્વેષની પરિણતિને ઘટાડી-છોડીને વૈરાગ્યભાવનાથી ભાવિત બનતા રહે છે. જેના કારણે ભૌતિક સુખદુઃખમાં જીવ ઉપેક્ષાવાળો-ઉદાસીન બને છે. પાપકર્મ લગભગ બાંધતો નથી.

તેથી ભાવધર્મી આત્માઓ વૈરાગ્યમય હોવાથી સદા સુખી-નિર્ભય-અદીન-અગર્વિષ્ટ હોય છે. આ પરિણામ એ દ્રવ્યપુણ્યબંધનું કારણ છે. પાપકર્મનાશનું કારણ છે, ભાવદુઃખના પડછાયાથી પણ રહિત છે અને ભાવસુખની નિરંતર વૃદ્ધિરૂપ છે.

આના કારણે ભાવધર્મીઓ બહુધા દ્રવ્યધર્મથી સ્વાભાવિકયુક્ત હોય છે, ભાવસુખયુક્ત હોય છે તેમ બહુધા દ્રવ્યસુખયુક્ત હોય છે. અને ભાવધર્મીને મોક્ષ સુધી આ અવસ્થા ચાલે છે.

**ભાવધર્મ વગરનાને દ્રવ્યધર્મ વધારે રહેતો નથી. અલ્પસુખ-પુણ્ય આપી દ્રવ્યધર્મ રવાના થાય છે.**

દ્રવ્યધર્મ એ ભાવધર્મનું કારણ પણ છે. તથા બીજાના દ્રવ્યધર્મની અનુમોદના-આચારની અનુમોદનાનો ભાવ એ પોતાના દ્રવ્ય અને ભાવધર્મનું કારણ છે.


બાહ્યથી વધતો આચારધર્મ એ ભાવ આચારનું કારણ બને. **ભાવઆચાર એટલે આચારરૂચિ.** આ આચારરૂચિ દ્રવ્ય અનાચાર પર પણ અરૂચિ ઊભી કરીને પાપપ્રવૃત્તિને બંધ કરાવે-ઘટાડે અને એમાં પશ્ચાત્તાપ કરાવે છે. ભાવમાં=અંતરમાં અનાચાર પર અરૂચિ કાયમ રહે છે.

આ રીતે ધર્માત્માના જીવનમાં આશ્રવો-પાપની પ્રવૃત્તિ પરની રૂચિ અને પ્રવૃત્તિ ઘટતી જાય છે. જેથી પાપનો બંધ-પાપના ઉદયો-અસત્પ્રવૃત્તિઓ-અસદ્ભાવનાઓ જાય છે-ઘટે છે.

તેથી દુઃખની વૃદ્ધિ-મોહ-અજ્ઞાન-અવિવેક-અનૌચિત્ય પણ નષ્ટ પ્રાયઃ થાય છે. પુણ્યના ઉદયો સર્વતોમુખી પ્રગટ થાય છે. જેથી દુઃખના હેતુઓ પણ ધર્માત્માને અધ્યાત્મભાવના કારણે સુખના કારણ બને છે.

## ૫૬

जाई अणाहो जीवो, दुमस्स पुप्फं व कम्मवायहओ ।
धणधन्नाहरणाइं, घर-सयण-कुटुंब मिल्हे वि ।।५६।।


જાઇ અણાહો જીવો
દુમસ્સ પુપ્ફં વ કમ્મવાય-હઓ
ધણધન્નાહરણાઇં
ઘર સયણ કુડુંબ મિલ્હે વિ ।।૫૬

ગાથાર્થ - કર્મ રૂપી પવનથી હણાયેલો આત્મા ધન, ધાન્ય, અલંકાર, ઘર, સ્વજન અને કુટુંબ મળવા છતાં પણ તેને મૂકીને પવનથી પડી ગયેલા વૃક્ષના પુષ્પની જેમ અનાથ બનીને જાય છે. ।।૫૬।।

*56. Just as the wind carries a flower away from its tree,*
*The living being is carried forth by the wind of karmas*
*From one birth to another.*
*Ever the orphan, the living being keeps wandering in samsara,*
*Despite having attained*
*Wealth, food grains, ornaments, home and family (in each birth).*



વૃક્ષ પર રહેલ પુષ્પ પવનના ઝપાટે જેમ તત્કાલ ખરી પડે છે તેમ જીવ પણ ઘર-સ્વજન-કુટુંબથી યુક્ત હોવા છતાં-ધન-ધાન્ય-આભૂષણાદિથી સંપન્ન હોવા છતાં કર્મપવનથી હણાયેલ અનાથ બની જાય છે.

આમાં જીવને અનાથ બનાવતા ત્રણ કારણો જણાવ્યાં છે (૧) કર્મનો ઉદય થતાં ઉપર કહેલ વસ્તુ-વ્યક્તિઓમાંથી એકાદ કે અનેક કે બધું જ જીવને છોડીને ચાલ્યું જાય છે અથવા જીવ જ પોતે આ બધું છોડીને ભાગી જાય છે ત્યારે પોતાને અશરણ સમજે છે.

(૨) મૃત્યુ આવતા મળેલ, મેળવેલું, સાચવેલું બધું છોડીને એકલા જવું પડે છે ત્યારે અનાથતા અનુભવે છે. આયુષ્ય પૂર્ણ થવાથી અહીં રહી શકતો નથી. ક-મને બધાને, બધું મૂકીને ચાલવું પડે છે.

(૩) પોતે જીવતો હોવા છતાં, બધું જ વ્યવસ્થિત હોવા છતાં બધેથી અરતિ પામતો-બધાની વચ્ચે પણ માનસિક દુ:ખી-એકલતા અનુભવતો-ભાગી જવાના કે મરી જવાના વિચારો કરતો કર્મના ઉદયથી અશરણતા અનુભવે છે.

આની સામે જીવ પુણ્ય બળથી-ધર્મબળથી-ભાવના દ્વારા ધૈર્ય સંપન્ન બનેલ-શુભગ્રહના બળથી બાહ્ય આપત્તિ વખતે-મૃત્યુ સમયે-ઇષ્ટ વિયોગ અવસરે પણ જાતને બળવાન સમજે છે. ભાવના અને ભાવધર્મના બળથી બળવાન જીવ સર્વત્ર બાહ્ય શરણ રહિત હોવા છતાં જિનવચનથી ભાવિત હોવાથી સશરણ છે.

આનો અર્થ એ છે કે **સર્વત્ર ભૌતિક શક્તિઓ અને સામગ્રીઓ આપત્કાળમાં-વિષમકર્મોદયમાં પાપના તીવ્ર ઉદયમાં-ગ્રહોની વિપરીતતામાં જીવના ધૈર્યને તોડી નાખે છે અને જીવને અશરણ-અસહાયનો અનુભવ કરાવે છે.**

જ્યારે સદ્ભાવનાથી ભાવિત-સદ્ભાવનાના મૂળરૂપ શ્રી જિનધર્મના શરણથી ભાવિત-વૈરાગ્યથી ભાવિત આત્માને પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવે અનાથતા અનુભવાતી નથી. જે આપણને **સનત્કુમાર** કે **અનાથી મુનિના** પ્રસંગમાં જોવા-જાણવા મળે છે.

જીવને ધર્મની-સત્ત્વની-ધૈર્યની-પુણ્યની મહત્તા સમજાય તો અનાથ ન બને. અને ભાવધર્મિ જીવ સત્ત્વાદિથી યુક્ત હોવાથી તેને અશરણતા લાગતી નથી. અર્થાત્ ધર્મી જીવો-ધર્મને સમર્પિત જીવો આપત્તિ કે સંપત્તિને મહત્વ આપતા ન હોવાથી

તેઓ અનાથ નથી.

જ્યારે ભોગરસિક સંસારી જીવો પુણ્યના ઉદયકાળમાં-સુખમાં બાહ્યથી અનાથ ન હોવા છતાં ક્ષુદ્રતા-દીનતાથી યુક્ત હોવાથી અનાથતાથી ઘેરાયેલા છે અને દુઃખના એંધાણમાં-આગાહીમાં અને અનેક પ્રકારના દુઃખોમાં તેઓ મનથી ભાંગી ગયેલા-અંદરથી તૂટી ગયેલા અત્યંત દીન-અનાથ અવસ્થા અનુભવે છે.

જીવ વૈરાગ્યથી-આત્મગુણોથી યુક્ત હોય તો ભોગની નિરપેક્ષતાથી-પૌદ્ગલિક પદાર્થોની અપ્રધાનતાથી અભયવાળો-અદીન રહે છે.

રાગી-દ્વેષી-કામી-દુર્ગુણોથી વ્યાપ્ત જીવ ભોગસામગ્રીને અને ભોગોને પ્રધાનતા આપતો-એને સાપેક્ષ રહેલો-ભવાભિનંદીની કક્ષાવાળો સદા ભયથી વ્યાપ્ત અને દીન હોય છે.

આ દીનતા અને ભય વિષમ સંયોગો અને મૃત્યુકાળે વ્યક્ત થાય છે. ત્યારે જીવ વિહ્વલ બને છે અને આવા જીવો અનુકૂળ કાળમાં ગર્વિષ્ટ-મસ્તાન-દુઃખના સ્વપ્નથી પણ નિરપેક્ષ-ઉચ્છૃંખલ-ઉદ્ધત હોય છે, બને છે.

ધર્માત્મા-વૈરાગી આત્મા સુખમાં પણ આ દોષોથી પર=રહિત હોય છે. અર્થાત્ વૈરાગ્ય એ ભૌતિક સુખદુઃખથી પર-માનસવાળાને હોય છે. એને ભૌતિક સુખદુઃખ અપ્રધાન-ગૌણ હોય છે અને આત્મિક સુખ-આનંદ ભરપૂર માનસ લગભગ કાયમ માટે હોય છે. વર્તમાનકાલીન માનસદુઃખ લગભગ હોતું નથી એથી એ ગર્વિષ્ઠ પણ નથી હોતો અને દીન પણ નહીં.

ભૂતકાળમાં કરેલ પાપોથી સમકિતી નારકો પશ્ચાત્તાપરૂપે ભલે દુઃખી છે પણ વેદનારૂપે એ વેદનાથી વધારે દુઃખી નથી કેમ કે સમતા કેળવનાર છે.

દેવલોકમાં સમકિતી દેવતાઓ ત્યાંના સુખમાં મન તણાઈ ન જાય-વૈરાગ્ય મોળો પડી ન જાય માટે આત્મજાગૃતિ અને સાવધાની રાખવાની હોવાથી એ માનસિક રીતે દુઃખી હોય છે. વૈરાગ્યનું આ સ્વરૂપ છે.


**ભૌતિક સુખમાં વધારે સાવધાની અને દુઃખમાં વધારે ધીરતા આ વૈરાગ્યની બક્ષિસ છે.**

ટૂંકમાં ભવાભિનંદી આમ પણ અનાથ અને દુઃખમાં વિશેષ અનાથ બને છે. જ્યારે વૈરાગી-ભાવ સમકિતીને પ્રભુ અને ધર્મ નાથ તરીકે સુખમાં અને વિશેષ રીતે દુઃખમાં વિદ્યમાન હોવાથી જાગૃતિ અને વૈરાગ્યની પ્રબળતાથી ધર્મભ્રષ્ટતા થતી નથી માટે વૈરાગ્ય-જાગૃતિ સતત રાખવા. □□□



## ૫૭

**वसियं गिरीसु वसियं, दरीसु वसियं समुद्दमज्झंमि ।**
**रुक्खग्गेसु य वसियं, संसारे संसरंतेणं ।।५७।।**




**ગાથાર્થ - હે આત્મા! સંસારમાં પર્યટન કરતાં તું પર્વત પર વસ્યો છે, ગુફામાં વસ્યો છે, સમુદ્રની મધ્યમાં વસ્યો છે અને વૃક્ષની ટોચ પર પણ વસ્યો છે. ।।૫૭।।**

***57. Wandering in samsara***
***The living being has lived in various places,***
***On a mountain, in a cave, in the middle of an ocean, atop a tree.***

માયકાંગલા પુણ્યે અહીં મળેલ ઝૂંપડી કે ૧૦x૧૦ની રૂમમાં સંકડાશ કે ગંદકીના કારણે અકળામણ અનુભવતો-ફ્લેટ અને વિશાળ બંગલાની ઇચ્છા કરતો-ગમે તે રસ્તે રૂપિયા મેળવી કે લોન લઇને પણ પોતાના મોટા મકાનની પ્રાપ્તિ ઝંખતો આ જીવ લક્ષ ચોર્યાશીના સંસારમાં ભમતો ક્યાં-કેવી અને કેટલી જગ્યામાં રહી ચુક્યો છે તે બતાવતી આ ગાથા કહે છે.

તિર્યંચ અને મનુષ્યના ભવમાં ગુફામાં પણ રહ્યો છે તો દરમાં પણ વસ્યો છે, પર્વત ઉપર પણ વસવાટ કર્યો છે તો સમુદ્રની મધ્યમાં પણ સ્થાન મેળવ્યું છે. ધરતી પર મકાન બાંધીને પણ રહેવાનું થયું છે તો વૃક્ષ ઉપર પણ જીવન જીવ્યો છે.

પર્વત ઉપર-પર્વતમાં ભીલો કે હાથીઓ રહે, વાઘ-સિંહ ગુફામાં રહે, આપત્તિમાં માણસ પણ ગુફામાં આશરો લે, દરમાં ઉંદર-સાપ વગેરે રહે, વૃક્ષ ઉપર પક્ષીઓ રહે. જીવ દરેક ભવમાં જઇ આવ્યો છે તેથી વિષમકર્મથી પ્રેરાયેલો જ્યાં-ત્યાં, જ્યારે-ત્યારે અનેક સ્થાને રહેલ છે.

સંસારી જીવ કાયમ જુદી-જુદી પરિસ્થિતિમાં મુકાયા કરે છે. એને ભવોભવ ક્ષેત્ર બદલાતું રહે છે. એક ભવમાં પણ અનેક રહેઠાણો બદલાયા કરે છે. મનુષ્યની અપેક્ષાએ કાળનું વાતાવરણ બદલાયા કરે છે. બીજા ભવોની અપેક્ષાએ છેવટે ભવે-ભવે ભિન્નકાળના વાતાવરણો પ્રાપ્ત થાય છે.

શરીર અને પરિવાર, સ્વજનો અને જીવન-ઉપયોગી સાધનો, માનસિક અને બાહ્ય વાતાવરણો વારંવાર અનેક રીતે અનુકૂળ-પ્રતિકૂળ, સારા-નરસા, સુખરૂપ કે દુઃખરૂપ દરેક જીવોને પ્રાયઃ પ્રાપ્ત થતા હોય છે. જીવે ઇચ્છાએ કે અનિચ્છાએ તેને સ્વીકારવા પડે છે-નભાવવા પડે છે.

આ રીતે બાહ્ય બધી રીતે-બધી પરિસ્થિતિઓમાં સંસારી જીવો અસ્થિર-અનિશ્ચિત-પરાધીન-પરવશપણે કાળ પસાર કરે છે, રખડતા રહે છે. જીવને રખડતો રાખવાનો સંસારનો સ્વભાવ છે.

**અનંતશક્તિશાળી જીવની આ નિરાશ્રિત-નિરાધાર સ્થિતિ એક કરુણતા છે. આવી પરિસ્થિતિનું કારણ છે હૃદયમાં રહેલ પુદ્‌ગલાનંદિપણું.**

આના કારણે આત્મામાં ક્ષુદ્રતા-લોભ-રતિ-દીનતા-ઇર્ષા-ભયભીતતા-માયાવીપણું-અજ્ઞાનતા-નિષ્ફલ (અપ્રધાન-નુકશાનકારક) પ્રવૃત્તિ, વિચારણા-વાણીમાં વિષય-કષાયનું પ્રધાનપણું હોય છે-આવે છે તેનાથી જીવની વિહ્વલ-નિરાધાર સ્થિતિ સર્જાય છે.



જે જીવોને આ સંસારનું ભ્રમણ-આ વિષમ પરિસ્થિતિ-આ રખડેલપણું અને નિરાધાર અવસ્થા દેખાય, હૃદયથી સમજાય અને ગમે તેવા માન-પાન, ભોગ-સુખ, ઐશ્વર્ય-અનુકૂળતાઓવાળી પરિસ્થિતિમાં પણ જીવની થોડા સમય પછી થનારી કદર્થના વિવેક-જ્ઞાનચક્ષુથી દેખાય અને ભૂતકાલીન જીવની થયેલી સર્વ પ્રકારની વિટંબણાઓ હૃદયથી વિચારાય અને વર્તમાનકાળમાં આંખ સામે અનેકજીવોની વિવિધ પ્રકારની કદર્થનાઓ જોયા પછી એના કારણ તરીકે જીવના વિષય-કષાયના દોષો, ભવાભિનંદીના દોષો જણાય-વિચારથી અનુભવાય તો જ જીવ સંસારની સર્વપરિસ્થિતિ-સર્વવસ્તુઓ-સર્વ વ્યક્તિઓથી ઉદ્વેગ પામે-સાવધ બને.

આ સાવધતા એ નિર્વેદરૂપ છે. આ નિર્વેદપણું આવે પછી આમાંથી કાયમી છૂટવા માટે સ્થિર-શાશ્વત-સ્વસ્થ એવી સંપૂર્ણ ગુણ-સુખ-આનંદમય આત્મસ્થિતિ વિચારથી અનુભવાય.

આ જે આત્મગુણોની શ્રદ્ધા એટલે વિચાર ધારા અનુભવ-રુચિ થાય તે મોક્ષની શ્રદ્ધા છે. આ આવે પછી એ મેળવવાના કારણરૂપ જે આચાર માર્ગ-જ્ઞાનમાર્ગ અને બન્નેના કારણભૂત જે ભાવનામાર્ગ આ ત્રણેના જે સાધનો-ભેદો-ઉપાયો અને પ્રવૃત્તિઓ એના ઉપર જીવની ઉપાદેય તરીકેની અત્યંત લાગણી તથા પ્રવૃત્તિ તેને **સંવેગ** કહેવાય.

ઉપાદેય તરીકેની માનસિક લાગણી વગરની કે ગૌણ લાગણીવાળી જે પ્રવૃત્તિ તે વ્યવહાર સંવેગ કહેવાય પણ પ્રધાન સંવેગ નહીં.

આ ગાથા સંસારનિર્વેદના કારણ રૂપ છે અને તેના ભાવનથી આત્માના મોક્ષનું સ્વરૂપ અને એના કારણભૂત સંવેગ, જ્ઞાન દ્વારા, વારંવાર વિચારણા દ્વારા, આ ભાવના દ્વારા જીવ પામે છે.

આચાર દ્વારા જે અનુભવ થાય છે તે વિપરીત આચારવાળાને જ્ઞાન દ્વારા બહુધા થતો નથી અને ક્યાંક-ક્યારેક થાય તો તે ટકતો નથી. આચારવાળાનું જ્ઞાન એ અનુભવમાં-શ્રદ્ધામાં વધારે સ્થિર થાય છે. તેની ભાવના ઉગ્ર-વેગવંતી-લાગણીવાળી બને છે.


તે વિપરીત આચારની રુચિ-લાગણીને અને ગુણકારીતાની શ્રદ્ધાને ઉખેડી નાખે છે, અને પછી તે ભાવના ઉગ્રતાને પામતી સ્વભાવરૂપ બને છે.

ટૂંકમાં જ્ઞાન અને આચાર વિપરીત જ્ઞાન-આચારની લાગણીઓનો ભાવના દ્વારા નાશ કરી આત્મસ્વરૂપ-આત્માના મોક્ષરૂપ બને છે.

□□□

## ૫૮

देवो नेरइउत्ति य, कीड पयंगुत्ति माणुसो एसो ।
रुवस्सी य विरुवो, सुहभागी दुक्खभागी य ।।५८।।
राउत्ति य दमगुत्ति य, एस सवागुत्ति एस वेयविऊ,
सामी दासो पुज्जो, खलोत्ति अधणो धणवइत्ति ।।५९।।
नवि इत्थ कोई नियमो, सकम्म-विणिविट्ठसरिसकयचिट्ठो ।
अनुन्नरुववेसो, नडुव्व परिअत्तए जीवो ।।६०।।


દેવો નેરઇઉ ત્તિ ય
કીડ પયંગુ ત્તિ માણુસો એસો
રુવસ્સી ય વિરુવો
સુહભાગી દુક્ખભાગી ય ।।૫૮
રાઉ ત્તિ ય દમગુત્તિ ય
એસ સવાગુત્તિ એસ વેયવિઊ
સામી દાસો પુજ્જો
ખલોત્તિ અધણો ધણવઇ ત્તિ ।।૫૯
નવિ ઇત્થ કોઇ નિયમો
સકમ્મ વિણિવિટ્ઠ સરિસ કયચિટ્ઠો
અન્નુન્નરુવવેસો
નડુવ્વ પરિઅત્તઇ જીવો ।।૬૦

ગાથાર્થ : હે જીવ! તું દેવ બન્યો છે અને નારક બન્યો છે. કીડો અને પતંગિયું થયો છે અને મનુષ્ય પણ થયેલો છે. તું સુંદર રૂપવાળો અને કુરૂપવાળો બન્યો છે. સુખી બન્યો છે અને દુઃખી બન્યો છે. ।।૫૮।।

હે જીવ! તું રાજા અને ભિખારી બન્યો છે. એ જ તું ચંડાળ અને વેદપાઠી, સ્વામી અને દાસ, પૂજ્ય અને દુર્જન, નિર્ધન અને ધનવાન થયો છે. ।।૫૯।।

પોતે કરેલા કર્મની રચના પ્રમાણે ચેષ્ટા કરતો જીવ અન્ય-અન્ય રૂપ અને વેશ ધારણ કરીને નટની જેમ પરાવર્તન પામે છે. એમાં કોઇ નિયમ નથી. (કિ પુરુષ મરીને પુરુષ થાય) ।।૬૦।।

58. *A living being caught in the web of samsara is: Sometimes born as a celestial being, Sometimes as a denizen of hell. Sometimes a lowly insect, At other times, a human being. Sometimes handsome, sometimes ugly. Sometimes happy, sometimes sad.*
59. *Sometimes a king And at other times, a beggar. Sometimes, takes birth in the lowest class, At other times, in the highest class. Sometimes the lord, Sometimes the serf. Sometimes worshiped Other times, chastised. Sometimes poor, and sometimes rich.*
60. *There is no fixed rule, Sometimes mutually contrary states are achieved at the same time. (So do not be proud if you are fortunate, And do not be upset if you are less than fortunate.)*



સંસારના પરિભ્રમણમાં જીવો પોતાના કર્મના વશથી અવાર-નવાર અનેક પ્રકારની અવસ્થાઓ પામતા હોય છે, અને રંગભૂમિ પર રહેલ નાટકીયાની જેમ તે અવસ્થાને યોગ્ય ચેષ્ટાઓ કરે છે.

સંસારી જીવની અનેક પ્રકારની અવસ્થાઓના વ્યાવહારિક ઓળખાણના વિભાગનું કારણ ઔદયિકભાવ અને ક્ષયોપશમભાવ છે.

**કર્મ ઉદયના ભેદોજન્ય જીવની જે અવસ્થાની ઓળખાણ અને તેનું કારણ તે ઔદયિકભાવ તથા આત્માના ગુણોનો આંશિક ઉઘાડ તે ક્ષયોપશમભાવ.**

આ બન્ને ભાવ સંસારી છદ્મસ્થ બધા જીવોમાં અવશ્ય હોય છે. સંસારસ્થ કૈવલ્ય અવસ્થા પ્રાપ્તને (૧૩માં ગુણસ્થાનકે રહેલ) આ ક્ષયોપશમભાવના બદલે ક્ષાયિકભાવજન્ય ગુણો પ્રગટ હોય છે.

સંસારી જીવોમાં વ્યાવહારિક મુખ્ય ભેદો-તફાવતો દેખાય છે તે ઔદયિક ભાવના કારણે પડેલા જાણવા. આ ઔદયિકભાવ એટલે કર્મના ઉદયથી થયેલ જીવની અવસ્થા. આ કર્મોદયજન્ય અવસ્થાઓ સારી-નરસી એમ મુખ્ય બે ભેદવાળી. પછી અવાંતર ભેદો અનેક પડે. કર્મના ક્ષયોપશમવાળી અને તેની મંદતાવાળી એમ પણ ભેદ સંસારી જીવોમાં પડે.

કર્મના ક્ષયોપશમની તીવ્રતા એ ગુણ અવસ્થા, સારી અવસ્થા કહેવાય અને ક્ષયોપશમની મંદતા-કર્મોદયની તીવ્રતા એ અશુભ-ખરાબ અવસ્થા કહેવાય.

દેવ અને નારક એ ક્રમશઃ વિશેષ શુભગતિ અને વિશેષ અશુભગતિરૂપ કર્મના ઉદયવાળી જીવની અવસ્થા છે. મનુષ્યગતિ આધ્યાત્મિકદૃષ્ટિએ વિશેષ સર્વશ્રેષ્ઠ શુભ છે. પરંતુ પુણ્યરૂપે ઔદયિક ભાવરૂપે એ મધ્યમ શુભ છે અને ગુણકારણ તરીકે વિશેષશુભ છે. તિર્યંચ ગતિ એ અશુભ છે.

ગાથામાં બે-બે નામો લીધા છે ઉપલક્ષણથી બીજા જે નામો જ્યાં આવતા હોય તે લઇ લેવા-સમજી લેવા.

કીડા-પતંગીયા વગેરે ક્ષુદ્રસત્વની અવસ્થા પણ કર્મના ઉદયથી-જીવહિંસા અને પાપપ્રવૃત્તિની લાગણીથી મળે છે, દુર્ગતિ અને બધી શક્તિઓનો અભાવ કે ક્ષુદ્રતા મળે છે.

રૂપવાનપણું અને કદરૂપીપણું પણ ક્રમશઃ કદરૂપીપણામાં સમતા-ધૈર્ય રાખવાથી

અને પોતાના રૂપના ગર્વથી કે બીજાના હીનરૂપની નિંદાથી-તિરસ્કારથી અથવા પોતાના કદરૂપીપણામાં દીનતા ધરવાથી મળે છે. આ બન્ને કર્મોદયજન્ય અવસ્થાઓ જ છે. વિટંબણા જ છે માટે ટાપટીપ અને નખરા ન કરવા.

શાતા-સૌભાગ્યકર્મના ઉદયે સુખીપણું અને અશાતા-દૌર્ભાગ્યથી દુ:ખી અવસ્થા મળે છે. કર્મજન્ય બન્ને વિટંબણા જ જાણવી. સિદ્ધ પરમાત્મા પરમ સુખી અને પરમ સર્વશ્રેષ્ઠ સૌભાગ્યવંત છે. એમને દુ:ખ અને દૌર્ભાગ્ય અનંતકાળમાં ક્યારે પણ નથી હોતા. સિદ્ધ થયા ત્યારથી જ આત્માનું સંપૂર્ણ ગુણસંપન્નપણું અને દોષના અંશરહિતપણું કાયમ માટે પ્રાપ્ત થયેલ છે. એ જ પરમ સૌભાગ્યપણું છે. કાયમ પરમ-ઉત્કૃષ્ટ સુખ આનંદયુક્તતા છે અને સર્વકાળ દુ:ખથી-શોકથી, અરતિથી રહિતપણું પણ છે.

ઉચ્ચ ગોત્રકર્મના ઉદયથી અને લાભાંતરાય આદિ કર્મના ક્ષયોપશમથી જીવ રાજાપણું પામે છે અને નીચ ગોત્રના ઉદયથી હલકા કુળમાં જન્મે છે. લાભાંતરાયના ઉદયથી ગરીબ બને છે.

શ્વપાક એટલે માંસ ખાનાર-પકાવનારપણું નીચ-અશુભકર્મના ઉદયથી અને વેદનો જાણકાર-ઉત્તમ શાસ્ત્રજ્ઞ કર્મના સારા ઉદય અને ક્ષયોપશમથી થાય. સ્વામી-નોકરપણું પરસ્પર વિરુદ્ધ કર્મના ઉદયથી અને અંતરાયકર્મના ક્ષયોપશમથી-ઉદયથી પામે છે.

નટની જેમ-નાટકીયાની જેમ જીવ પોતાની અવસ્થા-રૂપ-વેષમાં પોતાના કર્મને વશ પરિવર્તન કરે છે અને અનેક ભવોમાં રખડે છે. આમાં જીવ માટે નક્કી કોઇ અવસ્થા નથી કે આ જ પામે - આ ન જ પામે. ભવિતવ્યતા અને કર્મને વશ જીવની અનેક પ્રકારની અવસ્થાઓ થાય છે. સારી પણ મળે છે અને નરસી પણ મળે છે.

આ કર્મો પણ જીવ પોતાની પ્રવૃત્તિ અને વિચારણા દ્વારા એની શુભાશુભતાનુસારે બાંધે છે. અર્થાત **જીવ વિચાર-વાણી-વર્તન દ્વારા પોતાના સત્ત્વથી-ઉત્સાહ-આનંદથી, પશ્ચાત્તાપ-નિંદા ગર્હાથી શુભ કે અશુભ કર્મ બાંધે છે અને પછી તેના પરિપાકમાં જીવની શુભાશુભ અવસ્થા થાય છે.**

આનો અર્થ જીવને અશુભ અવસ્થા ન જોઇએ તો અશુભ કર્મ ન બાંધવા અને અશુભકર્મ ન બાંધવા હોય તો અશુભ વિચારાદિ ન કરવા - અશુભને રોકવા તેને સપ્રભેદ જાણવું-સમજવું અને શક્ય પ્રયત્નથી છોડવું જોઇએ.



**અશુભમાં પશ્ચાત્તાપ અને વિરુદ્ધ લાગણી પણ જો હોય તો અશુભ કર્મબંધ ન થાય કે અતિ અલ્પ થાય કે શુભ બંધ પણ થાય.**

અશુભ કર્મનો બંધ ન થાય તે માટે ક્ષણે-ક્ષણે કાળજી રાખવી. આનાથી જુનાં અશુભ કર્મો પણ ધીમે-ધીમે નાશ પામે છે. એનો પાવર પણ નાશ પામે છે અને શુભકર્મનો બંધ થાય છે.

જીવની જો આવી અશુભભાવ પ્રવૃત્તિને રોકવાની અને શુભભાવ પ્રવૃત્તિમાં રહેવાની કાળજી-પ્રવૃત્તિ હોય તો જીવ કાયમી શુભ અવસ્થાઓને યોગ્ય બને છે. ધર્મમય અને વિશિષ્ટ ધર્મને યોગ્ય બનીને મોક્ષ સુધી પહોંચે છે.

પ્રથમ બે ગાથામાં શુભાશુભ અવસ્થાઓ બતાવી અને ૩જી ગાથામાં અવસ્થા પ્રાપ્ત થવાનું કારણ જણાવ્યું.

જીવની આવી અનેક રીતની ભટકવાની પરેશાની સંસારની પરિસ્થિતિમાં બંધ થાય તેવી નથી. ફક્ત પ્રભુનું શાસન ભાવથી સ્વીકારી-આરાધવાથી એટલે કે કર્મબંધના કારણો-આશ્રવોને જાણી-સમજીને એને છોડવા, તેની ઉપર અરૂચિ-તિરસ્કાર-પશ્ચાત્તાપ રાખવો જેનાથી નવા કર્મો ન બંધાય.


બીજી બાજુ સંવરને સમજી-યાદ રાખી એ જ્યાં-જેની પાસે છે તેની પર આદર રાખીને એ સંવર પ્રત્યે-ધર્મભાવના અને શુભવાણી-વર્તન સર્વતોમુખી બનાવવા પ્રત્યે લાગણી કેળવીને જીવનમાં અમલ કરે તો અશુભ અવસ્થા બધી ક્રમશ: બંધ થાય-અટકે.

આ ધર્મપ્રવૃત્તિ અને ભાવના બાહ્યરૂપે હોય ત્યારે અલ્પપુણ્યનું કારણ છે અને આત્મગુણ-વૈરાગ્ય-સંવેગની તીવ્રતારૂપ હોય - આંતરિક લાગણીરૂપ હોય ત્યારે પ્રબલપુણ્યકર્મ અને પ્રબલ નિર્જરાનું કારણ છે અને પરંપરાએ મોક્ષનું કારણ છે.

તેથી આગળ જતાં કર્મના ઉદયજન્ય શુભ અવસ્થાઓ પણ અલ્પકાળમાં સંપૂર્ણ નાશ પામે છે, સર્વ કર્મો નષ્ટ થાય છે અને આત્માની સંપૂર્ણ શુદ્ધ-સ્થાયી અવસ્થારૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## ૬૧

नरएसु वेयणाओ, अणोवमाओ असायबहुलाओ ।
रे जीव! तए पत्ता, अणंतखुत्तो बहुविहाओ ।।६१।।




ગાથાર્થ - હે જીવ! અશાતા રૂપ દુઃખથી ભરપૂર અને ઉપમારહિત બહુવિધ વેદનાઓ નારકીમાં અનંતવાર તેં પ્રાપ્ત કરી છે. ।।૬૧।।

*61. The agonies that hellish beings have to endure*
*Defy comparison.*
*Owing to the rise of distress-causing karmas,*
*You have experienced these agonies in hell infinite times.*



નટની જેમ દરેક ગતિમાં વિવિધ અવસ્થાને પ્રાપ્ત જીવ ત્યાં કેવા-કેવા દુઃખો, પીડાઓ ભોગવે છે તેની વાત કરતાં સહુ પ્રથમ દુઃખ ભરપૂર નરકગતિ વિષે કહે છે કે નરકમાં વેદના અશાતારૂપ છે.

સુખના કારણભૂત ત્યાં એક પણ સામગ્રી નથી બધા પ્રકારના વાતાવરણ તેને દુઃખના કારણભૂત જ બને છે. એટલે નારકીઓને દસ પ્રકારની અશુભ અશાતા વેદના શાસ્ત્રમાં બતાવી. શુભવેદનનો ક્યાંય નામોલ્લેખ નથી.

આ વેદનાઓ અકથ્ય છે અર્થાત એની તીવ્રતાની ઉપમા-દૃષ્ટાંત અહીં મળે તેમ નથી. અહીંની ઉગ્રતમવેદનાઓ ત્યાંના જીવને અત્યંત સુખ-શાતા આપનારી લાગે અથવા એમાં ત્યાંની વેદનાનો એક અંશ પણ નથી તેમ કહેવાય.

દરેક પ્રકારના દુઃખનું વાતાવરણ ઉગ્ર-તીવ્ર છે સાથે મન પણ પીડા-વેદનાથી વિહ્વલ હોય છે.

બૃહત્સંગ્રહણીમાં બતાવ્યું છે કે ક્ષેત્રકૃતવેદના-પરમાધામિકૃતવેદના અને અન્યોન્યકૃતવેદના નરકમાં હોય છે. આ બધી અત્યંત અશાતાનું કારણ છે. ક્ષેત્રવેદના દશપ્રકારે સાતે નરકમાં સતત-સર્વને હોય છે. અન્યોન્યકૃતવેદના પાંચ નરકમાં, પરમાધામિકૃત વેદના પ્રથમ ત્રણ નરકમાં હોય છે. બે વેદનાઓ ક્ષેત્રવેદના કરતાં ગૌણ બને છે.

આ અશાતા બહુલ વેદનાઓ જીવે અનંતીવાર પ્રાપ્ત કરી-અનુભવી છે. આ વાત કહી એમ જણાવે છે કે જીવ કર્મમુક્ત ન થાય ત્યાં સુધી, કર્મમુક્ત થવા ન માંગે ત્યાં સુધી અનેક પ્રકારે કર્મજન્ય પીડાઓ સતત પ્રાયઃ ભોગવ્યા જ કરે છે.

તેનાથી કાયમી છૂટકારા માટે ધર્મની આરાધના એક જ ઉપાય છે. તે આરાધના આંશિક-વ્યાવહારિક મનોનિગ્રહરૂપ-પીડારૂપ હોવા છતાં તે અત્યંત અલ્પ અને અલ્પકાલીન છે અને ભાવી સર્વ પીડાથી મુક્તિનું-શાશ્વતસુખનું કારણ છે.

નરકની પણ વેદનાઓ જીવના સ્વકૃત=પોતાના કરેલ કર્મના ઉદયરૂપ સંસારના નાટકનો એક ભાગ છે.

આ સંસારમાં જીવની ૧) સ્વભાવરૂપ ૨) સ્વભાવ અનુકૂળ ૩) સ્વભાવ પ્રતિકૂળ ૪) સ્વભાવવિરુદ્ધ એમ ચાર ભૂમિકા હોય છે.

૧) સ્વભાવરૂપ જીવ એ સિદ્ધસ્વરૂપી છે તેને આત્મિક-સ્વાભાવિક અખંડ-અપરિમિત આનંદ-સુખ કાયમી છે.

સંસારમાં જીવો જે આત્મસ્વભાવને અનુકૂળ પ્રવર્તે છે તેઓ ઘણા કર્મોનો નાશ કરે છે, પુણ્ય પણ બાંધે છે. શાતાબહુલ-સમતા-પ્રસન્નતાબહુલ સ્વભાવની પ્રાપ્તિ તરફ સતત આગળ વધે છે.

તેઓ ઉગ્ર વૈરાગી અને સંસારથી વિરક્ત હોય છે. નવા પાપકર્મ બાંધતા નથી એમ કહેવાય. ઘણા કર્મોને ખપાવતા અપૂર્વ શાંતિ-સુખ-સમાધિને મેળવતા-ભોગવતા ક્રમશઃ સ્વરૂપની પૂર્ણ અવસ્થા પામે છે.

આ પ્રથમ નંબરમાં મોક્ષને પામેલ જીવો હોય અથવા એની અત્યંત નિકટ રહેલ જીવો જે જીવનમુક્ત તરીકે-કેવળજ્ઞાની તરીકે ઓળખાય છે તે હોય છે અને એની નીચે પણ તેની અત્યંત નજીકની અવસ્થા=અસંગ અનુષ્ઠાનના માલિક જીવો પણ હોય છે. આ ૩ ભૂમિકા સ્વભાવ સ્વરૂપના ભેદમાં વ્યવહારથી ગણવી.

૨) તેની નીચેની ધર્મિની= ભાવધર્મીની એટલે સંસારી જીવોના સંસારના સ્વભાવથી વિપરીત સ્વભાવવાળાની, અપુનર્બંધકથી વચન-અનુષ્ઠાન સુધીના જીવોની, આંતરિક ભૂમિકા એ સ્વભાવ અનુકૂળ છે.

આવા જીવોમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય, સંવેગ, પાપજુગુપ્સા, સદ્‌ભાવના, સદાચારો પરની વિશેષ રુચિ, લાગણી, વિષય-કષાયોનો ભય, તેનાથી નિવૃત્તિની ઇચ્છા-લક્ષ અને પ્રવૃત્તિ હોય છે.

તેઓ પાપકર્મ લગભગ બાંધતા નથી, જે બાંધે તે મંદ-અલ્પ અને સહજ ખપે તેવા બાંધે છે. ઉગ્ર પાપ કર્મ આ ભૂમિકામાં બંધાતા નથી. જુના પાપકર્મો સતત અનેક પ્રકારની સદ્‌ભાવના અને સત્પ્રવૃત્તિથી ખપાવતા જાય છે અને પ્રથમ ભૂમિકાને યોગ્ય બનતા જાય છે.

આ જીવો પણ એક અપેક્ષાએ ધર્મથી વાસિત હૃદયવાળા, પાપકર્મ ખપાવનારા-વિશેષ પાપકર્મ ન બાંધનારા હોવાથી, આવી અવસ્થામાં નરક-તિર્યંચ વગેરે દુર્ગતિમાં જતા નથી. અને તેમની દુઃખી અવસ્થા-ખરાબ અવસ્થા પ્રાયઃ પૂર્વ અવસ્થાના નિકાચિત કર્મ વગર થતી નથી. આ અવસ્થા નિરંતર મોક્ષમાર્ગના પ્રયાણરૂપ ભાવવાળી અને સંસાર નિવૃત્તિના ભાવથી પ્રતિબદ્ધ હોય છે. આ છે ધર્મસાધનાની ભૂમિકાની અવસ્થા.



૩) જેની આત્મસ્વરૂપથી પ્રતિકૂળ રુચિ-લાગણી-પ્રવૃત્તિ છે એવા જીવો એટલે કે અનાભિગ્રહિક-સાંશયિક મિથ્યાત્વી જીવો આ ભૂમિકામાં આવે. આમાં પ્રતિકૂળ રુચિ અને તદ્યુક્ત પ્રવૃત્તિ હોય છે પણ તીવ્ર-ઉગ્રભાવવાળી નહીં. આ અવસ્થા ચરમાવર્તમાં હોય છે.


૪) જે જીવો આભિગ્રહિક અને અભિનિવેશિક મિથ્યાત્વવાળા છે તે વિરુદ્ધ સ્વભાવરૂપ છે. તે વધારે ઉગ્ર છે. આમાં પણ અભિનિવેશિક એક આંશિક છે અને અલ્પકાળમાં નિવર્તનીય છે. સર્વાંશે વિરુદ્ધ સ્વભાવ નથી. જ્યારે આભિગ્રહીક એનાથી વધારે પ્રબળ છે.

અનાભોગિક યોગ્યતા રૂપે ત્રીજા-ચોથા ભેદમાં છે અનાભોગિકમાં શુભાશુભ તીવ્ર કર્મ બંધાતા નથી. પાંચ મિથ્યાત્વને અવલંબીને કષાય-નોકષાયના પણ ભેદ તેના જેવા = આભિગ્રહિકાદિ જેવા-તેના સહયોગથી = મિથ્યાત્વના સહયોગથી સમજવા. જીવે મુક્ત બનવા ૩-૪ ભેદવાળા સ્વભાવો છોડવા, ૨જા ભેદવાળા સ્વભાવને સતત ઘડવા-કેળવવા પ્રયત્ન કરવો એના દ્વારા પ્રથમ ભેદ સ્વયં પ્રાપ્ત થશે.

## ૬૨

देवत्ते मणुअत्ते, पराभिओगत्तणं उवगएणं ।

भीसणदुहं बहुविहं, अणंतखुत्तो समणुभूअं ।।६२।।




ગાથાર્થ - દેવભવમાં અને મનુષ્યભવમાં તેના પરાધીનપણાને પામેલા તેં અનેક પ્રકારનું ભીષણ દુઃખ અનંતવાર અનુભવ્યું છે. ।।૬૨।।

*62. Even birth as a celestial being or a human,*
*Could not give you happiness.*
*For you had to serve others*
*And had to infinitely endure intense grief in many forms.*



નરકની જાલિમ વેદનાઓ બતાવ્યા બાદ સુખ-સમૃદ્ધિથી શુભ ગણાતી દેવગતિ અને મનુષ્યગતિમાં રહેલા-આવતા દુઃખો જણાવતાં કહે છે કે **'देवत्ते बहुविहं भीसणदुहं'** જ્યાંની શક્તિ-સામગ્રી-સાહ્યબી-નજરને આંજી દે એવી હોય છે તે દેવપણામાં પણ અનેક પ્રકારના દુઃખો છે.

શારીરિક દુઃખ પ્રાયઃ અંતર્મુહૂર્તથી વધારે નથી હોતું પણ મરણ વખતે ૬ મહિના પહેલા ચ્યવનના લક્ષણોનું આંશિક બાહ્ય દુઃખ અને તેનો (પરિવાર-સંપત્તિ-વિમાનો વિ.નો) વિયોગ થવાનું જાણવાથી છેલ્લા છ મહિના માનસિક દુઃખ ઘણું હોય છે.

તે સિવાય પણ સ્નેહપાત્રના વિયોગનું-પ્રિયપાત્રના રિસાવા વગેરેનું-પરસ્પરદેવોની દુશ્મનાવટનું-બીજાની ઋદ્ધિની ઈર્ષા વગેરે-અપમાન-તિરસ્કાર-અવજ્ઞા વગેરેના પણ દુઃખો હોય છે.

પરાભિયોગપણાનું દુઃખ = મોટા દેવોના નોકરરૂપે એમના હાથ નીચે રહેવું, એમના કહેલ કામો કરવા રૂપ દુઃખ પણ અનેક પ્રકારનું છે.

ચ્યવન બાદ અશુચિ વગેરે સ્થાનોમાં જવાનું પણ દુઃખ હોય છે. **મોહના કારણે અનુકૂળ પરિસ્થિતિમાં જેમ જીવને માનસિક રાગ અને સુખ અનુભવાય છે તેમ પ્રતિકૂળ પરિસ્થિતિમાં મોહના જ કારણે ભય અને દુઃખ થાય છે.** જેમ જેમ અધિક સારી સ્થિતિ તેમ-તેમ કાલ્પનિક વધારે સુખ થાય અને માનસિક દુઃખ પણ અધિક થાય.

માટે દેવો માનસિક વધારે દુઃખી છે. નારકી કાયિક પણ વધારે દુઃખી છે, મનુષ્ય-તિર્યંચો મધ્યમ સુખદુઃખવાળા છે.

રાગી-દ્વેષી-ભૌતિક અપેક્ષાવાળા જીવો સુખમાં પણ દુઃખની આગાહીના ભયવાળા હોય છે તેથી એમનું સુખ પણ દુઃખમિશ્રિત છે.

સંસારી જીવોમાં ફક્ત સ્વસ્થ અને નિરંતર સુખી તે જ હોય જે વૈરાગ્યવાળા-જ્ઞાનગર્ભિત દૃષ્ટિવાળા હોય છે. કાયિક યત્કિંચિત્ દુઃખ હોવા છતાં વૈરાગ્યના કારણે માનસિક સુખી હોય છે.

**જેમ પરાભિયોગપણું દુઃખનું કારણ છે તેમ પુદ્ગલની અપેક્ષા પણ દુઃખનું કારણ છે. ભૌતિક અપેક્ષાઓ એ એક પ્રકારે કર્મજન્ય અભિયોગ જ છે.**

પૌદ્ગલિક સંપર્ક જેમ જેમ વધે, તેની અપેક્ષાઓ જેમ-જેમ વધે તેમ ભય અને દુઃખ વધતા રહે છે. માટે ભવાભિનંદી જીવ કાયમ અપેક્ષાકૃત દુઃખથી દુઃખી બતાવ્યો, દીન કહ્યો.

વૈરાગી આત્મા જ્ઞાનની પરિણતિવાળો થાય-હોય ત્યારે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય યુક્ત કહેવાય. આ જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા જીવો ભવાભિનંદીના દુઃખથી રહિત હોય છે. અને બહુલતયા સદા સુખી હોય છે કારણ કે કોઇ ભૌતિક અપેક્ષાઓ રાખી નથી હોતી.

**'अवेक्खा अणाणंदे' જીવનમાં જરૂરવાળી વસ્તુનો અભાવ કે અન્ય વ્યક્તિના આદરની અલ્પતા નહીં પણ પોતાની અપેક્ષાઓ જ દુઃખી કરતી હોય છે.**

જેમ દુઃખનું કારણ રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાન-અવિવેક છે તેમ દુઃખનાશનું અને સુખનું કારણ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે.

સંસારના ચારે ગતિના અનેક પ્રકારના કર્મકૃત દુઃખો અને ભૌતિક સુખોમાં પણ દુર્ગતિ-દુઃખનું કારણપણું સમજવું જો સમતા-સાવધાની ન હોય તો.

આ દુઃખથી મુક્ત થવા વૈરાગ્ય અને જ્ઞાનગર્ભિતતા પ્રધાન-મુખ્ય કારણ છે. આ વૈરાગ્ય અસદ્ આચારોને છોડાવે છે અને વ્રત, પચ્ચક્ખાણ, ત્યાગ, દેવ-ગુરૂભક્તિ-સમર્પણ વગેરે સદ્આચારો-સદ્ભાવનાઓ-સદ્વિચારો સાહજિક પ્રાપ્ત કરાવે છે. તેમાં રૂચિ અને વલણ-લાગણી ઉભી કરાવે છે.


આ બે (અસત્ત્યાગ-સત્પ્રવર્તન) વૈરાગ્યની વૃદ્ધિ અને અધ્યાત્મપરિણતિનું કારણ છે.

માટે ભૌતિક દુઃખની, દુઃખના કારણની, દુઃખના અનુબંધ, પરંપરાની વાસ્તવિક વિચારણા એ વૈરાગ્યનું કારણ છે. તેથી વૈરાગ્ય ઉત્પન્ન થાય. સંસારની, પુદ્ગલની, વિષયકષાયોની મોહ-માયા ઓછી થાય, એના ઉપર અરુચિ-તિરસ્કાર જન્મે તો જીવ એ સાહજિક છોડે અને તેના ત્યાગમાં સ્થિર બને આવી માનસિક સ્થિતિ બનાવવા આવા ગ્રંથોનું અધ્યયન જરૂરી છે.



## ६३

**तिरियगइं अणुपत्तो, भीम-महावेअणा अणेगविहा ।**
**जम्मणमरणरहट्टे, अणंतखुत्तो परिब्भमिओ ।।६३।।**



**ગાથાર્થ -** અનેક પ્રકારની મહાભયંકર વેદના યુક્ત તિર્યંચગતિને પામીને ત્યાં જન્મ-મરણ રૂપ રેંટમાં અનંતવાર તે પરિભ્રમણ કર્યું છે. ।।૬૩।।

***63. You have experienced extreme sorrow***
***When you were took birth as a sub-human.***
***Like a rehat,***
***You have been wandering endlessly in samsara.***
***rehat = constantly rotating, bucket-bearing wheel of a well***

સંસારના દુઃખોનું વર્ણન કરતાં હવે તિર્યંચગતિના દુઃખો બતાવતાં કહે છે-આ ગતિમાં ભયંકર-મહા વેદના અનેક પ્રકારે જીવને પ્રાપ્ત થઇ છે. જીવે ભોગવી છે. જન્મ-મરણરૂપ રેંટિયાના ચક્કરમાં જીવ અનંતવાર ભમ્યો છે.

તિર્યંચગતિમાં શરીરના મરણાંત અનેક ઉપદ્રવો-કષ્ટો-મહાવેદનાઓ જીવને સહન કરવા પડે છે. આપણી આંખ સામે જ દેખાય છે કે ગમે તેટલી ઠંડીમાં કુલર કે મજબૂત મકાન તો ઠીક ખુલ્લામાં કાંઇ જ ઓઢવા-પાથરવાના સાધન વિના રહેવું-બેસવું-સૂવું પડે.

૪૦-૪૫ ડીગ્રીમાં શહેર શેકાતું હોય, બીજો લોકો એસીવાળા મકાનમાં ભરાઇ ગયા હોય ત્યારે રસ્તા પર સીધા તડકાને સહન કરતાં ઉભા રહેવું પડે.

શરીરમાં રોગ થાય તો બીજાને જણાવી શકાય તે માટે વાચા નથી. કોઇ ઉપચારક નથી હોતું. કોઇ સાર-સંભાળ રાખનાર નહીં.

સખત ભૂખ લાગી હોય કે ગળુ સૂકાતું હોય ત્યારે ખોરાક-પાણી મળે-ન મળે કાંઇ નિશ્ચિત નહીં.

બધાથી ગભરાતા ફરવાનું. બીજાને મારી નાખવાના અને બીજાની તરાપથી મરવાનું.

જંગલમાં અનેક હિંસક જીવોની વચ્ચે જીવવાનું, માનસિક ત્રાસ-ભય પણ સતત રહે.

ટૂંકમાં નથી વિશિષ્ટજ્ઞાન-નથી વિશિષ્ટ રક્ષણ-નથી બીજા કોઇ રક્ષણ કરનારા, પીડાનો કોઇ પાર નહી. આશ્વાસન-પ્રેમ આપનાર ન મળે... અશરણ અને નિરાધાર દશા.

આવા વિકલેન્દ્રિય-પંચેન્દ્રિયતિર્યંચના ભવો સાંતર અનંતા કર્યા-નિરંતર પણ ઘણા કર્યા. આ ભવો જીવની અનિચ્છાએ કર્મની પરાધીનતાથી-ભવિતવ્યતાથી કરવા પડે છે.

આ અવસ્થામાં તેવું જ્ઞાન નહીં, સમજણ નહીં અને શુભ પુરુષાર્થ પણ હોતો નથી. જે કાંઇ પ્રયત્ન કરે છે તેમાં ભવિતવ્યતા અને કર્મથી સંકળાયેલ-પ્રેરાયેલ હોય છે. સ્થિતિ અત્યંત દયનીય-કરૂણા ઉપજાવે તેવી હોય છે.

'અનંતવાર' એવું ગાથામાં લખ્યું છે એનો અર્થ એ છે એકેન્દ્રિયથી પંચેન્દ્રિયતિર્યંચ સુધીની અવસ્થા એ તિર્યંચગતિ કહેવાય, આમાં જીવ નિરંતર પણ અનંતકાળ ફર્યા કરે છે.

વૈરાગ્ય અને અધ્યાત્મના સમજણ વગરના જીવની સ્થિતિ ચારે ગતિમાં કર્મ-



મોહ-અજ્ઞાન-અવિવેકથી પરાધીન-અલ્પસુખ અને મહાદુઃખથી-સંકલ્પ-વિકલ્પોથી વ્યાપ્ત છે.

એને આત્મા-આત્માની સ્વસ્થતા-કાયમી સુરક્ષા-કાયમી સાત્ત્વિક-સ્વાધીન સ્વાસ્થ્યયુક્ત અવસ્થા દેખાતી જ નથી. જગતમાં બધા મરણથી-દુઃખથી-અશરણતાથી પકડાયેલા-જકડાયેલા દેખાય છે.

પરંતુ તેમાંથી છૂટવાનો-મુક્ત થવાનો રસ્તો-ઉપાય હોવા છતાં સંસારી જીવોને= ભવાભિનંદીને-અચરમાવર્તવાળાને સમજાતો નથી, દેખાતો નથી.

અપુનર્બંધકપણું આવે પછી મરણની પરંપરામાંથી-દુઃખની હારમાળામાંથી-કર્મના પંજામાંથી છૂટવાની ઇચ્છા થાય છે, બુદ્ધિમાં પરમાત્માએ બતાવેલ રસ્તો સમજાય છે-દેખાય છે. અને એ રસ્તે ચાલવાથી જેમ ૨-૩ વાહનો બદલીને-વાયા થઇને ઇષ્ટ સ્થાને પહોંચાય છે તેમ સતત પ્રયત્ન કરવાથી-કાળજી રાખવાથી-વિપરીત કામો છોડવાથી ૨/૫ ભવમાં આ પરાધીન અવસ્થાથી મુક્ત બને છે.

પ્રભુએ સંસારના દુઃખોનું વર્ણન જેવું કર્યું છે તેનાથી છૂટવા ધર્મ સિવાય ઉપાય નથી.

ધર્મ એટલે બાહ્યસંસારને છોડવો-ઘટાડવો-એની પ્રવૃત્તિમાં અને રસમાં પશ્ચાત્તાપ કરવો અને સંસારની અશરણતા-અસારતા-અનિત્યતા-પરાવર્તનશીલતા-અનિશ્ચિતતા વગેરે સ્વરૂપને વારંવાર વિચારવા-સ્થિતિને જ્ઞાનદૃષ્ટિથી જોવી.

આમ કરવાથી સંસારી વસ્તુ-વ્યક્તિ-વ્યવહાર ઉપરથી મમત્વની-આનંદની-સુખના કારણ તરીકેની લાગણી નષ્ટ થાય અને એ વિનાની આત્માની સ્વાભાવિક સ્થિતિ સમજાય.

એના ઉપાયરૂપે એ સ્વરૂપ પ્રાપ્ત કરવા અને વિભાવદશા છોડવા જીવ જે પ્રયત્ન કરે તેને ધર્મ કહેવાય. **જે પ્રવૃત્તિથી વિભાવદશા ઘટે-છૂટે એનાથી સાવધાની આવે તે ક્રિયા ધર્મ કહેવાય. અને જે જ્ઞાન-શાસ્ત્રચિંતન-ભાવના-વિચારણાથી સ્વભાવનું અને તેના કારણનું આસેવન આવે અને વિભાવ અને તેના કારણોનું આસેવન ઘટાડાય-છોડાય તે બન્ને જ્ઞાનધર્મ-ભાવના ધર્મ છે.**

આ ગ્રંથનો અભ્યાસ-ચિંતન-ભાવન નેગેટિવ-પોઝિટીવ બન્ને રૂપે કરવો જેથી આત્મા સદ્ભાવનારૂપી જ્ઞાનધર્મની વિશિષ્ટ ઉપાસના કરનાર બને છે અને તેના દ્વારા ક્રિયાસંસાર છોડીને ક્રિયાધર્મને સ્વાભાવિક સ્વીકારે છે.


માટે આવા ગ્રંથો ભાવસંસારને છોડાવનાર-દ્રવ્યસંસારને પણ છોડાવનાર-ઘટાડનાર છે અને ભાવધર્મરૂપ છે. અને ક્રિયાધર્મનું પ્રધાન કારણ છે તેથી આ ગ્રન્થ અધ્યાત્મ ગ્રંથ છે.

□□□

## ૬૪

जावंति केवि दुक्खा, सारीरा माणसा व संसारे ।

पत्तो अणंतखुत्तो, जीवो संसारकंतारे ।।६४।।


જાવંતિ કેવિ દુક્ખા
સારિરા માણસા વ સંસારે
પત્તો અણંતખુત્તો
જીવો સંસાર કંતારે ॥૬૪

ગાથાર્થ - સંસારમાં જેટલા શારીરિક અને માનસિક દુઃખો છે, તે સર્વે દુઃખો જીવે ભવાટવીમાં અનંતવાર પ્રાપ્ત કર્યા છે. ।।૬૪।।

*64. O living being,*
*As you wander in transmigration,*
*You constantly endure*
*All possible sorrows in the world.*



જીવે ચારેગતિમાં અને બધી અવસ્થામાં ભમતાં જે કાંઇ દુઃખો છે તે અનંતવખત ભોગવ્યા છે. એ દુઃખો શરીરના કારણે પણ હોય અને મનના કારણે પણ હોય છે. એ કાયાથી પણ ભોગવાય છે અને મનથી પણ કેટલાક ભોગવાય છે. જીવ મન અને કાયાથી પાપો બાંધે છે તો મન અને કાયાથી દુઃખો ભોગવે છે.

પાપ બે પ્રકારના છે. ૧) સામાન્ય પાપ, ૨) વિશેષ-ગાઢ પાપ. સામાન્ય પાપ સામાન્ય દુઃખો આપે અને ક્યારેક પાછળથી આવતા સારા વિચાર-શુભ ભાવના-પ્રાયશ્ચિત્ત વગેરે દ્વારા એમ જ નાશ પામે.

પરંતુ વિશેષ પાપો મન દ્વારા, વિશેષ રસ દ્વારા, આદર-ઉલ્લાસ-પ્રશંસા-અનુમોદના દ્વારા, અશુભ પ્રવૃત્તિ અને અશુભ વિચારણાથી અથવા કેવળ અશુભ વિચારણાથી બાંધે છે. મન અને ઉગ્ર દુષ્ટભાવ વગર અશુભ પાપકર્મ ગાઢ-ઉગ્ર બંધાતુ નથી.

અહીં વચન નથી લખ્યું કારણ કે એક અભ્યંતર હેતુ - એક બાહ્ય હેતુ એમ પાપકર્મબંધમાં હેતુ બતાવ્યો. મન બીજાને અજ્ઞાત છે માટે તે આભ્યંતર હેતુ છે અને કાયા એ બાહ્ય હેતુ છે. (વચન પણ બાહ્યહેતુ જ છે).

બાહ્યહેતુમાં વિશેષપાવરપૂરક મન એ આભ્યંતર હેતુ છે. ફક્ત આભ્યંતરહેતુ અને આભ્યંતરસહિત બાહ્યહેતુ એ વિશેષ પાપબંધનું, ગાઢ-ઉગ્ર પાપબંધનું કારણ છે.

**જોવાથી-વાંચવાથી-બોલવાથી-સાંભળવાથી અને જાતે આચરવાથી આમ પાંચ બાહ્યહેતુથી આભ્યંતર હેતુ પુષ્ટ બને છે.** જો આ પાંચ અનુચિત-અકાર્ય સંબંધિત હોય તો પાપમાં પુષ્ટ બનાવે છે અને પાપભાવનાથી પુષ્ટ થયેલ મન ફક્ત પાપભાવનામાં ઉગ્ર બની ઉગ્ર પાપ બાંધે છે અને ઉગ્ર પાપભાવનાવાળુ મન બાહ્યસામગ્રી-સંયોગ પામીને બાહ્ય પાપપ્રવૃત્તિમાં પણ ઉગ્ર બને છે માટે કહ્યું કે **ઉગ્ર પાપ મનથી કે મનસહિતકાયાથી બંધાય છે.** એ જ રીતે પુણ્યકર્મ પણ બન્ને રીતે ઉગ્ર બને છે.

જીવને દુઃખ પણ કાયાથી અને મનથી ભોગવાય - શરીરના રોગો - અનેક પ્રકારની વિષમ પરિસ્થિતિ-વિવિધ ઉપસર્ગ-પરિષહો વગેરે જે પણ મળે છે- આવે છે તે સ્વકૃત પાપોનું ફળ છે. ''મેં બાંધેલું છે તે અત્યારે ખૂલે છે'' એમ વિચારી સમભાવે દુઃખનો સ્વીકાર કરવો- સહન કરવું-મન પર તેની બહુ અસર ન થવા દેવી. ભોગવાતું ભલે કાયાથી હોય પણ જો એમાં મન ભળેલ હોય તો નવા કર્મો બંધાય છે.

અહીંના દુઃખનો પાવર પણ મન ભળવાથી વધે છે. જો મન ન હોય-મૂર્ચ્છિત હોય તો તે દુઃખ ઘણું જ અલ્પ થઇ જાય છે. જેમ ક્લોરોફોર્મ સુંઘાડ્યા પછી ગમે તેટલી વાઢ-કાપ પણ પીડાદાયક નથી હોતી-નથી લાગતી. આમાં ઉપલક્ષણથી વચનના રોગો-પીડાઓ પણ લઇ લેવા.

અઢાર પ્રકારના પાપોના તીવ્રતર ભાવથી આ તીવ્ર પાવરવાળા બને છે. અને મંદપાવરથી મંદ બંધ થાય છે.

જીવને જો દુઃખ ન જોઇતું હોય, ન ભોગવવું હોય, રોગ-વિઘ્ન-અંતરાય-ડીપ્રેશન-અપમાન-શક્તિહીનતા-બુદ્ધિહીનતા વગેરેના શિકાર ન બનવું હોય તો પાપની વિચારણા-પાપની પ્રવૃત્તિઓ-પાપની ઉગ્રતાને ઓળખવી પડે, તેની પ્રશંસા-અનુમોદના વગેરે છોડવા પડે-ઘટાડવા પડે, જે વિચારણા-પ્રવૃત્તિ-પ્રશંસાદિ થઇ ગયા તેનો સહૃદય પશ્ચાત્તાપ કરવો જોઇએ.

સંસારરસિક જીવે અનંતીવાર અનંતી પીડા ભોગવી તો છે જ પણ ભવિષ્યમાં ય ભોગવવાની શક્યતાઓ છે. જ્યારે ધર્મી આત્મા ધર્મ પામ્યા પછી લગભગ ઘણા પાપકર્મ સદ્ભાવના અને સત્પ્રવૃત્તિથી ખપાવે છે.

માટે એ કર્મનો ધર્મના પ્રભાવે ભોગવ્યા વગર જ નાશ કરે છે. થોડા ઉગ્રફળવાળા કર્મો કોઇકને ભોગવવા પડે છે જેમ સાધ્યરોગમાં દવા લે અને તે લાગુ પડે ત્યારથી પીડામાં હ્રાસ થાય અને પીડામુક્ત પ્રાયઃ થાય. ધર્મી આત્માઓને ધર્મ આચાર-ધર્મભાવનાના પ્રતાપે મોટા ભાગના અશુભકર્મો ભોગવવા પડતા નથી, આ વાત પણ અહીં અધ્યાહારથી સમજવી.

સંસારરસિક જીવો પાપ-કર્મો-દુઃખ જેમ વધારે છે તેમ ધર્મી જીવો સતત પાપકર્મ નિર્જરે છે.

ધર્માત્મા જો કાળજી રાખે તો ધર્મારાધનાના પ્રતાપે માનસિક રોગોથી પ્રાયઃ રહિત બને છે - વિશેષ મનઃશક્તિવાળા બને છે. એ જ રીતે ધર્મી આત્મા શારીરિક રોગ-પીડાથી પણ (પ્રથમભવ સિવાય-બહુધા પ્રબળ કર્મ સિવાય) પ્રાયઃ રોગ-પીડા મુક્ત રહે છે.

પાપ અને દુઃખને ઉદયમાં આવતા રોકવાનું અને કર્મનાશ આ બંને ધર્મના આરંભથી સાહજિક થાય છે .આ ધર્મનો પ્રભાવ છે.

□□□




## ૬૫

तण्हा अणंतखुत्तो, संसारे तारिसी तुमं आसी ।

जं पसमेउं सव्वोदहीणमुदयं न तीरिज्जा ।।६५।।

आसी अणंतखुत्तो, संसारे ते छुहावि तारिसिया ।

जं पसमेउं सव्वो, पुग्गलकाओवि न तरिज्जा ।।६६।।



ગાથાર્થ - સંસારમાં અનંતવાર તને એવી તૃષા થઇ હતી કે જેને શમાવવાને સકલ સાગરનું પાણી અસમર્થ થાય. ।।૬૫।।

સંસારમાં અનંતવાર તારી ભૂખ પણ એવા પ્રકારની હતી કે જે શમાવવાને સર્વ પુદ્ગલો પણ સમર્થ ન થાય. ।।૬૬।।

***65. O living being, Infinite times, you have had to endure scathing thirst Which cannot be assuaged by drinking all the water in the oceans.***

***66. O living being, Infinite times, you have had to endure intense hunger, Which cannot be extinguished by eating all the matter in the universe!***

૬૪મી ગાથામાં સંસારને જંગલની ઉપમા આપી છે. જેમ જંગલમાં ડગલે-પગલે ચારે બાજુથી શરીરનાં દુઃખો આવે છે અને મનમાં ચિંતા-ભય ઉત્પન્ન થાય છે તેમ સંસારમાં પણ શારીરિક-માનસિક દુઃખોનો પાર નથી. એક તૃષા-તરસનું દુઃખ પણ એટલું ઉગ્ર હોય છે કે બધા સમુદ્રનું પાણી પી જાય તો પણ શમતી નથી. આવી તરસ નરકના જીવોને હોય છે.

મનુષ્ય-તિર્યંચને રોગમાં ગળામાં પાણી ઉતરતું ન હોય - તરસ સહન ન થતી હોય-પીધેલ પાણી પેટમાં ટકતું ન હોય-તરસ છિપાતી ન હોય. આમ અનેક રોગમાં કર્મના ઉદયથી તૃષા પીડતી હોય છે. ત્યાં તરસ મટાડનાર-ઘટાડનાર કોઇ વ્યક્તિ કે સાધન નથી હોતા. આ અસહ્ય મરણાંત કષ્ટ જીવે સહન કરવું પડે છે. આ પીડામાં તરસથી પીડાતો, પાણી-પાણી કરતો, પાણી માટે તલપતો જો પરભવનું આયુષ્ય બાંધે તો મરીને માછલી-દેડકો થાય.

જીવે ઠંડા પાણી-પીણા વગેરેની પાછળ ન પડવું. ઠંડકના બહુ ઉપચારોથી અને અભક્ષ્ય પીણાઓથી પણ આવા રોગ-પીડાઓની અવસ્થા આવે છે અને નરકગતિ વગેરે દુર્ગતિમાં જવું પડે છે.

આવી પીડા સંસારમાં ખુદ જીવે અનંતીવાર ભોગવી અને અત્યારે બીજાઓને ભોગવતા જોઇ રહ્યો છે.

કર્મ પરાધીન આવી અવસ્થાઓ જાણીને ધૈર્ય-સમતા ધારણ કરી સહન કરવું-ધર્મમાં બાંધછોડ ન કરતાં મક્કમ-સ્થિર રહેવું.

ગરમી-ઠંડી સહન થાય ત્યાં સુધી થોડું ખેંચીને પણ સહન કરતા રહેવું. ઉપચારો પણ જરૂર પડે તો માઇલ્ડ કરાવવા.

સમતા અને સહનશીલતાનું લક્ષ રાખવાથી પુદ્ગલ અધ્યાસ-પુદ્ગલપરિણતિ ગૌણ થાય છે. તેથી જીવ ધર્મ-પુણ્યને યોગ્ય બને છે.

પેય-અપેયને જાણીને - અપેય છોડનાર જીવના સત્ત્વની વૃદ્ધિ થાય છે, પ્રભુ પ્રત્યે-એમના વચનો પ્રત્યે સ્નેહ-આદર-સમર્પણ વધે છે એના કારણે પુણ્ય-ગુણો આત્મામાં વિકસે છે, ધર્મમાં આગળ વધે છે.

માટે ભૌતિક દુઃખોને છોડવા માટે એના કારણભૂત પાપ પ્રવૃત્તિઓ જાણવી પડે



અને યથાશક્ય પ્રયત્નથી છોડવી પડે. એ છોડવાથી અને છોડવું શક્ય ન હોય ત્યારે એમાં પશ્ચાત્તાપ રાખવાથી પણ તે પાપકર્મ ખપાવે છે - પાપકર્મ નિર્બળ બનાવે છે. પુણ્યને મેળવે છે. વિશેષ ધર્મને યોગ્ય બને છે.

તેથી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું: 'देहदुक्खं महाफलं!' માનસિક રીતે પણ સહિષ્ણુ બનવાથી જીવ બાહ્ય દુઃખોને પણ સત્ત્વ-ધૈર્ય અને પ્રસન્નતાથી સહન કરે છે.

ધર્માત્મા જે દુઃખ સહન કરે છે તેનાથી અનેકગણા દુઃખ-પાપ તે વખતે સમાધિ-સમતાથી ખપાવે છે.

આ દુઃખો અનંતવાર સહન કરેલા તો છે પણ સંક્લેશથી જીવ વારંવાર નવા બાંધતો પણ હોય છે. જો દુઃખ-પીડા વખતે ધર્મ આરાધનાથી ત્યાગ-તપ અને ધૈર્ય-સમતાથી થોડું સહન કરે તો આવા ઉગ્ર દુઃખના કર્મો સહજમાં ખપી જાય.

માટે જ તપના પ્રભાવમાં બતાવ્યું કે નરકના હજારો-લાખો વરસોથી ભોગવાય તેવા દુઃખો ઉપવાસાદિ તપથી ક્ષીણ થાય છે. અર્થાત્ રસથી-રસોદયથી તે કર્મો ભોગવવા પડતા નથી તપ-સંયમથી જ પ્રધાનતયા નાશ પામે છે.

જીવને જેમ તરસનું દુઃખ છે જેમાં જીવ વિહ્વલ બને છે તેવી જ રીતે ક્ષુધા-ભૂખનું દુઃખ પણ કર્મના તીવ્રોદયથી અસહ્ય-અકથનીય હોય છે તે જણાવતાં કહે છે કે જીવને ભૂખ પણ એવી તીવ્ર લાગે છે કે તેને શાંત કરવા બધા પુદ્ગલો પણ ઓછા પડે.

જીવ સ્વભાવથી અનંતબલી છે. પણ કર્મોથી બંધાયેલ-પીડાયેલ-પરાધીન અને પામર બનેલ છે. કર્મના ક્ષયોપશમથી અને પુણ્યકર્મના ઉદયથી જીવને જેટલી - જે શક્તિ પ્રગટ થાય છે તે અનંતશક્તિના માલિકને રોટલાનો ટુકડો આપવા જેવી છે અને ક્યારેક પાપકર્મ અને અંતરાયોના તીવ્ર ઉદયથી જીવને એ પણ મળતી નથી.

જીવ અણાહારી છે. ક્ષુધા-તૃષા જીવને ન હોવી જોઇએ - ન લાગવી જોઇએ પરંતુ કર્મના કારણે શરીરની કેદમાં પૂરાવાથી અનેક પ્રકારની નાની-મોટી પીડાઓ-વિટંબણાઓ તેને સહન કરવી પડે છે. જેનું વર્ણન સર્વજ્ઞ પરમાત્મા જ કરી શકે-જાણી શકે.

નારકોની સર્વપ્રકારની પીડાઓ અકથ્ય-અવર્ણનીય છે. શાસ્ત્રોમાં નરકગતિમાંથી

આવેલ જીવને પણ જાતિસ્મરણ થયેલા ક્વચિત દૃષ્ટાંતો છે પરંતુ **બહુધા નરકગતિની પીડાનું જાતિસ્મરણ થતું નથી. થાય તેને અહીં જીવવું મુશ્કેલ બની જાય તેવી રૌરવ પીડાઓ હોય છે.**

દેવોને અવધિજ્ઞાનથી નરકના દુ:ખોનું સામાન્ય જ્ઞાન થાય છે પણ સુખી-અતિસુખી આત્માઓને દુ:ખી આત્માના દુ:ખની એવી વિશેષ લાગણીજન્ય સંવેદના થતી નથી. આવા ઉગ્રકર્મોથી જીવને આંખના પલકારા જેટલું પણ સુખ નથી. જગતના તમામ પુદ્દગલોનો આહાર કરે તો પણ નારકના જીવની ક્ષુધા શાંત થતી નથી તેવી જાલિમ હોય છે.

તિર્યંચગતિમાં પણ ભૂખ ગમે તેટલી લાગી હોય છતાં પરાધીનતાના કારણે-કોઇ રક્ષક ન હોવાના કારણે ખાવાનું મળવું મુશ્કેલ હોય છે.

મનુષ્યગતિમાં પણ ગરીબ-ભિખારી માણસને પોતાના પેટનો ખાડો પૂરવા દિવસભર કેટલી મજૂરી કરવી પડે છે છતાંય સાંજે કે રાત પડે એક ટંકનું પણ ભોજન મળે કે ના પણ મળે...

આવા ઉગ્ર અને તરતમભાવની ભોગવવી પડતી પીડાઓમાંથી જીવને કાયમી છૂટકારો ધર્મ વગર, મોહ-મમતા છોડ્યા વગર-કષાયોના નિગ્રહ વગર-વિષયોની લાલસા-લગનીનો નિગ્રહ કર્યા વિના અને તે માટે પ્રભુનું -પ્રભુના શાસનનું-જ્ઞાન અને આચારોનું શરણ અને સમર્પણ, ભાવન અને આચરણ કર્યા વગર મળી શકતો નથી.

ધર્મનું સંવેદન થતું નથી. ધર્મ આત્મસાત-સ્વાભાવિક થતો નથી. અને જે આત્મસાત થયેલ અનાદિકાલીન મોહ-અજ્ઞાન-અવિવેક છે તેને સર્વ કર્મનું, સર્વ પાપના, સર્વ દુ:ખોના મૂળ રૂપે અનુભવી શકતો નથી = હૃદયથી, શ્રદ્ધાથી, લાગણીથી સંવેદન પામતો નથી.

એ પાપની લાગણીના કારણે દુ:ખો ભોગવવા છતાં દુ:ખના કારણ ગણાતા બાહ્ય-આંતર પાપકાર્યો-અઢાર પાપસ્થાનો અને પાપની હૂંફ-રુચિ-ગુણકારીની લાગણી નાશ પામતી નથી. ત્યાં સુધી દુ:ખ મુક્તિની શક્યતા નથી. **દુ:ખ માત્ર અજ્ઞાન-મોહ અને પુદ્દગલ સંયોગજન્ય છે.**



જ્ઞાન દ્વારા અજ્ઞાન દૂર કરવાનું અને ભાવના વગેરે જ્ઞાનના પુનઃ પુનઃ ભાવન દ્વારા, વિચારણા દ્વારા મોહ દૂર કરવો આ કામ મોટું છે. એ માટે જીવે હેય અને ઉપાદેયપણાનું જ્ઞાન પ્રધાનતયા મેળવવું અનિવાર્ય છે. આ બન્ને ચરણકરણાનુયોગમાં સમાવિષ્ટ થાય અને આ બન્ને સાથે સંકળાયેલ દૃષ્ટાંતોને ધર્મકથાનુયોગ કહેવાય.

**વૈરાગ્ય એ હેય પદાર્થોના અપાયો જાણવાથી-વારંવાર વિચારવાથી અને દૃષ્ટાંતના આલંબનને ભાવિત કરવાથી આવે છે અને સંવેગ એ ઉપાદેયતત્વને એના સ્વરૂપને, એના લાભને ભાવિત કરવાથી આવે છે. સ્થિર થાય છે.** આ વૈરાગ્ય-સંવેગ બન્ને અજ્ઞાન અને મોહથી ઉત્પન્ન થતા અનેકરીતના સર્વતોમુખી અશુભ પરિણામો અને અશુભ સંસ્કારોના નાશક છે, તેમ શુભ પરિણામોના આપાદક અને સ્થિરતાકારક છે.


આ રીતે મોહ-અજ્ઞાનના હ્રાસ અને નાશથી જ્ઞાન અને વિવેકના પરિણામોની પ્રાપ્તિ-વૃદ્ધિ અને દૃઢતા થવાથી જીવ અસદ્આચારો-અસદ્વિચારોથી અલ્પપ્રયત્નથી કે સાહજિક રીતે નિવૃત્ત થાય છે. આને અસંયમથી કે પાપાચારથી નિવૃત્તિ કહેવાય. એ કાયિક અલ્પ પ્રયત્નથી થાય છે અને જ્ઞાન-વિવેકના બળથી, ઉગ્રતાથી ક્રમે કરીને સાહજિક પણ થાય છે.

એવી જ રીતે ઉપાદેયતત્વના જ્ઞાન-પરિભાવનના બળથી તે પ્રત્યે તીવ્ર રુચિ જેને વિશેષ શ્રદ્ધા કહેવાય તે પ્રગટ થાય છે. અને સદાચારોમાં તીવ્ર રુચિ દ્વારા, વિશેષ મમતા દ્વારા સ્વાભાવિક પ્રાયઃ પ્રવર્તે છે.

આ જ્ઞાન-વિવેક પરિભાવન અને એના કારણભૂત તથા તેના ફળભૂત અસત્‌ની નિવૃત્તિ અને સત્‌માં પ્રવૃત્તિ એ આત્માના અશુભ કાર્યો-અશુભ સંસ્કારોનો ક્રમિક નિર્મૂળ નાશ કરે છે અને એ નાશની સાથે બાહ્યદુ:ખો અને આંતરિક પાપોનો પણ નાશ થતો આવે છે અને આંતરિક પ્રશમસુખની વૃદ્ધિ થાય છે, બાહ્ય પુણ્યની, પુણ્યસામગ્રીની પણ પ્રાપ્તિ-વૃદ્ધિ અને નિરંતરતા પ્રાપ્ત થાય છે. અલ્પકાળમાં, અલ્પભવમાં શાશ્વત મોક્ષને પામે છે. સર્વ કર્મોથી, સર્વ દુ:ખોથી રહિત બને છે.

## ૬૭

काऊण-मणेगाइं - जम्मणमरण-परिअट्टण-सयाइं ।
दुक्खेण माणुसत्तं, जइ लहइ जहिच्छियं जीवो ।।६७।।
तं तह दुल्लहलंभं, विज्जुलया-चंचलं च माणुअत्तं ।
धम्मंमि जो विसीयाई, सो काउरिसो न सप्पुरिसो ।।६८।।



ગાથાર્થ - અનેક જન્મ મરણોના સેંકડો પરાવર્તનો કરીને મહાકષ્ટ વડે જ્યારે જીવ મનુષ્યપણું પામે છે, ત્યારે તેનું યથેચ્છિત તે પ્રાપ્ત કરે છે. ।।૬૭।।

પરંતુ તે દુર્લભ અને વિદ્યુલ્લતા જેવું ચપળ મનુષ્યપણું પામીને જે ધર્મકાર્યમાં ખેદ કરે છે, તે ક્ષુદ્ર પુરુષ છે, સત્પુરુષ નહિ. ।।૬૮।।

*67. You have attained human birth, After taking immeasurable births, And enduring countless hardships.*

*68. With great difficulty, you have gained human birth, Which is as lasting as a flash of lightening. One who fritters away human birth And does not follow the teachings of the Jinas, Is neither wise nor brave.*



મનુષ્યભવ અત્યંત દુર્લભ છે, બીજા સ્થાનોમાં, બીજી ગતિઓમાં અનેક જન્મ-મરણોરૂપી ભવો ભમ્યા પછી દુઃખથી, મુશ્કેલીથી ક્વચિત પાછો મનુષ્યભવ મળે છે.

અનંત પરાવર્તો ભમ્યા પછી મનુષ્યભવ મળે છે એમ જે બતાવ્યું છે તેમાં પરાવર્તનો અર્થ પુદ્ગલપરાવર્ત લઇએ તો તે અનંતકાળરૂપ અને અનંતાભવરૂપ થાય.

એક પુદ્ગલપરાવર્ત એટલે અનંતકાળ. આવા અનંત પુદ્ગલપરાવર્ત પસાર થાય ત્યારે ફરી મનુષ્યપણું પ્રાપ્ત થાય. આ ઉત્કૃષ્ટ વ્યવધાન-અંતરકાળ છે.

આસન્ન મોક્ષગામી સિવાય બહુધા વારંવાર મનુષ્યભવ મળતો નથી. ભાવસમકિતી અને તે પહેલાંની અવસ્થામાં દયા-દાન વગેરે મધ્યમ આત્મગુણો-મંદકષાય વગેરેથી મનુષ્યભવ સહેલાઇથી મળે. આવી ભૂમિકા સિવાય મનુષ્યભવ પ્રાપ્તિનુ બહુધા ઘણું અંતર પડે છે.

મનુષ્યભવ જેમ દુર્લભ છે તેમ વિજળીના પ્રકાશ જેવું ચંચલ છે. વિજળી જેમ ચંચલ છે તેમ મનુષ્ય આયુ ક્ષણમાં ગમે-ત્યારે શીઘ્ર નાશ પામી જાય છે. તો કર્મભૂમિ અને સંખ્યાતવર્ષવાળા આયુષ્યમાં જ ધર્મ છે આ વાત આચાર ધર્મની અપેક્ષાએ છે. એક બાજુ દુર્લભ-બીજી બાજુ ચંચલ છે માટે કાળજીથી શીઘ્ર સાધના કરવી જોઇએ એ કહેવાનો ભાવ છે.

આ સાધના-ધર્મમાં જે સીદાય છે, ઉત્સાહ-આદર-રસ-પ્રવૃત્તિ વગરનો છે, બીજાથી કરાતા વીતરાગ સર્વજ્ઞના ધર્મની અનુમોદના-પ્રશંસા વગરનો છે. મધ્યમ ગુણો વગરનો છે, જે સારા વ્યવહાર વગરનો છે કે સારા વ્યવહારમાં આદર-રસ વગરનો છે તે કાપુરુષ છે = કાયર પુરુષ છે. અવિચારક-અમર્મજ્ઞપુરુષ છે. જે ધર્મના દુર્લભ અને મહત્વના અવસરે પણ ધર્મમાં રસ ધરતો નથી.

**જેના મનમાં સાધ્યનો ગૌણતા-ઉપેક્ષા-અરૂચિ-વિરોધ-તિરસ્કારભાવ હોય તેને એના સાધનમાં અપ્રધાનતા વગેરે હોય અને તેના કારણે એમાં તે ઉત્સાહિત ન હોય. આ એક સામાન્ય નિયમ છે.** જેમ કે અભવ્યજીવો-દુર્ભવ્યજીવો-અચરમાવર્તિ જીવો-ભવાભિનંદી જીવો એ ધર્મની-આત્મગુણોની રુચિ વગરના હોવાથી એ ધર્મમાં સીદાતા હોવા છતાં તેમને એ સીદામણા દેખાતી નથી, જણાતી નથી. આ સીદામણ તેના દીર્ઘસંસારને સૂચવે છે.

આ રીતે કોઇ આસન્નભવી પણ દુર્લભબોધી થયેલ તે કાળમાં આવો દેખાય પરંતુ એ કર્મ ભોગવાઇને પુરુ થયા બાદ એને તરત ધર્મમાં શ્રદ્ધા-રુચિ-આદર-પ્રવર્તન

આવી જાય છે.

કેટલાક જીવો રુચિ-ભાવવાળા હોવા છતાં પ્રવર્તનમાં ચારિત્ર મોહનીયના ઉદયથી આંતરિક ઉત્સાહ વગરના હોય છે. આવા જીવોની પ્રવૃત્તિ અંગે જરૂર સીદામણ હોય છે. પરંતુ રુચિ-માન્યતા-શ્રદ્ધામાં સિદામણ નથી તેથી પોતે પ્રવર્તન ન કરી શકવા છતાં એ કાર્યનો આનંદ-એ કરનાર ઉપર આનંદ-પ્રેમ, એ કરનારને જરૂરી સહાય-એમની પ્રશંસા-પોતાને કરવાનો અવસર ક્યારે મળે તેની વ્યક્ત-વિશિષ્ટ ઈચ્છા હોય છે તેવા જીવો પ્રવૃત્તિમાં સીદાતા હોવા છતાં મંદ સીદાય છે કારણ પ્રવૃત્તિની ઉત્કટ ઈચ્છા હોય છે.

જે જીવો આચારની રુચિ નથી ધરાવતા, આચારવાન ઉપર આદરવાળા નથી, તેમની અનુમોદના-પ્રશંસા-સહાય કરતા નથી તે પણ સીદાતા જ કહેવાય.

**આ ચારની શિથિલતા એ પહેલી સીદામણ-મંદતા છે અને રુચિ-શ્રદ્ધાનો અભાવ અને આંશિક રુચિનું એકાંગીપણું બન્ને બીજી મંદતા છે.**

જેને આચારની રુચિ નથી- અલ્પરુચિ છે તેને સમ્યગ્દર્શન નથી અથવા મલીન છે આ પણ બીજા પ્રકારની જ મંદતા છે અને જે આચાર માટે-સંયમ માટે-વ્રત-પચ્ચક્ખાણ માટે-ક્રિયામાર્ગ માટે તલસાટ વગરના છે તે આત્મામાં બીજી પણ મંદતા છે, ધર્મનો અભાવ છે.

બીજી મંદતા હોય ત્યાં પહેલી મંદતા હોય જ. મંદતા એટલે અભાવ અથવા હીન પાવરપણું.

**મોક્ષ અને આત્મગુણોની પૂર્ણતા-પ્રકૃષ્ટતા એ સાધ્ય છે અને એના સાધનરૂપ-કારણરૂપ લક્ષ-રૂચિ અને પ્રવૃત્તિ ત્રણ જોઈએ.** લક્ષ એ ધ્યેયરૂપ છે એનું જ્ઞાન અને રૂચિ બન્ને જોઈએ. જેમ ધ્યેયના જ્ઞાન-રૂચિ જરૂરી તેમ સાધનરૂપનું પણ જ્ઞાન-રૂચિ અને સાધનમાં પ્રવૃત્તિરૂપ ક્રિયા ત્રણ જોઈએ. સાધનમાં પ્રવૃત્તિ અને બાધકમાંથી નિવૃત્તિ આ બન્ને ક્રિયારૂપ છે. અને ક્રિયા દ્વારા ભાવ-આપાદકતા પણ છે.

માટે આચાર-ક્રિયા એ 'સાધનમાં પ્રવૃત્તિ' અને 'વિપરિત સાધનથી નિવૃત્તિ' ઉભયરૂપ છે. એ જ રીતે રૂચિ પણ હેય નિવૃત્તિરૂપ-ઉપાદેયપ્રવૃત્તિરૂપ છે એ રીતે સાધનજ્ઞાન-નિવૃત્તિ-બાધકરૂપ હેયનું જ્ઞાન અને પ્રવૃત્તિ-સાધકરૂપ ઉપાદેયનું જ્ઞાન જરૂરી છે.




દરેક જગ્યાએ પ્રવૃત્તિ-નિવૃત્તિ એ તત્પ્રયુક્ત ભાવ આપાદક-પ્રાપક છે. માટે સદાચાર પ્રવૃત્તિ જેમ સદ્‌ભાવ આપાદક છે. તેમ અસદ્‌થી નિવૃત્તિ તે પણ અસદ્‌ભાવ નિવર્તન દ્વારા સદ્‌ભાવ પોષક છે. ભાવના-પરિભાવન એ પણ મનોદ્વારા સદાચાર પોષક છે, અસદ્ આચાર નિવર્તક છે.

જ્ઞાન અને ક્રિયા એ બન્ને દ્વારા આત્મા ભાવિત બને છે માટે ભાવના એ અસદ્‌ભાવનિવર્તક અને સદ્‌ભાવપ્રવર્તક છે. જ્ઞાન અને ક્રિયા એ ભાવિત બનતી જાય ત્યારે એ ભાવ આપાદક બને છે. ભાવ એ આત્મગુણના આંશિક સંસ્કારરૂપ અંશ છે એની પ્રકૃષ્ટતા એ સંપૂર્ણ આત્મગુણરૂપ છે અને એ તત્-તત્ દોષ નાશરૂપ મોક્ષ છે, તત્-તદ્‌ગુણ સર્વાંશપ્રાપ્તિરૂપ સહજ આત્મસ્વરૂપ છે. આ સર્વાંશે એક સાથે પ્રાપ્ત થાય તેનું નામ મોક્ષ છે.

## ૬૯

माणुस्सजम्मे तडिलद्धयंपि, जिणिंदधम्मो न कओ य जेण ।
तुट्टे गुणे अह धाणुक्कएणं, हत्था मलेव्वा य अवस्स तेण ।।६९।।



ગાથાર્થ - ધનુષ્યની દોરી તૂટી ગયા પછી જેમ ધનુર્ધારીને અવશ્ય હાથ ઘસવા પડે છે, તેમ સંસાર સાગરના કિનારા રૂપી માનવજન્મને પામીને જેણે જિનેન્દ્રે કહેલા ધર્મનું સેવન ન કર્યું, તેને અવશ્ય હાથ ઘસવા પડશે. ।।૬૯।।

*69. Those who did not wisely use their human birth*
*To follow in the footsteps of the Jinas,*
*Can only wring their hands in futility at the end of their lives.*
*Thinking of practising dharma when death is at one's doorstep,*
*Is as useless as*
*Trying to shoot an arrow using a bow with a broken string.*



વિજળીના પ્રકાશ જેવો અલ્પકાલીન મનુષ્ય જન્મ મળ્યા પછી જે બીજુ બધું છોડીને શ્રી જિનેશ્વરદેવનો ધર્મ આરાધતો નથી. તે જેમ ધનુર્ધારી ધનુષ્યની દોરી તુટ્યા બાદ હાથ ઘસતો રહે છે - પશ્ચાત્તાપ કરતો રહે છે તેવી રીતે મનુષ્યભવ હારી ગયા બાદ પસ્તાવો કરે છે.

વિશેષ અવસરે અર્થાત્ મોસમમાં કાર્ય કરવું વિશેષ જરૂરી અને મહત્વનું છે. મોસમ-સીઝનમાં બીજી પ્રવૃત્તિ-કાર્ય ગૌણ કરવા જોઇએ-છોડવા જોઇએ આ સર્વત્ર કાયદો છે. જે સીઝન ગુમાવે, એમાં કાર્ય ન કરે તે મૂર્ખ-પ્રમાદી પછી સીદાય છે, પશ્ચાત્તાપ કરે છે.

જેને પછી મરણ વખતે પણ પશ્ચાત્તાપ ન થાય તે આત્મહીત માટે શૂન્યમનવાળો-મૂર્ચ્છિત-ગાંડો છે એમ સમજવું પડે.

મનુષ્યભવ એ ક્ષાયિક સમકિત પામવા માટેની ભૂમિકા બનાવવાની મોસમ છે.

સમ્યક્ત્વના ૬૭ બોલની આરાધના પ્રધાનતયા મનુષ્યભવમાં થાય છે.

આચાર-વ્રત-પચ્ચક્ખાણ-ચારિત્ર પણ મનુષ્યભવમાં લઇ શકાય છે.

શ્રી સંઘવ્યવસ્થા-ધર્મિના સમુહની વ્યવસ્થા મુખ્યપણે મનુષ્યભવમાં જ છે.

ધર્મની સ્થાપના પણ ફક્ત મનુષ્યોમાં થાય છે.

પરમાત્મા ગણધરભગવંતો જેવા વિશિષ્ટ પુણ્ય ગુણવાન આત્માઓ પણ મનુષ્યમાં થાય છે.

સંયમ ધર્મની પરંપરા-શ્રાવકોની પરંપરા, જ્ઞાનીઓની પરંપરા, લબ્ધિઓની ઉત્પત્તિ વગેરે પુણ્યની પરાકાષ્ટા પણ ફક્ત મનુષ્યોમાં જ હોય છે અને મોક્ષ પણ મનુષ્યભવમાંથી જ મળે છે.

માટે એની મહત્તા શાસ્ત્રોમાં બતાવી છે.

આ બધું મેળવવાનું એક માત્ર સ્થાન મનુષ્યભવ હોવા છતાં તેની સ્થિતિ અલ્પ છે, આયુષ્ય ચંચલ છે, અનેક પ્રકારના સંયોગો પરિવર્તનશીલ છે, શરીર રોગોના ઉદ્‌ભવની યોગ્યતા ધરાવે છે.

સામાન્યથી મન-વચન-કાયાની શક્તિઓ પણ અલ્પ છે. સાધનામાં કાયિક-માનસિક પરિસ્થિતિના વિઘ્નો પણ ઘણા આવતા હોય છે. પરમાત્માએ પણ સંયમ લઇ ગામ-નગર-જંગલોમાં વિચરવાનું હોય છે.

સામાન્ય જનતાને અર્થ ઉપાર્જન વગેરે અનેક ચિંતાઓ હોય છે, પ્રયત્નો હોય છે, દેહના નિભાવ માટે આહારની અનેક વ્યવસ્થાઓ-નિસર્ગની વ્યવસ્થાઓ-રહેઠાણનો પ્રબંધ-ગામ-નગર સર્જન આ બધી જળોજથા મનુષ્યોને હોય છે. જેના કારણે પણ એ ધર્મ આરાધના ગૌણ કરે છે તેની ઉપેક્ષા કરે છે.

પરંતુ એ પણ સમજી રાખવું કે આત્માની શુદ્ધિ માટે અને એના કારણભૂત જ્ઞાન-આચાર માટે અને બન્ને દ્વારા ઉત્પન્ન થતી શ્રદ્ધાપરિણતિ-વૈરાગ્યપરિણતિ-શુદ્ધ આત્માની પ્રાપ્તિના કારણભૂત ક્ષયોપશમ ભાવના તરતમભાવની નિર્મળતા માટેના અસદ્-આચારો અને વિચારોથી નિવૃત્તિના પ્રયત્નો તથા સદ્આચારો-વિચારોથી નિરંતર વાસિત-ભાવિત થવાના પ્રયત્નો બધું આ મનુષ્યભવમાં હોય છે, થઇ શકે છે અને આ પ્રયત્નોને ધર્મ કહેવાય છે.


આ પ્રયત્નો મનઃશક્તિ-વિચારશક્તિ-સમજણશક્તિ-યોગ્ય જ્ઞાની ગુરૂઓની નિશ્રા-એમને સમર્પિતતા તેના દ્વારા પ્રાપ્ત થાય ત્યારે આ ધર્મ આરાધી શકાય છે.

તેમાં પણ કાયબલ=કાયાની શક્તિ હોય-રોગબાધક ન બને-ઘડપણ છતાં શરીર શિથીલ ન હોય-ઇન્દ્રિયોની શક્તિ વિદ્યમાન હોય, તો જ ધર્મ થઇ શકે છે માટે બધું છોડી, ગૌણ કરી મળેલ અવસરમાં ધર્મ આરાધનામાં અત્યંત પ્રયત્ન કરવો તેમાં બુદ્ધિમત્તા છે, પંડિતાઇ છે, તે જ વિચારકતા છે.



## ૭૦

रे जीव! निसुणि चंचलसहाव, मिल्हेविणु सयलवि बज्झभाव ।
नवभेय परिग्गह विविहजाल, संसारी अत्थि स हु इंदयाल ।।७०।।



ગાથાર્થ - રે આત્મા! સાંભળ, ચંચળ સ્વભાવવાળા સકળ બાહ્ય ભાવોનો અને નવ પ્રકારની પરિગ્રહની વિવિધ જાળને મૂકીને જવાનું છે. માટે સંસારમાં સઘળું ઈંદ્ર જાળ જેવું છે. ।।૭૦।।

*70. O living being,*
*Give up your fickle nature and outward orientation.*
*Destroy your longing for the nine types of possessions.*
*Worldly possessions are illusory.*
*9 types of possessions = wealth, food grains, land, buildings, currency, precious metals, non-precious metals, humans and domestic animals.*
*Human possessions mean human beings one considers as belonging to oneself. For instance - spouse, children, servants, etc.*

વાંદરો જેમ એક જગ્યાએ, એક વૃક્ષ પર ઝાઝો સમય રહી શકતો નથી તેમ સંસારી (સંસાર-રસિક) કોઇ એક વસ્તુ-વ્યક્તિ કે વાતાવરણમાં લાંબો સમય ટકતો નથી.

**જે વસ્તુ હાથમાં હશે તેના બદલે બીજી વસ્તુનો જ વિચાર કરશે, જે વ્યક્તિ સામે હશે તેને ગૌણ કરી બીજાનો જ વિચાર કરશે તો જે વાતાવરણમાં રહ્યો હશે તેનાથી અલગ જ ઈચ્છશે.** ક્યાંય તે સ્થિર નહી...

ચંચળતા આત્માનો વિભાવ હોવા છતાં આજે તે સ્વભાવ જેવી બની છે તેથી ગ્રંથકાર કહે છે હે ચંચળ સ્વભાવવાળા જીવ! તું સાંભળ...

અનંતકાળના પરિભ્રમણના કારણરૂપ બાહ્ય ભાવમાં રમણ-બાહ્યભાવની પુષ્ટિને હવે તું બાજુ પર મૂક. કારણ કે આ નવ પ્રકારના પરિગ્રહજન્ય બાહ્યભાવે જ તને સંસારમાં જકડી રાખ્યો છે. વસ્તુ-વ્યક્તિઓને મેળવવા-સાચવવા-વધારવા માટે સતત રાગ-દ્વેષ કરાવીને તને ભારે બનાવ્યો છે. 'મારું-મારું કરાવીને હંમેશા તને માર ખવડાવ્યો છે. હવે તેનાથી અળગો થા.

કારણ કે આ આખો સંસાર અને સર્વ સંસારી જીવોની અનેક પ્રકારની પ્રવૃત્તિઓ બધી ઈન્દ્રજાલ જેવી છે. ઈન્દ્રજાળ કહીને એમ બતાવ્યું કે **સંસારની સારી કે નરસી, સુખની કે દુઃખની, સ્વની કે પરની સર્વ પરિસ્થિતિઓ-બધા સંયોગો ચિત્તને ભ્રમ કરાવનારા-વ્યામોહીત કરનારા છે અને અલ્પ કાળમાં નાશ પામનારા છે. કાયમી શાશ્વત સંયોગ કોઇનો નથી.**

અહીં વ્યક્તિઓ બદલાતી રહે જ છે, વાતાવરણ પણ ફરતું રહે છે અને મોટા ભાગની વસ્તુઓમાં ફેરફાર થતો જ રહેતો હોય છે.

જે મેરૂ-વૈતાઢ્યાદિ પર્વતો કે દેવલોકના વિમાનો આદિ શાશ્વત વસ્તુઓ છે ત્યાં બગીચાના માળીની જેમ કે બંગલાના શેઠની જેમ તેના માલિકો બદલાતા રહે છે.

આ નવ પ્રકારના પરિગ્રહ અને એના આધારે થતી જીવની રાગ-દ્વેષ-મોહની પરિણતિઓ અને તે દ્વારા થતો બાહ્ય પરિસ્થિતિરૂપ બાહ્યભાવ જે થાય છે તે નવ પ્રકારના પરિગ્રહની વસ્તુઓ-વ્યક્તિઓના સંયોગ-વિયોગ-ફેરફાર વગેરેને ઈન્દ્રજાળ સમજવું.

આ બન્ને ઉપર જીવની જે મમત્વ-દ્વેષ-અહંત્વ વગેરે લાગણીઓ તે બાહ્યભાવ જાણવો. આ ત્રણ (અવાંતર ભેદરૂપે અનેક પ્રકારની લાગણીઓ) જીવને ચંચલ સ્વભાવવાળો બનાવે છે.



માટે બાહ્યભાવ છોડવા પરિગ્રહ છોડવા પડે. જે છોડી ન શકાય તેમાં પણ એની મમતા છોડવી, તેને ઈન્દ્રજાળ સમજી વિરક્તદશા કેળવવી પડે. આ બન્નેથી = વસ્તુ છોડવાથી અને ન છોડી શકાય તેમાં વિરક્તદશા કેળવવાથી બાહ્યભાવ ઘટે-છૂટે.

જેમ જેમ બાહ્યભાવ સમજાય એટલે બાહ્યવસ્તુ પરિસ્થિતિ ઉપર મમતાભાવ ઘટે-તેનાથી ચંચલતા ઘટે અને એક દિવસ બાહ્યભાવ સંપૂર્ણ દૂર થાય તેમ જીવની ચંચલતા પણ સંપૂર્ણ પ્રાયઃ જાય.

સંસારના સ્વરૂપને ઈન્દ્રજાળની જેમ જોતા રહેવાનું તથા વૈરાગ્ય અને જ્ઞાનના સહયોગથી બાહ્યભાવને પારકા ઉપાધિરૂપ-ચાંચલ્યકારક-વ્યામોહકારક સમજતા રહેવા અને બાહ્યભાવને રોકવા ચંચલ સ્વભાવને છોડવો. આમ બન્ને અન્યોન્યાશ્રયવાળા જાણવા.

પ્રથમ અશુભ વ્યવહાર છોડવા પછી અશુભ વ્યવહારમાં અશુભતા જોવી પછી સ્વ-સ્વભાવમાં તે બાધક છે તે વિચારવું, અશુભ વ્યવહાર અને અશુભ ભાવમાં અપ્રધાનતા-તુચ્છતા પણ જોવી ત્યારબાદ પારકાભાવ, કાલ્પનિકભાવ, બનાવટી જેવા અસ્થિરભાવથી આત્મામાં ઉત્પન્ન થતો અસ્થિર-ચંચલ ભાવ જોવો અને આ બધાને આત્મભાવનાના બળે-વૈરાગ્યના બળથી ઘટાડવા-છોડવા.

સંસારની વસ્તુઓ-વ્યક્તિઓ અને મોહની ભાવનાઓને પ્રથમ છોડવા ધર્મનું - ધર્મીનું - ધર્મ વ્યવહારનું-ધર્મ ભાવનાનું આલંબન લેવું તો એના દ્વારા જીવને આત્મભાવ જણાય, સમજાય, રુચે, એમાં આનંદ પામે, તેમાં પ્રવર્તે.

જેટલા અંશે જીવ આત્મભાવમાં આનંદ પામે તેટલા અંશે તેનો બાહ્યભાવ છુટતો આવે, આત્માની ચંચલતા ઘટતી આવે. આત્મભાવમાં સ્થિરતા-દઢતા-પ્રસન્નતા-સ્વાનુભવતા થતી આવે.


માટે પુદ્ગલના બધા પ્રકારો સંસારી આત્માની અપેક્ષાએ જે આનંદદાયક મનાય છે તે બધાને ઈન્દ્રજાળની જેમ અસ્થિર-ભ્રામકરૂપે ભાવિત કરવા.

નવ પ્રકારના પરિગ્રહમાં બધુ આવી જાય છે છતાં બીજું ઉપલક્ષણથી સમજી લેવું. આ ઈન્દ્રજાળની ભાવનાથી બાહ્યભાવમાંથી મન ઉઠી જાય, પાછું ફરે, તેમાંથી આત્માની ચંચલતા ઘટે, નાશ પામે અને જીવ સ્વમાં સ્થિર થાય.

સંસારને હેય તરીકે સતત પરિભાવન કરતા રહેવું આ ઈન્દ્રજાળ પરિભાવનનું કાર્ય છે અને એ બાહ્યભાવમાં થતી જીવની સ્થિરતામાંથી નિવૃત્તિ છે. અને તેના દ્વારા આત્મભાવમાં સ્થિરતા આવે છે. આ વ્યવહારપ્રયુક્ત નિશ્ચયસ્વરૂપ મોક્ષનો ઉપાય છે.

# ७१

पिय-पुत्त-मित्त-घर-घरणि-जाय, इहलोइअ सव्व नियसुह-सहाय
नवि अत्थि कोइ तुह सरणि मुक्ख, इक्कल्लु सहसि तिरिनिरय-दुक्ख ॥७१॥


पिय पुत्त मित्त घर घरणि जाय
इहलोइअ सव्व नियसुह सहाय
नवि अत्थि कोइ तुह सरणि मुक्ख
इक्कल्लु सहसि तिरि निरय दुक्ख॥

ગાથાર્થ - હે મૂર્ખ! આ લોકમાં પિતા, પુત્ર, મિત્ર, પત્ની વિગેરેનો સમૂહ પોતાનું સુખ શોધવાના સ્વભાવવાળો છે. કોઇ તને શરણરૂપ નથી. તિર્યંચ અને નરકના દુઃખો તું એકલો જ સહન કરીશ. ॥૭૧॥

*71. O living being,*
*Father, son, mate, home, wife, and others.*
*All seek their own happiness in this world.*
*Not one of them can provide you with shelter.*
*You alone will have to bear the agonies*
*Of birth as a sub-human or as a denizen of hell.*



આ લોકમાં પિતા-પુત્ર-મિત્ર-સ્ત્રી વગેરે જીવને પોતાના સુખમાં સહાયકરૂપ હોય છે, થાય છે પણ પુણ્યયોગ-ભાગ્યોદય હોય તો. અન્યથા આ બધા કુટુંબીઓ અને બીજાઓ દુઃખનું કારણ બને છે. ક્લેશ-વિરોધ-વેર-અપમાન-આર્તધ્યાનાદિ એમની જોડે રહેવાથી સંબંધ રાખવાથી એમના દ્વારા થાય છે.

વ્યવહારથી કુટુંબીઓ પરસ્પર સુખના કારણ છે-બને છે તેમાં પણ પુણ્ય જ કારણભૂત છે કારણ કે તે જ પરજનને સ્વજન બનાવે છે. પારકામાંથી પરિવાર ઊભો કરાવે છે, અજાણ્યાને મિત્ર બનાવે છે.

પરંતુ એ સમજી રાખ કે આ પરિવાર-સ્વજન વગેરે કોઇ તને ભવાંતરમાં શરણભૂત-રક્ષણરૂપ-સહાયક થતા નથી. અહીં તેમના નિમિત્તે અને તારા પ્રયોજને ઉપાર્જેલ કર્મજન્ય દુઃખોને તિર્યંચ-નરકના ભવમાં તું એકલો સહન કરીશ. કોઇ બચાવવા-ભાગ પડાવવા આવશે નહીં.

આમ કહી શાસ્ત્રકાર એ વાત જણાવવા માંગે છે કે સ્વજન-પરિવાર-આશ્રિતો માટે આંધળા થઇને-તેમની પાછળ પાગલ બનીને-લાગણી પરવશ બનીને-આંખો મીંચીને ઉગ્ર પાપો આપણે કરવા નહીં, એમની પાસે કરાવવા નહીં, એ જે પાપો કરે તેમાં આનંદીત થવું નહી.

''પોતાની જવાબદારી છે માટે સાચવવા-સંભાળવા પડે છે, તેમની જરૂરિયાતો પૂરી કરવા ન છૂટકે મારે પાપો કરવાના છે-કરવા પડે તેમ છે.'' આ દૃષ્ટિ-વિચાર રાખવાથી તે પાપક્રિયામાં રસ-આનંદના સ્થાને પશ્ચાત્તાપ થવાથી-રહેવાથી ઉગ્ર પાપ બંધ થતો નથી, ભવાંતરમાં દારૂણ વિપાકોને અવકાશ રહેતો નથી.

જેમ અહીં સ્વજન-પરિવાર જોડે ઉગ્ર સ્નેહની લાગણીઓ થવા દેવાની નથી તેમ પ્રતિકૂળ વ્યક્તિઓ પર ઉગ્ર દ્વેષની લાગણી પણ નહીં કરવાની કેમ કે આ સંસાર મુસાફરખાનામાં બધા આગંતુક છે. ભવોભવ કોઇ સ્વજન પણ નથી ને પરજન પણ નથી, મિત્ર પણ નથી અને શત્રુ પણ નથી. થોડા સમયનો સંપર્ક-સહવાસ-સંબંધ છે.

પરંતુ આ બધાને કાયમી માની તેમના નિમિત્તે રાગ-દ્વેષ-મોહની લાગણીથી જીવ ઉગ્ર અશુભ પાપકર્મ બાંધે છે અને પરલોકમાં એકલો જ દુઃખોને સહન કરે છે, સહન કરવા પડે છે.

જેમ જીવ બીજા જીવો-કુટુંબ વગેરે નિમિત્તે પોતાના ભાવના સત્-અસત્ પરિણામોથી શુભાશુભ કર્મો બાંધે છે, તીવ્ર-મંદરસવાળા બાંધે છે અને તે એકલાએ ભોગવવા પડે છે એ રીતે અનેક પ્રકારના સાધન-સામગ્રીરૂપ પુદ્ગલો-વસ્તુઓના કારણે પણ જીવ શુભાશુભ-ઉગ્ર-મંદ કર્મ બાંધે છે અને તેના વિપાક ભોગવે છે.

**શુભ ભાવો જીવને જીવના-વિહરમાન પરમાત્મા-ગુરૂભગવંત કે સજીવ પ્રસંગના નિમિત્તે કે પુદ્ગલના-જિનાલય-સંધ્યાના રંગ વિગેરે નિમિત્તે જે થાય છે તે વૈરાગ્યના કારણે, ભાવનાના કારણે, વૈરાગ્યકારક-અધ્યાત્મપોષક-આચારવાળા ગ્રંથોના અધ્યયન અને મનનના કારણે થતા હોય છે.**

ક્યારેક કોઈક જીવને ભવિતવ્યતાના યોગે કોઈ અવસરે કર્મલઘુ થવાથી **હૃદય-સ્પર્શિમાર્મિક શુભ ભાવ આવી જાય તેવું બને, બાકી સામાન્યથી સંસારી જીવોને શુભભાવ તથાપ્રકારના વિશેષ સાનુબંધ થતા નથી. આગંતુક-અલ્પકાલીન-અલ્પપાવરવાળા જ બહુધા હોય.**

એટલે કે સંસારી જીવોને શુભકર્મ અલ્પ અને અલ્પ-મંદરસવાળા બંધાય જ્યારે અશુભકર્મ વિશેષ અને તીવ્ર રસવાળા બંધાતા હોય છે કેમ કે તેઓ બહુધા કોઈ પણ કારણસર સંક્લિષ્ટ હોય છે તે સંક્લેશના કારણભૂત કુટુંબમમત્વ છે. આ મમતાના કારણે જ વિશેષ આરંભ-સમારંભ, ઊંધા અને અધમ કાર્યો થતા હોય છે. **આ સંક્લિષ્ટ અવસ્થા વૈરાગ્યભાવના-જ્ઞાનાભ્યાસ-ચિંતન અને સદ્આચારથી દૂર થાય છે.**

જીવને થતા મમત્વમાં સામી વ્યક્તિના સ્નેહરાગ-કામરાગ વગેરે પણ સહાયક-પૂરક બનતા હોય છે. માટે એ તોડવા વધારે સત્ત્વ કેળવવું પડે. **આપણા રાખેલ મમત્ત્વના કરૂણ અંજામો વિચારવાથી, સામાના મમત્વાદિ આપણી ઉપર હોવા છતાં આપણી અને તેની નિરાધારતા-અશરણતા-અસહાયકતા-એક દિવસ વિયોગ થવાનું આ બધુ નિશ્ચિત હોવાથી ચિંતન-ભાવના દ્વારા મમત્વ તોડવું.** અને પુદ્ગલ મમત્વ-દેહમમત્વ-ધનપરિગ્રહ મમત્વ-અનેક કિંમતી વસ્તુનું મમત્વ વગેરેમાં પણ જ્ઞાન-ભાવના-ત્યાગ દ્વારા વૈરાગ્યથી વાસિત-ભાવિત બનવાથી જીવ મમત્વરહિત બની શકે છે.

સર્વત્ર મમત્વ અજ્ઞાન અને રાગ-દ્વેષથી ઉત્પન્ન થાય છે. દ્વેષથી મમત્વ=કડવી



બદામ ખવાઈ જતા સાકર ખાવાની ઈચ્છા જેવામાં જાણવું. જ્ઞાન દ્વારા તેના નુકશાનો-તેની દારૂણ પરંપરા અનેકાનેક દૃષ્ટાંતથી દેખાય છે. તેમાં ચિંતન ભળવાથી જીવ તેમાંથી પાછો ફરે છે. શબ્દજ્ઞાન ચિંતનજ્ઞાન દ્વારા ભાવનાજ્ઞાન રૂપ બની રાગ-દ્વેષની મંદતાકારક બને છે.

જેમ પેટ્રોલ-ઓઈલ-વિદ્યુત યોગ્ય સ્થળે કામ કરે છે તેમ સદ્આચાર અને જ્ઞાન જીવદળની આસન્નસિદ્ધિતાની યોગ્યતાથી ચરમાવર્તપણાના પ્રવેશથી શ્રુતજ્ઞાન ચિંતન દ્વારા ભાવિત બને છે.

**જેમ તેલનું બિંદુ પાણીમાં સર્વત્ર વ્યાપ્ત થાય છે તેમ ચિંતન દ્વારા જીવ સર્વપ્રવૃત્તિ-જ્ઞાન-વ્યવહાર-વર્તનમાં વૈરાગ્યથી, વિવેકથી, ઔચિત્યથી યુક્ત બને છે, ઉગ્ર મોહ મમત્વની લાગણીઓથી રહિત બને છે.**

આ આંતરિક મુક્તિનો પ્રારંભ છે એના માટે સદાચારમયતાપૂર્વક હેયોપાદેય તત્વજ્ઞાન મેળવવું અને પરાવર્તન-અનુપ્રેક્ષા નામક સ્વાધ્યાયથી અનેક પ્રકારના ચિંતન દ્વારા જીવને ભાવિત કરવો. આ એક પ્રકારે આત્મામાં જાગૃતિના સંસ્કારરૂપ બને છે અને બાહ્યભાવના-કષાયવિષયના અનેકવિધ જુના સંસ્કારના નાશક બને છે.


માટે આવા શ્લોકોના ભાવનથી સ્વજન મમત્વનું પરિધુનન થાય છે તેનાથી જીવ ભરત મહારાજાની જેમ મુક્તપ્રાયઃ કાળ પસાર કરે છે અને આરિસાભુવન જેવા સ્થાનમાં પણ કૈવલ્ય મેળવે છે.

પૃથ્વીચંદ્ર-ગુણસાગર વગેરે પણ પૂર્વભવના ઉપરોક્ત ૪ વાતના અભ્યાસથી મમત્વ મુક્તપ્રાયઃ હતા અને તેથી જ રાજસિંહાસને-લગ્નની ચોરીમાં કેવળજ્ઞાન પામ્યા. માટે આ શ્લોકનું ભાવના કરતા કરતા સ્વજનમોહ-સંબંધ ઘટાડવા.

# ૭૨

कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए ।

एवं मणुआण जिवियं, समयं गोयम! मा पमायए ।।७२।।



ગાથાર્થ - જેમ ડાભના અગ્રભાગે રહેલું ઝાકળ (પાણી)નું લટકતું બિંદુ થોડી જ વાર ટકે છે, તેમ મનુષ્યનું જીવિત પણ અલ્પકાળ રહે છે. માટે હે ગૌતમ! એક સમય પણ પ્રમાદ ન કર. ।।૭૨।।

*72. Tarry not, o Gautama!*
*Do not waste a moment in indolence.*
*Human life is as brief as*
*The duration of a dew drop*
*Hanging from a blade of grass.*



શિયાળાના દિવસોમાં સવારના સમયે ઘાસના અગ્રભાગ-ટોપચા પર રહેલ સુંદર નાનકડા મોતી જેવું દેખાતું પાણીનું ટીપુ લાંબો સમય ટકતું નથી એક પવનની લહેરખી તેને ક્ષણમાં હતું-ન હતું કરી દે છે તે જ પ્રમાણે હૃષ્ટ-પુષ્ટ-નિરોગી-કોઇપણ ઉંમરવાળા જીવને મૃત્યુ પળભરમાં અહીંથી અદશ્ય બનાવી દે છે. આ વાતનો વારંવાર વિચાર કરી જીવનમાં થોડો પણ પ્રમાદ ન કરવો.

અહીં ગૌતમસ્વામીને ઉપદેશ આપતા હોય તેમ સંબોધન છે એનો અર્થ એ છે કે જે આત્મા સંવેગી છે, જે આત્મા વિશેષ જાગૃત છે એણે પણ પ્રમાદ છોડવો. જીવનમાં ક્યાંય પ્રમાદ ન ઘુસી જાય, અનુપયોગ ન થાય તેની કાળજી રાખવી અત્યંત અનિવાર્ય છે.

'प्रमादो हि महाशत्रु' મોટામાં મોટો, અતિ ખતરનાક કુટિલ શત્રુ છે આ પ્રમાદ. તેની બાબતમાં ક્યારેય વિશ્વાસમાં કે બેસાવધ રહેવું નહીં. માટે જીવ શબ્દ ન મુકતા 'ગૌતમ' પદ મુકવા દ્વારા વિશિષ્ટ આરાધક પણ લીધા એટલે નીચેના તો આવી જ જાય.

**પ્રમાદ અનુપયોગરૂપ પણ લેવો. ઉપયોગયુક્ત બધા પ્રમાદો-પાપસ્થાનો જેમ રાગ-દ્વેષમૂલક છે. તેની તીવ્રતા મૂલક છે તેમ અનુપયોગ એ પણ રાગ-દ્વેષના પક્ષને જગાડનાર છે.**

અનુપયોગ= ઉપયોગશૂન્યતા=તત્-તત્ પ્રવૃત્તિ આદિમાં મનનું ન ભળવું.

**રસ વગરની ચીજમાં વારંવાર થતી પ્રવૃત્તિ એ અનુપયોગનું કારણ બને છે. પછી એ જાણીને અનુપયોગ જેવું થાય પછી તેમાં અરૂચિ-ગૌણતા થાય અને છુટતી જાય. ભણવામાં રસ ન હોય તો પહેલા કંટાળો આવે પછી વેઠ ઉતરે એટલે જાણીને અનુપયોગ જેવું થાય ત્યારબાદ ભણવામાં ઉપેક્ષા-બીજું કાર્ય આવતાં તે બાજુમાં મુકાઇ જાય અને અંતે છૂટી જાય. એ જ રીતે નીચે જોઇ ચાલવું, સાચું બોલવું, નીતિથી વ્યાપાર કરવો વગેરેમાં પણ આ જ વાત લાગુ પડે.**

આ પ્રથમ અનુપયોગ પછી થતા વારંવારના અનુપયોગ વગેરે એ સ્પષ્ટ પ્રમાદ છે અને તેના કારણભૂત પ્રથમ અનુપયોગ એ પણ પ્રમાદ ગણાય.

જીવનમાં રસવાળા કાર્યમાં પ્રમાદ થતો નથી અને થાય તો જીવને પશ્ચાત્તાપ,

દુઃખ થાય છે તે પણ હૃદયથી વિશેષરૂપે થતો હોય છે તેનાથી તે વાત-પ્રવૃત્તિ ફરીવાર થતી અટકી જાય. જો તે ફરીવાર થાય તો સમજવું કે તે પશ્ચાત્તાપ હાર્દિક નથી કે નહીવત્ છે.

માટે આવો પાછળથી વિશેષ પશ્ચાત્તાપ વગરનો અનુપયોગ એ ઉત્તરોત્તર વિશેષ દોષોનું કારણ બને છે. વિષય-કષાયના સંસારના ક્ષેત્રમાં જીવને લાગણી વિશેષના કારણે અનુપયોગ પ્રમાદ પ્રાયઃ થતા નથી, શુભકાર્યોમાં, ધર્મમાં જ થાય છે અને એ અનુપયોગ અને બીજા મામુલી પ્રમાદો પણ જીવને ધીરે ધીરે સર્વ રીતે ધર્મભ્રષ્ટ કરે છે.

**પ્રશ્ન :** પ્રમાદ શેમાં, કઇ બાબતમાં નહીં કરવાનો? **ઉત્તરઃ** તો શાસ્ત્રે કહ્યું ધર્મકાર્યમાં, સદ્ભાવનામાં, સદાચારમાં ક્યારેય પ્રમાદ-આળસ નહીં કરવાના. પરંતુ નજરમાં આનાથી ઉલ્ટું જ દષ્ટિગોચર થાય છે. ખુદના જીવનમાં પણ શાસ્ત્રવચન કરતા જુદું થતું હોય છે.

પાપના કાર્યોમાં, પાપ વિચારોમાં, પાપ આચારોમાં સંસારરસિક જીવો પ્રમાદ કરતા નથી. ત્યાં સદા જાગૃત, ઉદ્યત હોય છે અને બીજા સંસારી જીવો પણ આમાં પ્રેરક બનતા હોય છે. જ્યારે ધર્મના આચારો-ભાવનાઓમાં અનુદ્યત-ઉપેક્ષાવાળા-પ્રમાદયુક્ત હોય છે. આવો પ્રમાદ ધર્મભ્રષ્ટ થવાનું, ધર્મરહિત હોવાનું લક્ષણ કહી શકાય.

**પ્રશ્ન :** પ્રમાદ કોણે નહીં કરવાનો? **ઉત્તર :** ધર્મી આત્માએ-ધર્મમાં સ્થિર રહેવા ઈચ્છનારે-ધર્મમાં આગળ વધવાની તમન્નાવાળાએ ધર્મના કાર્યોમાં, સારા વિચારો અને સદાચારોમાં પ્રમાદ-અનુપયોગ ન કરવો. નિરંતર એ માટે જાગૃતિ અને પ્રવૃત્તિ યથાયોગ્ય કરતા રહેવું. અને પાપ-અધર્મને કાળજી-સત્ત્વથી છોડવા, જાણીને છોડવા.

**જાણીને (ઉપયોગપૂર્વક-સમજીને) જે વિરોધ કરે - વિપરીત કરે (સામેવાળાએ જે કહ્યું તેનાથી) ચાલે કે બોલે તે વિરોધી કહેવાય.**

ધર્મી આત્માઓ પાપ-અધર્મના વિરોધી હોય છે. જ્યારે સંસારરસિક આત્માઓ ધર્મ કરતા હોવા છતાં ધર્મના વિરોધી જાણવા અને ધર્મરસિક-ધર્મની વિશેષ લાગણીવાળા આત્માઓ સંસારની પ્રવૃત્તિમાં હોવા છતાં હૃદયથી સંસારના વિરોધી હોય છે. માટે ધર્મી આત્માને આ ઉપદેશ છે કે સંસારના સદા વિરોધી બની ધર્મમાં ક્યારે પણ પ્રમાદ ન કરવો.



આ પ્રમાદના કેટલાક પ્રકાર (૧) ધર્મના નિત્ય કે નૈમિત્તિક કાર્યો, આચારોમાં અનુપયોગ આદિ પ્રમાદ (૨) જીવનમાં સદ્ભાવનાઓ ન ભાવવી, અસદ્ભાવનાઓમાં જ પરોવાયેલ રહેવું (૩) અસદ્વિચાર-વિકાર ઉત્પન્ન થાય તેવું લેખન કરવું, વાંચવું, ચિંતન કરવું, સાંભળવું, જોવું, તેવી પ્રવૃત્તિ કરવી. આમાં ચાર પ્રકારની વિકથા-પ્રેમની, યુદ્ધની કથા-નોવેલ, પીક્ચર-છાપાવાંચન બધું આવી જાય. (૪) સારા સંયોગોથી દૂર રહેવું, અશુભ સંયોગો વચ્ચે રહેવું. અર્થાત્ શુભભાવો-સારા કામો ઉત્પન્ન ન થવા દે-નષ્ટ કરે-ખરાબ-ખોટા બનાવે તેવા વ્યક્તિ, પડોશી વાતાવરણમાં રહેવું.

આ બધા પ્રમાદો છોડવા, એનાથી દૂર રહેવું અને નાની જિંદગીની પ્રત્યેક પળમાં સાવધ-જાગૃત રહી ધર્મસાધના દ્વારા જીવનને સાર્થક કરવું એ આ શ્લોકનો સાર છે.

પાણીનું ટીપુ વધારે ટકતું નથી તે રીતે ધર્મને યોગ્ય આ કર્મભૂમિના જીવનું આયુષ્ય પણ લાંબુ હોતું નથી અને સોપક્રમ બહુધા હોય છે. **સોપક્રમ** = ગમે તે નિમિત્તે-આઘાતે નષ્ટ થાય તેવું આયુષ્ય. હંમેશા નિરૂપક્રમ આયુષ્યવાળા કરતાં સોપક્રમ આયુષ્યવાળા અત્યંત વધારે હોય છે.

આ ઉપમા એમ સુચવે છે કે આવા અલ્પકાલીન અને અતિચંચલ જીવિતકાળમાં જરાય ગાફેલ રહેવા જેવું નથી અને કાળક્ષેપ પણ કરવા જેવો નથી. માટે ઉપમા બતાવ્યા પછી 'સમયં ગોયમ! મા પમાયએ'નો કાર્યકરણ ઉપદેશ પણ બતાવ્યો.


લક્ષ્યવાળા અને કાર્યમાં પ્રવૃત્ત થવાવાળાને આ ઉપદેશ કામ લાગે. **જેમને લક્ષ્ય નથી, જે કાર્યકરણમાં ઉદ્યત નથી તે જીવતો હોવા છતાં શુભદષ્ટિએ, તત્વદષ્ટિએ મરેલા સમાન છે, તેના જીવન-મૃત્યુ બન્ને સરખા છે.**

તેથી તેઓને મૃત્યુનો ભય હોવા છતાં સત્ કાર્યકરણમાં ઉપેક્ષા-આળસવાળા હોય છે. આવા મરણ સમયે પણ-એની આગાહીમાં પણ જે સારા-શુભકામો પ્રત્યે અરુચિ કે ઉલ્લાસ વગરના છે તે સત્કાર્ય માટે અયોગ્ય સમજવા. ઉપદેશ માટે પણ યોગ્ય નથી. તેઓને મરણ ભય બતાવવાથી પણ કોઇ ફરક પડતો નથી.

આવા જીવો ભાવ અંધ-ભાવબધિર કહ્યા છે. માટે વિવેકચક્ષુ ખોલી - શાસ્ત્રવચનને બરાબર સાંભળી પ્રમાદ ત્યાગ કરી સત્કાર્ય ઉદ્યત બનવું.

## ७३

संबुज्झह किं न बुज्झह, संबोही खलु पिच्च दुल्लहा ।
नो हु उवणमंति राइओ, नो सुलहं पुणरवि जिवियं ।।७३।।



**ગાથાર્થ** - તમે બોધ પામો. તમે કેમ બોધ પામતા નથી? ખરેખર પરલોકમાં બોધિબીજ દુર્લભ છે. જેમ ગયેલા રાત્રિ-દિવસો નિશ્ચે પાછા આવતા નથી, તેમ જીવન ફરી-ફરી સુલભ નથી. ।।૭૩।।

*73. O living being, why don't you understand?*
*Attaining true insight in the next birth is rare indeed.*
*The nights that pass, shall not return.*
*And it is not easy to take birth in circumstances*
*Conducive to practising dharma.*



વયથી નાના બાળકને જ શિખવાડવું પડે, સમજાવવું પડે, વારંવાર ટપારવું પડે તેવું નથી. જે વિવેકથી નાના છે તેમને પણ શાસ્ત્રકારોએ સતત ઉપદેશ આપવો પડે છે, વારંવાર ઠપકારવા પડે છે.

મોંઘેરા મળેલા જીવનને પ્રમાદમાં વ્યર્થ ગુમાવતાં જીવને ગ્રંથકારશ્રી કહે છે હે જીવ! તું સમ્યગ્‌બોધ પામ. કેમ સમ્યગ્‌બોધ પામતો નથી? આમ બે નિર્દેશ કર્યા. એકમાં સીધો નિર્દેશ છે તો બીજામાં થોડી કડકાઈથી પ્રશ્નરૂપે નિર્દેશ છે.

બોધ અને સંબોધ આ બન્ને શબ્દોમાં-તેના અર્થમાં તફાવત છે. **બોધ એટલે જાણકારી-નોલેજ અને સંબોધ એટલે પરિણતિ-સંવેદનવાળું જ્ઞાન.**

સંવેદનવાળું જ્ઞાન = નુકશાનકારી વસ્તુ-પ્રવૃત્તિમાં નુકશાન-અહિત દેખાય-લાગે-સમજાય-અનુભવાય ત્યારે નુકશાનકારી તત્ત્વનો બોધ સમ્યગ્ બને છે. આને પરિણતિ પામેલ જ્ઞાન કહેવાય.

એ રીતે લાભકારી તત્વો, વ્યક્તિ, વસ્તુઓથી થતા લાભો જાણવાથી, વિચારવાથી, સમજવાથી લાભકારી તરીકે અનુભવાય-લાગે ત્યારે તે ઉપાદેય તત્વનો સમ્યગ્ બોધ થાય.

**બોધ સાચો હોય પરંતુ તે બોધથી જો આત્માની તેવી રૂચિ-લાગણી ઉત્પન્ન ન થાય તો તે બોધ પરિણતિ રૂપ ન બનવાથી સમ્યગ્‌બોધ ન કહેવાય.**

પ્રેત્ય=પરલોકમાં-ભવિષ્યમાં સમકિત-શ્રદ્ધારૂપી આ બોધ દુર્લભ છે. જેને અહીંયાં સારી-સાચી વાત રૂચતી નથી તેને એ બોધ-જ્ઞાન સમ્યક્ ન થવાથી પરલોકમાં ક્યાંથી મળશે? **કેમ કે નિયમ છે જેને આ ભવમાં જેમાં રૂચિ ન હોય - જે મળ્યું છે તેના પ્રત્યે લાગણી ન હોય તેને પરભવમાં એ સારી ચીજ ન મળે.**

આ ભવમાં રૂચિ કરનારને, રાખનારને એ રૂચિના પ્રભાવે પરભવમાં એ ધર્મ-ગુણ-સદાચાર વગેરે સારી ચીજો અવશ્ય પ્રાયઃ મળે.

**ધર્મની રૂચિ-તેના ઉપર આદર અને તે પૂર્વકનું આચરણ આ ત્રણે જેણે આ ભવમાં કર્યા હોય તેને પરભવમાં સાહજિક રીતે અને અહીંના કરતાં વિશેષ-વિશેષતર સામગ્રીઓ અને ભાવ મળે છે.**

અને જો આ ધર્મ-ગુણો-સદાચારો પ્રત્યે અરૂચિ-અનાદર-અવજ્ઞા-ઉપેક્ષા

કરીએ-થાય તો પરભવમાં એ વસ્તુ ન મળે અર્થાત્ આંખ સામે હોવા છતાં લઇ ન શકો, લેવાની અનુકૂળતા હોવા છતાં લેવાનું મન ન થાય - ન ગમે અને અહિયાં કરેલ અરૂચિ ત્યાં ગુણાકાર થઇને આવે છે.

માટે કહ્યું આ ભવમાં સમ્યગ્બોધ પામેલાને પરભવમાં સંબોધ એ સાહજિક છે અને **આ ભવમાં જેનું જ્ઞાન કેવળ શિરસ્થ કે મુખસ્થ રહ્યું પણ હૃદયસ્થ ન બન્યું તેને પરલોકમાં સંબોધ દુર્લભ છે.** પ્રાયઃ પ્રાપ્ત થતો નથી. ભવિતવ્યતાથી આશ્ચર્યરૂપે આસન્ન મોક્ષગામીને કોઇ પ્રબળ નિમિત્તથી, જાતિસ્મરણ વગેરેથી, ઉગ્ર પશ્ચાત્તાપથી પાપ ખપાવીને પ્રાપ્ત થાય તે અલગ વાત છે.

આ ભવમાં સંવેગ-નિર્વેદ (વૈરાગ્ય) વગરનો જે સમય પસાર થાય છે, જીવન વ્યતીત થાય છે તે મળેલ આરાધના માટેનો ગુમાવેલ અવસર પાછો આવતો નથી. અને મનુષ્યભવનું વિતેલ નિરર્થક જીવન ફરી સુલભ નથી, વારંવાર મળતું નથી. માટે મળેલ મનુષ્યભવમાં-પ્રાપ્ત અમૂલ્ય સમયમાં આરાધનામય-સંવેગ-વૈરાગ્યમય બનવું-રહેવું જોઇએ.

જેમ કાળ વર્તમાનમાંથી એકવાર ભૂતકાળ રૂપે બની ગયો તે પાછો નથી આવતો તેમ જે પુણ્ય સારા કાર્ય દ્વારા કે નિરર્થક કાર્યો દ્વારા ભોગવાઇને નાશ પામે છે અને કાળ પસાર થાય છે તે પુણ્ય કે કાળ પાછો આવતો નથી પરંતુ સારા કામથી ઉપાર્જન કરેલ ધર્મ અને પુણ્યના કારણે અહીં કરતાં સારા સંયોગવાળો કાળ નવો આવે છે તે પ્રાપ્ત થાય છે અને તેમાં જીવ આરાધના દ્વારા આગળ વધે છે.

પરંતુ જે કાળ પ્રમાદ અને પાપમાં, નિષ્ફળ અને નુકશાનકારી પ્રવૃત્તિઓ દ્વારા પાપસર્જન કરે છે તેનાથી પાપો-દુઃખોને ઉપાર્જન કરનારા સંયોગોવાળો કાળ આવે છે, મળે છે, જે દુઃખ-દુર્ગતિ-દોષો ઉભા કરે છે.

**પસાર થયેલ જીવન અને કાળ પાપી કે ધર્મી કોઇના પાછા આવતા નથી પરંતુ ધર્મીનો કાળ ધર્મ-પુણ્યનું સર્જન કરીને પસાર થાય છે તેથી તે સાર્થક ગણાય છે. પ્રશંસનીય બને છે. તેના માટે ઉત્તરોત્તર લાભદાયી બને છે. તેનું ભવિષ્ય ઉજ્જવળ-આનંદમય-સુખરૂપ બને છે. જ્યારે પ્રમાદીનો કાળ પાપકર્મ-પ્રમાદનું સર્જન કરીને વ્યતીત થાય છે. જે તેના ભવિષ્યને દુઃખરૂપ-પાપમય-દુર્ગતિદાયક બનાવે છે.**

આ વાત લક્ષમાં લાવવા-મળેલ અવસરને નકામો=આળસ-પ્રમાદ-મોહ-અજ્ઞાન-પાપમાં પસાર ન કરવા માટે ભારપૂર્વક સૂચન કરાયું છે.



જાગૃત-ઉત્સાહિત અને વિવેકી આત્માને સંબોધવાળો કહેવાય. તે વિવેકી હોવાથી જાગૃત એટલે વધારે સાવધાન બનેલો અને ધર્મકાર્યમાં ઉત્સાહી હોય છે. તેની શક્તિઓ પાપમાં વપરાતી, ખર્ચાતી નથી. જ્યાં વપરાતી હોય, વાપરવી પડતી હોય ત્યાં પણ ઉત્સાહિત, આનંદિત નથી હોતો.

અને સારા-વિશેષ કર્તવ્ય કાર્યોમાં ઉત્સાહ-આનંદથી તે પોતાની બધી શક્તિ વાપરવાની ભાવનાવાળો અને પ્રયત્નશીલ હોય છે.

આનાથી વિપરિત મંદ સંબોધવાળા-સંબોધવગરના અને વિપરિત બોધવાળા જીવો પણ આ સંસારમાં હોય છે. મંદ સંબોધવાળાએ જ્ઞાન-ભાવના-આચારમાં સતત પ્રવર્તવું જેથી સંબોધ વધે અને તીવ્ર-તીવ્રતર બને.

જ્ઞાન દરેક વિચાર-વાણી-વર્તનમાં અવશ્ય જોઇએ એ તો નિશ્ચિત વાત છે. પણ જ્ઞાન બે પ્રકારનું છે સમ્યગ્ અને મિથ્યા.

**સારા કાર્યમાં રૂચિ વગર કે અરૂચિ સાથે જે જ્ઞાન પ્રવર્તે તે મિથ્યા કહેવાય અને ખરાબ કામમાં અરૂચિ વગર જે જ્ઞાન પ્રવર્તે તે પણ નકામુ-દૂષિત કહેવાય.**

એટલે સંબોધિવાળા જીવની દરેક વૃત્તિ-વાણી-પ્રવૃત્તિ સંબોધયુક્ત હોવાથી નિર્જરાબહુલ હોય છે. કેમ કે પાપની પ્રવૃત્તિ ઉદાસીન અને પશ્ચાત્તાપવાળી હોય છે. અને ધર્મની પ્રવૃત્તિ ઉત્સાહવાળી-રસવાળી હોય છે.

**ધર્મી આત્માને પોતાની બધી શક્તિ ધર્મમાં વાપરવાની ભાવના હોય અને પાપપ્રવૃત્તિમાં તેની વૃત્તિ કંજુસાઇવાળી-સંકુચિત હોય.** આ સંકુચિતવૃત્તિ પાપમાં હોવી તે સંબોધિનો પ્રભાવ છે અને પુણ્ય-ધર્મકાર્યમાં હોવી તે અજ્ઞાન-મિથ્યાબોધનો પ્રકાર છે.

મન-વચન-કાયાની જે અધર્મની, સંસારની, વિષય-કષાયોની જે પ્રવૃત્તિ થાય છે તેમાં હેયત્વનું જ્ઞાન, ભાવના-ચિંતનયુક્ત બનાવાથી તે પણ પાપજુગુપ્સા ઉત્પન્ન કરે છે આ પણ હેયતત્વની સંબોધિ છે.

આ બન્ને સંબોધિની તીવ્રતા વિપરિત બોધનો નાશ કરે છે અને છેક કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી જીવને પહોંચાડે છે.


સંબોધિ એ સંવેગ-નિર્વેદરૂપ છે. એની તીવ્રતા નિરંતર વધારવા જ્ઞાન-ક્રિયા-ભાવના અને ચિંતન છે. એ વ્યવહારધર્મ છે અને સંબોધિ=સંવેગ-નિર્વેદ એ ભાવધર્મ છે.

માટે સંબોધિ નિર્મળ બનાવવી, પરાકાષ્ટા સુધી પહોંચાડવા પ્રયત્ન કરવો.

## ७४

डहरा वुड्ढा य पासह गब्भत्था वि चयंति माणवा ।

सेणे जह वट्टयं हरे, एवमाउक्खयंमि तुट्टई ।।७४।।



**ગાથાર્થ - જુઓ! બાળકો, વૃદ્ધો અને ગર્ભમાં રહેલા મનુષ્યો પણ મૃત્યુ પામે છે. બાજ પક્ષી જેમ તેતર પક્ષીનું હરણ કરે છે તેમ આયુષ્યનો ક્ષય થતાં યમદેવ જીવિતને હરે છે. ।।૭૪।।**

*74. Infants, youths, older people, all die.*
*Death spares not even the child in his mother's womb.*
*It pounces on living beings,*
*Just as an eagle pounces on the young ones of other birds.*



જેમ બાજપક્ષી નાના પક્ષીના બચ્ચાને તરાપ મારીને લઇ જાય તેમ મૃત્યુ માણસને ગમે ત્યારે-ગમે ત્યાંથી એક ઝપટમાં ઉઠાવી જાય છે. પછી તે કોઇ પણ અવસ્થામાં કેમ ન હોય? નાની ઉંમરના બાળકને પણ ઉઠાવે તો નવજોબન વ્યક્તિને પણ ઉઠાવે, અલમસ્ત પ્રૌઢને પણ ઉપાડે તો સાવ અશક્ત વૃદ્ધને પણ લઇ લે, અરે! જેણે બહાર આવીને દુનિયાને જોઇ પણ નથી તે ગર્ભમાં રહેલ જીવને પણ ત્યાંથી જ બીજા ભવમાં રવાના કરી દે.

અહીં આપણે જોઇએ પણ છીએ કે નાનું બાળક મરણ પામ્યું. અંતે વૃદ્ધત્વપણામાં તો મરણ થાય છે. મોટા ભાગે પૂર્વકોટિ સુધીના આયુષ્યવાળા માણસનું આયુષ્ય સોપકર્મ હોય છે. તેથી ગર્ભમાં ઉત્પત્તિના પ્રથમ અંતર્મૂહુર્ત બાદ ગમે ત્યારે આયુષ્ય અપવર્તાઇ શકે છે. **અપવર્તના એટલે સંકોચાઇને નાનું થઇ જવું.**

દોરીને એક છેડેથી આગ લગાડતા તે આગને સામે-બીજા છેડે પહોંચતા વાર લાગે છે. આખી દોરીને બળતા સમય લાગે છે જ્યારે તે દોરીને ગોળ વાળીને આગ લગાડતા તરત સંપૂર્ણ દોરી બળી જાય છે તેવું આયુષ્ય માટે સમજવું.

**કોઇ નિમિત્ત-પ્રસંગ-આઘાત આયુષ્યના લાઇનમાં રહેલ દળીયાને ભેગા કરે છે તે અપવર્તન કહેવાય. તેનાથી આયુષ્ય જલ્દી પૂર્ણ થઇ શકે છે. આને સોપક્રમ આયુષ્ય કહેવાય.**

આ રીતે આયુ ક્ષય થવાથી જીવ અહીંની બધી પરિસ્થિતિઓથી છૂટે છે. એના અહીંના બધા સંયોગો નાશ પામે છે. આ સ્થૂલ શરીર છોડીને જીવે તત્કાલ કર્માનુસાર બીજા ભવમાં જવું પડે છે.

અહીં બનાવેલ કે ભેગી કરેલ ચીજો-વ્યક્તિઓ-ધનાદિ અને માનસિક-વાચિક-કાયિક શક્તિઓ અહીં જ છોડવી-મૂકી દેવી પડે છે. અર્થાત્ વર્તમાન બધી શક્તિથી રહિત બને છે.

**આ રીતે મરણ માટે કાયમ તાત્કાલિક માનસિક તૈયારી રાખવી પડે-રાખવી જોઇએ. ગમે ત્યારે નંબર લાગી શકે. આજનો દિવસ મારો અંતિમ છે કે આ પળ પછીની પળ મારા માટે અહીં આવશે કે નહીં, ખબર નથી આ વિચારી પરલોક પ્રયાણ માટે એલર્ટ રહેવું જોઇએ.** આ રાખવાથી જીવને અહીં જે મળ્યું છે તેમાં

મમત્વ ઘટે છે, તેના પરનો પ્રતિબંધ ઓછો થાય છે કે રહેતો નથી.

માટે કહ્યું કે પરમાત્માના સ્મરણની જેમ મોત-તેની અનિશ્ચિતતાને પણ વારંવાર યાદ કરવી. તેનાથી શરીર-કુટુંબ-ધન-અનુકૂળતા વગેરેનું મમત્વ તથા દ્વેષભાવ-વૈરભાવ પણ ઘટે છે, મોળો પડે છે.

ધર્મી આત્માઓ મરણને યાદ કરીને-તેને નજીકમાં જાણીને (ગમે ત્યારે આવતું હોવાથી) ધર્મમાં-વૈરાગ્યમાં વિશેષ પ્રયત્ન કરે છે, કોઇના પ્રત્યે થયેલ વૈરભાવને છોડી દે છે. પાપી આત્મા પણ પાપની મંદતામાં મરણના સ્મરણથી ધર્મ સન્મુખ થાય છે.

મરણની વિચારણા પરલોકની વિચારણામાં સહાયક બને છે. આનાથી અસદ્ભાવ અને અસત્પ્રવૃત્તિ ઘટે છે, છૂટે છે. જીવનમાં વિશુદ્ધિ આવે છે. સંક્લેશો દૂર થાય છે, સદાચારોનું આચરણ શરૂ થાય છે. માટે મરણને પણ વારંવાર યાદ કરવું.

**મરણથી ગભરાવાની વાત નથી પણ ગાફેલ રહેવામાં મરણ બગડી ન જાય-પરલોક બગડી ન જાય તે માટે સાવધ રહેવાનું સૂચન છે.**

**જેનાથી સંવેગ-વૈરાગ્ય જન્મે-વધે તે આરાધનાનો ઉપાય છે. મોત-તેનું સ્મરણ આ બન્ને ઉત્પન્ન કરવામાં સક્ષમ છે. કેમ કે મરણ ગમે ત્યારે અને ગમે તે વયમાં આવે છે એ વાત જો મનમાં વસી જાય તો જીવ સદા બાહ્ય સંસારથી-વિષયકષાયોથી સાવધ રહે અને એ પ્રત્યે મનથી સદા ઉદાસીન રહે.**

ધર્માત્માઓ સદા આરાધનામગ્ન હોવાથી-આત્માને અજરામર સમજનારા હોવાથી-ધર્મમય જીવન હોવાથી તેમનું જીવન પવિત્ર રહેવાથી મરણ આવે તો હંમેશા તૈયાર હોવાથી તેવા આત્માઓએ આ શ્લોકના ભાવાર્થને સ્વભાવગત બનાવેલ હોય છે. તેઓ મરણથી જેમ ગભરાતા નથી તેમ તેમને સ્વાભાવિક ધર્મભાવના અસ્થિગત હોવાથી સદ્ગતિ પણ તેમની નિશ્ચિત છે.

વૈરાગ્યશતક વૈરાગ્યને ઉત્પન્ન કરવા માટે અને દૃઢ બનાવવા માટે-વારંવાર ભાવિત કરવા માટે છે. એટલે વૈરાગ્યશતકની લગભગ બધી વાતો ઉગ્ર-દૃઢ વૈરાગી આત્માને ભાવિત થયેલી હોય છે, સ્વભાવગત થયેલી હોય છે. છતાં ક્ષયોપશમભાવ હોવાથી જીવના અનુપયોગથી, પ્રમાદથી પુનઃ પુનઃ આ ભાવનાઓને ન વાગોળવાથી




વૈરાગ્ય થોડો ઢીલો-મોળો પણ પડી શકે. આવું ન થાય માટે વૈરાગ્યભાવિત આત્માઓએ પણ આ અને આવા વૈરાગ્યના સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી શ્લોકો અને એવા ગદ્યવાક્યો વાંચન-ચિંતન-નોંધમાં અને ગોખવા-પરાવર્તનમાં અર્થ ઉપયોગપૂર્વક લેવા જોઇએ, રાખવા જોઇએ.

જીવ જેમ-જેમ વૈરાગ્યભાવિત થાય તેમ સંવેગ પણ વધતો જાય. બન્ને સિક્કાની બે બાજુ જેવા છે. અંતે બંન્નેની પ્રકૃષ્ટતાથી-બન્ને સ્વભાવગત થાય છે અને શીઘ્ર મોક્ષપ્રાપ્તિ થાય છે.

## ૭૫

**तिहुयणजणं मरंतं, दट्ठूण नयंति जे न अप्पाणं ।**
**विरमंति न पावाओ, धी धी धीट्ठत्तणं ताणं ।।७५।।**




**ગાથાર્થ -** ત્રણ ભુવનમાં માણસોને મરતા જોઇને જેઓ આત્માને ધર્મમાર્ગે દોરતા નથી અને પાપથી અટકતા નથી, તેમની ધૃષ્ટતાને ધિક્કાર થાઓ. ।।૭૫।।

*75. Fie upon him*
*Who, despite seeing living beings of all three worlds*
*Meet death,*
*Does not cease committing sins.*



ત્રણ ભુવનરૂપ સંસારમાં રહેલ દરેક વ્યક્તિને મરણ પામતો જોઇને જે જાતને ભવોભવના મરણથી બચાવવા પ્રયત્ન નથી કરતો તેની ધીઢાઇને ધિક્કાર છે.

**આસ્તિક-ધાર્મિક માણસ તેને કહી શકાય જે પોતાની નજર સામે જતી ઠાઠડીમાં પોતાને સૂતેલો જુવે. અર્થાત્ એક દિવસ મારે પણ આ રીતે જ બધું છોડીને કેવળ અહીં કરેલ પાપ-પુણ્યને જ સાથે લઇને બાહ્યદષ્ટિથી સ્મશાન અને આંતરદષ્ટિથી પરલોકમાં જવાનું છે.**

**જેના માટે નાના-મોટા પાપો, આરંભ, સમારંભો કર્યા તે બધું જ અહીં રહી જશે અને પાપોના ફળસ્વરૂપ દુઃખો-દોષો-દુર્ગતિ મારા ભાગે આવશે. તો શા માટે-કોના માટે આ પાપો? આમ વિચારી પાપથી તેના કારણોથી અટકતો હોય.**

દુઃખ અને દુર્ગતિના કારણભૂત પાપોથી જે આત્માઓ વિરામ નથી પામતા, આત્માને મન-વચન-કાયાથી-કરણ-કરાવણ-અનુમોદનરૂપ પાપોથી અટકાવતા નથી, બચાવતા નથી તેઓ ધીઢા છે.

**જાણવા છતાં પણ મનની જે નિષ્ઠુરતા=દુઃખ-પાપની જે ઉપેક્ષા તે ધીઢાઇ કહેવાય.** આવા ધીઢાઇપણાને ધિક્કાર થાવ.

**હૃદય પ્રદીપ ષટ્ત્રિંશિકાની** એક ગાથામાં કહ્યું છે કે જે કામ કરવાથી સુખનો અંશ પ્રાપ્ત થતો ન હોય, દુઃખનો નાશ થતો ન હોય, ઉલ્ટુ મનમાં સંતાપ ઉત્પન્ન થતો હોય અને મોત મળતું હોય તેવું કામ **'मूर्खोऽपि कुर्यात् खलु तन्न कर्म'** મૂર્ખ માણસ પણ કરતો નથી.

જાણવા છતાં-બુદ્ધિ અને હોંશિયારી હોવા છતાં દુઃખને આમંત્રણ કે દુર્ગતિના શિકાર બનાવતા પાપોથી જો પોતે અટકે, બચે નહીં તો તે વ્યક્તિને શું કહેવું? ધિક્કાર સિવાય તેને શું આપવું?

સંસારી જીવો મરણથી છૂટી શકતા નથી. સંસારમાં રહે ત્યાં સુધી દરેક ભવના અંતે અવશ્ય મરણ પામે છે. નવો ભવ પ્રાપ્ત કરે છે જેને જન્મ કહેવાય છે. જન્મ પામેલાએ અવશ્ય મરવું પડે જ છે. 'जातस्य हि ध्रुवं मृत्युः'

પરંતુ મૃત્યુને છેલ્લું મૃત્યુ બનાવી-નિર્વાણ પામીને જે મોક્ષે જાય તેને ફરી જનમ-મરણ કરવાના રહેતા નથી. પરમાત્માના શાસનનો મોક્ષ-તેને પામેલ આત્માઓ 'અપુનરાવૃત્તિ' વાળા કહ્યા છે.

આત્મા કાયમી મરણથી છૂટે તે માટે આત્માને સર્વ પાપોથી છોડાવવો પડે. એ માટે પ્રથમ મન-વચન-કાયાની પાપપ્રવૃત્તિરૂપ પાપસ્થાનોને=કરણ-કરાવણ-

અનુમોદનરૂપ પાપ સ્થાનોને છોડવા પડે.

આ પાપસ્થાનક વાસ્તવિક છોડવા માટે પાપનું મૂળ દોષો છે એ નિશ્ચિત સમજીને દોષો અને દોષોના કારણો ઘટાડવા પડે, છોડવા પડે. આત્મામાં રહેલ-સતાવતા દોષોનો પશ્ચાત્તાપ પણ કરવો પડે, ઉભો રાખવો પડે.

આ દોષોને વિશેષરૂપે નષ્ટ કરવા તેના ત્યજન સાથે પ્રતિપક્ષી ગુણો આચરવા જોઇએ તો ત્યજેલુ પાછું પેસી ન જાય. જે રહ્યા છે તેનું જોર-શક્તિ ઓછી થાય. આ બાજુ ગુણોનું આચરણ-તે મેળવવા પ્રયત્ન કરવાથી તેમાં વિશેષ લાગણી-રૂચિ-તાકાત ઉભી થતાં રહેલ દોષો પણ નિર્બળ બની નષ્ટ થઇ શકે. ગુણોની સંખ્યામાં વૃદ્ધિ થાય.

આ દોષોનો ત્યાગ અને ગુણોનું આચરણ પ્રવૃત્તિરૂપે-ભાવનારૂપે અને લાગણી રૂપે સતત પ્રાયઃ કરતા રહેવું પડે.

આ દોષો કે ગુણો અનેકાનેક છે તેમાંથી જેટલા સમજાય-જણાય-શક્ય હોય તેટલામાંથી ક્રમશઃ નિવર્તન અને તેટલામાં પ્રવર્તન કરવું જરૂરી.

આમ કરવાથી નવા પાપકર્મ બંધાતા અટકી જાય છે, જુના બંધાયેલ પાપકર્મો ધીમે ધીમે ખપી જાય છે અને અંતે સર્વ દોષ નાશ થાય છે. સંપૂર્ણ ગુણો પ્રગટ થાય ત્યારે જીવ સર્વ કર્મ નાશ પામેલ જાણવો. આમ સર્વ કર્મ નાશ પામે ત્યારે જીવ મરણથી કાયમી છૂટકારો મેળવે છે.

**દોષો અને તેને સહાયક કાર્યને આશ્રવ કહેવાય છે. ગુણો અને તેમાં સહાયક કાર્યને સંવર કહેવાય છે.** આશ્રવ જેમ કર્મ બંધાવનાર છે તેમ સંવર કર્મને રોકનાર, અટકાવનાર છે.

બાહ્ય-આભ્યંતર તપ ગુણથી બંધાયેલ કર્મોની નિર્જરા થાય છે. સર્વ નિર્જરાથી જીવ સર્વ કર્મરહિત થાય છે અને તે ભવના મરણ પછી જીવ મરણરહિત બને છે.

પાપ પ્રવૃત્તિઓથી જીવ અટકે તો ઉપર કહ્યા પ્રમાણે આશ્રવ અટકે, સંવર અને નિર્જરા જીવને પ્રાપ્ત થાય.

મરણથી છૂટવાનો ઉપાય કર્મનિર્જરા છે અને કર્મનિર્જરાનો ઉપાય પાપકર્મથી વિરમણ અને સંવર-નિર્જરાતત્વના ભેદોમાં પ્રવર્તન છે.


જેને મરણથી અટકવું નથી તેવા આત્માઓ ધીઠ્ઠા કહેવાય. આ શ્લોકનો સાર છે-મરણથી બચો અને તે માટે જીવનમાં પાપો-દોષોનો સફાયો કરતા રહો.

□□□



## ૭૬

मा मा जंपह बहुयं, जे बद्धा चिक्कणेहिं कम्मेहिं ।
सव्वेसिं तेसिं जायइ, हिओवएसो महादोसो ।।७६।।




ગાથાર્થ - જેઓ ચીકણાં કર્મથી બંધાયેલા છે, તેમને બહુ બોધ ન આપો. તે સર્વેને હિતોપદેશ મહાદ્વેષમાં પરિણમે છે ।।૭૬।।

*76. Waste not your time on preaching,*
*To those who are thick-skinned.*
*For those bound by intense karmas,*
*Do not pay heed to beneficial teachings.*
*In fact, teaching them is a great transgression.*

વર્ષાઋતુમાં આશ્રયસ્થાન વગર હેરાન થતાં વાંદરાને જોઇ દયાભાવથી વારંવાર ટકોર કરતાં સુગરીને પોતાનો પણ માળો ખોવાનો વારો આવ્યો. ગુસ્સામાં આવેલ વાંદરાએ પોતાની હિતકારી એવી પણ સુગરીનો માળો તોડી નાખ્યો. આ પ્રસિદ્ધ વાર્તાનો સાર એ છે કે **'મૂરખને જ્ઞાન કદિ નવિ થાય, કહેતા પોતાનું પણ જાય'.**

બીજાને હિતશિક્ષા-ઉપદેશ આપવામાં જે સામેવાળી વ્યક્તિની યોગ્યતા-ભાવ જોયા વગર વારંવાર પ્રવર્તે છે તે ઉપદેશ આપનારની એક ખોટી આદત છે. જ્યાં ને ત્યાં, જેને ને તેને ઉપદેશ આપવા બેસી જવું તે નુકશાનકારી બને છે એવા જીવોએ બીજાને ઉપદેશ આપવામાં શું ધ્યાનમાં લેવું જોઇએ તે અહીં શાસ્ત્રકાર બતાવે છે.

**હે પરોપકારરસિક, પરઉપદેશતત્પર!** જે જીવો ગાઢ ચિકણા કર્મોથી બંધાયેલા છે તેવા જીવોને ઉપદેશ આપવાથી - સાચી પણ વાત કહેવાથી અત્યંત દોષનું કારણ થાય છે માટે તેવા જીવોને બહુ ન કહેવું.

સામા જીવની ઉપદેશ સાંભળવાની, ધર્મ પામવાની આંતરિક યોગ્યતા વિશિષ્ટ જ્ઞાનવાળા જ જાણી શકે. તેથી હિતશિક્ષા ક્યારે આપવી, કોને આપવી, કેટલી આપવી તેનો નિર્ણય કરીને જ તેઓ પ્રવર્તન કે મૌન ધારણ કરતા હોય છે.

વિશિષ્ટ જ્ઞાન સિવાયના ઉપદેશકોએ તો સામાન્યથી સામેવાળાને યોગ્ય માનીને અવસરે મીઠાશથી, રૂચિ ઉત્પન્ન કરીને ઉપદેશ આપવાનો હોય છે. તે વખતે શ્રોતાને લાભ થાય કે ન થાય, વક્તાને તો જિનવચન પરાવર્તન-સંવેગ વૃદ્ધિ-સમય સાફલ્ય-વીર્યાચાર પાલનનો લાભ અવશ્ય થાય છે.

न भवति धर्म श्रोतु: सर्वस्यैकान्ततो हितश्रवणात्।

ब्रुवतोऽनुग्रहबुद्ध्या, वक्तुस्त्वेकान्ततो भवति ।।२९।।

આ તત્વાર્થકારિકાનું પૂ. ઉમાસ્વાતિ મ.નું વચન યાદ રાખવું.

પરંતુ જ્યાં સામે સ્પષ્ટ દેખાય કે આપણે જે કહીએ છીએ ત્યાં તેનું લક્ષ જ નથી, તેને સાંભળવું ગમતું જ નથી, જે સામી ટકોર કરે છે કે ગુસ્સે થાય છે તેને બહુ ન કહેવું. વારંવાર ટકોર ન કરવી, તેને ટકોર ટક-ટક લાગતી હોય છે.

આવા જીવો બે પ્રકારના હોય (૧) કોઇ પુણ્યશાળી-પ્રભાવશાળી આત્માથી જ બોધ પામવાને યોગ્ય હોય, તેવા જીવોને તે આત્માનો સંયોગ થાય ત્યારે જ બોધ



પામે. (૨) જે જીવો ભારે કર્મી છે, ચિકણા કર્મો બાંધીને આવ્યા છે. તેના કારણે તેમને ઉપદેશ રૂચવાનો-ગમવાનો નથી.

તેઓ સાચું કહેનાર ઉપર પણ ગુસ્સો કરે, અપશબ્દો બોલે, તેમની સાથે અસભ્ય વર્તન કરે છે અને મહાપાપ-દોષને ઉત્પન્ન કરે છે.

પરમાત્મા મહાવીરદેવે પણ ગૌશાળા કે સંગમને ઉપદેશ ન આપ્યો, રોજના ૫૦૦ પાડા મારનાર કાલસૌકરિક કસાઇને હિતશિક્ષાના બે શબ્દો ન કહેવડાવ્યા.

**ટૂંકમાં સારા-લાભકારી ધર્મના વચનો પણ સામે લાભ થાય તો વાપરવા, નુકશાન કે વિશેષ અરૂચિનું કારણ બનતા હોય તો મૌન રહેવું.**

વચન નિરર્થક જાય ત્યાં પણ ઉપદેશ ન આપવો. પ્રભુ વીરે પ્રથમ સમવસરણમાં ઉપદેશ વિશેષ ન આપ્યો.

જેમ ઉપદેશ માટે આ વાત બતાવી તેમ બીજા ધર્મકાર્યો-સત્કાર્યો માટે પણ આ નિયમ સમજવો. ગાઢ-ચિકણા કર્મવાળા અધર્મી લોકો ધર્મીની વાત સમજતા નથી, તેમની વાત તેમને રૂચતી નથી, એમના તેઓ વિરોધી હોય છે.

**ધર્મી આત્માઓ અધર્મી આત્માઓ ઉપર-ધર્મની અરૂચિવાળા જીવો ઉપર દયાવાળા અને ઉપેક્ષાવાળા હોય છે.**

ઉપકાર ન કરી શકાય એવા અસાધ્ય દર્દી સમાન જીવો વિષે પોતાના આત્મામાં દ્વેષ ઉભો ન થાય માટે પણ બાહ્ય-ભૌતિક દ્રવ્યદયા કરે અને ભાવથી દયાના-કરૂણાના ભાવ હોવા છતાં બાહ્ય પ્રવૃત્તિમાં એ શક્ય નથી તેથી ઉપેક્ષા અને ઉદાસીન ભાવ-વ્યવહાર કરે પણ સદ્આચારો પ્રત્યે જે વિરોધી-તિરસ્કારવાળા કે નિંદક છે-કે વિઘ્નકર્તા છે તેવા અયોગ્ય ઉપર પણ અવજ્ઞા-તિરસ્કાર ભાવ ન કરે કે સમજાવવાની પ્રવૃત્તિ ન કરે.

**પ્રભુ શાસનના વિરોધીઓ પ્રત્યે શ્રી જિનશાસનને થતા નુકશાનને અને અનેક જીવને ધર્મના અંતરાય ન થાય માટે તેમની પ્રવૃત્તિઓ અટકાવવા બાહ્યથી નિગ્રહ કરે પરંતુ હૃદયમાં તેમની કર્મ-મોહ-અજ્ઞાન પરાધીનતાને નજરમાં રાખી ભાવ કરૂણા અને ઉપેક્ષાભાવ રાખે.**

અર્થાત્ આપણા બીજા સાથેના વ્યવહારમાં આપણને વિશેષ નુકશાન થવું ન

જોઇએ તેમ સામાને પણ આધ્યાત્મિક વિશેષ નુકશાન ન થવું જોઇએ અને અનેકોને પણ બાહ્ય-આધ્યાત્મિક વિશેષ નુકશાન થવું ન જોઇએ તે વાત લક્ષમાં રાખવી. આ ઔચિત્ય-વિવેક કર્તવ્ય છે.

ચિકણા કર્મો અસાધ્ય કક્ષાના હોય છે, તેના માટે 'રાહ જુવો'ની નીતિ જ અપનાવવી પડે. આવા જીવો સાથે બાહ્ય ઔપચારિક વ્યવહાર-હૃદયમાં કરૂણા અને કાલક્ષેપ એ જ ધર્મી આત્માનું કર્તવ્ય છે.


પરમાત્મા પણ 'સવિ જીવ કરૂ શાસનરસી'ની હૃદયમાં ભાવના હોવા છતાં દુર્ભવી-અભવી-અચરમાવર્તિ જીવો માટે પ્રયત્ન કરતા નથી.

માટે ભારે કર્મી ન માને તો ધર્મી આત્માએ ગુસ્સો ન કરવો, હતાશ ન થવું, વારંવાર કહેતા ન રહેવું. ઉપરોક્ત બે પ્રકારમાંથી કોઇ એક પ્રકારનો જીવ હશે તેમ વિચારવું...



## ૭૭

कुणसि ममत्तं घण-सयण-विहवपमुहेसु अणंतदुक्खेसु ।
सिढिलेसि आयरं पुण, अणंतसुक्खंमि मुक्खंमि ।।७७।।


કુણસિ મમત્તં ધણસયણ
વિહવપમુહેસુ અણંતદુક્ખેસુ
સિઢિલેસિ આયરં પુણ
અણંતસુક્ખંમિ મુક્ખંમિ ।૭૭

ગાથાર્થ - અનંત દુઃખના કારણ રૂપ એવા ધન, સ્વજન અને વૈભવ વિગેરેમાં તું મમત્વ કરે છે, પરંતુ અનંત સુખ-રૂપ મોક્ષમાં તું આદરને શિથિલ કરે છે. ।।૭૭।।

*77. O living being,*
*You keep on increasing*
*Attachment to your family, wealth and belongings!*
*This shall take you on the path of unending misery.*
*And lessen your respect for the path of dharma,*
*Which leads to liberation.*

આરોગ્ય જોઇએ છે ને અપથ્ય સેવન કરવું છે. ઠંડક મેળવવી છે ને તડકામાં ઊભા રહેવું છે. જ્ઞાન જોઇએ છે ને મોજમસ્તીમાં સમય વિતાવવો છે તો આરોગ્ય-ઠંડક કે જ્ઞાન મળે તે જેમ શક્ય નથી.

તેમ આપણે સુખની પ્રાપ્તિ કરવી છે અને રસ્તો દુઃખનો પકડવો છે. દુઃખના કારણો જ ભેગા કરવા, આચરવા છે તો સુખ ક્યાં અને ક્યારે મેળવી શકાશે? છતાં આપણે અત્યાર સુધી આ જ કર્યું છે, કરતા આવ્યા છીએ અને હજુ ય એ જ ચાલુ છે તેથી ગ્રંથકાર પ્રશ્ન કરે છે-

ધન-સ્વજન-વૈભવ વગેરેમાં તું મમત્વ કરે છે તે એક તો અહીં જ મુકીને જવાનું છે અને તેના ઉપર કરેલી મમતાથી તને તે પરભવમાં અનંત દુઃખો આપવાના છે અને જે અનંત સુખવાળો મોક્ષ છે તેને મેળવવામાં આદર કરવાને બદલે મંદ આદરવાળો થાય છે તે શું વ્યાજબી છે?

**ભૌતિક ચીજો પર જે રાગ થાય, જેનું સાનિધ્ય ગમે, જેનો સંપર્ક ગમે, જેની માલિકી ગમે, જેના સ્મરણાદિમાં જીવને હૂંફ લાગે તે મમત્વ કહેવાય.**

શિયાળામાં બાજુમાં તાપણું-સગડી હોય તો હૂંફ લાગે, ગરમાવો આવે તે ગમે એ રીતે ગરમ કપડાં, પેક મકાન, ઓઢવાની સગવડ જીવને અનુકૂળ લાગે આને મમત્વ કહેવાય.

પરંતુ એ ચીજો-વાતાવરણ ઉનાળામાં અગવડરૂપ-પ્રતિકૂળ લાગે-ન ગમે અર્થાત્ આ બધુ અહીયાં પણ એક સરખું સુખદાયક હોતું નથી, લાગતું નથી અને પરભવમાં સાથે આવવાનું જ નથી તો તેના ઉપર આપણા કાર્યનિભાવ સિવાય મમત્વ શા માટે?

આ એક અજ્ઞાનજન્ય મોહના સંસ્કાર-લેશ્યા છે. આ મમત્વથી જીવ આર્તધ્યાનમાં રહે છે અને પાપકર્મ બાંધે છે. આ મમત્વ તીવ્ર બને તો રૌદ્રધ્યાનરૂપ પણ બને છે.

પુદ્ગલો, પુદ્ગલજન્ય સુખ કે પુદ્ગલનું કાયમી સાનિધ્ય એ આપણું નથી માટે તેના પર મમત્વ રાખવાનો મતલબ નથી, તે છોડવું જરૂરી છે.

મમત્વ એ હૃદયનો ભાવ છે. ભાવ એટલે સંસ્કાર, ભાવ એટલે લાગણી, ભાવ એટલે લાગણીજન્ય વિચાર.

ભાવના એટલે સંસ્કાર લાગણીને ઉત્પન્ન કરવા માટે વારંવાર કરાતી વિચારણા.



ભૌતિક સુખના કારણે, તેની ઉપરના મમત્વના કારણે તેના કારણ-સાધનભૂત રૂપ-બળ-ઐશ્વર્ય-ધન-સ્વજન વગેરે અનેક પ્રકારો છે. તેના ઉપાય-કારણ તરીકેની મમતા જીવને રહે છે. આ બન્ને મમતા આર્ત-રૌદ્રધ્યાન અને દુર્ગતિનું કારણ છે.

**ભૌતિક સામગ્રીની પ્રાપ્તિ પુણ્યથી થાય, એના દ્વારા સુખ પણ પુણ્યથી મળે પરંતુ બન્ને ઉપરની મમતા એ પાપબંધનું કારણ છે. કેમ કે મમતા એ અવિવેક અને મોહના ઉદયરૂપ છે.**

મમતા પાપ બંધાવે અને પાપ ભૌતિક ભોગની સામગ્રીના અંતરાય આપે. મમ્મણની જેમ સામગ્રી હોવા છતાં ભોગના અંતરાય આપે, કાલસૌકરિકના અંતકાળની જેમ શાતાદાયક વસ્તુઓ પણ દુઃખરૂપ લાગે.

માટે આ વસ્તુઓમાં અને તેના સંગ્રહ કે ઉપભોગમાં જીવની મમતા એ એક મતિનો વ્યામોહ-વિકૃતિ-પરવશતા છે.

જેને આ મમતા પોતાના દોષ રૂપ લાગે-જે તેને ઘટાડવા-છોડવા પ્રયત્ન કરે-ઇચ્છે તે વૈરાગ્યનો અધિકારી જાણવો. તે ધર્મની ભૂમિકાને યોગ્ય સમજવો.

તે મમતા તોડવા-છોડવા શક્ય એટલી સામગ્રીનો ત્યાગ કરવો, જેનો ત્યાગ નથી કર્યો કે નથી થઇ શકતો તેવી સામગ્રીના ભોગવટાને ક્વોલીટી અને કોંટીટીથી ઘટાડવા, વારંવારનો તેનો ઉપયોગ પણ બંધ કરવો.

બીજી બાજુ જે સામગ્રીઓનો ભોગવટો-વપરાશ જીવ કરે છે કે કરવો પડે છે તેમાં ઉદાસીનતા ધારણ કરવી, તેમાં ઉત્પન્ન થતી મમતાને વિપક્ષ વિચારણાથી રોકવી અને ઉત્તરકાળમાં (વપરાશ પછી) પશ્ચાત્તાપ કરવો.

અને ભોગની-રાગની વિપક્ષ ભાવનાને પ્રાગ્=પહેલા અને પશ્ચાત ભાવિત કરી મમત્વના સંસ્કારોને ઘટાડવા-તોડવા.

આમ અમુક અંશે મમત્વના સંસ્કાર તૂટે એટલે ત્યાગનું-વ્રત પચ્ચક્ખાણનું-સંયમનું-દાનાદિનું-જ્ઞાન વગેરેનું ધર્માત્માને થતું વૈરાગ્યનું સુખ સંસારી જીવને સમજાય અને સાકરના કણની જેમ અનુભવાય. આ અનુભવ એ મોક્ષના સુખનો-આત્મિક સુખનો આંશિક અનુભવ છે.

આ અનુભવાતા સુખમાં કારણ ત્યાગ-વૈરાગ્ય-અધ્યાત્મની પ્રવૃત્તિ-તેને ઉચિત આચાર-તેના સ્વરૂપ-ભેદ-ફળ-લાભ તેના બાધક તત્વો, તેના દૃષ્ટાંતોને જણાવતું જ્ઞાન અને તેનું પરિભાવન આ બધું રહેલા છે.

અને તેના પ્રત્યેનો આદર એ આત્મિક અનંત સુખ પ્રાપ્તિની વૃદ્ધિ અને પૂર્ણતા પ્રાપ્તિનું કારણ છે. આદર એ બહુમાન સ્વરૂપ વિવેક-જ્ઞાન-ઔચિત્ય-ગુણરાગપ્રયુક્ત છે અને મમત્વ એ અજ્ઞાન-મોહપ્રયુક્ત છે.

**શુભમાં હોય તેને આદર કહેવાય અને અશુભમાં હોય તેને મમત્વ કહેવાય. શુભમાં ગુણદૃષ્ટિ હોય છે ત્યાં પણ જો મોહદૃષ્ટિ આવે તો મમત્વ કહેવાય.**

શુભમાં થતો આદર જીવને શુભની વિશેષ-વિશેષ પ્રાપ્તિ કરાવે અને પરાકાષ્ટાએ પહોંચાડે, શુભમાં રહેલ મમત્વ પણ એકાંતે અહિતકર કે ખોટું નથી, તે પણ કર્મનો ક્ષયોપશમ કરાવી ગુણદૃષ્ટિ પ્રાપ્ત કરાવે અને મમત્વ આદરરૂપે પરિણમે.

અશુભમાં આદર હોય તો પણ તે કાલાંતરે મમત્વરૂપ બને અને ભૌતિક સુખ બાધક પણ બને.

આત્મિક સુખનો આનંદ વિતરાગતાયુક્ત છે, તેનો આંશિક અંશ વૈરાગ્ય રૂપ છે. તેનો આંશિક અંશ એના આદરરૂપ અને આત્મગુણોના આદર રૂપ છે.

એ આદરનું વ્યક્ત સ્વરૂપ ભૌતિક સુખો-ભૌતિક દૃષ્ટિ-ભૌતિક ચીજો પ્રત્યે આંશિક અરૂચિ-ઉપેક્ષા-ગૌણતા રૂપ છે. જે મમત્વભાવની મંદતા સૂચક છે.

જેમ સંસારી=ભવાભિનંદી જીવને વૈરાગ્યભાવ અને આત્મિક ગુણો ઉપર આદર નથી હોતો તેમ ધર્માત્માને ભૌતિકચીજો પર તેવી જોરદાર મમતા પણ નથી હોતી.


વૈરાગ્ય મમતાનો નાશ કરે છે તો મમતા વૈરાગ્યને ખતમ કરે છે.

મમતાના અપાયો વિચારીને તેને ઘટાડવાથી જીવને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. વૈરાગ્ય શતકનું અને આવા વૈરાગ્યમય સુભાષિતોની વિચારણા-પરિભાવનનું કાર્ય સંસાર પ્રત્યે રહેલી જીવની મમતાનો હ્રાસ અને નાશ કરાવવો તે છે.



## ૭૮

**संसारो दुहहेऊ, दुक्खफलो दुसहदुक्खरुवो य।**
**न चयंति तंपि जीवा, अइबद्धा नेहनिअलेहिं ।।७८।।**



**ગાથાર્થ - દુઃખનું જે કારણ છે, જે દુઃખ રૂપ ફળવાળો છે અને જે અત્યંત દુઃખે કરીને સહન થાય તેવા દુઃખરૂપ છે, તે સંસારને પણ સ્નેહની સાંકળથી અતિશય બંધાયેલા જીવો ત્યજતા નથી. ।।૭૮।।**

*78. Samsara is the cause of all sorrow.*
*Samsara leads to misery.*
*Samsara comprises of intolerable grief.*
*Despite that,*
*Living beings, bound by familial bonds,*
*Do not give up samsara.*

ગૌરવહાની-અગવડતા-પરાધીનતા-તિરસ્કાર-કઠોર પરિશ્રમ આદિ અનેક તકલીફો હોવા છતાં-સહન કરવું પડે છતાં જે જેલને મહેલ માને તે પાગલ જેવા આ સંસારના જીવો છે તેમ કહેતા શાસ્ત્રકાર જણાવે છે કે સંસાર એ દુઃખનું કારણ છે, દુઃખરૂપી ફળવાળો છે અને અસહ્ય દુઃખરૂપ છે. છતાં સંસારી જીવો સ્નેહબેડીથી અત્યંત બંધાયેલા તેને છોડવા તૈયાર નથી.

અહીં સ્નેહને બંધન બતાવ્યું છે અને તે પણ બેડી જેવું. બંધન ત્રણ પ્રકારનું કહી શકાય.

(૧) આભૂષણ તેને કહેવાય જે શોભા વધારે અને જ્યારે કાઢવું હોય ત્યારે કાઢી શકાય. જો કે વ્યવહારમાં તેને બંધન મનાતું નથી પણ જ્ઞાનીની દૃષ્ટિમાં **'આભૂષણ તનુ ભાર છે'** શરીર પરનો આ એક ભાર-બોજ છે.

(૨) જે શરીર પર હોય તો શોભા વધારે પણ ઇચ્છા થાય ત્યારે કાઢી ન શકાય તે સોનાની બેડી કહેવાય.

(૩) જે પહેરવાથી ગૌરવ ઘટાડે અને વ્યક્તિને જકડી રાખે તે લોખંડની બેડી કહેવાય.

વસ્તુ કે વ્યક્તિ પરનો સ્નેહ એ બેડી જ છે. પરંતુ પુણ્યાનુબંધી પુણ્યવાળાને અત્યંત સ્નેહ નથી હોતો. તેથી તેનો સ્નેહ પુણ્યની સાથે રહીને આભૂષણનું કાર્ય કરે છે.

પાપાનુબંધી પુણ્યવાળાનો સ્નેહ સોનાની બેડી જેવો છે, અને સત્કાર્ય વગરના જીવોનો સ્નેહ લોખંડની બેડી જેવો ગણાય. પાપાનુબંધી પુણ્ય હોય કે પાપાનુબંધી પાપ બન્ને બેડી છે.

સ્નેહથી પાપ પણ બંધાય છે - સ્નેહથી પાપાનુબંધી પુણ્ય પણ બંધાય છે. બન્ને દુઃખરૂપ-દુઃખફલક-અત્યંત દુઃખસ્વરૂપ છે. ફક્ત પાપાનુબંધી પુણ્ય ઝેર મિશ્રિત મોદક જેવું છે.

અવિવેક-અનૌચિત્યથી ભવાભિનંદીને પાપાનુબંધી પુણ્ય-પાપાનુબંધી પાપ બંધાય છે. બન્ને સ્નેહથી બંધાય છે.

રાગની-પક્ષપાતની લાગણીથી જે પાપ કરાય તે પાપાનુબંધી પાપ અને આવી જ લાગણીથી - પાપની જુગુપ્સા વગર જે ઔપચારિક ધર્મ કરાય તે પાપાનુબંધી



પુણ્ય. આ સુગરકોટેડ કે સુગરમિશ્રિત ઝેર છે. જેમાં અલ્પમીઠાશ અને પાછળ અનંત દુઃખ. આવા સ્નેહની લાગણીરૂપ સંસારને દુઃખના હેતુ આદિવાળો કહ્યો છે.

અપુનર્બંધક આદિ આત્માઓ જે અત્યંત સ્નેહથી બંધાયેલ નથી તેમનો સ્નેહ તીવ્ર પાપાનુબંધી થતો નથી સ્વભાવથી જ મંદ થયેલ હોવાથી. સ્નેહ વગર દ્વેષ હોતો નથી કારણ કે દ્વેષ સ્નેહના નિમિત્તે આવે છે. અપુનર્બંધક અવસ્થાથી સ્નેહબંધન મંદ પડવાથી પાપકર્મ બંધ પડે છે તેથી દુઃખહેતુ વગેરે જે બતાવ્યું છે તે ભાવધર્મની-વૈરાગ્યની પ્રાપ્તિ પૂર્વની અવસ્થામાં મુખ્ય જાણવું.

જેમ **'अप्पो सि होइ बंधो जेण न निद्धंधसं कुणइ'**થી સમકિતીને પાપાનુબંધ નથી, પાપ અલ્પ બંધાય તેમ બતાવ્યું તે રીતે અપુનર્બંધકથી **પાપ નવિ તીવ્ર ભાવે કરે** વગેરે જે ૩ લક્ષણો બતાવ્યા છે તેના કારણે પાપાનુબંધ હોય તો પણ તીવ્ર હોતો નથી.

પાપના તીવ્રબંધને તોડવા-ઘટાડવા માટે પાપપ્રવૃત્તિમાં રસ-રુચિ-સ્નેહ ઓછા કરવા પડે. ભવસ્વરૂપની વિચારણાથી-સંસારની નિરાધાર-અશરણ અવસ્થાના ચિંતન-મનનથી આત્મામાંથી સ્નેહનો પાવર ઘટે છે અને વૈરાગ્યભાવ ઉત્પન્ન થાય છે.


ધર્મ કાર્યોમાં-આરાધનામાં તે કાર્ય આદર-સ્થિરતાને ગુણ કહ્યો છે તેમ આસંગને દોષ કહ્યો છે જે જીવને વચન અસંગમાં ન જવા દે, એ રીતે અન્યમુદ્ પણ દોષ ગણાયો છે કારણ એ પ્રસ્તુત સાધનામાં ઠરવા જ ન દે. ધર્મસ્થાનમાં પણ વિશેષ સ્નેહ વિવેકયુક્ત હોય તો આદર કહેવાય એ સિવાય જીવને આગળ વધવામાં પ્રતિબંધક બને છે.

પાપસ્થાન અને સંસારી પાપી વ્યક્તિઓ પરનો સ્નેહ એ જેમ ધર્મમાં પ્રતિબંધક છે તેમ જીવને પાપમાં પ્રતિબદ્ધતા ઊભી કરે છે. પાપમાં-પાપીમાં પ્રતિબદ્ધતા અને ધર્મમાં પ્રતિબંધકતા એ પાપબંધનું કારણ છે માટે દુઃખનો હેતુ છે અને એ બંધાયેલ પાપ પ્રાયઃ પાપાનુબંધી હોવાથી દુઃખરૂપ ફળ આપે છે અને સાથે પાપબુદ્ધિ પણ આપે છે. માટે સ્નેહને પાપાનુબંધિતાનું મૂળ કહ્યો. દુઃખની પરંપરાકારક પણ બતાવ્યો. તેથી સ્નેહને વૈરાગ્ય દ્વારા જીવે છોડવો જ જોઇએ.

ધર્મી ઉપર અને ધર્મ સ્થાનમાં વિવેકપૂર્વક આદર રાખવો. પ્રશસ્ત તીવ્ર ક્ષયોપશમ સાથે રહેલ આંશિક સ્નેહને આદર કહેવાય. આ છોડી ક્યાંય કોઇની ઉપર સ્નેહ રાખી બેડીથી બંધાવું નહીં.

## ૭૯

नियकम्म-पवण-चलिओ, जीवो संसार-काणणे घोरे ।
का का विडंबणाओ, न पावए दुसहदुक्खाओ ।।७९।।




ગાથાર્થ - ઘોર સંસાર અટવીમાં પોતાના કર્મ રૂપી પવનથી પ્રેરાયેલ જીવ અસહ્ય વેદના યુક્ત કઇ કઇ વિટંબણાઓ પામતો નથી ।।૭૯।।

*79. Impelled by the winds set forth by one's own karmas,*
*The living being wanders about in the fearsome forest of samsara.*
*Which cruel difficulties exist in this world,*
*That he does not have to face?*



આમ તો જીવને એક સ્થાનથી બીજા સ્થાનમાં જવા ગતિ સહાયક તરીકે ધર્માસ્તિકાય છે. પરંતુ બાહ્યદષ્ટિથી પવન પણ તેમાં ભાગ ભજવે છે તેથી અહીં કહ્યું કે જીવ પોતાના કર્મરૂપી પવનથી પ્રેરાઇને આ સંસારરૂપી ઘોર જંગલમાં ભટકે છે, ફરે છે. ત્યાં ફરતા અત્યંત દુસ્સહ દુઃખ આપનારી કઇ કઇ અને કેવી-કેવી વિટંબણાઓ પામતો નથી.

અહીં બે વાત બતાવી.(૧) પોતાના જ કર્મથી ભટકે છે (૨) અસહ્ય દુઃખદ આપત્તિઓ પામે છે. કર્મ લઇ જાય ત્યાં જવાનું-જવું પડે. માત્ર **'દિકરી ને ગાય દોરે ત્યાં જાય'** એમ નહીં સંસારી સર્વ જીવો માટે આ જ નિયમ છે. પોતાની ઇચ્છા-બુદ્ધિ-હોંશિયારી કામ ન લાગે.

ત્યાં ગયા પછી પણ સુખ-શાંતિ તો નહીં જ મોટે ભાગે સંઘર્ષો-સંકલેશો પરેશાની-પીડાઓ જ મળે-સહન કરવા પડે. કઇ વિપત્તિ ક્યારે ક્યાંથી આવે ખબર જ ન પડે.

ભલે કહેવાય કે **'બુદ્ધિઃ કર્માનુસારિણી'** પરંતુ અહીં મોટા ભાગની અવસ્થાઓ-પરિસ્થિતિઓ જીવ કર્મના આધારે પામે છે. કરેલા કર્મો દરેક જગ્યાએ આગળ રહેતા હોય છે.

કેટલાક જીવો બુદ્ધિ-સમજણ-વિવેક-ધર્મના આલંબનથી ફરી શકે તેવા કર્મોનો ઉદય ફેરવી શકે છે એટલે સોપક્રમ કર્મો. જે સારા પણ હોય છે અને અશુભ પણ હોય છે.

સારા કાર્યથી-શુભ ભાવના-વિચારણાથી અશુભ કર્મો ઉદયમાં ન આવતા ફરી જાય છે. એ અશુભ કર્મો એમ જ રસ વગર ભોગવાઇને જાય અથવા પડ્યા રહે.

એવી જ રીતે અશુભ કાર્યો-વિચારણા-ચિંતનથી શુભ કર્મો ઉદયમાં આવતા અટકી જાય છે, અશુભ કર્મ ઉદયમાં આવે છે.

પરંતુ જે કર્મો ફરે તેવા ન હોય તેવા કર્મોના બળથી જીવ તેવા કાર્યોમાં પ્રવર્તન કરે છે એટલે એમ કહેવાય કે જીવને કર્મ લઇ જાય-જેમ ભમાવે તેમ જીવ સંસારમાં ભમતો રહે છે.

ધર્મ-સદાચાર-સદ્ગુરુને સમર્પિત જીવન આ બધાથી જીવ ઘણા અશુભ કર્મોને

ફેરવે છે-ખપાવે છે કે ઉદયમાં આવતા અટકાવે છે. જે કર્મો ઉદયમાં આવેલ છે તેમાં પણ વિવેક-જાગૃતિના બળે નવા અશુભ કર્મો બાંધતો નથી.

ધર્મી આત્માને કર્મ સંસારમાં ભમાવે પણ સેંકડે એક ટકા જેવા નિરૂપક્રમ કર્મના બળે. પરંતુ ધર્માત્માને ધર્મના બળે અશુભ કર્મની સાનુબંધતા ન હોય જેથી નવા અશુભ કર્મો તેવા પ્રકારના ન બંધાય અને અનુબંધ પણ ન પડે.

પાપાનુબંધ જેમ ભિન્નગ્રંથીને સમ્યક્ત્વ અવસ્થામાં થતો નથી. સાનુબંધ-પાપાનુબંધવાળા કર્મો સમકિતીને બંધાતા નથી, સમકિતીને પાપાનુબંધવાળા કર્મનો ઉદય થાય નહી. જો થાય તો ય સમ્યક્ત્વના પ્રતાપે તે અનુબંધિતા નાશ પામે-નવું પાપાનુબંધપણું પણ ન બંધાય.

**સમ્યક્ત્વની હાજરીમાં-અપુનર્બંધકની અવસ્થામાં કર્મ જીવને નિરંકુશ રીતે ભમાવી શકતું નથી એટલે કે જીવની બાહ્ય કેટલીક અવસ્થા કર્મને આધીન હોય છે પરંતુ જાગૃતિ-વૈરાગ્ય-અંતર્મુખતા-અદીનતા વગેરે આત્મગુણોના સાતત્ય પ્રાયઃથી જીવ કર્મને આંતરિક રીતે આધિન નથી.**

અપ્રતિપાતિ નિર્મળ સમકિતીની આ અવસ્થા હોય છે તેથી વિશેષ પ્રકારના કર્મો-વિશેષરૂપે ભોગવવા પડે તેવા અશુભ કર્મો બંધાતા નથી તેના કારણે ભવ રૂપી જંગલમાં ભટકવાનું ઘણું બંધ થાય છે. પૂર્વે બંધાયેલ કર્મો પણ આત્મગુણના કારણે ઘણા અશુભ કર્મો ઉદયમાં આવી શકતા નથી એમ જ ભોગવાઇને ખરી પડે છે.

આના કારણે સમકિતીને સમ્યક્ત્વની હાજરી પૂર્વે બંધાયેલ કર્મના યોગે બાહ્ય પરિસ્થિતિની વિષમતા-આપત્તિઓ આવે પરંતુ તે વખતે સમ્યક્ત્વની દઢતાના કારણે માનસિક સ્વસ્થતા-પ્રસન્નતા તેની બગડતી-નંદાતી નથી. તે માનસિક વિડંબણા રહિત હોય છે.

સમકિતી આત્મા બાહ્ય ધર્મ સંયોગોની વિષમતામાં પ્રવૃત્તિ ઓછી-વધારે કરતો હોય પરંતુ જો એ અંતરથી સંસારથી વિરક્ત રહેવા પ્રયત્નશીલ હોય અને ધર્મભાવનામાં તરબોળ રહેવા મથતો હોય તો એ સમ્યક્ત્વથી પડતો નથી, વિષય-કષાયને પરાધીન થતો નથી, નવું ભવભ્રમણ ઉભું કરતો નથી-માનસિક સ્વસ્થતા ગુમાવતો નથી અને મોક્ષ સુધી નિરાબાધ આગળ વધતો રહે છે.



**માટે સમ્યક્ત્વમાં દઢ-મજબૂત-પક્કડવાળા-જાગૃત અને આચાર-વિચારમાં ચુસ્ત રહેનારને જુની ભ્રમણશક્તિ અલ્પ થતી જાય છે, મંદ પડતી જાય છે, નવી ભ્રમણ શક્તિ ઉત્પન્ન થતી નથી. સંસારચક્ર સ્થગિત બને છે.**

માટે આ શ્લોકમાં ભ્રમણનું કારણ અને જીવની વિટંબણાનું મૂળ જે કર્મ બતાવ્યું છે તેને અટકાવવાનું-તેની શક્તિને મંદ કરવાનું કારણ પણ સમજી લેવું જોઇએ. જેને વૈરાગ્ય-આત્મગુણદૃષ્ટિ-સંવેગ-આચારમયતા કહેવાય છે.


આ બધાથી પાપો નાશ પામે છે, પાપના અનુબંધો ખતમ થાય છે, પાપના ઉદયો ફેરવાઇ જાય છે, ભવાંતરમાં આગળ-આડા આવતા નથી. પુણ્યના-આત્મગુણોના કારણભૂત આ વૈરાગ્યાદિ તથા ઉગ્ર સદાચાર રૂચિ-સમતા-ધૈર્ય-ગંભીરતા-ઉદારતા વગેરે ગુણો ભવાંતરમાં પણ સાહજિક બને છે.

જેના કારણે જીવ સ્વભાવે ઉત્તમ અને પાપમતિથી લગભગ રહિત જેવા બને છે જેથી માનસિક વિટંબણા હોતી નથી, કાયિક-પરિસ્થિતિજન્ય વિટંબણા આગળ આવતી નથી. સમતા ભાવે તેને સહન કરતો હોવાથી ભવાંતરમાં તે વધતી નથી.

નિકાચિત કર્મ અને સાનુબંધ પાપકર્મ મનની સાત્ત્વિક્તા અને નિર્મળતાના કારણે નાશ પામતા જાય છે અને નવા સર્જાતા નથી. આ ગ્રંથનું ભાવન-પરિશીલનનો આ લાભ છે.

## ૮૦

सिसिरंमि सीयलानिल, लहरिसहस्सेहिं भिन्नघणदेहो ।
तिरियत्तणंमिऽरण्णे, अणंतसो निहणमणुपत्तो ।।८०।।




ગાથાર્થ - તિર્યંચ ભવમાં જંગલમાં, શિશિર ઋતુના શીતલ પવનના હજારો સુસવાટાથી તારો પુષ્ટ દેહ ભેદાયો છે અને અનન્તવાર તું મૃત્યુને પામ્યો છે. ।।૮૦।।

*80. O living being,*
*As a sub-human,*
*You had to dwell in a dense forest,*
*Had to bear thousands of icy drafts of wind in winter,*
*Which pierced your body.*
*Thus you died infinite times.*



આ જીવ તિર્યંચના ભવમાં જંગલમાં જીવન પસાર કરતા શિયાળામાં ઠંડા પવનના કાતિલ ઝપાટાથી થથરતા દેહની પીડાથી અનંતવાર મરણ પામ્યો છે.

નરકના દુઃખોનું જે વર્ણન થાય તે વાસ્તવિક થઇ શકતું નથી. સમુદ્રનું વર્ણન બિંદુથી-ખાબોચિયાથી જેવું થાય તેવું અહીંના દુઃખોથી નારકના દુઃખોનું વર્ણન થાય. નારકનું દુઃખ સમુદ્ર જેટલું છે. અહીં ઉગ્ર પણ ભોગવાતું દુઃખ બિંદુ જેટલું છે.

તિર્યંચના દુઃખોને વિચારવા જઇએ તો નિરાધારતા, અશરણતા-જંગલમાં રહેવું, ઠંડી, ગરમી, ભૂખ, તરસ સહન કરવી, પ્રતિકારની સામગ્રી ન મળે, નાના જીવો મોટા જીવોના શિકાર બને.

શક્તિહીન-સામગ્રીહીન-બીજાથી ઉપદ્રવિત-વિવેકહીન, જ્ઞાનહીન, પરવશ અવસ્થા તિર્યંચની છે. નારકભવ અત્યંત દુઃખ અને પરવશતાનો કાળ છે તો તિર્યંચ ભવ પણ દુઃખ બહુલ છે છતાં તફાવત એ છે કે આપણી સામે એમના દુઃખો પ્રત્યક્ષ છે.

આવા દુઃખો અને આવી અવસ્થા જીવની વારંવાર આવે છે-થાય છે. આ અવસ્થા અનેક ભવો નિરંતર મળે છે અને એમાં લાંબો કાળ જીવ પસાર કરે છે.

નારકના ભવો અત્યંત દુઃખમય છે, તેનો કાળ અપેક્ષાએ ઘણો લાંબો હોવા છતાં નિરંતર બે ભવ નરકના નથી થતા અને આંતરે આંતરે નરકના ભવોના કુલ કાળ કરતા તિર્યંચ ભવોનો કુલ કાળ ઘણો-ઘણો વધારે છે.

એ તિર્યંચના એકેન્દ્રિયપણાની અપેક્ષાએ નિરંતર ભવો પણ અનંતા થાય છે. ત્યાંના દુઃખો પણ શબ્દથી અવર્ણનીય છે.

ટોટલ દેવ અને મનુષ્ય ભવોનો કાળ તિર્યંચ ભવની અપેક્ષાએ અત્યંત અલ્પ છે એમાં પણ જીવને અનેક પ્રકારના માનસિક-વાચિક-કાયિક દુઃખો હોય છે.

જીવ મોક્ષે ન જાય, ધર્મ ન પામે ત્યાં સુધી આ દુઃખમય સંસારમાં દુઃખબહુલ કાળ પસાર કરે છે. બધા પ્રકારના દુઃખ અનિચ્છાએ અને પરવશપણાથી જીવ ભોગવતો જ રહ્યો છે.

આ ગાથામાં મરણના દુઃખનું ફક્ત ઠંડીજન્ય વર્ણન છે. નિરાધાર, નિઃસહાય રીતે ઠંડીથી મરણ પામે છે એ વાત બતાવી છે.

રહસ્ય એ છે કે જીવ જે અકથ્ય-અવર્ણનીય દુઃખો ભોગવે છે તેના કારણભૂત કર્મ અજ્ઞાન અને મોહના કારણે-રાગદ્વેષને વશ થઇને-આર્તરૌદ્રધ્યાન અને તદ્હેતુક અશુભ ભાવનાઓ અને વિચારણાઓથી ઉગ્રરસવાળા ઉગ્ર કર્મ બાંધે છે. જીવનમાં આવતા અનેક પ્રકારના દુઃખો-વિઘ્નો-વિષમ પરિસ્થિતિ વગેરે તે બાંધેલ ઉગ્ર કર્મોના ફળ છે. આનું કારણ અવિવેક અને મોહ છે.

નિયમ એ થયો કે કર્મની ઉગ્રતા (અશુભ) અવિવેક અને મોહની ઉગ્રતાથી થાય છે અને મોહની-અવિવેકની ઉગ્રતા અજ્ઞાનથી અને વિશેષતઃ વિપરિત જ્ઞાનરુપ અજ્ઞાનથી થાય છે.

**તેથી દુઃખનું કારણ પાપપ્રવૃત્તિ-વૃત્તિરુપી કર્મ, પાપ પ્રવૃત્તિ-વૃત્તિનું કારણ અવિવેક-અનૌચિત્ય છે. એનું કારણ મોહનો તીવ્ર વિશેષ ઉદય અને એનું કારણ અજ્ઞાન અને વિપરીત જ્ઞાન છે.**

અશુભ ભાવનાઓ અને આર્તરૌદ્રધ્યાન એ મોહના તીવ્ર ઉદય રુપ છે. તીવ્ર અવિવેક સહકૃત છે-અનૌચિત્યયુક્ત છે અને આ બધાનું કારણ અજ્ઞાન છે.

માટે વૈરાગ્ય શતકના અભ્યાસ અને જ્ઞાન દ્વારા-એની ચારે બાજુની વિચારણા દ્વારા-પ્રભુવચનની આદર-શ્રદ્ધા દ્વારા આત્મામાં જે પરિણતિ ઉભી થાય છે તે જ્ઞાનજન્ય પરિણતિ છે.

એ પરિણતિ સ્વયં મોહને ઘટાડે છે, વિવેક આપે છે, ઔચિત્યપણું બતાવે છે.

**પ્રકાશ જેમ અંધકારનો નાશ કરે છે તેમ જ્ઞાન પરિણતિ એ અવિવેક-અનૌચિત્યનો નાશ કરે છે, ઉગ્ર કર્મના બંધને અટકાવે છે, મોહના ઉદયને ઘટાડે છે.**

જેમ દુધનો ઉભરો દૂધ હલાવવાથી નાશ પામે છે અર્થાત્ તેમાં રહેલ વાયુ નીકળી જાય છે. દૂધ ઉપર તોર-મલાઇ બાઝવાથી વાયુ બહાર નીકળી શકતો નથી. તેવી રીતે આત્મારૂપી દુધમાં અજ્ઞાનનો વાયુ મોહના ઉદયના પડથી વ્યાપ્ત થઇ જાય છે. તેનાથી ઉગ્ર-અનુચિત-અનિયંત્રિત આત્મવીર્ય પ્રવર્તે છે અને ઉગ્ર આર્ત-રૌદ્ર અસદ્ભાવનાઓ-અસતુચિંતનોરૂપી ફટાટોપ પ્રવર્તે છે. ઉગ્ર પાપબંધ કરે છે. આત્મા મોહ-અજ્ઞાનથી અંધ થઇ ચારે ગતિમાં ભટકે છે.

આ અટકાવવા માટે મોહની વિચારણા અને પ્રવૃત્તિઓરૂપી મદિરાનો નશો



છોડવો પડે એ પછી જ્ઞાન અભ્યાસ અને ભાવના દ્વારા મનની સ્વસ્થતા આવે છે અને સદ્દૃષ્ટિ-જ્ઞાનદૃષ્ટિ-વિવેક-ઔચિત્યદૃષ્ટિ ખુલે છે, તીવ્ર પાપ બંધાતા નથી અને પૂર્વે બંધાયેલા ઘણા પાપો સહજ રીતે જ્ઞાનદૃષ્ટિ દ્વારા નાશ પામે છે.

જેમ પવનના રોકાણથી દીવો સ્થિર અને વ્યવસ્થિત પ્રજ્વલિત રહે અને ઓલવાઇ જવાનો ભય ન રહે તેમ જ્ઞાનદૃષ્ટિ અને આચારના સહયોગથી જીવ અશુભધ્યાન-ભાવનાઓને ઘટાડે છે, છોડે છે. તીવ્રતા પણ મંદ-મંદતર બને છે.

જ્ઞાનદૃષ્ટિ અને આચારસંપન્નતા દ્વારા અશુભકર્મો નાશ પામે, શુભકર્મો બંધાય, આત્મગુણોમાં આત્મસત્વ પ્રગટે, આત્મવીર્ય પ્રવર્તે, આત્મગુણો વિકાસ પામતા જાય.

સદ્ધ્યાન-ભાવના દ્વારા સુખ-વિવેક-ઔચિત્ય-સદ્ગતિની પરંપરા દ્વારા જીવ મોક્ષ સુધી પહોંચે છે.

માટે મોક્ષે પહોંચવાનો આ માર્ગ-ઉપાય છે અને એનો પ્રારંભ જ્ઞાન અને વૈરાગ્ય છે માટે વૈરાગ્ય શતકનું જ્ઞાન અનિવાર્ય છે.

ગરમી, ઠંડી, ભૂખ, તરસ એ શરીરનો વિષય છે, કર્મના ઉદયનો વિષય છે. તેથી જ નરક ક્ષેત્રમાં ગયેલા દેવને એવી ગરમી-ઠંડી નથી લાગતી.

**નારકના જીવને સમ્યક્ત્વ પ્રાપ્તિના કાળે બાહ્યપૂર્ણ વિષમ પરિસ્થિતિમાં પણ આંતરિક સમ્યક્ત્વપ્રાપ્તિજન્ય પ્રસન્નતા અને આનંદયુક્ત શાતા વેદનીયનો ઉદય થાય છે.** એટલે કે જેમ બાહ્યપરિસ્થિતિ શાતા-અશાતાના ઉદયમાં કારણ છે તેમ આંતરિક પરિણામ પણ કારણ છે માટે શાતા-અશાતા જીવ વિપાકી બતાવી.

તેથી બાહ્ય ઉગ્ર દુઃખના સંયોગોમાં પણ સમતા, સમાધિ, વૈરાગ્ય, સદ્ભાવના, સદ્વિચાર વગેરે અનેક કારણોથી આત્મા શાતાવેદનીયનો અનુભવ કરે છે.

બીજી બાજુ એથી વિપરીત બાહ્ય શાતાના ઉદય જેવી પરિસ્થિતિમાં પણ આંતરિક પરિણામોમાં ઈર્ષા-દ્વેષ-હીનતા વગેરેના કારણે દેવો આંતરિક અશાતા અને દુઃખ પણ ભોગવતા હોય છે.

માટે સુખદુઃખમાં કર્મનો ઉદય આંતરિક કારણ છે. આઘાત એ આંતરિક દુઃખ છે.

નારકનું-તિર્યંચનું-મનુષ્યનું જે દુઃખનું વર્ણન બતાવાય છે તે બાહ્યરૂપે છે, બાહ્ય દુઃખવાળાને-આંતરિક વિશિષ્ટ સદ્‌ભાવનાના સુખ વિનાનાને આંતરિક દુઃખનો ઉદય અને અનુભવ થાય છે-રહે છે, પણ આંતરિક શુભભાવની પ્રબળતાવાળાને આંતરિક સુખનો વિશેષ ઉદય હોય છે.

મોટાભાગે બાહ્યના આધારે આંતરિક પ્રવર્તે છે અને આંતરિકના આધારે બાહ્ય પ્રવર્તે છે. પરંતુ બાહ્ય બળવાન કર્મોદય ન ફરે તો પણ આંતરિક વિપરીત આત્મબળથી કે બળવાન કર્મ-ભવિતવ્યતાના ઉદયથી દુઃખ કે સુખ પ્રવર્તે છે.

ગોશાળાએ ઉગ્ર અશાતામાં પણ ભવિતવ્યતાથી પ્રબળ પશ્ચાતાપ વગેરેથી ૧૨મા દેવલોકને યોગ્ય આયુષ્યકર્મ ઉપાર્જિત કર્યું.

**આંતરિક બળવાન હોય તે બાહ્યપરિસ્થિતિ અને કર્મોના ઉદયોને ફેરવે છે. બાહ્ય બળવાનપણું આંતરિક પરિસ્થિતિને ફેરવે છે માટે ઔપક્રમિક પરિસ્થિતિઓ અને ઉદયોમાં બળવાનને અનુસરીને નિર્બળ ફરી જાય છે. અશુભ ફરીને શુભ થાય, શુભ કર્મનું અશુભ પણ થાય.**

પ્રબળ શાતાવાળા દેવતાને નરકની જગ્યામાં જવા છતાં અશાતા કરી શકાતી નથી અને નારકની પ્રબળ અશાતાને દેવો-દીર્ઘકાલીન શાતામાં ફેરવી શકતા નથી. ક્વચિત્ અલ્પકાળ માટે કદાચ ફેરવી શકે.

મનુષ્ય-તિર્યંચને મરણાંત કષ્ટોમાં બહુધા અશાતા હોવા છતાં ક્વચિત કોઇને પ્રબળ ભાવનાના બળે શાતાનો અનુભવ પણ હોય છે. આંતરિક અશાતાના અનુભવમાં પણ સત્ત્વ-ધૈર્ય-સહિષ્ણુતા-કર્મ ખપાવવા માટે દેહની-વિષયોની ભયંકરતાની પરિભાવના-વૈરાગ્યના કારણે અંતરમાં દુઃખ સાથે પરમ શાંતિ પણ અનુભવ ગોચર-અનુભવગમ્ય છે. માટે ખંધકાચાર્યના ૫૦૦ શિષ્યોની જેમ ઘાણીમાં પીલાવાના અત્યંત દુઃખમાં પણ પરમ શાંતિનો અનુભવ પામી કેવળજ્ઞાન પામી શકાય છે.


તેથી વિપરિત બાહ્ય પરમ શાંતિમાં પણ આંતરિક-આર્તરૌદ્રધ્યાન-સંકલેશ-મહા અશાંતિ-વિહ્વલતા અને ઉગ્ર દુઃખ વગેરે અનુભવાય છે. અત્રે બાહ્ય દુઃખનું વર્ણન બતાવી જીવને વૈરાગ્ય ઉત્પન્ન કરવાનું અને દુઃખના કારણો = આશ્રવો છોડવાનું કહ્યું અને પ્રાસંગિક દુઃખમાં ધૈર્ય-સત્ત્વ-સમતા કેળવવાના છે જેથી આંતરિક શાતા-પુણ્ય મેળવે-સદ્‌ગતિની પરંપરા સર્જાય.

□□□



## ૮૧

गिम्हायवसंतत्तो, अरणणे छुहिओ, पिवासिओ, बहुसो ।
संपत्तो तिरियभवे, मरणदुहं बहु विसूरंतो ।।८१।।



**ગાથાર્થ - તિર્યંચ ભવમાં અરણ્યમાં ગ્રીષ્મ ઋતુના તાપથી અત્યંત તપેલો અનેકવાર ક્ષુધા તથા તૃષાવાળો તું ઘણો જ ખેદ પામતો મરણનું દુઃખ પામ્યો છે. ।।૮૧।।**

*81. O living being,*
*As a sub-human,*
*You had to dwell in a dense forest,*
*Had to bear the intense heat of summer,*
*And frequently had to bear,*
*The misery of hunger and thirst.*
*Thus, you died innumerable times.*

કેવળ ઠંડી જ નહીં ગરમી પણ આ જીવના મરણનું કારણ બને છે અને તેમાં પણ જીવ પાસે જો તેનાથી બચવાના સાધનો ન હોય ત્યારે તેની હાલત કેવી થાય તે બતાવતા આ ગાથામાં કહ્યું-

ઉનાળામાં તડકો અરણ્યમાં-જંગલમાં વિશેષ હોય-ત્યાં તરસ-ભૂખને સહન કરતો જીવ તિર્યંચ ભવમાં તીવ્ર વેદનાને ભોગવતા અનેકાનેક વાર મરણ પામ્યો છે.

આવા મરણ અને વેદનાથી જીવ વિહ્વળ બનેલો-અસહાય બનેલો-ઉપાયરહિત બનેલો સંકલ્પ વિકલ્પોથી મરણ પામે છે.

આવી વેદનાની વિહ્વળતા દૂર કરવા ધૈર્ય અને સમતાથી સહન કરવા તૈયારી રાખવી. સામા પગલે સહન કરવાથી, કર્મની પરાધીનતા સમજવાથી અને ધર્મનું સ્મરણ કરતાં ભાવથી વેદના સહન કરવાથી ચિક્કાર કર્મો રવાના થાય છે.

**જેટલા કર્મ ભોગવાથી ખપે છે એના કરતાં અનેકાનેકગણા કર્મો ધર્મના શરણથી સહન કરીને કર્મ ખપાવવાની ભાવનાથી ખપે છે.** તે સમયે વિહ્વળતાના બદલે સત્ત્વ-ધૈર્ય અને સહન વખતે આત્મિક-આંતરિક આનંદ જીવમાં પ્રગટે છે.

બીજી વાત અન્યને પણ બચાવવાની-રક્ષવાની ભાવના-તૈયારી-તેને માટે સહન કરી લેવાની ભાવના મેઘકુમારની જેમ જીવને ધર્મને યોગ્ય બનાવે છે.

બીજાના દુઃખોને જોવાથી-યાદ કરવાથી અને પોતાના ભૂતકાળની વિટંબણા વિચારવાથી જીવને દુઃખ-દૌર્ભાગ્ય-દુર્ગતિના કારણભૂત આશ્રવો, પાપની પરિણતિઓ, અશુભ ભાવનાઓ, અશુભ ધ્યાન વગેરે ઉપર અરુચિ પ્રગટ થાય છે, એની મમતા તૂટે છે.

દ્રવ્ય સંવર-ભાવ સંવરની રૂચિ પ્રગટે છે. જીવ નવા પાપકર્મ બાંધતો અટકે છે, કરેલ પાપકર્મમાં પશ્ચાત્તાપ કરે છે. પાપકર્મ ઉપર અરુચિ-તિરસ્કાર થાય છે. વર્તમાનમાં કે ક્યારે પણ પાપકર્મ કરનાર ઉપર દયા ઉત્પન્ન થાય છે, એ લોકોના પાપ કાર્યમાં રૂચિ થતી નથી.

પાપના ફળરુપ દુઃખોને જીવ શાંતિથી-પાપકર્મની અરુચિપૂર્વક સહન કરવાથી ભોગવાતા કર્મો અને બીજા પણ અનેક પાપકર્મો જીવ ખપાવે છે. માટે પાપકાર્યના ફળને=દુઃખ અને આપત્તિઓને યાદ કરવાથી પાપકર્મ ઉપર જીવને જુગુપ્સા ઉત્પન્ન



થાય છે.

આ જુગુપ્સાથી પાપસ્થાનનો પક્ષપાત-રુચિ-પ્રેમનો હ્રાસ અને નાશ કરે છે એવી રીતે પૂર્વના પાપકર્મ જે બંધાયેલ છે તેનો પણ ધીમે ધીમે સંક્રમ વગેરેથી નાશ થાય છે. અશુભ પ્રકૃતિ શુભરૂપે થાય છે. નવા પાપકર્મ બંધાતા નથી-સાહજિક જે બંધાય છે તે તીવ્ર બંધાતા નથી. પુણ્યકર્મ પાપની અરુચિ વગેરેના કારણે બંધાય છે.

ટૂંકમાં પરાધીન-પરવશ-અનિચ્છાએ દુર્ગતિઓમાં જીવે વારંવાર ઘણું ઘણું અનંતીવાર સહન કર્યું છે અને તે વખતે જે કર્મ ભોગવાઇને ખપે છે તે કરતા વધારે આર્ત-રૌદ્ર ધ્યાનથી મોટા ભાગે બંધાય છે.


જ્યારે ધર્મ સમજેલા-પામેલા આત્માઓ વિષમ કર્મના ઉદયમાં આવેલા દુઃખોને કર્મને પરાધીન-પરવશ હોવા છતાં કર્મ ખપાવાનો-નિર્જરાનો ભાવ પ્રધાન બનતા નવા કર્મ અશુભ ન બંધાય તેવો સંકલ્પ હોવાથી, સદ્‌ભાવનાથી સહન કરવાના કારણે, આર્તરૌદ્ર ધ્યાન ન હોવાથી નવા અશુભ કર્મ બાંધતા નથી અને નવા શુભ કર્મ બાંધે છે. પૂર્વે બંધાયેલા અશુભ કર્મોની નિર્જરા પણ વિશેષ રુપે કરે છે.

તપ-જપ કષ્ટ અનુષ્ઠાન દ્વારા, જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય-વિવેક દ્વારા **''દુક્ખં મહાફલં''** એ ન્યાયથી સેંકડો ભવમાં ભોગવાય તેવા કર્મો ક્ષણે ક્ષણે જીવ ખપાવે છે.

માટે દુઃખને આવી દૃષ્ટિથી સહન કરવાથી ધર્મનો રંગ-આનંદ-ઉલ્લાસ વધે છે. અને ધર્મ સાનુબંધ થાય છે અને દુઃખ શરૂઆતમાં ભોગવવું પડે છે પણ પછી ફરી ફરી આવતું નથી-ધર્મના પ્રતાપે જીવનકાળ ભવોભવ-મોક્ષ સુધી બહુધા સુખમય સુખાનુબંધી પસાર થાય છે.

## ૮૨

वासासुऽरणमज्झे, गिरिनिज्झरणोदगेहिं वज्झंतो ।
सीयानिलऽज्झविओ, मओसि तिरियत्तणे बहुसो ।।८२।।


वासासु ऽरणमज्झे
गिरिनिज्झरणोदगेहिं वज्झंतो
सिआनिल ऽज्झविओ
मओसि तिरियत्तणे बहुसो ।।

**ગાથાર્થ** - તિર્યંચભવે અટવીમાં વર્ષાઋતુમાં પર્વતના ઝરણાના જળથી તણાતો અને શીતળ વાયુથી ધ્રુજતો તું અનેક વાર મૃત્યુ પામ્યો છે. ।।૮૨।।

*82. O living being,*
*As a sub-human,*
*You had to dwell in a dense forest,*
*Had to endure heavy rainfall in the monsoon season.*
*Were drenched by mountain streams,*
*And chilled by the cold winds,*
*Thus, you met your death a thousand times.*



તિર્યંચ ભવે જંગલની અંદર વર્ષાઋતુમાં પર્વતોની ઉપરથી પડતી-ઉતરતી પાણીના વહેણવાલી નદીઓમાં વરસાદનું પાણી વેગથી આવે એમાં તિર્યંચો તણાઇ જાય છે.

નદીનું પૂર મોટા ભાગે પર્વતોમાંથી આવતા પાણીના કારણે હોય છે. આવી નદીઓમાં તણાતા તિર્યંચો લગભગ મૃત્યુ પામે છે. આવા વખતે અને આ સિવાય પણ શિયાળા-ચોમાસામાં ઠંડા પવનથી ધ્રુજતો જીવ અનંત વાર મરણના દુઃખ પામ્યો છે-પામે છે. હિમ જીવોને અને વૃક્ષોને બાળી નાખે છે.

ત્રણ ઋતુઓના વાતાવરણના લીધે તિર્યંચ ભવોમાં થતાં દુઃખો બતાવ્યા. આ સિવાય પણ બીજા હિંસક જીવો જન્ય-રોગ જન્ય પણ અનેકાનેક દુઃખો તિર્યંચભવમાં જીવને ભોગવવા પડે છે.

આ બતાવવા દ્વારા તિર્યંચ ગતિના કારણભૂત અને નરકગતિના કારણભૂત આર્તરૌદ્ર ધ્યાન અને અશુભ ભાવનાઓને જીવે છોડવા પ્રયત્ન કરવો જોઇએ તે ગ્રંથકારશ્રીને જણાવવું છે.

અશુભ ધ્યાન અને અશુભ ભાવના છોડવા શુભધ્યાન, શુભભાવના સર્વ વિષયક-હંમેશાં-સાહજિક અપનાવવા જોઇએ એ માટે સતત બદ્ધલક્ષ અને પ્રયત્નશીલ બનવું જોઇએ. વૈરાગ્યભાવનાથી આ આવે છે અને આ ચિંતનના કારણે વૈરાગ્યભાવ સ્થિર થાય છે. સાહજિક થાય છે.

બીજાના દુઃખો જોઇ જાણીને જીવ તેના કારણ રુપ આશ્રવોને જાણવા પ્રયત્ન કરે છે અને એ પ્રયત્નોમાં પ્રવર્તન છોડે છે. એમાં પૂર્વે પ્રવર્તન કરેલ હોય તો પશ્ચાત્તાપ કરે છે. હવે બીજાના આશ્રવો જોવાથી સાંભળવાથી જીવને દુઃખ થાય છે, દયા આવે છે. સામાને આવનાર દુઃખો આંખ સામે તરવરે છે અને પોતાને પણ આશ્રવોમાં હેયત્વબુદ્ધિ-લાગણી દૃઢ થતી જાય છે.

**ભૌતિક સુખમાં રાગ એ દુઃખનું કારણ છે. અને સુખમાં દુઃખના કારણ તરીકેની લાગણી અને એમાં હેયત્વની બુદ્ધિ અને એના સંસ્કારને વૈરાગ્ય કહેવાય.**

ભૌતિક દુઃખોમાં સંસારી બધા આત્માઓને અરુચિ-દ્વેષ હોય છે પરંતુ આ દુઃખોના કારણભૂત કર્મો છે. તે કર્મના કારણભૂત એવો આશ્રવોમાં જીવને જે આનંદ થાય છે તે પાપસ્થાનો રૂપ આશ્રવોની પ્રવૃત્તિ અને તેમાં થતા આનંદને જીવ જ્યારે

ભાવી દુઃખના કારણરુપે જુવે અને એનાથી જીવ એવા આનંદમાં અરુચિ ધારણ કરે, આનંદ છોડે, એ આનંદમાં-એવી પ્રવૃત્તિમાં પશ્ચાત્તાપ ધારણ કરે તેને પણ વૈરાગ્યપણું કહેવાય છે.

એટલે કે દ્રવ્ય આશ્રવો અને ભાવ આશ્રવો અને બન્નેના ફળો રુપી કાર્યમાં જે રાગની લાગણી છોડીને ઉપેક્ષા-ઉદાસીનતા-ત્યાગની ભાવના કરે તે વૈરાગ્ય ભાવના છે.

તિર્યંચો વગેરેના દુઃખોનું વર્ણન જીવને વૈરાગ્યથી ભાવિત બતાવવા માટે છે. જીવ પ્રથમ સ્વજીવનના ભૌતિક દુઃખથી જેમ ડરે છે તેમ તે દુઃખના કારણભૂત પાપથી પણ ડરતો થાય.

એ પછી સંસારના જે જે દુઃખના કારણ (૧૮ પાપસ્થાનો) હોય તેનાથી ડરતો થાય એ પછી જે જગતના ભૌતિક સુખો છે તેના પરની જે મમતા-રાગની ઉગ્રતા, સંગ્રહ-ભોગની લાગણી એ પણ ભાવીના દુઃખનું કારણ જીવને દેખાય છે. અને એના પ્રત્યે પણ જીવ અરુચિ-ઉદ્વિગ્નતા ધારણ કરે છે. આને પણ વૈરાગ્ય કહેવાય.

મનુષ્ય-દેવલોકના ભૌતિક સુખોમાં પણ જીવે વૈરાગ્ય ધારણ કરવાનો છે. ભૌતિક સુખો પણ મોહ-માયા-મમતા દ્વારા દુઃખ-દુર્ગતિનું કારણ છે.


આ વિચારણા તે વિશેષ વૈરાગ્ય રુપ છે અને સમ્યક્ત્વની પૂર્વ ભૂમિકા છે. આ વૈરાગ્યશતક ભાવન-ચિંતન દ્વારા ધર્મના-આત્મ ગુણોના પાયારુપ છે અને સર્વ દુઃખોના નાશનું પ્રાથમિક લક્ષણ છે. સર્વ ગુણો-આત્મિક-અંતર્મુખ પ્રવૃત્તિ અને મોક્ષ સુધીના વિકાસનું પ્રધાન કારણ વૈરાગ્ય છે તેના ગ્રહણ-આસેવન શિક્ષા આ ગ્રંથથી મળે છે. માટે આ અને આવા ગ્રંથને ખૂબ ભાવિત કરવા.



## ૮૩

एवं तिरियभवेसु, कीसंतो दुक्खसयसहस्सेहिं ।

वसिओ अणंतखुत्तो, जीवो भीसणभवारणे ।।८३।।



**ગાથાર્થ -** એ પ્રમાણે ભીષણ ભવવનને વિષે તિર્યંચ ભવમાં જીવ એવી રીતે લાખો દુઃખોથી પીડાતો, અનંતી વાર વસેલો છે. ।।૮૩।।

*83. In these ways, the soul, born as a sub human,*
*Has experienced misery,*
*Endured lakhs of sorrows*
*And lived a thousand times*
*Lost in the horrifying jungle of transmigration.*

આ રીતે આગળ વર્ણન કર્યું તે મુજબ તિર્યંચના ભવોમાં લાખ્ખો દુઃખોથી પીડાતો ભયંકર અનેક ઉગ્ર દુઃખો અને ભયથી વ્યાપ્ત સંસારરુપી જંગલમાં અનંતકાળ અનંતવાર જીવ રહ્યો છે.

જીવનો મોટા ભાગનો સંસારકાળ તિર્યંચગતિમાં પસાર થાય છે. જ્યાં મહા અજ્ઞાન-અવિવેક અને કર્મ પરવશતા છે.

મુખ્ય રીતે જ્ઞાન, વિવેક, જ્ઞાન અને જ્ઞાનીની સમર્પિતતા ફક્ત મનુષ્યલોકમાં પ્રધાન છે. **સ્વચ્છંદતા અને સ્વતંત્રતા એ કર્મ પરતંત્રતાનું જ રુપક છે. સમર્પિતતા એ વિવેક અને જ્ઞાનની વિશેષ યોગ્યતાનું-ધર્મનું સ્વરુપ છે.**

જીવ બહુધા વર્તમાન જીવનમાં અસમર્થ અને ન સમજાય ત્યારે બીજાને આધિન રહે છે અને થોડીઘણી સમજણ આવે ત્યારે પોતાની બુદ્ધિ મુજબ વર્તે છે.

સંસારી જીવની બુદ્ધિ ભવિતવ્યતા આધિન-કર્મને આધિન હોય છે તે તેની ભાવી ગતિને સૂચવે છે તેથી જેમ મતિ એવી ગતિ કહેવાય તેમ ગતિ એવી મતિ-એ કહેવત છે.

**પરંતુ ધર્માત્મા ધર્મને આધિન રહે છે. ધર્મ એ જીવંત જ્ઞાની એટલે ગુરુને આધિન છે. અને જીવંતજ્ઞાની છદ્મસ્થ હોવાથી = બુદ્ધિ છદ્મસ્થતાયુક્ત હોવાથી તત્કાલીન પરમાત્માના શાસનને વફાદાર આચારસંપન્ન વિશેષ બુદ્ધિ-પ્રતિભા સંપન્ન અનેક ગીતાર્થ-જ્ઞાની ગુરુઓને સમર્પિત હોય છે.**

ચાલુ વ્યવહાર=જીવનના વ્યવહારમાં વિવેકી આત્માની બુદ્ધિ પ્રત્યેક કાર્યમાં જ્ઞાન અને વિવેકને આધિન હોય છે. પોતાનું જ્ઞાન ન પહોંચે તો વિવેકયુક્ત બની જ્ઞાનીને આધિન રહે છે.

એવી જ રીતે ધર્માત્માઓ પણ પોતાના વ્યવહારિક જ્ઞાન-ધાર્મિક જ્ઞાન અને વિવેકને આધિન બુદ્ધિવાળા હોય છે અને વિશેષ પ્રસંગે જ્ઞાનીના સુચનમાં અને જ્ઞાનીના માર્ગદર્શનમાં સમર્પિત બુદ્ધિવાળા હોય છે. તેથી ધર્માત્માની બુદ્ધિ કર્માધિન ન કહેવાતા સમર્પિત હોવાથી જ્ઞાનીને આધિન છે. માટે ધર્મ આધિન છે એમ કહેવાય.

આ ધર્મ=જ્ઞાનીની સમર્પિતતા બહુધા મનુષ્યભવમાં હોય છે. તેથી જ કહેવાયું કે ધર્મ-જ્ઞાન-જ્ઞાની-વિવેકને સમર્પિત થયેલાનો વૈરાગ્ય એ ગુણ છે. વિવેક એ જ્ઞાનગર્ભિત



હોય છે. પ્રધાન ચારિત્ર ગુણનો પ્રારંભિક અંશ છે.

પરતંત્રતા એ પરાધીનતા વાચી શબ્દ છે જ્યારે સમર્પિતતા એ વિશેષ વિનયવાચી=સ્વેચ્છાએ વડીલ-પૂજ્યની ઇચ્છા-સુચન-નિર્દેશને સ્વીકારવાની-અમલ કરવાની પોતાની ઇચ્છાનું સુચન છે એટલે આ સ્વતંત્રતાની વિશિષ્ટ ઉંચી ભૂમિકા છે.

જ્યાં પોતાની ઇચ્છાની પ્રધાનતા હોય ત્યાં પરતંત્રતા-પરાધીનતા કહેવાતી નથી.

ગુરુ સમર્પિતતા-ગુણવાન સમર્પિતતા એ દોષોને અટકાવે છે. પુણ્ય-ગુણ અભ્યુદયનું આપાદન કરે છે. શ્રી જિનાજ્ઞા પાલન રુપ છે અને મોક્ષ સુધી જીવને પહોંચાડે છે તેથી આને પરતંત્રતા ન કહેવાય.

**જ્ઞાન અને વિવેકને પરસ્પર કાર્યકારણ ભાવ છે એટલે કે જ્ઞાનથી વિવેક આવે, વિવેકથી વિશેષ જ્ઞાન આવે. આમ હોવા છતાં જ્ઞાનથી વિવેક આવે અને ન પણ આવે પરંતુ વિવેકથી અવશ્ય જ્ઞાન આવે. અને જીવમાં રહેલ જ્ઞાન વાસ્તવિક જ્ઞાનરુપ બને છે.**

**વિવેક એ સમ્યગ્દર્શનનો અંશ છે અને વિશેષ વિવેક એ સમ્યગ્દર્શનરુપ છે. જ્ઞાન કથંચિત એનું કારણ છે માટે જ દર્શન પછી જ્ઞાન બતાવ્યું અને યુગપત્ પણ બતાવ્યું પરંતુ ક્યાંય દર્શન પૂર્વે જ્ઞાન બતાવ્યું નથી.**

**સંસારભ્રમણ, વિવેક-ઔચિત્ય-સમ્યગ્દર્શન વગર અટકતું નથી, નાશ પામતું નથી, ઘટતું નથી ભલે ગમે તેટલું જ્ઞાન હોય. કારણ કે વિવેક વગર જ્ઞાન શ્રુત-ચિંતારુપ રહે છે. ભાવરુપ પરિણમતું નથી, આત્મ પરિણતિરુપ બનતું નથી.**

વૈરાગ્યના સ્વરુપનું વારંવાર ચિંતન એ આત્મ ભાવના-પરિણામરુપ બને છે અને સમ્યગ્દર્શન ન હોય તો તે અવશ્ય આવવાનું કારણ બને છે અને સમ્યગ્દર્શનના અંશરૂપ અને પ્રધાન કારણરુપ છે.

ભવભ્રમણ કરાવનાર રાગ-દ્વેષ-અજ્ઞાન-અવિવેક-અનૌચિત્ય છે અને આ બધાને ઘટાડનાર-નાશ કરનાર વૈરાગ્ય છે. અને એ વૈરાગ્ય ક્રમશઃ સર્વ ગુણ પ્રાપ્ત કરાવનાર છે. ભવભ્રમણનો સંપૂર્ણ નાશ કરનાર આ જ પ્રારંભથી અંત સુધી મુખ્ય છે. માટે વૈરાગ્યભાવન અતિ મહત્વનું છે.

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય એટલે વૈરાગ્યની વિવેકયુક્તતા-તીવ્રતા. આ વીતરાગની પૂર્વભૂમિકારુપ પણ છે. પ્રધાનતયા અને તીવ્ર અને સાનુબંધ દુઃખો વૈરાગ્ય અવસ્થામાં જ્ઞાનગર્ભિતતાના કારણે બંધાતા નથી. જુના બંધાયેલા હોય તો પણ બહુધા ધીમે ધીમે નાશ પામે છે.

જ્ઞાનગર્ભિત સિવાયનો વૈરાગ્ય નકલી છે. મોહ ગર્ભિત વૈરાગ્યમાં મોહના અંશોની પકકડ તીવ્ર હોવાના કારણે વૈરાગ્ય પોતાના સ્વરુપમાં નથી, બાહ્ય દેખાવ રુપ છે અને દુઃખગર્ભ વૈરાગ્યમાં દુઃખના કારણે છે માટે એ દુઃખગર્ભિત તો સાવ તકલાદી છે.

મોહગર્ભિત વૈરાગ્ય અચરમાવર્તમાં પણ સંભવે છે. જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પ્રધાન-તયા સમકિતીને અને આંશિક અપુનર્બંધકથી હોય છે.


સમકિત સિવાયની અવસ્થામાં વૈરાગ્ય આવ-જાવ કરે છે તેથી દુઃખ અને નરક વગેરે ગતિ બંધાય છે. પણ વૈરાગ્યકાળમાં ન બંધાય અને જે પાપ બંધાય તે દીર્ઘકાલીન અનુબંધવાળા ન હોય.

માટે વૈરાગ્યથી સતત ભાવિત થવા મથનાર-પ્રયત્ન કરનાર એ ચરમાવર્તી સમજવા, આસન્ન સમકિતી સમજવા-આવી આત્માની યોગ્યતા કેળવવા આ ગ્રંથનું ભાવન પરિશીલન કરવું.



## ૮૪

दुक्कट्ठकम्मपलयानिलपेरिऊ भीसणंमि भवरण्णे ।
हिंडंतो नरएसु वि, अणंतसो जीव! पत्तोसि ।।८४।।



ગાથાર્થ - હે જીવ! દુષ્ટ એવા આઠ કર્મ રૂપી પ્રલયના પવનથી પ્રેરાઇને ભીષણ ભવાટવીમાં ભટકતાં નારકીમાં પણ તું અનંતી વાર ગયેલો છે. ।।૮૪।।

*84. While wandering in the jungle of transmigration,*
*Impelled by apocalyptic winds,*
*The living being has been thrown into hell*
*Infinite times.*

સામાન્ય સંયોગોમાં મંદ મંદ અને પ્રમાણસર આવતો પવન ઠંડક આપે છે. 'હાશ' કરાવે છે, શરીરને ગમે છે, મનને રુચે છે પરંતુ તે જ પવન જ્યારે ૧૦૦ અને ૧૫૦ની ગતિએ ફૂંકાવા માંડે ત્યારે હાહાકાર મચાવે છે - અરુચિકારક અને અનર્થકારક બને છે. તે માત્ર પવન ન રહેતા પ્રલયનું રૂપક બને છે. પ્રલયકાળનો પવન સર્વ અનુકૂળ સામગ્રીનો નાશ કરે છે.

તેમ આ સંસારમાં કર્મો જ્યાં સુધી સામાન્ય-શુભત્વને ધારણ કરનાર હોય છે ત્યાં સુધી આનંદદાયક-અનુકૂળતાપ્રાપક-આગળ વધારનાર બને છે પરંતુ એ જ જ્યારે પોતાનું રૂપ બદલે છે ત્યારે અકળાવનારા-અટકાવનારા-અથડાવનારા થતા હોય છે.

અશુભ આઠે કર્મ જીવને પ્રાપ્ત થયેલ અનુકૂળતાઓ અને અનુકૂળ સામગ્રીઓનો જીવથી છુટા પાડવા રુપી નાશ કરે છે અને એ અશુભ કર્મો અશુભ સંયોગો પ્રાપ્ત કરાવી જીવને અનેક રીતે દુ:ખને યોગ્ય બનાવે છે.

તેથી આ અશુભ કર્મને વશ થયેલ-એના ઉદયમાં વર્તતો જીવ જગતની બધી અશુભ અવસ્થા પામે છે અને ભવરુપી જંગલમાં ભમે છે આ રીતે ભમતો જીવ અનંતવાર નરકમાં પણ જાય છે. એ રીતે અનંતવાર અનેક પ્રકારની-સર્વ પ્રકારની અશુભ અવસ્થાઓ જીવ આ સંસારમાં પામ્યો છે અને પામે છે.

આ નરક વગેરે અશુભ અવસ્થાઓ વારંવાર પામવાનું કારણ અશુભ આઠ પ્રકારના કર્મો છે અને એ અશુભ કર્મોને ઉત્પન્ન કરનાર જીવની મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિઓ છે. તેના અનેકાનેક ભેદો પડે છે. એ અશુભ પ્રવૃત્તિઓ અને તેના કારણભૂત અશુભ વૃત્તિઓ અને લાગણીઓ દ્વારા જીવ અશુભ કર્મ બાંધે છે અને એ કર્મોના ઉદયમાં જીવ ચારે ગતિની બધી અશુભ અવસ્થાઓ અનંતવાર વારંવાર જીવ પામે છે.

ટૂંકમાં દુ:ખનું કારણ કર્મ અને કર્મનું કારણ અશુભ વૃત્તિ-વાણી, વર્તન અને લાગણીઓ રુપી જીવોની ક્રિયા અને જીવોના ભાવ-જેને આશ્રવ કહેવામાં આવે છે.

જીવ આ આશ્રવ દ્વારા કર્મો બાંધે છે. આ આશ્રવો મિથ્યાત્વના ઉદયથી અજ્ઞાન અને વિપરીત જ્ઞાન દ્વારા કષાયોની તીવ્રતાથી તીવ્ર બને છે. ભાવ આશ્રવોને તીવ્ર બનાવે છે મિથ્યાત્વ-અજ્ઞાન અને કષાયની તીવ્રતા. અને શક્તિ-સંયોગ-સામગ્રીના



અનુકૂળ સંયોગોમાં દ્રવ્ય આશ્રવો પણ તીવ્ર બને છે. અશુભ કર્મબંધના રસ અને અનુબંધની તીવ્રતા ભાવ આશ્રવની તીવ્રતાથી જન્મે છે.

તેથી **ભાવ આશ્રવને ઘટાડવા મિથ્યાત્વ-અજ્ઞાન અને કષાયો ઘટાડવા પડે અને આ ત્રણેને મંદ બનાવવા જ્ઞાન અને ભાવના જીવનમાં અત્યંત અનિવાર્ય છે.** આ બન્નેથી મિથ્યાત્વ-અજ્ઞાન અને કષાયો જેમ ઘટે છે તેમ એનો રસ-લાગણી પણ ઘટે છે અને બાહ્ય આશ્રવ પ્રવૃત્તિના રસ-બળ-ઉત્સાહ-એમાં આનંદ પણ ઘટે છે, અશુભ કર્મ બંધ ઘટે છે, દુર્ગતિ ભ્રમણ અટકે છે, પ્રતિકુળ સંયોગો પણ અટકતા જાય છે.

માટે આત્મામાં રહેલા દુષ્ટ આઠ કર્મોને નબળા પાડવા માટે, એના ઉદયના પાવરને તોડવા-ઘટાડવા માટે-નવા અશુભ કર્મો ન બંધાય માટે-દુષ્ટકર્મોના વારંવાર અને ભવાંતરમાં લાંબાકાળ સુધી બંધ અને ઉદયને અટકાવવા માટે જ્ઞાન-ભાવના અને સદ્‌આચારોને જીવનમાં અપનાવવા. આ શ્લોકમાં કર્મની બલવત્તા બતાવી છે અને તેના કારણે દુ:ખ અને દુર્ગતિ ભ્રમણ બતાવ્યા છે.


**કર્મના ઉદયો સામાન્યથી અટકાવી શકાતા નથી છતાં જેમ કર્મના બંધો અને અનુબંધો શુભ ભાવના-જ્ઞાન પરિણતિ અને પ્રવૃત્તિથી અટકે છે તેમ જુના બંધાયેલા પણ તૂટે છે અને સોપક્રમ કર્મો ઉદયથી પણ અટકે છે.** અર્થાત્ એવા કર્મો ઉદયમાં નથી આવતા=તેમનો ઉદય અટકી જાય છે. ઉદયમાં આવે તો પણ કાળ અને પાવર ઘટી પણ જાય છે, ઉદય પહેલા પણ સ્થિતિ-રસનો ઘટાડો થાય છે.

સારાંશ એ છે કે **'બંધસમયે ચિત્ત! ચેતીયે'** અશુભ કર્મો બાંધતા પહેલા સાવધ બનો-થયેલા પાપકર્મોનો હૃદયથી પશ્ચાત્તાપ કરો, એની પ્રશંસા ન કરો-જેથી એ કર્મ મજબુત ન થાય, ઢીલા પડે, નબળા થાય.

સદ્‌ભાવના અને સદ્‌પ્રવૃત્તિથી પાપકર્મના ઉદયો ક્યારેક બદલાઇ જાય છે, ક્યારેક પાવર ઘટી જાય છે માટે જ્ઞાન-ભાવના-સત્ક્રિયા પાપકર્મના ઉદયોને ફેરવવામાં ઘટાડવામાં-અટકાવવામાં સહાયકરુપ બને છે આ શ્લોકથી આ સાવધાની કેળવવી.

## ૮૫

सत्तसु नरय–महीसु, वज्जानलदाह–सीयवियणासु ।
वसिओ अणंतखुत्तो, विलवंतो करुणसद्देहिं ।।८५।।



ગાથાર્થ - જ્યાં વજના અગ્નિ સમાન દાહ છે અને અતિશય ઠંડીની વેદના છે તેવી સાત નરકની પૃથ્વીને વિષે કરુણ શબ્દોથી વિલાપ કરતો તું અનંતી વાર વસેલો છે. ।।૮૫।।

*85. Infinite times, The living being has taken birth*
*In all seven grades of hell.*
*And cried out pitiably, When forced to endure*
*The extreme agonies of hell.*
*Such as the scorching heat of stone, And bone-freezing cold.*



અહિંયા સહેજ ઠંડી કે ગરમીનો પારો વધતા હાય-વોય કરતા-અકળામણ અનુભવતા-તેને દૂર કરવા-તેનાથી રક્ષણ મેળવવા મથામણ કરતાં આપણને ગ્રંથકાર મહર્ષિ આ ગાથા દ્વારા કહે છે-

વજાનલ-વજથી ઉત્પન્ન થયેલ જે ક્યારે પણ શાંત ન થાય-જે અગ્નિની પીડા વજ જેવી કઠોર-અસહ્ય-અતિ ઉગ્ર હોય તે દાહની પીડાઓ અને અત્યંત ઠંડીની પીડાઓ સાતે નરકની ભૂમિમાં નારક તરીકે ઉત્પન્ન થયેલ હે જીવ! તેં સહન કરી છે આવી નરકમાં કરુણ શબ્દોથી રડતો-બુમો પાડતો અનંતવખત તું રહ્યો છે.

આ શ્લોકમાં એમ કહેવા માંગે છે કે પીડાથી જીવ મુક્ત થવા માંગે તો પણ સંસારમાં ભમતા જીવોની=ભ્રમણ દરમ્યાન જીવોની મુક્તિ શક્ય નથી.

આજના થર્ડ સ્ટેજ કેન્સરની પીડા કરતા સેકંડે સેકંડે અબજો ગુણીથી પણ ઘણી વધારે શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો અનંતગુણ વધારે વેદના હોય છે, સતત હોય છે, આજીવન હોય છે. નરકની પીડા અતિ વિશિષ્ટ છે તે પણ અનંતવાર જીવે ભોગવી તેથી અનંતકાળ ભોગવી તેમ કહેવાય. બાકી સુખ-દુઃખનું ચક્ર સંસારમાં ચાલ્યા જ કરે છે.

આ બતાવીને એ જણાવવું છે કે **સંસારનો કાળ દુઃખબહુલ છે અને જે થોડો કાળ આભાસિક સુખનો છે તે પણ અનેક રીતના દુઃખોથી સંકળાયેલ છે માટે જીવનો મોક્ષ વગર દુઃખોથી છુટકારો નથી.**

મોક્ષ મોહ-માયા-મમતા-આરંભ-સમારંભને છોડ્યા વગર અને સંયમની આરાધના વગર મળતો નથી. જીવને કોઇ બીજો આધાર-આશરો-રક્ષણ ન દેખાય ત્યારે વાસ્તવિક આધાર સમજી શકે, સ્વીકારી શકે.

**વૈરાગ્ય-અધ્યાત્મ અને સદાચાર એ દુઃખથી છુટવાનો મુખ્ય-પ્રધાન-અનન્ય માર્ગ છે.** વૈરાગ્યશતકનું પ્રરુપણ દુઃખથી છુટવાના ઉપાય રુપે પ્રધાન-આદ્ય કારણ રુપે છે.

જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી દેહ ધારણ કરવો પડે છે. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી સુખ-દુઃખ છે. દેહનો વિવેક પૂર્વકનો નિગ્રહ વિષય કષાયના નિગ્રહ માટે છે. વિષય-કષાયનો ત્યાગ અને નિગ્રહ એ વૈરાગ્ય-અધ્યાત્મથી શક્ય છે અને આચાર એમાં મુખ્ય સહાયક છે. આનાથી પાપબંધ અટકે છે, કર્મ નાશ પામતા જાય છે.

સંસારના ચારે બાજુના-ચારે ગતિના ઘર-ઘરના અને વ્યક્તિ-વ્યક્તિના અનેક પ્રકારના દુઃખો-મુંઝવણો-ક્લેશો વગેરે વિવેક-સમજણ-જ્ઞાનચક્ષુથી વારંવાર વિચારવાથી-ચિંતનથી-દેખવાથી આ સંસારી જીવોનો જીવન વ્યવહાર દુઃખમય દેખાશે.

જેમ આ દુઃખો જોવા એમ એ દુઃખોના વ્યાવહારિક અને આધ્યાત્મિક કારણો શાસ્ત્રદૃષ્ટિથી અને અનુભવથી વિચારવા - આ બધા દુઃખોનું અને વ્યક્તિગત આ દરેક દુઃખોનું વારણ-નિકાલ-શાંતિ એ કેવી રીતે થાય તેના વ્યાવહારિક રીતે-વાસ્તવિક રીતે-આધ્યાત્મિક રીતે પણ ઉપાયો જાણવા-વિચારવા અને આચરવા.

આ રીતે આંતરિક સુખ-દુઃખના કારણો જાણીને જીવ કરણથી-કરાવણથી-અનુમોદનથી-પ્રશંસાથી દુઃખના કારણો છોડે તો જુના પાપને ખપાવવાથી અને નવા પાપો-દુઃખો ન બાંધવાથી દુઃખ અને દુઃખની પરંપરાથી રહિત બને છે. જીવને સંસારના-દરેક ગતિના દુઃખ બતાવી દુઃખરહિત બનવાના માર્ગે વાળવાનો આવા ગ્રંથોનો અભ્યાસ એ ઉપાય છે.

ભૌતિક સુખ અને એની વિચારણા એ બાળજીવોને આકર્ષિત કરીને વૈરાગ્યભાવ ઉત્પન્ન થવા દેતા નથી અને થોડો ઘણો બીજી અનેક રીતે વૈરાગ્ય ઉત્પન્ન થયો હોય તો તેનો પણ નાશ કરે છે માટે પ્રારંભિક જીવોને દેવોના-મનુષ્યના પણ દુઃખો બતાવાય છે.

તથા અનુકૂળતાઓ વધે-બાહ્ય સુખ વધે તેમ પણ વૈરાગ્ય ઉત્પન્ન ન થાય અને થોડો થયો હોય તે નાશ પામે. માટે વૈરાગ્યને ઉત્પન્ન કરવા-વધારવા અનેક પ્રકારની ભાવનાઓ સાથે અનુકૂળતાઓ છોડી-ઘટાડી ખડતર બનવું જોઈએ. વૈરાગ્યને વધારવાનો સ્થિર કરવાનો આ બાહ્ય ઉપાય છે.

જેમ સામાન્ય દીવો પવનથી ઓલવાઈ જાય છે તેમ સામાન્ય વૈરાગ્ય એ સુખ-દુઃખના ઝપાટાથી ઓલવાઈ જાય છે. પરંતુ વૈરાગ્યની ઉગ્રતા સ્થાયી થયા પછી જેમ દાવાનળને પવન વધારે પણ ઓલવે નહીં તેમ ઉગ્ર વૈરાગ્યને સુખદુઃખની પ્રબળતા પણ વધારે છે, ઓલવી નથી શકતી. વૈરાગ્ય મેળવવા અને વૈરાગ્યમાં સ્થિર રહેવા-વધારવા માટે સંસારના અનેક પ્રકારના દુઃખોનું ચિંતન કરવું - તે માટે આ વૈરાગ્યશતક વગેરે ગ્રંથો છે.

**ધર્મની આરાધના એ પણ બાહ્ય અનુકુળતારુપી સુખના ત્યાગવાળી હોય છે,**



**આપેક્ષિક આંશિક દુઃખના સ્વીકાર અને અનુભવવાળી હોય છે તેથી વૈરાગ્ય વિનાના આત્માઓને એ દુઃખરુપ લાગે છે અને અપેક્ષાએ પરાણે કરવી પડે છે.**

જ્યારે વૈરાગ્યવાળા આત્માઓ વૈરાગ્યથી ઉત્પન્ન થયેલ જે આંતરિક સત્ત્વ અને ત્યાગરુચિના પ્રતાપે આ ચાલુ દુઃખો સામે ચડીને-વધતા ઉલ્લાસે સહન કરે છે, એ દુઃખને તેઓ ગણકારતા નથી.

માટે વૈરાગી આત્માને પ્રધાનરુપે ધર્મનો અધિકારી બતાવ્યો. આ વૈરાગ્યની વૃદ્ધિ ધર્મની ભાવનાઓ અને આચાર બન્નેથી થાય છે અને પરાકાષ્ટા સુધી વૈરાગ્ય પહોંચે છે.

**દીવો કાયમ રાખવા જેમ ઘી કે તેલ જોઈએ અને દીવેટ પણ જોઈએ જ. કેમ કે દીવેટ વગર ઘી-તેલથી દીવો ન થાય તેમ ભાવનાઓ આચાર વગર અનુભવના પ્રકાશરુપ દીવાને કરી શકતી નથી માટે જ ઉગ્ર વૈરાગ્યવાળા પરમાત્માને ગૃહસ્થપણામાં સંયમના પરિણામ આવતા નથી અર્થાત્ સંયમના પરિણામ માટે બહુધા વૈરાગ્ય સાથે આચાર જોઈએ છે.**


વૈરાગ્ય વગર જેમ સંયમના પરિણામ ન આવે તેમ આચાર વગર પણ સંયમના પરિણામ બહુધા ન આવે. ક્વચિત ભાવનાવશ આવે તો પણ અંતર્મુહૂર્તથી વધારે ન ટકે-દીવેટ એકલી ઘી વગર વધારે સમય બળે નહિ અને ઘી પણ દીવેટ વગર વ્યવસ્થિત બળે નહિ.

**વૈરાગ્ય ઘી છે, આચાર દિવેટ છે. બન્નેનો ઉચિત સહયોગ નિરંતર અગ્નિ-પ્રકાશ આપે છે. માટે વૈરાગ્ય નિરંતર-કાયમ રાખવા આચાર જરૂરી છે. આચાર કાયમ રાખવા વૈરાગ્ય જરુરી છે.**

**સાચા વૈરાગ્યવાળા આચારનો ઈન્કાર કરતા નથી અને આચારવાળા વૈરાગ્યનો (સંયમનો). જો આચારવાળા વૈરાગ્યનો ઈન્કાર કરે તો એ વાસ્તવિક આચાર નથી. અને વૈરાગ્યવાળા આચારપાલનનો ઈન્કાર કરે તો તે સાચો વૈરાગ્ય ન સમજવો. માટે વૈરાગ્યશતક આચારનું મૂળ-ઉત્પાદક-રક્ષક-વર્ધક છે.**

## ૮૬

पियमायसयणरहिओ दुरंतवाहीहि पीडिओ बहुसो ।
मणुअभवे निस्सारे, विलाविओ किं न तं सरसि ।।८६।।




ગાથાર્થ - નિસ્સાર માનવભવમાં, પિતા, માતા અને સ્વજન વગરનો તથા દુરંત વ્યાધિથી અનેક વાર પીડાતો તું વિલાપ કરતો હતો, તે તું કેમ યાદ કરતો નથી? ।।૮૬।।

*86. O living being, Why do you forget, That you took birth innumerable times, As a human being devoid of dharma; Suffered from fatal diseases; And cried out in extreme agony. You were alone. Neither father, nor mother nor other family members were with you.*



આ સંસારમાં જીવો પૂર્વકૃત કર્મના ઉદયે અનેક પ્રકારની શારીરિક-માનસિક પીડાઓ ભોગવે છે. તેમાંની એક બતાવતા આ ગાથામાં કહે છે કે સ્વજનનો વિયોગ કે સ્વજનોનો વિરોધ થતાં રોગ આપત્તિમાં સ્વજનોનું રહિતપણું=સ્વજનો દ્વારા આશ્વાસનનો અભાવ-સ્વજનો દ્વારા વિશેષ કનડગતપણું.

અર્થાત્ એક બાજુ અનેક પ્રકારની રોગોજન્ય પીડા અને બીજી તરફ પીડામાં સાર-સંભાળ-સેવા કરનારનો અભાવ. આ બધી પરિસ્થિતિમાં માનસિક સંકલ્પ-વિકલ્પો દ્વારા આર્તરૌદ્ર ધ્યાન થતું હોય છે, એકલવાયાપણું, અસહાયકપણું, નિરાધારપણું અનુભવાય છે.

પીડાઓમાં અનેક પ્રકારની શારીરિક વિટંબણાઓ અને રોગ વગેરે અંગે પીડા વિશેષ ન હોવા છતાં ભયજન્ય સંકલ્પ-વિકલ્પો અને માનસિક હતાશા-તજજન્ય બાહ્ય શોક-વિલાપસૂચક બુમો પાડવી, રડવું વગેરેથી જીવ નિરાધાર બનેલ છે.

આવા જીવને મનુષ્યભવ રોગથી-પીડાથી બચાવવા માટે કર્મ પીડિતને માટે નિસ્સાર છે. આવી અવસ્થાને હે જીવ તું કેમ યાદ નથી કરતો?

**સંસારમાં રહેલા ચારે ગતિના જીવોની કર્મના યોગે પુદ્‌ગલોથી-શરીરથી-કુટુંબથી-સંયોગવિયોગથી જે દુઃખ-વિટંબના છે તે જો સુખી અવસ્થામાં-સ્વસ્થતામાં યાદ કરે તો જીવને દુઃખના કારણો તપાસવાનું અને છોડવાનું મન થાય અને અનુકુળ પ્રયત્ન કરીને જીવ દુઃખમાં પડતો અટકે. આ એક દુઃખથી બચવાનો ઉપાય છે.**

**દુઃખ આવ્યા પછી પણ એ અવસ્થામાં શું-શું કરવાથી દુઃખ જાય તેનો માર્ગ વિચારીને તે મુજબ વર્તવાથી પણ ધીમે ધીમે દુઃખ જાય અને યોગ્ય ઉપાયો ચાલુ રહેવાથી ફરી દુઃખ ન આવે.**

સુખી અવસ્થામાં દુઃખના કારણો જાણવા-સમજવા અને છોડવા એ પ્રથમ રસ્તો છે. સુખી માણસ દુઃખના કારણોને જાણે તો એ માર્ગે જાય જ નહી.

દુઃખી અવસ્થામાં પણ દુઃખના ઉપાયો જાણી તેને છોડીને દુઃખ નાશના અને આધ્યાત્મિક સુખના ઉપાયો અજમાવવા એ બીજા નંબરે ઉપાય છે. દુઃખની અવસ્થામાં દુઃખના કારણ અને એના નિવારણના કારણો જાણે, સમજે તો દુઃખના કારણો તરત

જ દૂર કરે અને દુઃખમાંથી છુટવાના કારણોને જાણેલ હોય તે આચર્યા વગર રહે જ નહિ.

આ ભૌતિક સુખો અને એના બાહ્ય સાધનો વગેરે ઉપાયો અને આંતરિક એની મોહ-માયા-મમતા વગેરે એ લોક વ્યવહારથી સુખના કારણ કહેવાય છે અને તે અલ્પકાલીન છે પરંતુ એના દ્વારા પાપ આચરણ અને મોહ, માયા, મમતા દ્વારા ઉગ્ર પાપકર્મ બંધ દ્વારા એ દુઃખના-દુઃખ પરંપરાના કારણો છે તેમ જીવ જો જાણે અને સમજે તો ભૌતિક સુખની મહત્તા ન માને અને એમાં મસ્ત બને નહિ.

તથા એના માટે અધ્યાત્મને-ધર્મને-આત્મશુદ્ધિના ઉપાયોને આત્મ સુખના ઉપાયોને ગૌણ ન કરે અને ભૌતિક અનુકૂળતામાં મોહ, માયા, મમતા ન કરે. આવા **ભૌતિક સુખો પ્રત્યેનો જે ગૌણ દૃષ્ટિભાવ-ઉદાસીન ભાવ-ઉપેક્ષાભાવ એ પ્રધાન વૈરાગ્ય છે.** એ લાવવા માટે ભૌતિક સુખો-સુખની સામગ્રી વગેરે ઉપર પણ દુઃખના કારણ રુપે દુઃખ પરંપરાના કારણ રુપે વિચારવા સમજવા એ વૈરાગ્યરુપે જીવ પ્રાપ્ત કરે ત્યારે સ્વસ્થ અને શાંત બને છે.

**પૌદ્‌ગલિક બધી અવસ્થા જીવને મોહબંધનનું કારણ છે એવું જીવ સમજે ત્યારે જીવ પ્રધાન-સાહજિક વૈરાગ્યનો અનુભવ કરે.**

પ્રારંભમાં જીવ ધર્મક્રિયા દ્વારા એનો આનંદ માને છે પછી કરેલ ક્રિયાની અનુમોદના કરે છે.


પછી ત્યાગ-તપ-જ્ઞાન-શીલ વગેરે દ્વારા દુઃખ જેવું ઉપલક જે લાગે છે તેને ધૈર્ય અને પ્રસન્નતાથી આચરવાથી આ ભૌતિક સુખની સામગ્રી અને તેની ઉપરની મમતાના ત્યાગનો ધર્મ એ પાપકર્મનો નાશ કરે છે અને વૈરાગ્યભાવને પ્રબળ કરે છે. ધર્મ આચરવા દ્વારા - ધર્મના નામે ત્યાગ-તપ વગેરે દ્વારા-ભૌતિક સુખની મોહમાયાને તોડવા દ્વારા અને આચરાતા ધર્મની મમતા દ્વારા અને દુઃખમાં સમતા-સમાધિ દ્વારા જીવ વૈરાગ્યને પુષ્ટ કરે છે.

આ વૈરાગ્ય એ જ કૈવલ્યજ્ઞાનનું પ્રકૃષ્ટ કારણ છે. એના કારણરુપે બાહ્ય આચારો-જ્ઞાન-વિચારણા અને ભાવનાઓ છે. વૈરાગ્ય એ જ્ઞાન-દર્શન-ચારિત્રનું આંશિક મિશ્રિત સ્વરુપ છે. એ મોક્ષનું આંતરિક કારણ છે.



## ૮૭

**પવણુવ્વ ગયણમગ્ગે, અલક્ખિઓ ભમઇ ભવવણે જીવો ।**
**ઠાણટ્ઠાણંમિ સમુજ્ઝિઊણ, ધણ-સયણ-સંઘાએ ।।૮૭।।**



**ગાથાર્થ -** સ્થાને-સ્થાને ધન અને સ્વજનના સમૂહને મૂકીને ભવવનમાં નહીં ઓળખાયેલો જીવ, આકાશ માર્ગમાં પવનની જેમ અદૃશ્ય રહીને ભમે છે. ।।૮૭।।

*87. Just as the wind blows in the sky,*
*The living being wanders anonymously*
*In the jungle of transmigration*
*Leaving behind at various places,*
*The wealth, family and friends that he had possessed*
*In his previous lives.*

જીવને પવનની સાથે સરખાવીને ત્રણ સમાનતા આ ગાથામાં બતાવતા કહે છે કે

૧) પવન જેમ આકાશમાં ચારેબાજુ ભમે છે તેમ જીવ એક ભવમાંથી બીજા ભવમાં જાય છે.

૨) જેમ પવનની સાથે કોઇ ચીજ હોતી નથી એમ જીવ ભવાંતર જતા અહીંની કોઇ ચીજો લઇ જતો નથી.

૩) જેમ પવન આકાશમાં જોરદાર ફરે તો પણ દેખાય નહીં, ખબર ન પડે તેમ જીવ ભવાંતર જતા જોઇ શકાતો નથી. સામાન્યથી જાણી શકાતો નથી.

જીવ જન્મે છે ત્યારથી મરે ત્યાં સુધી જે એકઠું કરે અને અનેક સંબંધો બાંધે એ બધું છોડીને પરલોક એકલો જાય છે. સંસારી જીવની સાથે પુણ્ય-પાપ રુપ કર્મ અને સારા-નરસા સંસ્કાર જાય છે.

અર્થાત્ અહીંની વ્યક્તિ-વસ્તુ-વ્યવહાર માટે જીવ જે કલેશ, સંકલ્પ, વિકલ્પ, રાગ, દ્વેષ કરે છે અને પાપસ્થાનો આચરે છે તેના કારણે કર્મો જે બાંધે છે તે વસ્તુઓ-વ્યક્તિઓ અને વ્યવહારો તો અહીં જ પુરા થાય છે પરંતુ તજ્જન્ય પાપ બાંધી પરલોકમાં રવાના થાય છે.

પરલોકમાં અહીંનું કશું આવતું નથી તો શા માટે અહીંની વસ્તુ માટે પાપબંધ કરવો, દુર્ગતિના કર્મો ઉપાર્જન કરવા?

પવનની જેમ જીવ એકલો અને બીજાથી ન જણાય તેમ ભવોભવ-જન્માન્તર ભટકે છે. ત્યાં જઇને વસ્તુઓ, વ્યક્તિઓ અને વ્યવહારના કારણે રાગ-દ્વેષ અને મમતા દ્વારા દુઃખ ઉપાર્જનના કારણભૂત કર્મ ઉપાર્જન કરે છે અને સંસારમાં વધુ ભટકે છે.

વિગ્રહ ગતિમાં જીવના ભ્રમણમાં રાગ-દ્વેષની તીવ્રતા ન હોવાથી વિશેષ સંસાર ઉપાર્જન નથી થતો તેવી જ રીતે અસંજ્ઞી અવસ્થામાં પણ નથી થતો. તેથી જીવ દ્વારા ઉપાર્જન કરાયેલ કર્મો અને અશુભ સંસ્કારોનો નાશ કરવા માટે પર્યાપ્ત અવસ્થા મુખ્ય જોઇએ છે.

એ અવસ્થામાં જેમ જીવ ઉગ્ર પાપકર્મ ઉપાર્જન કરે છે, ખોટા સંસ્કારો પાડે છે તેમ ધર્મના કારણે સમ્યગ્જ્ઞાનના કારણે-સદ્રુચિ-ભાવનાના કારણે-સદ્આચારના



કારણે સંજ્ઞિજીવ કર્મ તોડે પણ છે.


માટે વિશેષથી મનુષ્યભવ સંપૂર્ણ કર્મ તોડવા માટે ધર્મની પરાકાષ્ટા માટે સાત્ત્વિક સ્થાન છે. કારણ કે **સંજ્ઞિપણું શુભ કર્મ-શુભ સંસ્કારની પરાકાષ્ટા માટેનું એક અસાધારણ સ્થાન છે.** તેમાં નારક-તિર્યંચ સંજ્ઞી છે પરંતુ દુઃખબહુલ હોવાથી-અજ્ઞાનબહુલ હોવાથી અવિવેકના કારણે શુભ પ્રવૃત્તિ અને શુભ ભાવનાના વિશેષ અધિકારી નથી.

દેવો પણ પ્રચુર મોહ-અનુકૂળતાની પ્રધાનતા અને વિશિષ્ટ પ્રવૃત્તિ હેતુ ત્યાંની સામગ્રી સંયોગ અને તેવા પ્રકારના વિશેષ આચારસંપન્ન જીવોના અભાવે વિશેષ આચારધર્મમાં પ્રવૃત્ત થઇ શકતા નથી. આના કારણે આચાર ધર્મના અભાવમાં આચારના કારણે જે આત્માના ભાવોની વૃદ્ધિ અને શુદ્ધિ થાય છે, કર્મ-સંસ્કાર નાશ પામે છે તે દેવલોકમાં પામી શકતા નથી.

બીજું ક્યારેક આગંતુક આચાર વગર પણ આચારની પૂર્ણ યોગ્યતાવાળાને ભાવનામાં વેગ આવે છે. આચારની યોગ્યતા વગરના-સંઘયણ વગરનાને ભાવનાની ઉગ્રતા આવતી નથી. આ આચાર અને ભાવના દ્વારા મનુષ્યભવ કર્મ નિર્જરા માંટેનું પ્રધાન કારણ બને છે, બતાવ્યો છે. વૈરાગ્ય પણ આચારવંતને વિશેષ અને સ્થાયી બને છે જે ભાવનાજન્ય સાહજિક વિશેષભાવક્ષયોપશમરુપ છે.

## ૮૮

विद्धिज्जंता असयं जम्मजरामरण-तिक्खकुंतेहिं ।
दुहमणुहवंति घोरं, संसारे संसरंत जिआ ।।८८।।



**ગાથાર્થ - સંસારમાં ભટકતા જીવો જન્મ, જરા અને મૃત્યુ રૂપ તીક્ષ્ણ ભાલાઓથી અનેક વાર વિંધાતા ઘોર દુઃખ અનુભવે છે. ।।૮૮।।**

*88. Wandering in samsara,*
*Endlessly penetrated by*
*The sharpened spears of*
*Birth, old age and death,*
*Living beings constantly experience acute suffering.*



પૂર્વના કાળમાં થતા નાના-મોટા યુદ્ધોમાં દુશ્મન પક્ષે રહેલ વ્યક્તિનો નાશ કરવા તેને પીડા-વેદના પહોંચાડવા મુખ્ય બે શસ્ત્રો વપરાતા (૧) તલવાર અને (૨) ભાલો. નજીક રહેલને તલવારથી-દૂરને ભાલાથી.

તેમ આ સંસારમાં ફરતા-રખડતા-ભમતા જીવો જન્મ-ઘડપણ અને મરણરુપ તીક્ષ્ણ ભાલાથી વારંવાર વિંધાય છે. અને ઘોર દુઃખને અનુભવે છે.

જન્મ-જરા અને મરણના દુઃખો અતિ ઉગ્ર હોય છે. અને મોટા ભાગે જીવો દરેક ભવમાં આ પામે છે. સંસારી જીવો આ દુઃખોથી લગભગ છુટી શકતા નથી અને ઘોર દુઃખોનો અનુભવ કરે છે.

મનુષ્યભવ સંબંધી ગર્ભના-જન્મના દુઃખોનું વર્ણન શાસ્ત્રો કરે છે. એ રીતે ગર્ભજ તિર્યંચના દુઃખો પણ જીવે વારંવાર ભોગવ્યા છે. ઘડપણ અને મરણના દુઃખોની પણ ભયંકરતા ઘણી જ છે.

**કરૂણતા એ છે કે આ દુઃખો જ્યાં સુધી આવ્યા નથી ત્યાં સુધી જીવ બીજાના દુઃખો જોઈને-જાણીને સાવધ બનતો નથી અને દુઃખ આવ્યા પછી એમાંથી બચી શકતો નથી.** આવેલા આ ઘડપણ અને મરણના દુઃખો ધૈર્ય-સહિષ્ણુતા-સમાધિથી ભોગવવાથી એ દુઃખો અલ્પભવોમાં નિર્મૂળ નાશ પામે છે.

જેમ ઘડપણ અને મરણના દુઃખો ધર્મથી અને સત્ત્વ-સમાધિથી ધીમે ધીમે અલ્પ ભવોમાં નાશ પામે છે તેમ રોગના દુઃખો પણ નાશ પામે છે અને સંસાર જ નાશ પામી જીવ શાશ્વત મોક્ષને પામે છે તેથી જન્મનું દુઃખ પણ નાશ પામે છે.

સંસારમાં ભમતા જીવને દુઃખની કોલીટી કે કોંટીટી ક્યારે પણ કાયમ માટે ઓછી થઇ નાશ પામતી નથી. ક્યારેક બાહ્ય દેખીતી વધઘટ થાય તે વાત જુદી. સંસારના દુઃખોના પ્રકારો માપ્યા મપાય તેમ નથી અને ગણ્યા ગણાય તેમ નથી. આ બધા દુઃખો જન્મ-જરા-મરણ અટકે તો જ અટકે.

આનો નાશ કરવાની શક્તિ-યોગ્યતા કેવળ ધર્મમાં જ છે. એ ધર્મ ભાવદ્વારા-ક્રિયાદ્વારા-ભાવના દ્વારા ભાવસંસારનો-વ્યવહારક્રિયા સંસારનો-અશુભ ભાવનારુપી અધ્યવસાયનો-અશુભ વિચારધારાનો ઘટાડો અને નાશ કરે છે-ઘટાડે છે. અને એના કારણરુપ અને કાર્યરુપ કર્મનો પણ નાશ થાય છે તેથી જીવ જન્મ મરણાદિ દુઃખથી કાયમ માટે મુક્ત બને છે.

પાપકર્મનો બંધ મન-વચન-કાયાના યોગોથી અને મિથ્યાત્વ-અવિરતિ-કષાયોના કારણે થાય છે તે જીવનું એક પ્રકારનું પ્રવૃત્તિ વીર્ય છે જેને યોગ કહેવાય છે.

અયોગી ગુણસ્થાનક સિવાય જીવનું પ્રવૃત્તિવીર્ય એ યોગરુપ છે. તેમ મિથ્યાત્વ વગેરે જીવના પરિણામો કર્મબંધના હેતુઓ યોગ સહકૃત જ હોય છે.

સંસારી જીવોના આત્મ પરિણામો=ઔદયિકભાવજન્ય અને ક્ષયોપશમભાવજન્ય અવસ્થાઓ યોગયુક્ત અને તત્-તત્ કર્મોદય સહકૃત જ હોય છે. આ અધ્યવસાયોથી જેમ કર્મ બંધ પ્રવર્તે છે તેમ ૧૪માં ગુણસ્થાનક સિવાય કર્મ ઉદય પણ પ્રવર્તે છે. તથા પ્રધાનતયા ઔદયિક ભાવ અને ક્ષયોપશમભાવ પણ પ્રવર્તે છે. કર્મ ખપાવવા-નાશ કરવા માટે પણ શુભ પરિણામ સહકૃતયોગની પ્રવૃત્તિ પણ અનિવાર્ય છે.

ગુણ શ્રેણીઓનું નિર્માણ પણ અધ્યવસાય વિશેષથી થાય છે. એટલે કે કર્મનાશના કારણભૂત ગુણો અને ક્ષયોપશમ ભાવરુપ અધ્યવસાયો છે તે આંશિક મોહનીયના ઉદયમિશ્રિત છે.

ક્રિયા=ધર્મ-વ્યવહાર=આચાર પ્રવૃત્તિ-અનુચિત આચાર નિવૃત્તિ એ ક્રિયા રુપે યોગરુપ હોવા છતાં ઉદ્દેશ-લક્ષરુપે મોહનીયના ક્ષયોપશમ ભાવ મિશ્રિત હોય છે. તેથી એ પ્રધાનતયા કર્મનાશનું કારણ થાય છે. અને આંશિક કર્મબંધનું ગૌણ કારણ બને છે.


એટલે ક્રિયાધર્મ-ભાવનાધર્મ અને ભાવધર્મ એ ત્રણે પાપકર્મબંધના અટકાયક છે. સત્તામાં રહેલ પાપકર્મના રસના પણ પ્રધાનતયા નાશક છે, પાપકર્મના દલીકોનો પણ નાશ કરે છે.

જે પ્રધાનતયા નાશક હોય એ નિર્મૂલ નાશક પણ હોય - માટે **વૈરાગ્યભાવના-વૈરાગ્યભાવ-અને બન્નેના કારણભૂત સર્વ પ્રકારના પ્રભુ-સર્વજ્ઞ શાસનના આચારો ઉપરનો આદર અને એનું સાંગોપાંગ-સહેતુક જ્ઞાન અને એ ક્રિયાઓની શકય પરિસ્થિતિમાં પ્રવૃત્તિ-એની વારંવાર કરવાની ભાવના-લાગણી અને ચીવટ સર્વ દુઃખોનો-સર્વ પાપોનો નિર્મૂળ નાશ કરે છે** અને જીવ મોક્ષે જાય ત્યારે કર્મનાશનું સાધન યોગ પણ છોડીને જાય છે.



## ૮૯

तहवि खणंपि कयाविहु अण्णाणभुयंग डंकिया जीवा ।
संसारचारगाओ, न य उव्विज्जंति मूढमणा ।।८९।।



**ગાથાર્થ -** તો પણ અજ્ઞાન સર્પથી ડસાયેલા મૂઢ મનવાળા જીવો સંસાર રૂપી કારાગૃહથી ક્યારે પણ ક્ષણ માત્ર ઉદ્વેગ પામતા નથી એ ખેદની વાત છે ।।૮૯।।

***89. Despite all this,***
***Living beings do not seek freedom***
***From the jail of samsara***
***For they have been bitten by***
***The serpent of nescience.***

અજ્ઞાન સાપથી ડસાયેલા જીવો અજ્ઞાનયુક્ત મતિ-બુદ્ધિથી મૂઢ થયેલા જીવો દુઃખ-મોહ-અજ્ઞાનથી પીડિત હોવા છતાં, આ સંસારના કેદખાનામાં રહ્યા હોવા છતાં ઉદ્વેગ પામતા નથી!!!

સંસારરસિક જીવો મૂઢ મનવાળા છે. મૂઢ મન એટલે નિશ્ચેષ્ટ-વિવેકશૂન્ય-જડ-અવિચારક મન.

સંસારી જીવો વૈરાગ્યરહિત હોય છે એટલે જ રાગ દ્વેષથી અંધ અને જડ બને છે. જે રાગ-દ્વેષથી અંધ હોય, જડ હોય તે લાભ-નુકશાનનો વિચાર ન કરી શકે, કર્તવ્ય-અકર્તવ્યનો વિભાગ ન કરી શકે. તાત્ત્વિક-વાસ્તવિક સારા-નરસાનો ભેદ પાડી ન શકે તેથી જ કહેવાય છે અજ્ઞાની-આંધળો બન્ને સરખા.

આવા પ્રકારની મનની મૂઢતા=અજ્ઞાનતાથી રાગ-દ્વેષની તીવ્રતા આવે છે અને આ તીવ્રતાના કારણે અવિવેક આવે છે. એટલે અવિવેકની હાજરીમાં રાગ-દ્વેષની તીવ્રતા અને અજ્ઞાન પણ હોય જ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે.

અવિવેકથી મૂઢતા દારૂની મૂઢતાની જેમ થાય છે. સંસારી બધા જ જીવો જ્યાં સુધી ધર્મ નથી પામતા ત્યાં સુધી મૂઢ હોવાથી ક્ષણવાર પણ આ વિષયકષાયરુપી સંસારથી ઉદ્વિગ્ન થતા નથી. આ જીવની અજ્ઞાન અને મોહની પરાધીનતા છે.

**રાગ-દ્વેષને મૂર્ચ્છામાં પરિણમાવનાર મિથ્યાત્વ છે અને એમાં પક્કડ કરાવનાર વિશેષરુપે અજ્ઞાન છે.**

આ અજ્ઞાન બે પ્રકારે એક જ્ઞાનાભાવરુપ અને બીજું વિપરીત જ્ઞાનરુપ. એમાં બીજા પ્રકારનું વિપરીત અજ્ઞાન હેય ને ગુણરુપ-સુખરુપ-ઉપાદેય સમજાવે અને ઉપાદેયને દુઃખરુપ-ત્યાજ્યરુપ જીવને અનુભવમાં લગાડે.

તેના કારણે ધર્મને પામ્યા વગરના જીવો આ સંસારથી=જન્મમરણથી પરાધીન અને દુઃખી હોવા છતાં, એમાંથી છુટવાનો રસ્તો હોવા છતાં ક્યારે પણ એમાંથી છુટવાની ઇચ્છા અને પ્રયત્ન કરતા નથી - જેને જ્યાં ઉદ્વેગ ન હોય ત્યાંથી તેને છુટવાની ઇચ્છા શી રીતે થાય? ન થાય.

સંસારી જીવોને સંસાર કેદખાનું લાગતું નથી. દ્વેષ અને દ્વેષના કારણો જીવને ખરાબ લાગે છે. પરંતુ રાગ અને રાગના કારણો ખરાબ નથી લાગતા. તેથી સંસારમાં




લગભગ (નારક સિવાયના) દરેકને બન્ને મળેલા હોવાથી દ્વેષ અને તેના કારણોથી અમુક વસ્તુ-અવસ્થા કેદખાના જેવી લાગતી હોવા છતાં ભૌતિક સારી વસ્તુઓમાં મમતા દૃષ્ટિ હોવાથી કેદખાનું નથી લાગતું-જ્યારે ધર્માત્મા **''ચારગનારક સમ ભવ ઉભગ્યો-કેદખાના સમાન સંસારથી કંટાળ્યો છે-અને સુરનર સુખ તે દુઃખ કરી લેખવે, વાંછે શીવ સુખ એક''** આ દૃષ્ટિ હોય તેને સંસારમાંથી ઉદ્વેગ થાય-સુખમાંથી પણ ભાવી દુઃખનું કારણ જોતો હોવાથી ઉદ્વેગ થાય.

જેમ ભૌતિક શક્તિઓ મોહ, માયા, મમતા, આસક્તિ, ગર્વ અને બીજાના ઉપર તિરસ્કારના કારણે પાપ અને દુર્ગતિનું કારણ છે, અશુભ ભાવરુપ છે. માટે આત્માના નિર્મલ સ્વભાવ આગળ તુચ્છ છે, દુઃખનું કારણ છે એવી જ રીતે સંસારી જીવોના જે અપૂર્ણ-આધ્યાત્મિક ગુણો પણ અવિવેક-ગર્વ-બીજાને તિરસ્કાર વગેરેનું કારણ બને ત્યારે એ વૈરાગ્યની મંદતા અને દુષિતતાના કારણે ગુણોની શક્તિ પણ કેદખાનું-પાપનું સાધન અને રાગદ્વેષના નાટક રુપ સમજવું જે આત્માને સંસાર ભ્રમણમાં કારણ-સહાયક બને છે.

માટે કહ્યું છે વિપરીત જ્ઞાન અને જ્ઞાનાભાવ બન્નેના સહયોગથી આત્મા દુષિત-ક્લેશવાળો બને છે. પૂર્ણ જ્ઞાનીને જેમ વિપરીત જ્ઞાન ન હોય એમ જ્ઞાનાભાવ પણ ન હોય. અધુરા જ્ઞાનવાળાને આ બન્ને અજ્ઞાન હોય છે તેથી **''પ્રથમ ભગવાને કહ્યું તે તથ્ય છે.''** એ આલંબન કરીને અજ્ઞાનરુપી સાપનું ઝેર ઉતારવું પડે. આ ઝેર એટલે જેમ ભૌતિક-સુખમાં આનંદ અને મહત્ત્વ તેમ અપૂર્ણ ગુણોમાં પણ આનંદ અને મહત્વ માનવા. આ બન્ને પૂર્ણ જ્ઞાનાભાવ સ્વરુપ છે. અપૂર્ણમાં આનંદ અને મહત્ત્વ એ અપેક્ષાએ વિપરીત જ્ઞાનરુપ પણ છે.

**જ્ઞાનાભ્યાસ-ભાવના-વૈરાગ્યજન્ય સમ્યક્ત્વ એ મોહ-અજ્ઞાનજન્ય સાપના ઝેરને ઉતારે છે.** આ ૩ વાતોની પ્રવૃત્તિ એ બાહ્ય ક્રિયા અને ચારિત્રનું સ્વરુપ છે અને કારણ પણ છે. માટે જીવનમાં ભાવનામાં રમમાણ રહેવા કે વૈરાગ્યથી તરબોળ બનવા જ્ઞાન ભણવું જરૂરી-અનિવાર્ય છે.

कीलसि कियंतं वेलं, सरीरवावीई जत्थ पइसमयं ।
कालरहट्ट-घडीहिं, सोसिज्जइ जीविअंभोहं ।।९०।।




**ગાથાર્થ** - દેહ રૂપી વાવડીમાં તું કેટલો સમય ક્રીડા કરીશ? જેમાંથી દરેક સમયે કાળ રૂપી રેંટની ઘડીઓ વડે જીવિત રૂપી પાણીનો પ્રવાહ શોષાઇ જાય છે. ।।૯૦।।

***90. O living being, How long will you play and indulge yourself? For each moment, The rehat of time Is pulling out the water of your lifespan.***
***rehat = buffalo driven wheel of buckets employed to draw water from a well.***



સડસડાટ દોડતી કાર ક્યાં લગી મુસાફરીનો-ડ્રાઇવીંગનો આનંદ આપી શકે. તો કહેવું પડે કે જ્યાં સુધી ટાંકીમાં પેટ્રોલ ભરેલ હોય અને જેમ જેમ રસ્તો કપાતો જાય તેમ તેમ પેટ્રોલ ઓછું થતું જાય અને એક સમયે ગાડી આગળ વધતી અટકે.

સરસ રીતે પાણીની જેમ સહજતાથી ચાલતી પેનથી ક્યાં સુધી લખી શકાય? જ્યાં સુધી અંદર શ્યાહી છે ત્યાં સુધી અને જેમ-જેમ લખતા જાવ તેમ તેમ શ્યાહી ખૂટતી જાય અને એક વખત પેન ચાલતી બંધ.

તેમ સુંદર-સમર્થ દેખાતા આ શરીર પાસેથી આનંદ-મોજશોખ ક્યાં સુધી લઇ શકાય તેનો સાચો જવાબ આપતા આ ગાથામાં કહે છે કે, જે શરીરરૂપી વાવડીમાંથી કાલરૂપ અરઘટ્ટ ઘડીઓથી આયુષ્યરૂપી પાણી નિરંતર ખાલી કરાય છે તો તે વાવડી ખાલી થતા શું વાર લાગે? અર્થાત્ ખાલી થઇ જ જાય-અર્થાત્ આયુષ્યપૂર્ણ થયે જીવ શરીરને છોડીને બીજે ચાલ્યો જાય છે.

જીવ આયુષ્યના આધાર ઉપર શરીર ધારણ કરીને રહે છે. આયુષ્ય પૂર્ણ થતાં સંસારી જીવને શરીર છોડીને, શરીરને અહીં મૂકીને બીજે જવું જ પડે છે.

જેમ જીવને શરીર છોડવું જ પડે છે તેમ શરીર દ્વારા સંકળાયેલ બધી જ વસ્તુઓ અને બધા જ સંયોગો છુટી જાય છે એટલે કે બધા જ સંયોગજન્ય જીવને પ્રાપ્ત થતા હુંફ-આનંદ-અનુકૂળતા પણ છુટી જાય છે, નાશ પામે છે. એટલે કે સંસારી જીવને અનુકૂળ-પ્રતિકૂળ ચીજો-વસ્તુઓ-સંયોગો ભવોભવ-દરેક ભવે બદલાતા જાય છે. જીવ એવી પરિસ્થિતિમાં કેટલો કાળ સુખની લાગણી અનુભવી શકે?

સારાંશ એ છે કે કાળની જેમ=દિવસ-રાત્રિની જેમ સુખ-દુઃખના સંયોગો અને તજ્જન્ય અનુભવો ફરતા જ રહે છે. સંસારી આત્માને ક્યારે પણ કાયમી સુખ નથી અને દુઃખ કાયમી જેવું બહુધા હોવા છતાં એ પણ વધઘટવાળું થાય છે અને આંશિક સુખ દ્વારા વચ્ચે વચ્ચે બદલાતું પણ છે.

**આ પરિસ્થિતિમાં કાયમી દુઃખ છોડવાની પ્રક્રિયા અને કાયમી સુખી રહેવાનો રસ્તો છે. પુદ્દગલજન્ય સંયોગજન્ય સુખની ઉપેક્ષા-ઉદાસીનતા અને ત્યાગ કરતા રહેવું. તેને ગૌણ-અપ્રધાન સમજવું. એમાં સુખની બુદ્ધિ કરાવનાર વ્યક્તિ-વસ્તુ-વાતાવરણને અનિત્ય-અશરણ-અન્યત્વ-સંસાર વગેરે ભાવનાથી-પારકા-નાશવંત-પરાધીન સમજવા. તે માટે વૈરાગ્યભાવનાથી ભાવીત બનવું.**

**વૈરાગ્ય એ આત્માનું સ્વાભાવિક સંપૂર્ણ સુખ-આનંદ જે કાયમી છે તેને મેળવી આપવાનો અસાધારણ વિશિષ્ટ ઉપાય છે.**

જેનાથી ક્રમશઃ આત્મસુખની-નિર્ભયતાની અનુભૂતિ થાય છે. ભૌતિક દુઃખો ઘટતા જાય છે, એને સહન કરવાની વૃત્તિ-શક્તિ, ધૈર્ય-સત્ત્વ પ્રગટે છે, એનાથી થતા ભય-ઉદ્વિગ્નતા નાશ પામે છે, જીવ એને શાંતિથી સહન કરે છે અને વૈરાગ્યના કારણે એ દુઃખો નિરનુબંધ થઇને નાશ પામે છે, વધારે ટકતા નથી.

ભૌતિક સુખો ઉપર પણ જીવનો ઉદાસીન ભાવ હોવાથી, મમતા-રાગાંધતા ન હોવાથી જીવ એમાં આસક્ત બનતો નથી. **વૈરાગ્યના કારણે જે પુણ્ય બંધાય તેનાથી જીવને ભૌતિક સુખો બહુધા મોક્ષ પ્રાપ્તિ સુધી કાયમી જેવા રહેવા છતાં જીવ એને પૃથ્વીચંદ્ર આદિની જેમ સહેલાઇથી છોડી શકે છે. અને ભોગવતી વખતે એમાં નિર્લેપતા પણ રાખે છે.**

વૈરાગી આત્માને ભૌતિક સુખના સંયોગો બદલાય ત્યારે પણ એ વૈરાગ્યના કારણે આંતરિક આનંદની હાનિ થતી નથી. કારણ કે શાશ્વત-નિરુપાધિક-આત્મિક સુખનું કારણ વૈરાગ્યનું સુખ છે. આ રાગરહિતતા અને રાગની દુઃખકારિતાની ભાવનાથી જીવને જે શાંતિ-પ્રસન્નતા-હિમ્મત-ઉત્સાહ મળે છે એ અત્યંત વિશિષ્ટ છે અને ભૌતિક પરાકાષ્ટાના સુખ કરતાં પણ ચડીયાતી પ્રસન્નતા છે.

પ્રથમ દ્વેષ જીવનમાંથી ઘટતો જાય અને મૈત્રીભાવ આવે... દ્વેષના બાહ્ય સાધનો નિમિત્તો ઉપર ઉપેક્ષા-ઉદાસીનતા આવે પછી ધીમે ધીમે જીવ શમવાળો બને. આ શમવાળો જીવ બને ત્યારે બાહ્ય દુઃખોમાંથી દુઃખની ભાવના-વિચારણા-બુદ્ધિથી મુક્ત પ્રાયઃ બને.

આ દ્વેષના પરિણામો મંદ પડે પછી રાગના પરિણામો મંદ પાડવાનું સત્ત્વ જીવમાં પ્રગટે છે. એથી **રાગને મંદ પાડવાના-છોડવાના પ્રયત્નને-એની વિચારધારાને-એની ભાવનાને વૈરાગ્ય કહેવાય છે. આ વૈરાગ્ય એ ભવનિર્વેદનું બીજું નામ છે.**

દ્વેષ છોડવા કરતાં રાગ છોડવો મુશ્કેલ છે. સામે આવેલ-મળતી અણગમતી પણ ચીજનો સ્વીકાર સહેલો છે પણ મળેલ સારી વસ્તુને આપી દેવી-છોડવી કઠણ છે તે આપણને અનુભવસિદ્ધ છે.



વૈરાગ્ય એ મોક્ષમાર્ગનું આંતરિક સ્વરુપ છે અને એના વિશિષ્ટ સ્વરુપરુપ સમ્યગ્દર્શન વગેરે ભેદો છે એના પ્રધાન ઉપાયોને સમ્યગ્દર્શન વગેરે નામથી ઓળખાય છે.

વૈરાગ્ય એ ભવનિર્વેદની એક સાઇડ છે અને બીજી સાઇડ સંવેગની છે.

વૈરાગ્યથી જે ભવનિર્વેદ થાય તેનાથી આત્માની ભાવ અનુકંપા ઉભી થાય છે. પાપસ્થાનો અને પાપોમાં જીવને જે રાગદ્વેષની પરિણતિ થાય છે તે સર્વ સંસારના દુઃખનું મૂળ છે આ વાત ભવનિર્વેદથી જીવ સમજે છે અને એના દ્વારા આત્માને પાપોની પ્રવૃત્તિથી-વિચારથી જે બચાવવા ઇચ્છે છે તે આત્માની ભાવ અનુકંપા છે અને બીજાને પણ ધર્મ પમાડવા દ્વારા પાપ નિવૃત્તિ કરાવવાની જે લાગણી એ બીજાની ભાવ અનુકંપા છે એ પણ શક્ય ન હોય ત્યારે બીજાના બાહ્યપ્રાણોની રક્ષા એ દ્રવ્ય અનુકંપા પ્રથમ ભૂમિકા રુપે છે.

આ વૈરાગ્ય જ્ઞાન વિવેક ઔચિત્યયુક્ત હોય છે અન્યથા એ રાગ-દ્વેષનું રુપાંતર સમજવું-વૈરાગ્ય એ જ્ઞાનગર્ભિત સમજવો.

સ્વપરની ભાવ અનુકંપાવાળાની દ્રવ્ય અનુકંપાએ પ્રધાન છે. દ્રવ્ય અનુકંપા જીવદયાની લાગણીથી જો થાય તો તે સમ્યક્ત્વનું કારણ અને ભાવઅનુકંપાનું પણ કારણ છે.


વૈરાગ્ય એ વીતરાગતાનું કારણ છે. વૈરાગ્ય જેમ સંસાર=કષાય-વિષયોની નિવૃત્તિનું કારણ છે તેમ વૈરાગ્ય એ મોક્ષના કારણરુપ દ્રવ્ય-ભાવ ઉપાયોનું-સંવેગજન્ય પ્રકારોનું પણ કારણ છે. આશ્રવ નિવૃત્તિ-સંવર પ્રવૃત્તિનું મૂળભૂત કારણ વૈરાગ્ય છે. વૈરાગ્યની તીવ્રતા એ પ્રજ્ઞાપનીયામય બને છે, સમર્પણ પણ લાવે છે અને આસ્તિકતા પણ જન્માવે છે.

વૈરાગ્ય એ સર્વગુણો-સર્વ અધ્યાત્મ પ્રક્રિયાનું મૂળ છે માટે મોહ-અજ્ઞાન અને રાગાદિ પરિણતિને સુધારવા આવા ગ્રંથો આત્મસાત-ભાવિત બનાવવા જોઇએ.

## ૯૧

रे जीव! बुज्झ मा मुज्झ, मा पमायं करेसि रे पाव !

किं परलोए गुरुदुक्ख–भायणं होहिसि अयाण! ।।९१।।


रे जीव बुज्झ मा मुज्झ
मा पमायं करेसि रे पाव।
किं परलोए गुरुदुक्ख
भायणं होहिसि अयाणा ।।९१

ગાથાર્થ – હે જીવ! બોધ પામ, મોહ ન કર. હે પાપી! પ્રમાદ ન કર. હે અજ્ઞાની! પરલોકમાં ભારે દુઃખનું ભાજન શા માટે થાય છે? ।।૯૧।।

*91. O living being,*
*Attain true insight!*
*O sinner,*
*Give up sensuous indulgence and indolence!*
*O ignorant one,*
*Do you wish to experience*
*Extreme unhappiness and misery after death?*



બોધ પામ્યા વિના બોધિ પ્રાપ્ત થતી નથી અને મૂંઝવણ ગયા વિના મસ્તીનો અનુભવ કરી શકાતો નથી.

અજ્ઞાન અને આસક્તિ આગળ વધવામાં અટકાયત કરે છે. **अन्नाणी किं काही?** અને **'मा पडिबंधं करेह'** આ બન્ને સૂત્રો આપવા પાછળનો ઉદ્દેશ શું છે? અજ્ઞાનીને જ્ઞાન અને આસક્ત (વિષય-કષાયોમાં મુંઝાતો-મૂઢ બનતો) ને ભાન ન હોવાથી પાપ છોડતો નથી. નવા કર્મ બાંધીને પરલોકમાં મોટા દુઃખોનું ભાજન બને છે.

જીવની બે અવસ્થા છે, સાવધ અને અસાવધ-સજાગ અને ઉપયોગ શૂન્ય, કર્તવ્યનિષ્ઠ-કર્તવ્યશૂન્ય, વિવેકી અને અવિવેકી, સમજણવાળો, સમજણની યોગ્યતાવાળો-સમજણની યોગ્યતા વિનાનો. આમ અનેક પ્રકારે જીવની શુભ અને અશુભ અવસ્થાઓ હોય છે. એમાં જે જીવો જાગ્રત છે, આત્મપરિણતિવાળા છે, જે પાપનિવૃત્ત છે, જે આરાધનામગ્ન છે તેમને ઉપદેશ આપવાની જરૂર નથી.

**ઉપદેશ આગળ વધારવા કામ લાગે-અસ્થિરને સ્થિર કરવા કામ લાગે- જે સાંભળે-વિચારે એવાને કામ લાગે. જે માર્ગની બહાર હોય, કર્તવ્યમાં ન હોય કે અકર્તવ્યમાં હોવા છતાં એ લાઇન છોડી શકે તેવા હોય તેને ઉપદેશ આપવો ગુણકારી છે.**

માટે ધર્મને અભિમુખ કરવા આ ગાથામાં જણાવે છે કે બુજ્ઝ-એટલે જાગ્રત થા-સાવધ બન-મુંઝાતો નહિ.

જે જીવો પાપ આચરે છે તે કર્તવ્યને ન જાણવાથી- ન સમજવાથી-એમાં રુચિ ન કરવાથી, એમાં રસ ન આવવાથી, કર્તવ્ય છોડીને પાપ આચરે છે. આવા જીવો પાછા અકર્તવ્યને રસથી આચરે છે, એમાં મુંઝાયા છે, મમતાથી રાગાંધ થયા છે અને અકર્તવ્યને કર્તવ્ય સમજીને પાપ આચરે છે.

આ પાપનો રસ એ ભાવ પાપ છે અને પાપનું દ્રવ્ય આચરણ પણ કરે છે તેનાથી જીવ પરલોકમાં દુઃખને પામે છે. પાપની રુચિ અને આચરણથી હે જીવ! પરલોકમાં દુઃખનું ભાજન તું થશે તે શું તું જાણતો નથી? માટે મોહ છોડીને કર્તવ્ય, અકર્તવ્યને તું સમજ.

જીવની ચાર પ્રકારની ભૂમિકા હોય છે. ૧) જેને પાપ ગમતા નથી અને પોતાના જીવનમાં આચરતાં પણ નથી આવા જીવો પાપ બાંધતા નથી-ફક્ત ધર્મમય બને છે. આવાને **સર્વ આરાધક** કહેવાય.

૨) જેને પાપ ગમતા નથી પરંતુ પાપ આચરે છે તે જીવો પાપ નહિ ગમવાના કારણે લગભગ પાપ બાંધતા નથી પરંતુ પાપની પ્રવૃત્તિના કારણે અલ્પ પાપ બાંધે છે તેને **દેશવિરાધક** કહેવાય.

૩) જેને પાપ ગમે છે પણ પાપ આચરતો નથી. તેને પાપનો પક્ષ-રુચિ હોવાથી લગભગ બધું જ પાપ લાગે છે ફક્ત આચરણ નથી કરતો એટલું પુણ્ય બાંધે છે માટે એને દેશ આરાધક અને બહુલ વિરાધક કહેવાય. ૪) જેને પાપ ગમે પણ છે અને કાયાથી ઓછાવત્તા પાપ આચરે પણ છે તે **સર્વ વિરાધક** છે.

આ ચાર પ્રકારના જીવોમાંથી જેને પાપ ન ગમે તેને પાપ સહેલાઈથી છૂટે છે અને પાપ ન છુટે ત્યારે પણ પશ્ચાત્તાપ હોવાથી, પાપની અનુમોદના-પ્રશંસા ન હોવાથી પાપની ઉગ્રતા-પ્રબળતા થતી નથી-માટે અહીં બુજ્ઝ શબ્દ પ્રયોગ છે તેથી બોધ પામ અર્થાત્ પાપને ગમાડવા, તેના ઉપર રુચિ કરવાની છોડી દે. અને પાપને ન આચર એમ બતાવ્યું.

**પાપને ગમાડવાનું છોડે તે ધીમે ધીમે પાપ આચરવાનું પણ સહેલાઈથી છોડી શકે - જે પાપ ગમાડવાનું ન છોડે તે પાપ આચરવાનું છોડે તો પણ પાપની રુચિ એને ફરી પાપ તરફ ખેંચી જાય - માટે પાપ છોડીને એના ફળરુપે પાપ ગમાડવાનું અવશ્ય છોડવું પડે જ. પાપમાં મોહ, રસ, મમતા એ પાપ ગમવાનું ચિન્હ છે.**

પાપમાં મુંઝાય એ પાપ ભાવથી ન છોડી શકે અને વ્યવહારથી પણ બહુધા એ ન છોડી શકે - કદાચ કોઇ વ્યવહારથી છોડે તો પણ મોટા ભાગે એ છોડેલ પાપ પુનઃ જીવનમાં-મનમાં -પ્રવૃત્તિમાં આવે છે કેમ કે મનમાં એ બેઠેલ છે.

વૈરાગ્યપણું એ બોધપણું છે, પાપવર્જન લાગણીરૂપ છે, પાપના પક્ષપાતથી રહિત બનાવે છે, પાપ જુગુપ્સારુપ છે. એથી વૈરાગ્યથી પાપની રુચિ ઘટે છે, અરુચિ જાગે છે, વધે છે અને શક્ય પાપો જીવનમાંથી છુટે છે અને કાલાંતરે જીવનમાંથી સર્વ પાપો જાય છે.

ટૂંકમાં જે પાપનો પક્ષપાત છોડે પાપસ્થાન ઉપર અરુચિ કેળવે એના જીવનમાં શરુઆતમાં શક્ય પાપો છુટે અને પછી ધીરે ધીરે અશક્ય પાપો છોડવાના જીવમાં ધૈર્ય-સત્ત્વ-ઉત્સાહ-પુરુષાર્થ આવે અને સર્વપાપ જીવ છોડી દે-આ વૈરાગ્યભાવનું ફળ છે.


વૈરાગ્ય એ આત્માને દ્રવ્યપાપ અને ભાવપાપને ઓળખાવવા સમર્થ છે. વૈરાગ્ય એ જ્ઞાનાવરણ અને મોહનીય કર્મના નાશનું અમોઘ શસ્ત્ર છે. અને એથી વૈરાગ્ય સર્વકર્મ નાશનું ક્રમશ કારણ બને છે.

મુંઝાવાનું છોડવું અને બોધ પામવો એ વૈરાગ્ય આધીન છે. પ્રભુ મહાવીરના **'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા'** આ જ શબ્દોના કારણે ચંડકૌશિકને જાતિસ્મરણ-જ્ઞાનથી કષાયના પક્કડની મુંઝવણ નાશ પામી, તત્વબોધ-સન્માર્ગ વૈરાગ્યયુક્ત બોધ પ્રગટ થયો. તો એનું કામ થઇ ગયું. તેથી પરલોકમાં મોટા દુઃખોના શિકાર ન થવું હોય તો પ્રમાદ છોડી-જાગૃત બનવા માટે પ્રયત્ન કરવો.





**बुज्झसु रे जीव! तुमं, मा मुज्झसु जिणमयंमि नाऊणं ।**
**जम्हा पुणरवि एसा, सामग्गी दुल्लहा जीव! ।।९२।।**




**ગાથાર્થ - હે જીવ! બોધ પામ, જિનમતને જાણીને તું મોહ ન પામ. કારણ કે હે જીવ! આ સામગ્રી ફરી મળવી દુર્લભ છે. ।।૯૨ ।।**

*92. O living being,*
*Give up indolence.*
*Know the teachings of the Jinas*
*And attain true insight,*
*For the opportunity to do so*
*Is rare indeed.*

આંધળો માણસ ખાડામાં પડે તો સહાનુભૂતિને પાત્ર બને છે. અજ્ઞાની માણસ ભૂલ કરે તો ક્ષમાપાત્ર બને છે. પણ જ્ઞાની વ્યક્તિ ક્ષતિ કરે તો? ન સહાનુભૂતિ કે ન ક્ષમા, માત્ર સજાને પાત્ર બને છે.

એટલા માટે અહીં કહ્યું શ્રી જિનમત જાણ્યા પછી હે જીવ! તું બોધ પામ, સાવધ થા, મુંઝાતો નહિ.

**બોધ પામવો એટલે લાભ અને નુકશાનકારી વસ્તુ-વ્યક્તિ અને પ્રવૃત્તિઓ તથા વાણી-વિચાર અને વર્તન જાણવા અને નુકશાનકારી તરફનું મમત્ત્વનું વલણ એના નુકશાનકારિત્વના કારણે જીવમાં ઘટે અને નફરત આવે, ઉદાસીનતા-ઉપેક્ષા આવે તે સમ્યગ્બોધ છે.**

શાસ્ત્રો જેને હેય કહે છે તેના ઉપર રાગ-મમતા-રુચિ-આનંદ થાય, સંપર્ક ગમે વગેરે જે થાય તે હેયત્વરુપે જાણે પણ પરિણતિભાવ જો ઉપાદેયત્વરુપે હોય તો તે જીવની મિથ્યા પરિણતિ રુપ મુંઝવણ-મોહ છે.

જિનમત જાણવો એટલે જિનમતના અનુસારે આપણી પરિણતિ ઘડવી. અનાદિકાલીન સંસારી જીવોની જે પરિણતિ અને જ્ઞાન છે તે શ્રી જિનવચનાનુસારે મોહ-વ્યામોહ રુપ છે એટલે હેયમાં ઉપાદેય બુદ્ધિ કરે છે અને ઉપાદેયતામાં હેય બુદ્ધિ કરે છે.

શુદ્ધ આત્મા-આત્માના ગુણો-એના કારણરૂપ સંવર-નિર્જરા અને સંવર-નિર્જરાના કારણોમાં ઉપાદેયપણાની લાગણી એ બોધ-પરિણતિ આત્માને મોક્ષ પ્રાપક છે અને આ બધામાં હેયત્વ-ઉપેક્ષણીયત્વ-અસત્પણાની જીવની લાગણી-રુચિ એ મોહ છે.

એવી જ રીતે મોક્ષની રુચિ અને એને અનુકૂળ સાધનમાં જે વૃત્તિ, વર્તન વિપરીત છે, વિરોધી છે તેમાં જીવનું જે હેયત્વપણું એ બોધ છે એના બદલે ગુણકારિતાપણું લાગે-અનુભવાય તે મોહ છે.

જે આત્મા ધર્મભાવના વિમુખ છે તેનો બોધ=જ્ઞાનપરિણતિ મોહયુક્ત-ભ્રમરુપ છે. વાસ્તવમાં એ બોધ નથી-આને વિપરીત પરિણતિ કહેવાય.

જગતમાં ધર્મની સામગ્રી-સમજણ-રુચિ-સંયોગ અને પ્રવૃત્તિ અતિ અલ્પ જીવોને મળે છે. માટે એ બાહ્ય-અભ્યંતર સામગ્રી દુર્લભ છે. તેથી દુર્લભ સામગ્રીનો સદુપયોગ કરી લેવો એ પ્રધાન કર્તવ્ય છે.



બીજું હેયમાં જીવ વારંવાર પ્રવર્તે તો તેની હેયત્વ બુદ્ધિ નષ્ટ થાય અને એમાં ઉપાદેયત્વ બુદ્ધિ ઉત્પન્ન થાય. આ પણ જીવનો એક વ્યામોહ છે અને ઉપાદેય તત્ત્વની વિચારણા-એમાં પ્રવૃત્તિ-એનો સંપર્ક જેમ જેમ ઘટતો જાય તે પણ વ્યામોહ છે.

**વ્યામોહ ધર્મ સામગ્રીને દુર્લભ બનાવે છે.** બોધ એ જેમ વ્યામોહને ઘટાડે છે એમ વ્યામોહ બોધને ઘટાડે છે.

જીવનો બોધ મજબુત ન બને ત્યાં સુધી બોધની સામગ્રી-ચિંતન-અભ્યાસ-પરાવર્તન અને ધર્મક્રિયા એ પરિણતિ બોધને દૃઢ-દૃઢતર બનાવે છે અને આ બોધાનુકૂળ ચિંતનાદિ અને જ્ઞાનાચાર આદિ વ્યવહાર એ બોધની દૃઢતાનું પ્રધાન કારણ છે.

આનાથી વિપરીતબોધજનક-દૃઢત્વકારક જે ચિંતન-વ્રતપાલન વગેરે ક્રિયા ઉપર અરુચિ-ઉપેક્ષા-અનાદર-ગૌણત્વ કરણ એ સદ્બોધની પરિણતિનો હ્રાસ કરે છે. અને મોહ-મૂઢતાનો પક્ષ મજબુત બને છે.

મૂઢતા એ બોધ પ્રાપ્તિની સામગ્રીના અંતરાયભૂત કર્મ બંધાવે છે અને બોધની પરિણતિ ધર્મ સામગ્રી અનુકૂળ સંયોગો પ્રાપ્ત કરાવે છે તેમ ધર્મ સામગ્રી અને પરિણતિની પ્રવૃત્તિ અને રુચિને પ્રબળ બનાવે છે. સાથે સાથે મૂઢતાકારક અજ્ઞાન-અવિવેક-અસત્ લાગણીઓને ઘટાડે છે. જેના કારણે ભૌતિક વિશિષ્ટ સામગ્રી પણ મોહકારક ન બનતા વૈરાગ્ય પ્રેરક બને છે. જેમ પવન દાવાનળનો પ્રેરક છે સામાન્ય અગ્નિને ઓલવનાર છે.

વિશેષ ભાવનાશીલ આત્માને પુણ્યજન્ય ભૌતિક સામગ્રી પણ ત્યાગ-સત્ત્વની પ્રેરક બને છે. તેના પ્રત્યે ઉપેક્ષણીયતા અને ઉદાસીનતાની કારક પણ બને છે. કારણ કે બોધ એ વૈરાગ્ય પરિણતિને તીવ્ર બનાવે છે તેમ ભોગ સામગ્રી ઉગ્ર આપીને પણ એના ત્યાગના સત્ત્વને ઉગ્ર બનાવે છે.


માટે જગતમાં બીજા ભવથી ઉગ્ર બોધવાળા ઉગ્ર ભોગ સામગ્રીવાળા બહુધા હોય છે છતાં એ ઉગ્ર સત્ત્વથી અને તેના બોધની પ્રધાનતાથી ત્યાગવાળા પણ સાહજિક બને છે. માટે આ ઉપદેશ બોધની મંદતાવાળાને બોધ જાગ્રત કરવા-વધારવા માટે છે. અહીં બોધથી ઉગ્ર વૈરાગ્યજનીત પરિણતિ એ ઉગ્ર બોધ સમજવો.

ઉગ્રવૈરાગ્ય ઉત્પન્ન કરવા આ બોધ મેળવવા ''एसा सामग्गी दुल्लहा'' સૂત્રની સાથે વૈરાગ્યશતકના જુદા જુદા શ્લોકો જુદા જુદા દૃષ્ટિકોણ આપે છે. તેને નજર સામે રાખવા.

卐卐卐

# ૯૩

दुलहो पुण जिणधम्मो तुमं पमायपरो सुहेसी य ।
दुसहं च नरयदुक्खं, कह होहिसि तं न जाणामो ।।९३।।




ગાથાર્થ - જિનધર્મની ફરી પ્રાપ્તિ દુર્લભ છે. તું પ્રમાદી અને સુખનો અભિલાષી છે, નરકનું દુઃખ દુઃસહ છે. તારું શું થશે તે અમે જાણતા નથી.।।૯૩।।

*93. O living being,*
*You are indolent and seek pleasure.*
*The agonies of hell are intolerable.*
*We do not know what will happen to you in future.*



પૂર્વ પુણ્યોદયે પ્રાપ્ત થયેલ ભરપૂર સામગ્રી અને સંયોગો વચ્ચે સાવધાન બની જે તેને સાર્થક બનાવવા માંગતો નથી તેવા જીવો પ્રત્યે ચિંતાતુર કરૂણામૂર્તિ ગ્રંથકાર આ ગાથામાં કહે છે કે-

એકતરફ પરમાત્માનો ધર્મ દુર્લભ છે એટલે કે જેને અત્યંત મુશ્કેલીથી ક્યારેક જ પામી શકાય છે. બીજી બાજું તું પ્રમાદના આદરવાળો છે, પ્રમાદ તત્પર છે અને સુખનો-ભૌતિક અનુકૂળતાનો ઇચ્છુક છે આ બન્નેથી દુર્ગતિ અને નરકના દુઃખો પ્રાપ્ત થાય છે અને પામેલ ધર્મ નાશ પામે છે-નવેસરથી પામી શકાતો નથી એવા પ્રમાદ અને અનુકૂળતાને આધીન હે જીવ! તારું શું થશે તે ખબર પડતી નથી.

શ્રી વીતરાગ પરમાત્માનો ધર્મ હાલ-આજે વ્યવહારથી જે મળેલ છે તે ધર્મથી જીવે પ્રમાદ અને ભૌતિક વિષયોના ખેંચાણને છોડવા-તોડવા જોઇએ અને એ વિષય અને પ્રમાદને જો જીવ ઘટાડે-છોડે તો મળેલ ધર્મ સાંગોપાંગ વ્યવસ્થિત અને સંપૂર્ણ આરાધવા સમર્થ બને છે.

પ્રમાદ અને અનુકૂળતાથી અર્થાત્ વિષયકષાયોના કારણે શ્રી જિનધર્મ આરાધવો દુર્લભ છે. આ બન્નેનો નિગ્રહ કરે તો જીવ ધર્મ આરાધી શકે છે અને શ્રી જિનધર્મ આરાધે તો જીવ કાયમ માટે દુઃખરુપ આ સંસારથી મુક્ત થઇ શકે છે અને જો પ્રમાદ-વિષયને પરવશ પડે તો દુઃખમય આ સંસારમાં જીવ ભટક્યા જ કરે છે. ધર્મ પામતો નથી અને પામેલ ધર્મ પણ ગુમાવી બેસે છે.

**શ્રી જિનધર્મ આરાધ્યા વગર જીવ સંપૂર્ણ દુઃખથી મુક્ત થઇ શકતો જ નથી અને વિષય-પ્રમાદ-કષાયને જીત્યા વગર-દૂર કર્યા વગર-છોડ્યા વગર-ઘટાડ્યા વગર જિનધર્મ આરાધી શકાતો નથી.** કેમ કે વિષય-કષાયથી જીવ અત્યંત ભાવિત-વાસીત હોવાથી એનો ત્યાગ-નિગ્રહ મુશ્કેલ-કઠીન બને છે. પણ અશક્ય તો નથી. એનો નિગ્રહ મુશ્કેલ છે માટે જ જિનધર્મ દુર્લભ-અતિ દુર્લભ બતાવ્યો છે.

પ્રમાદ અને વિષયના નિગ્રહમાં તત્પરને-ઉદ્યતને-ઉત્સાહવાળાને જિનધર્મ સ્વભાવથી આરાધી શકાય છે. તેના માટે સુલભ સુકર પણ કહી શકાય. શ્રી વીતરાગ પરમાત્માના ધર્મની આરાધના વગર કોઇ જીવ મોક્ષે જતો નથી. વીતરાગ પરમાત્માનો ધર્મ શ્રી જિન-સર્વજ્ઞભાષિત છે. આ ધર્મનો પાયો વૈરાગ્ય છે.

એક વૈરાગ્ય જીવનમાં કેટલા ફેરફારો-કેવા સંસ્કારો-કેવું જીવન બનાવે છે તેનો

જો વિચાર કરીએ તો વૈરાગ્ય એ અનુકૂળતાની તૃષ્ણાનો અને પ્રમાદનો નાશ કરે છે, વૈરાગ્ય એ પાપ અને દુઃખોના કારણભૂત વચન-વિચારોને પણ ફેરવે છે, વૈરાગ્ય એ પાપની પ્રવૃત્તિઓમાં અરુચિ-તિરસ્કાર ઉભો કરે છે, વૈરાગ્ય એ પાપ પ્રત્યે ભય ઉભો કરે છે, વૈરાગ્ય એ સંસારની ચીજો વ્યવહારો-વ્યક્તિઓ પ્રત્યેની મોહ-માયાનો, મમતા-સ્નેહ સંગ્રહની રુચિનો નાશ કરે છે. વૈરાગ્ય એ નિર્લેપ બનાવે છે.

વૈરાગ્ય એ જ ધર્મને વાસ્તવિક ઓળખાવે છે, વૈરાગ્ય એ દેવ-ગુરુને આંતરિક સ્વરૂપે પણ ઓળખાવે છે.

વૈરાગ્ય એ મોક્ષને સમજાવે છે, અનુભવથી દેખાડે છે, વૈરાગ્ય એ મોક્ષને મેળવવાની રુચિ-તમન્ના આવે છે, વૈરાગ્ય એ આત્માના ગુણો-સ્વભાવશક્તિની ઝાંખી કરાવે છે.

વૈરાગ્ય એ ભૌતિક ભયોથી આત્માને મુક્ત કરી નિર્ભય બનાવે છે, વૈરાગ્યથી બાહ્ય અશુભ બધુ સુધરતું જાય છે-અટકતું જાય છે, વૈરાગ્યથી બાહ્ય અશુભ ઉપર ઉદાસીનતા અને ઉપેક્ષા આવે છે.

વૈરાગ્યથી ક્લિષ્ટ પાપબંધ થતા નથી, વૈરાગ્યથી પુણ્યબંધ સાહજિક થાય છે, વૈરાગ્યથી બધી સારી વસ્તુ ધીમે ધીમે મળતી જાય છે, વધતી જાય છે અને જીવને ભૌતિક સારી ચીજો ઉપર મમત્વ પણ થતું નથી.

વૈરાગ્ય બધા દોષોના નાશનું કારણ છે, બધા દુઃખના નાશનું કારણ છે, વૈરાગ્યની હાજરીમાં અનૌચિત્ય-અવિવેક આવી શકે નહિ-વૈરાગ્યથી ક્રમશઃ બધા ગુણો આવે છે, બધા સુખો સ્વાભાવિક આવે છે અને સાથે સુખ-સમૃદ્ધિની ઇચ્છા-તૃષ્ણા-મમતા જતી રહે છે, વૈરાગ્યથી મોક્ષ સુધી પહોંચાય છે.

વૈરાગ્યની પરાકાષ્ટા એ વીતરાગતા છે. આ વૈરાગ્ય પ્રમાદ અને વિષયનો વિરોધિ-નાશક છે. સર્વજ્ઞ પરમાત્માનો ધર્મ એ જિન ધર્મ કહેવાય છે એ મોક્ષ આપનાર છે અને કાયમ માટે સંસારથી છોડાવનાર છે. મોટા ભાગના જીવો આંતરિક અને બાહ્યથી જિનધર્મ પામીને જ મોક્ષે જાય છે. તેતલી પુત્ર-૧૫૦૦ તાપસાદિ જેવા અતિ અલ્પ જીવો બાહ્યથી જિનધર્મ ન પામ્યા છતાં ભાવના-વૈરાગ્યથી જિનધર્મ પામીને અથવા બાહ્યથી ન પામવા છતાં પૂર્વભવે જિનધર્મ પામી આરાધીને આવેલ હોય એવા જીવને બાહ્યથી ક્યારેક જિનધર્મ ન મળેલ હોય તેવા વલ્કલચીરી આદિની



જેમ નિમિત્તથી ભાવના અને જાતિસ્મરણ જ્ઞાન થાય અને તેનાથી જિનધર્મની સમજ અને પ્રાપ્તિ થાય-પછી એ વ્યવહારથી પણ જિન ધર્મ આરાધે. કોઇક શુભ ભાવનાથી કેવળજ્ઞાન પણ પામે.

**જિનધર્મ વ્યવહારથી પામવા માટે ક્રિયાકાંડ ઉપર અને એના કરનાર ઉપર રુચિ જોઇએ છે. આ રુચિથી સામગ્રી પ્રાપ્તિનું પુણ્ય બંધાય છે - આ રુચિ અને વ્યવહાર ધર્મ પણ દુર્લભ છે.**

ભાવધર્મ તો વૈરાગ્યપૂર્વક આચારની, વ્રત-પચ્ચકખાણની તીવ્ર રુચિ સાથે જીવનો જે જીવન વ્યવહાર તે ભાવપૂર્વકનો ધર્મ કહેવાય અને આંતરિક પ્રમાદ-ભૌતિક સુખ પ્રત્યે ધર્મના અંતરાયકારકત્વ તરિકેનો ભય, આ પણ ભાવધર્મ છે. દ્રવ્ય ધર્મ પણ દુર્લભ છે અને ભાવધર્મ તો અત્યંત દુર્લભ છે.

**દ્રવ્યધર્મ એ પુણ્ય આપે છે, આગંતુક શાંતિ આપે છે, અને યોગ્ય જીવને વૈરાગ્ય-વિવેક અને ભાવધર્મ આપે છે. દ્રવ્ય ધર્મ એ દ્રવ્યપાપ પ્રવૃત્તિ તાત્કાલિક અલ્પકાલીન કે દીર્ઘકાલીન ઘટાડે છે, છોડાવે છે.**

ભાવધર્મ એ આત્માના પરિણામમાં રહેલ પાપોને-પાપોના પક્ષપાતને-પાપ અને પાપના સાધનોના મમત્વને ઘટાડે છે, નાશ કરે છે.

આથી વિપરીત ભાવ અધર્મ છે, એ ભાવ અધર્મનો નાશ કરવા માટે જ્ઞાન, ભાવના, ચિંતનની અને ક્રિયાની પણ જીવને જરૂર પડે છે.

**પ્રમાદ અને અનુકૂળતાની વિશેષ રુચિ એ જીવના ભાવધર્મને મંદ પાડે છે, મલીન કરે છે અને વ્યવહાર આચારધર્મની રુચિને ઘટાડે છે અને નાશ પણ કરે છે.**

કોઇ પણ પ્રમાદ-વિષય-કષાય અને એના પ્રત્યેની કુણી લાગણી, રુચિ આદર, મમત્વની લાગણી-એ દ્રવ્ય અને ભાવધર્મનો ઘટાડો અને નાશ કરે છે.

વિષયકષાય પ્રમાદ વધારી દુર્ગતિની ખાણમાં જીવને ધકેલે છે જે દુર્ગતિના દુઃખો અત્યંત દુઃસહ્ય છે. એ દુઃખો પ્રાપ્ત થયા પછી શી દશા થશે?

જિનધર્મ દુર્લભ છે તું પ્રમાદમાં ખેંચાયેલો છે અને સુખની પાછળ પડેલ છે. આ બન્ને=પ્રમાદ અને અનુકૂળતાઓ દુર્ગતિના અસહ્ય દુઃખો આપે છે ત્યાં તારું શું થશે-માટે જિનધર્મ આચરવામાં-દુર્લભ એવા મળેલા જિનધર્મને આરાધવામાં તત્પર બન-

પ્રમાદ અને સુખની લંપટતા છોડ.

**રાગ-દ્વેષ એ સંસારની રાજધાની છે. વૈરાગ્ય એ ધર્મની રાજધાની છે.** એટલે કે જેમ જેમ રાગ-દ્વેષ, મોહ, અવિવેક, અજ્ઞાન વધે તેમ તેમ જીવનો સંસાર વધે, દુઃખ વધે, અવિવેક-અનૌચિત્ય વધે, પાપસ્થાનોનો રસ વધે, દોષ વધે, ધર્મની સુઝ-બુઝ નાશ પામે.

ધર્મ પામવા માટે પ્રથમ પ્રમાદ છોડવા પડે તે માટે વ્યવહાર ધર્મ=ક્રિયામાર્ગ= તપ-ત્યાગ, વ્રત-પચ્ચક્ખાણ આચરવા પડે અને આ પ્રમાદ છૂટે તો આચાર માર્ગ જીવનમાં વ્યવસ્થિત આવે અને એને આચરવામાં અનુકૂળતાઓ જેમ જેમ છોડે તેમ ઉલાસથી તે આરાધાય. કેમ કે **અનુકૂળતાની ઈચ્છા આવે એટલે આચારમાં પ્રમાદ ઉભો થાય.**

આચાર વખતે કે આગળ-પાછળ પણ અનુકૂળતાનો રસ-લાગણી-ઈચ્છાની તીવ્રતા થાય, એ આવે એટલે ક્રિયા-આચાર-તપત્યાગની રુચિ અને પ્રવૃત્તિમાં ઉત્સાહ મંદ થાય, ઓછાશ આવે.

આ મંદ ઉત્સાહ-ઓછાશ એ પ્રમાદ છે એ લાવનાર અનુકૂળતાઓનું ખેંચાણ છે. **અનુકૂળતાઓનું ખેંચાણ એટલે ભૌતિક સુખનો રસ.** આ પ્રમાદ અને ભૌતિક સુખની ઝંખના આ બે ચીજથી જીવ વ્યવહાર ધર્મ કરી શકતો નથી. અને કરતો હોય તો તે છુટી જાય છે. આ બે ચીજ ભાવધર્મનું પણ વિઘ્ન છે અને દ્રવ્યધર્મનું પણ વિઘ્ન છે.


દ્રવ્યધર્મથી ભ્રષ્ટ થનાર દ્રવ્યપાપ અને ભાવપાપ બન્નેમાં ખુંપે છે-પડે છે. સંસાર અને દુઃખની પરંપરા પામે છે. જ્યારે દ્રવ્યધર્મને પરાણે પણ પકડી રાખનાર કાલાંતરે સાહજિક દ્રવ્યધર્મ આરાધી શકે છે, ભાવધર્મની ઈચ્છા પામે છે, પ્રમાદની રુચિ ઘટે છે, અનુકૂળતા પ્રત્યે નફરત આવે છે, એથી દુઃખની પરંપરા નષ્ટ થતી આવે છે.

શ્રી જિનધર્મ વૈરાગ્યથી વણાએલો છે માટે વૈરાગ્ય વિનાના આત્માને શ્રી જિનધર્મ દુર્લભ છે અને વૈરાગ્યવંત આત્માને શ્રી જિનધર્મ અને એની વૃદ્ધિ અને પરાકાષ્ટા સાહજિક છે. માટે વૈરાગ્યથી વિશેષ અત્યંત ભાવિત બનવા આ વૈરાગશતક સંપૂર્ણ જીવન સુધી કંઠસ્થ-ભાવસ્થ-હૃદયસ્થ-પરિશીલનસ્થ બનાવવું.



## ૯૪

अथिरेण थिरो समलेण, निम्मलो परवसेण साहीणो ।
देहेण जइ विढप्पई, धम्मो ता किं न पज्जतं !।।९४।।




ગાથાર્થ - અસ્થિર, મલિન અને પરાધીન દેહથી જો સ્થિર નિર્મળ અને સ્વાધીન ધર્મ ઉપાર્જન થઇ શકે છે, તો તને શું પ્રાપ્ત નથી થયું? ।।૯૪।।

*94. The body is mutable,*
*Full of filth, and dependent on others.*
*Dharma is permanent, pure and independent.*
*Is it not sufficient,*
*That dharma can be attained through this body?*

અગ્નિ સર્વભક્ષક કહેવાય છે છતાં તેનો વ્યવસ્થિત ઉપયોગ કરવામાં આવે તો તેના દ્વારા રસોઇ બનાવી શકાય છે-પેટની ભૂખ ભાંગી શકાય છે.

મરચું તીખું તમતમતું ગણાય છે છતાં તેને જો પ્રમાણસર ભોજનના દ્રવ્યોમાં નાંખવામાં આવે તો ખાદ્યચીજો સ્વાદિષ્ટ બનાવી શકાય છે.

પેટ્રોલ તીવ્ર જ્વલનશીલ હોય છે છતાં ગાડી-કાર-રીક્ષાની ટાંકીમાં ભરવામાં આવે તો તેના દ્વારા વ્યક્તિ પોતાના લાંબા પણ ઇચ્છિત સ્થળે પહોંચી શકે છે.

સાગરના ખારા કે તળાવ-સરોવરના ગંદા પાણીમાં ફટકડી આદિ ચૂર્ણ નાખવામાં આવે તો તે પીવાલાયક બની અનેકોની તૃષા છિપાવી શકે છે.

તેમ શરીર અસ્થિર છે. શરીર મેલયુક્ત છે, શરીર પરવશ છે. છતાં તેનાથી જો ધર્મ કરી લેવાય તો આપણું કામ થઇ જાય તેમ છે.

અસ્થિર એટલે કાયમી નહિ, બદલાઇ શકે, ભાંગી શકે, નાશ પણ પામી શકે.

મનુષ્ય-તિર્યંચના શરીરો-સામાન્યથી બધાના શરીરો અસ્થિર-નાશવંત છે. જે નાશવંત હોય તે નાશ પામ્યા પછી બહુધા નક્કામું હોય, જીવ મર્યા પછી જીવને તો એ શરીર કોઇ જ કામ ન લાગે, આવા નાશવંત તરીકે જો શરીરનો વિચાર કરવામાં આવે તો જીવ દુ:ખમાં અકળાય નહિ, તેને શરીર પર મોહ-મુર્ચ્છા થાય નહી, ઓછી થાય, શરીર માટે શરીર દ્વારા વિષયો માટે પાપો ન કરે.

આવા નાશવંત શરીરને નભાવવું, સંભાળવું તો પડે જ, પણ તેની આસક્તિ ન રખાય.

આ શરીરથી જો ધર્મ કરી લઇએ, વિશેષ આરાધના કરી લઇએ તો એના જેવું ઉત્તમ શું? શું એ વ્યાજબી નથી? અર્થાત્ શરીરથી જેટલી રીતે ધર્મ સધાય તેટલી રીતે તેટલો ધર્મ સાધી લેવો જોઇએ. આ રીતે બધી જ નાશવંત ચીજો માટે સમજવું.

ધર્મ સ્થિર છે એટલે એ પ્રાપ્ત થયા બાદ કાયમ માટે આત્મામાં રહે છે. એ ધર્મ આત્મસ્વભાવરુપ છે. કારણરુપ ધર્મો એ આત્મ સ્વભાવરુપના સાધન છે, કારણ છે. માટે એને પણ સ્થિરતાનું કારણ સમજવું.

શરીરથી ધર્મ શી રીતે ઉત્પન્ન થાય એ પ્રશ્ન અંગે કહી શકાય કે આખો સંસાર શરીરના આધારે છે. શરીરયુક્ત મન-વચન-કાયાના આધારે છે અને એ ત્રણેના આધારે વિષયો-કષાયો-સ્વજનો-બાહ્ય વસ્તુઓ-બાહ્ય વ્યવહારો છે. આ જેમ છે તેમ તેનો ત્યાગરુપ ધર્મ પણ આ બધાના આધાર ઉપર છે.



**સંસાર જેમ આત્માના વીર્ય અને યોગના આધાર ઉપર છે તેમ ધર્મ પણ=મોક્ષના કારણભૂત પૂર્વ અવસ્થાનો ધર્મ પણ આત્મવીર્ય અને યોગના આધાર ઉપર છે.** જ્યારે સંસાર જીવથી છુટી જશે ત્યારે આત્મસ્વભાવરુપ ધર્મ પ્રગટ થશે અને ત્યારે કારણરુપ-અપૂર્ણરુપ ધર્મ, વ્યવહારરુપ ધર્મ, બાહ્યપ્રવૃત્તિરુપ ધર્મ પણ જીવમાંથી વિરામ પામશે કે સ્વભાવમાં ભળી જશે.

માટે શરીર આદિ નાશવંત ચીજોથી આત્મ સ્વભાવની પ્રાપ્તિરુપી ધર્મ અને એના કારણરુપ ક્ષયોપશમભાવના ધર્મને મેળવવો એ જ ઉત્તમ કર્તવ્ય છે.

**બીજી વાત છે** આ દેહ સમલ છે. મલ એટલે અશુચિ-બિભત્સપણું એટલો જ અર્થ ન લેતા **સમલ એટલે જેનો પાવર ઉતરી જતો હોય, જેની ક્વોલીટી ઉતરી જનારી હોય, જે જુનો થવાનો છે.** અહીં મુખ્ય દેહ સમજવો ઉપલક્ષણથી બીજી વસ્તુઓ પણ સમજવી. તેથી શરીર અને આ બધી પૌદ્ગલિક વસ્તુઓથી નિર્મળ એવા ધર્મનું ઉપાર્જન કરવું એ અત્યંત કર્તવ્ય છે.

ત્યાગરુપ-દાનરુપ-વિનયરુપ-ભક્તિરુપ-પ્રશંસા-ઉપબૃંહણારુપ-મમત્વત્યાગરુપ વગેરે ધર્મો જે પુદ્ગલ વિષયવાળા=પુદ્ગલની સહાય-સાનિધ્યથી થાય છે તેવા ધર્મના પ્રકારો દ્વારા આત્મશુદ્ધિ અને આત્મગુણોના લક્ષ્યથી ધર્મ કરવો એ વ્યાજબી છે. અહીં પણ આત્મસ્વભાવ અને ક્ષયોપશમભાવ - મોહનીયના હ્રાસ રુપ ધર્મ સમજવા.

**ત્રીજી વાત છે** શરીર પરાધીન છે કર્મથી તેમ આત્મા પરાધીન છે શરીરથી. આત્મા પુદ્ગલ પરવશ છે કેમ કે સંસારી આત્મા શરીરને આધીન છે એટલે પુદ્ગલને આધીન છે.

**પારકી ચીજથી, પુદ્ગલના સહારાથી આત્મગુણોની પ્રાપ્તિ થાય તો તે વિશેષ લાભરુપ કર્તવ્ય છે. જ્યારે આપણને વશ કરનારી-પક્કડમાં રાખનારી-ગાફેલમાં રાખનારી વ્યક્તિ આપણું કાર્ય આપણને કરવા દે ત્યારે પરવશ આપણે પોતાનું કામ કાઢી લેવું, પોતાનું કામ કરી લેવું.**

દેહ અનુકૂળ હોય, બુદ્ધિ-પરિવાર-ધન-સંયોગ અનુકુળ હોય ત્યારે તપ-જ્ઞાન-શીલ-ભક્તિ-જ્ઞાન-ચિંતન-પરોપકાર-સદ્ભાવના-અભ્યાસ વગેરેથી આત્માના વૈરાગ્ય-અધ્યાત્મ-સમતા-સહિષ્ણુતા-ધૈર્ય-પ્રસન્નતા વગેરે ગુણરુપી ધર્મ મેળવી લેવો એ વ્યાજબી છે, કર્તવ્ય છે, ઉચિત છે.

બાહ્ય બધી સામગ્રી અને શરીરથી આત્મગુણો મેળવવા તે જ કર્તવ્ય છે. આના માટે સતત વૈરાગ્ય-આત્મજાગૃતિ ઉચિત પુરુષાર્થ કરતા રહેવું જોઇએ. આમાં ભૂલ ભૂલામણીમાંથી અટકાવનાર વૈરાગ્ય છે. માટે વૈરાગની પણ મહત્તા છે. □□□

અને રુચિ અને ગુણો વધતા જાય છે. **આચારની રુચિ એ ગુણ રુચિનું વ્યક્ત બાહ્ય સ્વરુપ છે.**

આચારની પ્રવૃત્તિનો અવસર ન હોય ત્યારે આચારરુચિ ગુણરુચિ ઘટતી નથી પણ સ્મૃતિપથ દ્વારા વધે છે. ગુણ વિષયક આચારની પ્રવૃત્તિ વખતે પ્રવૃત્તિ દ્વારા ગુણની રુચિ વધે છે તેમ બીજાના ગુણો જાણવાથી-દેખાવાથી તેની સાહજિક અનુમોદના અને સ્મૃતિ દ્વારા આચારરુચિ અને ગુણ રુચિ વધે છે.

તથા ગુણોના અને તે વિષયના આચારના વર્ણનને વાંચવાથી-વિચારવાથી-પરાવર્તનથી-ભાવનાથી પણ આચાર અને ગુણરુચિ ટકે છે, વધે છે. **ગુણ-આચાર વિષયક જ્ઞાન અને ક્રિયા એ બન્ને રુચિને વધારે છે.**

આ રુચિ દર્શન મોહનીયના અને ચારિત્ર મોહનીયના કર્મનો ક્ષયોપશમ કરતા કરતા ક્ષાયિક ભાવના ગુણો જીવને પ્રાપ્ત કરાવે છે.

અપ્રાપ્ત અને અપૂર્ણ પ્રાપ્તને સ્વભાવથી રુચિ જુદી વર્ણવી-બતાવી શકાય છે. પ્રકૃષ્ટ અવસ્થામાં પ્રાપ્ત ગુણોવાળાને તો સ્વભાવથી ગુણમયતા હોય છે.

માટે ધર્મરત્ન પ્રાપ્ત કરવા ગુણવૈભવ મેળવવો પડે અને ગુણવૈભવ મેળવવા ૧) ગુણને અનુકુળ આચારો આચરવા અનિવાર્ય છે, જરુરી છે ૨) એના લાભો પણ જાણવા જરુરી છે. ૩) ગુણોનું અને ગુણોના કારણરુપ આચારોનું વિશદ સ્વરુપ પણ જાણવું-સમજવું જોઇએ. ૪) ગુણસંપન્નના, આચારસંપન્નના દૃષ્ટાંતો પણ જાણવા, યાદ રાખવા, વારંવાર વાગોળવા જોઇએ. ૫) ગુણોના નાશક જે પણ અસદ્ આચારો-વિચારો દોષ સ્વરુપ છે તે પણ જાણીને તેનાથી સાવધ રહેવું, તેને છોડવા. ૬) અસદ્ આચાર-અસદ્વિચારો અને તજજન્ય અશુભ સંસ્કારોથી થતા ધર્મભ્રષ્ટતા-ધર્મઅલાભ-ધર્મનિંદા-તિરસ્કાર અને ધર્મિ અવહીલનાદિ નુકશાનો દ્વારા આત્મામાં દોષોનો રસ અને ઉભી થતી દુર્ગતિની પરંપરા વગેરે સ્વરુપ-અપાય રુપ દૃષ્ટાંત વગેરે જાણીને આચાર અને ગુણો આચરવા.


દોષો અને અસત્ આચારો છોડનાર, છોડવા માટે તત્પર રહેનાર, બનનાર, ધર્મરત્ન માટે યોગ્ય ગુણવૈભવ મેળવી તે ધર્મ મેળવે છે અને ધર્મમાં આગળ વધે છે. આવા જીવને ધર્મ સુલભ થાય છે. ધર્મ મળે છે, ધર્મમાં સ્થિર થઇને ધર્મની પરાકાષ્ટાએ જીવ પહોંચે છે.



## ૯૬

जह दिट्ठीसंजोगो, न होई जच्चंधयाण जीवाणं ।

तह जिणमयसंजोगो, न होई मिच्छंध-जीवाणं ।।९६।।



ગાથાર્થ - જન્માંધ જીવોને જેમ ચક્ષુનો યોગ ન હોય તેમ મિથ્યાત્વથી અંધ જીવોને જિનધર્મનો યોગ ન હોય. ।।૯૬।।

*96. Just as one born blind,*
*Cannot attain vision.*
*Similarly, one who is deluded*
*Cannot attain a correct understanding of the Jinas' teachings.*

જેમ જાત્યંધ જીવોને આંખથી કશું દેખાતું નથી તેવી જ રીતે મિથ્યાત્વથી અંધ થયેલા કે રહેલા જીવને જિનમત-જિનમતનું સ્વરુપ-જિનમતની વિવક્ષા-જિનમતના અનેક પ્રકારના લાભ - જિનમતનો અનેકાંતવાદનો દૃષ્ટિકોણ સમજાતો નથી.

આંખ અને આંખથી જોવું એ દૃષ્ટાંતપક્ષ છે, ઉપમા છે, ઉપમેયમાં માનસિક દર્શન એટલે વિચારધારા-સમજણ-દૃષ્ટિકોણ-વિવક્ષા-અપેક્ષા લેવી. આગંતુક લાભ-નુકશાન-દીર્ઘકાલીન લાભ-નુકશાન રુપ દૃષ્ટિ, ભૌતિકદૃષ્ટિ-આધ્યાત્મિક દૃષ્ટિથી ભેદ પડે છે.

મિથ્યાદૃષ્ટિ આધ્યાત્મિક દૃષ્ટિની અપેક્ષાએ જાત્યંધ છે. સમ્યગ્દૃષ્ટિ જીવો બન્ને દૃષ્ટિવાળા છે પરંતુ ભૌતિક દૃષ્ટિ ઉપર એ અપ્રધાન દૃષ્ટિવાળા છે.

આમ કહીને એ વાત બતાવે છે કે **અપુનર્બંધકથી અને વિશેષ રુપે સમકિત પ્રાપ્ત થાય ત્યારથી જિનમતને જાણવાની, સમજવાની, પામવાની, મેળવવાની, જીવનમાં અપનાવવાની માનસિક દૃષ્ટિ આવે છે.** એ પહેલાની અવસ્થામાં=અપુનર્બંધક પૂર્વે જિનમત જેવી કોઇ વસ્તુ તાત્ત્વિક રીતે જોઇ-જાણી-માની શકતો જ નથી.

અર્થાત્ દરેક કાર્યો-વ્યક્તિ-વસ્તુ-વ્યવહારમાં પરમાત્માના શાસન પામેલાના દૃષ્ટિકોણ જેવા આત્મિક-લાભકારી હોય છે. તેવો દૃષ્ટિકોણ મિથ્યાત્વીને અધ્યાત્મ ન હોવાથી-કેવળ ભૌતિકતા જ પ્રધાન હોવાથી આવી શકતો નથી.

દરેક વસ્તુ વગેરેમાં જે બે દૃષ્ટિકોણ હોય છે તેમાંથી સમકિતીને તો બન્ને દૃષ્ટિકોણ છે. તેને ભૌતિક દૃષ્ટિકોણ ગૌણ પણ હોય છે. જ્યારે મિથ્યાત્વીને આધ્યાત્મિક દૃષ્ટિ જ નથી, એ અધ્યાત્મને માનતો નથી તેથી દરેક વાતોમાં આધ્યાત્મિક દૃષ્ટિકોણ રહિત હોવાથી એ જાત્યંધ છે અને દરેક વાતોમાં તેને ભૌતિક દૃષ્ટિકોણ જ મુખ્ય હોય છે જે લાભકારક નથી, પણ દુર્ગતિકારક છે. માટે તાત્ત્વિક દૃષ્ટિએ એ દૃષ્ટિકોણ પણ ખોટો છે. તેથી એ અપેક્ષાએ ભ્રમ જ્ઞાનવાળો છે, વાસ્તવિક જ્ઞાન નથી.

મિથ્યાત્વવાળો જીવ અધ્યાત્મની દૃષ્ટિથી જાત્યંધ છે એટલે આત્માનું સ્વરુપ-આત્મગુણો જેમ જોઇ-જાણી શકતો નથી તેમ એને પ્રાપ્ત કરવાના ઉપાયો પણ જાણી-માની શકતો નથી, સમજી શકતો નથી. દુર્બુદ્ધિને જે ન સમજાય, તેને માનવા-વિચારવા તૈયાર ન હોય.



તથા અભવ્ય જીવો જેમ શુદ્ધ આત્માને નથી માનતા તેમ શુદ્ધ આત્મપ્રરુપકના એ અંશને ખોટો માને છે. અભવ્યને અધ્યાત્મ નથી તેથી અધ્યાત્મદૃષ્ટિથી અભવ્ય પણ અંધ છે.

ટૂંકમાં અપુનર્બંધકથી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે - વ્યવહારમાં જ્ઞાનને દૃષ્ટિ નથી કહેવાતી પરંતુ બુદ્ધિથી વસ્તુની પારખને દૃષ્ટિ કહેવાય છે.

ગુણ અને દોષની પારખ જિનમતમાં જ વિશેષ છે તેથી ત્યાં પૂર્ણ દૃષ્ટિ છે ઇતર દર્શનોમાં ગુણ-દોષની આંશિક દૃષ્ટિ છે. અચરમાવર્તમાં અક્રિયાવાદી છે. અક્રિયાવાદીને અધ્યાત્મદૃષ્ટિ નથી, ઇતર દર્શનો પણ ચરમાવર્તમાં જ હોય છે કેમ કે એ લોકો મોક્ષને આપેક્ષિક માને છે.

અધ્યાત્મ એ વૈરાગ્યયુક્તને હોય છે. વૈરાગ્ય એ દોષ-ગુણ પારખ દૃષ્ટિ છે. તેથી વૈરાગ્ય રહિત એ જાત્યંધ જેવો છે કેમ કે તે ભવાભિનંદી હોય છે અને આવા જીવો અચરમાવર્તી કહેવાય છે.

તેમ સમકિતીને દૃષ્ટિયુક્ત કહ્યો. સમકિતી એટલે ભાવસમકિતી એટલે અનેકાંતદૃષ્ટિવાળો=પરમાત્માના શાસનના સર્વાંશને યથાસ્થિત જાણનાર-અનુભવનાર. માટે આ દૃષ્ટિ કેળવવી અને તે વૈરાગ્યથી આવે છે.


કષાય-વિષયના ઉગ્ર આવેશના હ્રાસથી-સહજમલના હ્રાસથી ચરમાવર્તમાં જીવ આવે ત્યારે ભવાભિનંદીના ૮ દોષોના જવાથી, અક્રિયાવાદીમાંથી ક્રિયાવાદીપણું પ્રાપ્ત થવાથી જીવને અધ્યાત્મની દૃષ્ટિ અપુનર્બંધકથી આવે છે અને વિશેષ રીતે સમ્યક્ત્વથી આવે છે. વૈરાગ્ય એ આ દૃષ્ટિનું તેજ છે.

અહિં દૃષ્ટાંત આંશિક છે કેમ કે મિથ્યાત્વી ચરમાવર્તમાં આવ્યા બાદ દૃષ્ટિ પામે છે જ્યારે જાત્યંધ ક્યારેય દૃષ્ટિ ન પામી શકે. માટે અનેકાંતદૃષ્ટિ કેળવવા એકાંત-દૃષ્ટિપણું છોડવું.

## ૯૭

पच्चक्खमणंतगुणे, जिणिंदधम्मे न दोसलेसो वि ।

तहवि हु अन्नाणंधा, न रमंति कयावि तंमि जिआ ।।९७।।


પચ્ચક્ખ-મણંતગુણે
જિણિંદધમ્મે ન દોસલેસોવિ
તહવિ હુ અન્નાણંધા
ન રમંતિ કયાવિ તંમિ
જિઆ

**ગાથાર્થ -** શ્રી જિનેન્દ્રધર્મમાં પ્રત્યક્ષ અનંતગુણો છે અને દોષ લેશમાત્ર નથી. ખેદની વાત છે કે તો પણ અજ્ઞાનથી અંધ જીવો તેમાં રમણતા કરતા નથી. ।।૯૭।।

*97. Clearly,*
*The dharma taught by the Jinas,*
*Has endless (good) qualities*
*And no shortcomings whatsoever.*
*Despite this, ignorant ones*
*Never imbibe it.*



શ્રી જિનેશ્વરદેવ પ્રસ્થાપિત ધર્મમાં પ્રત્યક્ષ રીતે અનંત ગુણો અનુભવાય છે, દેખાય છે અને એમાં દોષનો લેશ પણ નથી. છતાં પણ અજ્ઞાનથી અંધ થયેલા જીવો શ્રી જિન ધર્મમાં ક્યારે પણ રમતા નથી, ક્યારે પણ આનંદ પામતા નથી.

શ્રી જિનેશ્વર પરમાત્માનો ધર્મ ત્યાગપ્રધાન છે તથા જ્ઞાન, વિવેક, સહાનુભૂતિ, નમ્રતા, સરળતા, સહાયકતા, વૈરાગ્ય, ગંભીરતા, ઉદારતા, સહિષ્ણુતા વગેરે અપરિમિત ગુણોથી યુક્ત છે. આ ગુણો ભૌતિક અને આધ્યાત્મિક બન્ને પ્રકારના છે અને આ ધર્મમાં એક નાનો પણ દોષ નથી - કારણ આ ધર્મ સર્વજ્ઞ અને વીતરાગ ભાષિત છે.

જે સર્વજ્ઞ ન હોય એના કાર્યોમાં અજ્ઞાનના કારણે પણ દોષની શક્યતા છે. તથા જે વીતરાગ ન હોય તે અજ્ઞાની જ હોય, જ્ઞાનાવરણ કર્મના ઉદયમાં જ વર્તતો હોય અને જ્ઞાનાવરણના ઉદયવાળાને દોષની સંભાવના-શક્યતા અનેક રીતે હોય છે.

**જે સર્વજ્ઞ હોય તે વીતરાગી જ હોય** માટે તેમના જીવનમાં આભોગ કે અનાભોગજન્ય એકેય પ્રકારના દોષો રહેતા નથી. વીતરાગતાના કારણે અને સર્વજ્ઞતાના કારણે જે-જે સર્વ ઉત્તમ ગુણોવાળા રસ્તા-ઉપાયો છે તે જ બતાવાયા છે. આમ પ્રભુના માર્ગમાં ક્યાંય ક્યારે પણ દોષનો અંશ હોતો નથી.

પ્રભુના માર્ગની આરાધના કરનારા છદ્મસ્થ છે એટલે કે અનાભોગ વગેરે અજ્ઞાનવાળા છે તથા પ્રભુ માર્ગને આરાધનારા વીતરાગી નથી, રાગ-દ્વેષયુક્ત છે છતાં જેમ માર્ગ દોષ રહિત છે તેમ એના આરાધકો પણ આરાધનાના દોષ રહિત હોય છે.

કારણ કે સર્વજ્ઞ પ્રભુના શાસનના શાસ્ત્રજ્ઞાનને માર્મિક રીતે ઊંડાણથી ભણેલા છે, પ્રભુમાર્ગ ઉપર વફાદાર બુદ્ધિ છે, અનેકાંતદૃષ્ટિથી, ઉત્સર્ગ-અપવાદથી, માધ્યસ્થતાપૂર્વક વિવેકથી આ માર્ગને વહન કરે છે, વહન કરાવે છે અને અનેક મધ્યસ્થગીતાર્થોની વિચારણા-સંમતિથી વિશેષ વાતોનો નિર્ણય થાય છે અને શ્રી સંઘમાં અને વ્યક્તિગત પણ આચરાય છે.

**મધ્યસ્થ ગીતાર્થને ચૌદ પૂર્વીની અને સર્વજ્ઞ વીતરાગની ઉપમા આપી છે.** તેથી જ પ્રભુ માર્ગ સ્થાપે છે પણ માર્ગની રચના કરનાર ગણધર દેવો છદ્મસ્થ અને અવીતરાગી હોવા છતાં ત્રિપદી દ્વારા રચાયેલા માર્ગની પ્રભુ સર્વાંશે સાંગોપાંગ અનુજ્ઞા આપે છે.

આ રચના વખતે કે અનુજ્ઞા વખતે અનંતકાળમાં થયેલા અને ભવિષ્યમાં થનારા અનંતા શ્રી પરમાત્મામાંથી ક્યારે કોઇપણ પરમાત્મા એક પણ ભૂલ નથી કાઢતા કારણ કે ભૂલ હોતી નથી. આનું કારણ પ્રભુનો પ્રભાવ તો છે જ પણ સાથે ગણધર દેવો પાસે વીતરાગની ઝાંખી કરાવે એવો ઉગ્ર વૈરાગ્ય હોય છે. અને સર્વજ્ઞતાની ઝાંખી કરાવે તેવી વિશિષ્ટ શાસ્ત્રજ્ઞતા, અને પ્રરૂપણમાં તથા વ્યવહારમાં ઉપયોગયુક્તના-સાવધાની અને રાગદ્વેષના નિગ્રહની તત્પરતા હોય છે.

પાછળથી પણ પ્રભુ શાસન વહન કરનારા આવા હોય છે તેથી જરૂર પડે ત્યારે કે વિષમ પરિસ્થિતિઓમાં ગીતાર્થો પણ એકબીજા અનેક રીતે વિચાર-વિનિમયથી આચાર-કાર્યો નક્કી કરે છે માટે શ્રી જિનશાસન દોષરહિત અને સર્વ ગુણમય-અનંતગુણમય છે.

જેનામાં સર્વજ્ઞના શાસ્ત્રોનું ઊંડુ સંપૂર્ણ કે વિશિષ્ટ જ્ઞાન હોય, જે વિશિષ્ટ જ્ઞાનીઓથી અતડો ન રહેતા પરસ્પર વિચારણા કરતો રહે, જે બીજાના દૃષ્ટિકોણને પણ વિચારે, જેના મંતવ્યમાં-પ્રવૃત્તિમાં બીજા વિશિષ્ટ જ્ઞાનીઓની સહાનુભૂતિ-સંમતિ હોય, જે અભિમાની-ઉતાવળીયો-ઉચ્છૃંખલ-આપબડાઇવાળો ન હોય, જેને બીજા જ્ઞાનીઓ આવકારતા હોય, જે રાગદ્વેષથી પર-રહિત જેવો શાંત હોય-તેમના વચન-નિર્દેશ એ પણ શાસ્ત્ર જેવા-જેટલા જ માન્ય હોય છે.

જે જ્ઞાનીઓ આવા હોય તે જ્ઞાનીઓ પણ સર્વજ્ઞ વીતરાગતુલ્ય છે. તેમનો કહેલ માર્ગ ઉપાય તે દોષ રહિત અને અનેકાનેક ગુણવાળો-અનંતગુણવાળો હોય છે. અને મુખ્ય રીતે આચાર્ય માર્ગને વહન કરે છે માટે સૂરિને તીર્થંકરની ઉપમા અપાય છે.

આ જ રીતે આ જ કારણે શ્રી સંઘને પણ શ્રી તીર્થંકરની ઉપમા અપાય છે. આવો ઉત્તમ જિનમત છદ્મસ્થોથી વહન થતો હોવા છતાં પાંચમા આરા સિવાય સર્વકાળે અનેક સાતિશય લબ્ધિધારી-ઉગ્રતમ સાધકો-અવધિજ્ઞાની વગેરેથી પણ શાસન=જિનમત અલંકૃત હોવાથી આ વાત વિશેષથી પણ યુક્તિયુક્ત છે.

દેવો અને ઇન્દ્રો પણ શ્રી જિનશાસનને શિરોધાર્ય કરે છે માટે 'વિરતિધર'ને નમસ્કાર કરે છે. વિરતિધર જૈન શાસન સિવાય હોતા નથી.

અજ્ઞાન અંધ જીવો ગુણો લગભગ જોઇ શકતા નથી, જાણી શકતા નથી. તેથી તેમના મનમાં જિનશાસનની કોઇ વિશિષ્ટતા હોતી નથી અને તેથી એ લોકો શ્રી



જિનશાસનમાં રમતા નથી એટલે રસ ધરાવતા નથી.

અજ્ઞાનઅંધ એટલે જ્ઞાનાન્તરાય તો લેવો પણ સાથે વિપરીત જ્ઞાન પણ લેવું. વિષય-કષાય, મોહ-માયાથી વિશિષ્ટ ગ્રસ્ત જીવો વ્યામોહીત છે. તેથી તેઓ પણ શ્રી જિનશાસનમાં રસ ધરાવતા નથી જ્યારે બીજી બાજુ શ્રી જિનશાસનમાં ગુણોના મમત્વ-લાગણી અનુભવના અમૃતમાં મગ્ન બનેલા જીવો શ્રી જિનશાસન સિવાય કોઇને મહત્ત્વ આપતા નથી.


અજ્ઞાન અંધની દુનિયા અને જિનશાસન માર્ગની દુનિયા પરસ્પર વિરોધી છે. તેમના માન્યતા-વલણ વિપક્ષ છે. એક દોષો-દુર્ગુણોથી વ્યાપ્ત છે, બીજા હીયમાન દુર્ગુણો અને દોષોવાળા અને ગુણલક્ષી-ગુણોના જ્ઞાન-ગુણના પ્રયત્નવાળા છે.

માટે વૈરાગ્યવાળા જિનમતમાં રમે છે, ગુણોને અનુભવે છે અને બીજા રાગ-દ્વેષથી વ્યામોહમાં ભટકતા જીવો ગુણો અને શ્રી જિનમતની રુચિ પણ નથી કરતા એમના તરફ નજર પણ પ્રાયઃ કરતા નથી .

## ९८

मिच्छे अणंतदोसा, पयडा दिसंति न वि य गुणलेसो ।

तह वि य तं चेव जिआ, ही मोहंधा निसेवंति ।।९८।।



मिच्छे अणंत दोसा

पयडा दीसंति न वि य गुणलेसो

तह वि य तं चेव जिआ

ही मोहंधा निसेवंति ।।९८

ગાથાર્થ - મિથ્યાત્વમાં અનંત દોષો પ્રગટ દેખાય છે અને તેમાં ગુણનો લવલેશ પણ નથી. ખેદની વાત છે કે છતાં પણ મોહથી અંધ બનેલા જીવો મિથ્યાત્વને જ સેવે છે. ।।૯૮।।

*98. Evidently,*
*Delusion has endless flaws*
*And no good qualities whatsoever.*
*Despite this,*
*Those caught in the web of desire,*
*Seek refuge in delusion.*



મિથ્યાત્વમાં અનંત દોષો છે અને પ્રગટપણે પણ ઘણા દોષો દેખાય છે અને ગુણનો અંશ-કણ નથી છતાં જીવો મોહાંધ હોવાથી તે જ મિથ્યાત્વને આચરે છે.

આ શ્લોક બહુ ગંભીરતાથી-ઉંડાણથી સમજવા જેવો છે - આમાં ૧) મિથ્યાત્વમાં અનંતા દોષો છે અને ૨) પ્રગટ દેખાય છે અને ૩) ગુણનો અંશ પણ નથી. આમ ૩ વાત બતાવી.

**જેની દૃષ્ટિ દૂષિત છે. તે ક્યારેય સત્ય પણ જોઇ શકતો નથી અને સ્પષ્ટ પણ જોઇ શકતો નથી.** કમળાના રોગવાળાને જેમ બધું પીળું દેખાય તેમ મિથ્યાત્વીને જ્યાં રાગ થાય ત્યાં ગુણ દેખાય અને દ્વેષ થાય ત્યાં દોષ દેખાય. રાગવાળી વસ્તુ આદિમાં દોષ ન દેખાય અને દ્વેષવાળામાં દોષ દેખાય, ગુણ ન દેખાય. એટલે કે જે વસ્તુ-વ્યક્તિ-વાતાવરણ-વ્યવહાર-વિચાર તેને સારા લાગે, ગમે ત્યાં તેને ગુણ જ દેખાય અને પોતાને જે ખરાબ લાગે ત્યાં દોષ જ જુવે.

આમ એક પાક્ષિક કદાગ્રહ હોવાથી માનસિક દૃષ્ટિ દૂષિત છે. હેયોપાદેયતામાં આત્મિક દૃષ્ટિ-તાત્ત્વિક દૃષ્ટિ કરતા સર્વત્ર પ્રાયઃ વિપર્યય છે. ભૌતિકદૃષ્ટિએ દેખાતા સાક્ષાત ગુણો પરંપરાએ દોષરૂપ છે, ભૌતિક ગુણો દોષકારક છે અથવા ઉપેક્ષણીય છે તો પણ નથી દેખાતા. અર્થાત્ વિપરિતદૃષ્ટિ-ભ્રમિતદૃષ્ટિ સર્વતોમુખી દોષથી યુક્ત છે, અને ગુણરહિત છે. ગુણાભાસ ગુણરુપે દેખાય છે વાસ્તવમાં ગુણ નથી.

સન્નિપાતવાળાનું સારું પણ વર્તન જેમ સારું નથી, સ્વાધીન નથી અને ગમે ત્યારે ફરીને ખરાબ વર્તન થતા વાર નથી લાગતી તેમ વિપરીત દૃષ્ટિવાળાના સારા વર્તન-વાણી-વિચાર પણ ખરાબની યોગ્યતાવાળા છે માટે ખરાબ છે છતાં સારું લાગે તે દોષ છે તેમ સારાને ખરાબ માને-ખરાબને સારું માને તે પણ દોષ છે. આમ હોવા છતાં મોહાંધ જીવો દોષ જાણી શકતા નથી અને એ જ વિપરિતદૃષ્ટિને છોડતા નથી. મમત્વના કારણે વિપરિતદૃષ્ટિમાં વિપરિતતા સમજાતી નથી.

અપુનર્બંધક પહેલાના મિથ્યાત્વવાળા ભવાભિનંદિના આઠ દોષયુક્ત હોવાથી, પુદ્ગલને પ્રધાન માનવાથી, આત્માના બધા ગુણોનો ઉપયોગ પુદ્ગલજન્ય સુખનો હેતુ હોવાનું માનવાથી, આત્મગુણોની મહત્તા ન હોવાથી, પુદ્ગલ અને પુદ્ગલના સંપર્કની મહત્તા હોવાથી આત્માના બધા ગુણો પુદ્ગલના પ્રાધાન્યપણાની દૃષ્ટિથી જ્ઞાનાદિ ગુણો દોષરૂપ બન્યા છે. **ગુણાભાવ અને ગુણવૈપરિત્ય એ દોષ છે.**

આત્માના અનંતા ગુણો છે તે ગુણવૈપરિત્યરુપ થવાથી તે અનંત દોષરુપે સમકિતી-વિવેકી આત્માને અનુભવથી દેખાય છે.

એવી જ રીતે આત્માનો એક પણ ગુણ પૂર્ણ નથી તેમ વૈપરિત્ય વિનાનો નથી તેથી આત્માનો એક પણ ગુણ વાસ્તવિક નથી. છતાં મોહના-અજ્ઞાનના-રાગ-દ્વેષ સહકૃત મિથ્યાત્વના કારણે આત્માના નિર્મલ ગુણો જોઇ શકતા, જાણી શકતા નથી તેવી રીતે અવિપરિતરુપે-અવિકૃતરુપે પણ સમજી શકતા-અનુભવી શકતા નથી.

માટે અજ્ઞાન પરવશ આત્મા મિથ્યાત્વને આધીન થયેલા ભવાભિનંદી જીવો દોષોના સમુહમાં મિથ્યાત્વના પ્રભાવે રમે છે તેમાંથી બહાર નીકળવાની સુઝ-બુઝ અપુનર્બન્ધક પહેલા હોતી નથી.

તેથી અભવ્ય જીવો જેમ મોક્ષ ન માને તેમ કેવળજ્ઞાન વગેરે આત્માના સંપૂર્ણ ગુણો-નિર્મલ ગુણો અને અવૈપરિત્યવાળા ગુણો પણ ન માની શકે- ન સમજી શકે.

ભવાભિનંદી આત્મા દોષ રહિત આત્માની કેવી અવસ્થા છે? કેવી અનુભૂતિ છે? તે સમજી ન શકે એટલે કે સમકિતી આત્માની અવસ્થાઓ-અનુભૂતિઓ ભવાભિનંદી-અભવ્ય જીવો માને પણ નહિ અને સમજી પણ શકે નહિ-પામી તો શી રીતે શકે?


જે વ્યક્તિ જે વસ્તુ પામવાને યોગ્ય હોય તે-તે વસ્તુ-ગુણના પરિણામને સમજવા-માનવા સ્વીકારવા અને પામવા માટે યોગ્ય હોય.

માટે મિથ્યાત્વવાળા જીવને આ બધી વાતોનો નિષેધ બતાવ્યો છે. અપુનર્બન્ધક પૂર્વે મિથ્યાત્વીને સાચો વૈરાગ્યરુપ ગુણ પણ ન હોય.



## ९९

धी धी ताण नराणं, विन्नाणे तह गुणेसु कुसलत्तं ।
सुह-सच्च धम्मरयणे, सुपरिक्खं जे न जाणंति ।।९९।।


ધી ધી તાણ નરાણં
વિન્નાણે તહ ગુણેસુ કુસલત્તં
સુહ સચ્ચ ધમ્મ રયણે
સુપરિક્ખં જે ન જાણંતિ

ગાથાર્થ - જેઓ સુખદ સત્ય ધર્મ રૂપ રત્નની સારી રીતે પરીક્ષા નથી કરી શકતા, તે પુરુષોની વિજ્ઞાનની અને ગુણોની કુશળતાને ધિક્કાર થાઓ! ધિક્કાર થાઓ! ।।૯૯।।

***99. Fie upon the ability and intelligence of those,
Who cannot examine for themselves and realise
The auspicious and true nature of dharma.***

જગતમાં જેઓ પોતાની જાતને સુશિક્ષિત માને છે, પોતે બહુ ભણેલા-ગણેલા ગણાય છે, જે વ્યવહારિક જ્ઞાન અને ગુણોમાં આવડતવાળા હોંશિયાર દેખાય છે તેમની તે હોંશિયારી પણ ધિક્કારવા લાયક છે, અપ્રશંસનીય છે, ઉપેક્ષણીય છે, જો તે આત્માઓ શુભ-સત્ય એવા ધર્મરત્નની અત્યંત કુશળતાપૂર્વકની પરીક્ષા નથી જાણતા.

એટલે કે જે આત્મા-જે વ્યક્તિ તાત્ત્વિક-સાત્ત્વિક પાવરફુલ વસ્તુઓને, ઉત્તમ-શ્રેષ્ઠ-શુદ્ધરત્નોને ન પારખી શકે તેમની કુશળતા કહેવાતી હોવા છતાં તે તેમની મશ્કરી છે જેમ હોળીનો ગણાતો રાજા.

એવી જ રીતે બધી જ વાતમાં તેની આવડત અને જાણકારી હોવા છતાં એનાથી તે જીવનું ભ્રમણ અટકતું નથી અને શાશ્વત મોક્ષ પમાતો નથી માટે આવું જ્ઞાન અને આવડત એ અનાદરણીય-અનાવકાર્ય છે.

**મુખ્ય જરૂરી જ્ઞાન અને આવડત તે છે કે જેના દ્વારા શ્રેષ્ઠ-સર્વાંશે સત્ય આત્મગુણો અને આત્મગુણોની પ્રાપ્તિના ઉપાયરુપ ધર્મરુપી રત્નને જે વ્યવસ્થિત ઝીણવટથી પારખી શકે, જાણી શકે અને પ્રયત્નપૂર્વક મેળવી શકે.**

પરંતુ દુનિયાના મોટા ભાગના કહેવાતા પંડિતોના જીવનમાં જોઇએ તો મોક્ષ-મોક્ષનું સ્વરુપ, આત્મા-આત્માનું શુદ્ધ સ્વરુપ, તેને પ્રાપ્ત કરવાના આધ્યાત્મિક અને વ્યાવહારિક ઉપાયો-તેની જાણકારી અને તેમાં પ્રવર્તનની તમન્ના અને ઉત્સાહ હોતો નથી. તેના કારણે તેમની બીજી બધી જાણકારી-તમન્ના-ઉત્સાહ સંસારભ્રમણનું કારણ બને છે, આત્માની શુદ્ધિ-ઉન્નતિનું રોધક થાય છે. માટે ભૌતિક આ શક્તિઓ ધિક્કારવા યોગ્ય કહી છે.

જે આવડત વિશિષ્ટ લાભ ન કરાવે અને નુકશાનની શક્યતાઓ ઉભી કરે તે આવડત શું કરવાની? માટે સંસારની-આત્માની ઓળખ સિવાયની તમામ આવડતો-હોંશિયારીઓ-શક્તિઓ સંસારક્ષેત્રે પ્રશંસનીય-આદરણીય હોવા છતાં ભવાંતરની અપેક્ષાએ અને મોક્ષ સુધીની ભવાંતરની પરંપરા માટે અનાદરણીય-નિંદનીય છે. પાપબંધ દ્વારા **દુઃખ અને દુર્ગતિની પરંપરાનું કારણ બને છે.** માટે જ જ્ઞાની પુરુષો તેને ધિક્કારે છે.

**પ્રશ્ન :** સંસાર રસિક, ધર્મ ન ગમનાર જીવને ધર્મની વાસ્તવિક પારખ હોઇ શકે ?



**ઉત્તર :** અનુભવગમ્ય ન હોય. શબ્દજન્ય હોઇ શકે એટલે મોક્ષે જનાર ચરમાવર્તિ જીવો અપુનર્બંધક પછી ધર્મરત્ન પામવા જેમ યોગ્ય છે તેમ તેની પરીક્ષા કરવા-સચોટ જાણવા-આરાધવા અને આપવા યોગ્ય છે પરંતુ આ યોગ્યતા વિશિષ્ટ જ્ઞાની સિવાય જાણી શકાતી નથી.

જે ન જાણે અને જાણવા ઓળખવા પ્રયત્ન ન કરે તે વિશિષ્ટ ધર્મરત્ન માટે યોગ્ય નથી માટે જેમણે ધર્મરત્ન વાસ્તવિક મેળવવો હોય, આરાધવો હોય તેમણે ધર્મરત્નની પરીક્ષા કરવી જોઇએ અને તે મેળવીને આરાધવો જોઇએ.

જીવે બીજી બધી વાતો યથાશક્ય ગૌણ કરીને-આત્માની ઉન્નતિ કરવા શુદ્ધ ધર્મની આરાધનામાં તત્પર બનવું જોઇએ તો આરાધનાના પ્રતાપે શુદ્ધ ધર્મ વિષયમાં જાણકારી, હોંશિયારી, આરાધનાની આવડત, આરાધનાની શક્તિ પ્રાપ્ત થાય છે અને ભવોભવ ઉત્તરોત્તર આ શક્તિઓ અને એના દ્વારા આરાધના વધતી જાય છે. આજ વિશિષ્ટરત્નરુપ આત્માનું નિર્મલીકરણ છે.

બાહ્ય બધી જાણકારી-આવડત અને બાહ્ય વસ્તુઓ-શક્તિઓની પ્રાપ્તિ અને એનાથી આત્માની મહત્તા પણ આંતરિક ધર્મના લક્ષ વગરનાને માટે મહારોગીને જરીયાન વસ્ત્રો અને ઝવેરાતની શોભા જેવું છે.


જ્યારે અત્યંત નિરોગી હૃષ્ટ-પુષ્ટ ને એ જ વસ્તુઓ ગૌરવદાયક છે અને એવા હૃષ્ટ-પુષ્ટને બાહ્ય ફાટેલા કપડાં પણ કે ઝવેરાત વગરની અવસ્થા પણ આરોગ્યના કારણે ગૌરવદાયક છે.

સંસારમાં સંસારરસિક આત્મા બાહ્ય શક્તિસંપન્ન હોય તે મહારોગી ઝવેરાતથી દેદીપ્યમાન જેવો છે. ધર્માત્મા દરિદ્ર પણ હૃષ્ટપુષ્ટ સાદા વસ્ત્રવાળો છે. માટે વૈરાગી આત્મા આત્મશક્તિવગર વૈરાગ્ય વગરનાની બાહ્ય શક્તિ-સમૃદ્ધિની અવગણના કરનાર છે.

## १००

जिणधम्मोऽयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।

सग्गापवग्गसुक्खाणं, फलाणं दायगो इमो ।।१००।।



ગાથાર્થ - આ જિનધર્મ જીવોને માટે અપૂર્વ કલ્પતરુ છે, સ્વર્ગ અને મુક્તિના સુખ રૂપ ફલને તે આપનાર છે. ।।૧૦૦।।

*100. The dharma of the Jinas,*
*Is the unmatched wish-fulfilling tree.*
*Those who practise it,*
*Attain the happinesses of heaven and liberation.*



આ જિનધર્મ એ અપૂર્વ કલ્પવૃક્ષ છે જે સ્વર્ગ અને મોક્ષ સુખના ફળ આપે છે.

અપુનર્બન્ધક અવસ્થા અને તે પછી પ્રાપ્ત થનાર જિનધર્મ એ આરાધવાથી સર્વ ભૌતિક અને મોક્ષના સુખો આપે છે. અહિંયા કલ્પવૃક્ષની ઉપમા જિનધર્મને આપી છે. સ્વર્ગ-મોક્ષના સુખને ફળની ઉપમા છે. તે સામાન્યથી છે.

વાસ્તવમાં કલ્પવૃક્ષ ૧) આ ભવમાં આ ભવના જ ઇચ્છિત અને ભૌતિક જ ફળ આપે છે જ્યારે જિનધર્મ આત્મિક સર્વગુણો અને સર્વ પ્રકારે શાંતિ આપે છે. એટલે કે મોક્ષ સુધીના આત્મિક સુખો અને કર્મના સંપૂર્ણ ક્ષયથી આત્માની નિર્મલતા આપે છે તો સાથે અનેક પ્રકારની લબ્ધિઓ-અતિશયો અને સ્વર્ગના અને મનુષ્યના પણ ભૌતિક સુખો પણ આપે છે. આ આપવાની શક્તિ કલ્પવૃક્ષની નથી.

બીજું કલ્પવૃક્ષ ઇચ્છો-માંગો તો જ આપે જ્યારે ધર્મ ઇચ્છા વગર પણ સામેથી પણ આપે છે.

ત્રીજું કલ્પવૃક્ષ પાસે જે અને જેટલું માંગો તે અને તેટલું જ આપે જ્યારે ધર્મ વગર માંગે કલ્પના બહારનું આપે. માટે અપૂર્વ શબ્દપ્રયોગ છે.

જિનધર્મ આ શા માટે આપે છે? જિનેશ્વર દેવના વચનને વફાદાર બનનાર આત્માની એ શક્તિ છે કે જગતની તમામ ઉચ્ચ ચીજ સાહજિક રીતે મળે અને સર્વોચ્ચ આત્માની સ્થિતિ રુપ મોક્ષ પણ મળે.

**જિનધર્મને વફાદાર આત્માને આ જગતમાં એવી કોઇ શુભ ચીજ નથી જે પ્રાપ્ત ન થઇ શકે એ ચીજો મળ્યા પછી પણ જીવને એ વસ્તુ હેરાન-પરેશાન કરનારી કે નુકશાનકારી કે આસક્તિ કરાવનારી નથી બનતી, સમય આવે એને જીર્ણ કપડાની જેમ સાહજિક છોડી શકે છે. આત્માની સાધનામાં વિઘ્ન કરતી નથી.**

જો કે કલ્પવૃક્ષની ઉપમા જિનધર્મને આપી તે અપેક્ષાએ યોગ્ય નથી. સૂર્યને તણખલાના અગ્નિના પ્રકાશ જેવી ઉપમા આપવા સમાન છે. અર્થાત્ શ્રી જિનધર્મ જગતની કોઇ ચીજથી ઉપમેય નથી.

આ જિનધર્મનો પ્રારંભિક-આંશિક અંશ વૈરાગ્ય છે. અને શ્રી જિનધર્મમાં સર્વત્ર વૈરાગ્યની વિદ્યમાનતા છે માટે વૈરાગ્યશતકમાં જિનધર્મના પ્રભાવનું પણ વર્ણન છે. વૈરાગ્યવાળાને અવશ્ય શ્રી જિનધર્મ પ્રાપ્ત થાય છે માટે વૈરાગ્ય એ જિનધર્મની

પૂર્વભૂમિકા છે.

શ્રી જિનધર્મના આરાધક સંસારી છે તેથી સંસારી બધી ચીજ તે આપે તેમ કહેવાય છે પરંતુ સંસારની અતિ ઉત્તમ કેટલીય ચીજો છે કે જે જિનધર્મ સિવાય મળતી નથી.

જિનધર્મ સંસારની ચીજો આપે એ એની વિશેષ મહત્તા નથી એની વિશેષ મહત્તા તો આત્માને મોક્ષ આપે છે તે છે. જે મોક્ષ કાયમી છે, શાશ્વત છે, આત્મસ્વરુપ છે, સર્વ ગુણોથી પૂર્ણ છે, દુઃખના નામ-નિશાનથી રહિત છે.

જ્યારે સંસારની બધી શક્તિ-લબ્ધિ-સમૃદ્ધિ વગેરે અલ્પકાલીન-ભવના અંત સુધી જ રહે છે શ્રી તીર્થંકર પદવી હોય તો પણ.

**શ્રી જિનધર્મનું પ્રધાન ફળ મોક્ષ છે જેનાથી સાક્ષાત કે પરંપરાએ મોક્ષ ન મળે એ જિન ધર્મ રુપ નથી-ઈતર દર્શનમાં પણ જો વિવેકયુક્ત વૈરાગ્ય હોય તો તેનું ફળ જિનધર્મની પ્રાપ્તિ દ્વારા મોક્ષ છે.**

વૈરાગ્યનું ફળ પણ પરંપરાએ જિનધર્મ પ્રાપ્તિપૂર્વક મોક્ષ છે તેથી ઈતર દર્શનવાળા પણ વૈરાગ્યયુક્ત હોય ત્યારે આસ્તિક દર્શન છે અને તે ભવાંતરમાં જિનધર્મ પામે છે.


યુગલિક કાળ અને છઠ્ઠો આરો અને ઉત્સર્પિણીના (૨) આરા સિવાય કર્મભૂમિમાં જિનધર્મ બહુધા કાયમ હોય છે. મહાવિદેહમાં બધી વિજયમાં જિનધર્મ કાયમ છે. વૈરાગ્ય અને શ્રી જિનધર્મ આચારસંપન્ન મનુષ્યને હોય છે.

શ્રી જિનધર્મ સ્થાપક પરમાત્મા મનુષ્યરુપે થાય છે, વ્યવહાર શ્રી જિનધર્મ અને જિનધર્મના આચારો અને શ્રી જિનધર્મની ઉગ્ર લબ્ધિ-ભાવનાઓ પણ મનુષ્ય લોકમાં પ્રધાનતયા હોય છે. શ્રી જિનધર્મના સારભૂત આચાર્ય-ઉપાધ્યાય-સાધુઓ પણ મનુષ્યલોકમાં હોય છે તેથી આ અપૂર્વ કલ્પવૃક્ષ પણ પ્રધાન રુપે મનુષ્યલોકમાં છે. તે મનુષ્યભવ સાથે જે જિનધર્મની પ્રાપ્તિ આપણને થઈ છે તેની આરાધના કરી લેવામાં જ જીવનની સફળતા છે.



## ૧૦૧

धम्मो बंधु-सुमित्तो य, धम्मो य परमो गुरु ।
मुक्खमग्गपयट्टाणं, धम्मो परम संदणो ।।१०१।।


ધમ્મો બન્ધુ સુમિત્તો ય
ધમ્મો ય પરમો ગુરુ
મુક્ખમગ્ગ પયટ્ટાણં
ધમ્મો પરમસંદણો ॥૧૦૧

**ગાથાર્થ - ધર્મ બંધુ અને સુમિત્ર છે અને પરમ ગુરુ છે. મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયેલાઓને પરમ રથ સમાન છે. ।।૧૦૧।।**

***101. Dharma is your brother and friend,***
***Dharma is your highest preceptor,***
***Dharma is the supreme chariot,***
***For one who wishes to travel the road to liberation.***

સ્વર્ગ અને અપવર્ગના સુખો તો ધર્મ આપે જ છે, તેનાથી જ મળે છે પરંતુ તે આવતા ભવની વાત-પરલોકનું ફળ છે. આ ભવમાં પણ ધર્મ કયા સ્વરૂપે-ક્યારે-કયા સંબંધે જીવને સાચવે છે-સંભાળે છે તેની વાત આ ગાથામાં કહે છે.

ધર્મ એ બંધુ છે, ધર્મ એ મિત્ર છે, ધર્મ એ ગુરુ છે, આ ૩ ઉપમા એ બતાવે છે કે પોતાના મનને ખાલી કરવા અને માર્ગ સમજવા-મુંઝવણ કહેવા અને હૃદયની વાતો જણાવવા-પુછવા માટે 'ધર્મ'=ધર્મને માર્મિક રીતે પામેલા કલ્યાણમિત્ર જેવા જાણકાર-આરાધક આત્મા એ કુશળ અને વિવેકસંપન્ન હોવાથી, વિશેષ જ્ઞાન-અનુભવ સંપન્ન હોવાથી ઉન્માર્ગેથી અટકાવવા માટે-માર્ગ ઉપર લઇ જવા-સાચી સલાહ આપવા-કર્તવ્ય બતાવવા ભાઇ સમાન-મિત્ર સમાન અને ગુરુ સમાન છે.

આ ઉપમા જીવંત વ્યક્તિની અપેક્ષાએ છે. માતા-પિતા આગળ હૃદય એવું ખોલી શકાતું નથી જેવું મિત્ર વગેરે પાસે મન ખુલ્લું થાય છે. રક્ષણ અને સહાયને આશ્રયીને માતા-પિતા વગેરે ઉપમા પણ આપી શકાય.

સાચા શુદ્ધ હૃદયથી ધર્મ આરાધનારાને કલ્યાણ મિત્ર-બંધુ-ગુરુનો યોગ બહુધા મળે છે. કદાચ ક્યારેક ન મળે તો સાચા-શુદ્ધ હૃદયથી કરાતો-આરાધાતો ધર્મ એ ક્ષયોપશમ દ્વારા-સંસ્કુરણા દ્વારા-સમર્પિત ભાવના કારણે બંધુ-મિત્ર-ગુરુનું કામ કરે છે. આપણને શુદ્ધિ-ધૈર્ય-સત્ય માર્ગદર્શન અને સહાય આપે છે.

પરંતુ બાહ્ય ધર્માત્મા કલ્યાણ મિત્ર જેવા હોય, ઉત્તમ ગુરુ હોય તો તેની અવગણના-ઉપેક્ષા કરનારને આત્મ (સ્વ) સાક્ષિક ધર્મ પણ કુલવાલક મુનિની જેમ આત્મવંચનાના કારણે પવિત્ર-બળવાન બનતો નથી તેથી સ્વયં સ્ફુરણાથી આત્મધર્મ (સ્વસાક્ષિક) દ્વારા શુદ્ધ ધર્મ આરાધી શકાતો નથી.

તેથી બાહ્ય તેવા ઉત્તમ યોગના અભાવમાં સરળ-શુદ્ધ હૃદયની આત્મભાવના એ ધર્મરુપે બંધુ વગેરેનું કામ કરે છે. માટે બાહ્ય સહાયકપૂર્વક આત્મસાક્ષી=આત્માના લક્ષવાળો આત્મ=સ્વધર્મ બની મિત્ર વગેરે રુપે કાર્ય કરે છે. બાહ્ય કલ્યાણમિત્ર વગેરે સાધુઓ અને બાહ્ય ગુરુવર્યને સમર્પિત-સાપેક્ષને બાહ્ય-આત્મ ઉભય ધર્મ મિત્ર વગેરે રુપે સહાયક-પ્રેરક-માર્ગદર્શક બને છે.

અતિ દૂરના સ્થળે જવા કોઇ વાહન જરૂરી ગણાય છે પછી તે સાયકલ-સ્કુટર-કાર યાવત્ વિમાન ગમે તેનો ઉપયોગ થતો હોય. પરંતુ આ બધા વાહનો વ્યક્તિને



સામે મંઝિલે પહોંચાડે જ, કોઇ કાયદો-નિશ્ચિત નહીં. ગમે ત્યાં-ગમે ત્યારે બગડે-નાશ પામે. પરંતુ ધર્મરૂપી રથ એક એવો છે કે જે મંઝિલે પહોંચાડીને જ અટકે છે. શીઘ્ર મોક્ષે પહોંચવા આત્માની ઉન્નતિ કરવા ધર્મ એ પરમ શ્રેષ્ઠ રથ છે. શીઘ્ર ગમન પવનવેગી ઘોડાવાળા રથથી થાય તેથી રથની ઉપમા છે.

**જ્ઞાન-ભાવના-ઉત્સાહપૂર્વક ગુરુ અને સાધુઓરુપી સારથીવાળો રથ એ મોક્ષમાર્ગે આગળ વધારનારો રથ છે. આદર, વિનય, ભક્તિ, પ્રસન્નતા, સમર્પિતતા એ સીધા માર્ગે રથની ઉગ્ર ગતિ છે.**

ધર્મને અનુકૂળ આંતરિક ગુણો એ આંતરિક ધર્મની ગતિ છે અને બાહ્ય આચારની પ્રવૃત્તિઓ બાહ્ય ધર્મની ગતિ છે. ધર્મમાં આદર, ઉત્સાહ, સત્ત્વ, ધૈર્ય, પ્રસન્નતા રથની ગતિનું કામ કરે છે.

ધર્મ એ સાચા હૃદયથી, સમર્પિત હૃદયથી, શુદ્ધ હૃદયથી, ધર્મિને અનુકૂળ વર્તન કરવાથી આપણા હૃદયમાં રહેલ સદ્ભાવરુપી ધર્મ રથ, વગેરેના કાર્યને કરે છે માટે આ ઉપમા છે.

**જે મોક્ષમાર્ગ ઉપર નથી તેને પણ સદ્ભાવના અને આચાર પાલન એ જીવને મોક્ષમાર્ગ ઉપર લાવે છે. અને આગળ વધારે છે.**

રથ રુપે ક્રિયા=આચાર લેવા, બંધુ-મિત્ર અને ગુરુ તરીકે શ્રી સંઘ અને આરાધકો ઉપરનો આપણો મમત્વભાવ લેવો, બાહ્ય-આંતરિક જ્ઞાન, દર્શન, ચારિત્રના આચારોની પ્રવૃત્તિની રુચિ એ મોક્ષમાર્ગ સમજવો.


મોક્ષમાર્ગ, ગમનક્રિયા, સહાયકતા, આંતરિક સુઝબુઝ આ બધુ જેને ગમે તેનું કારણ વૈરાગ્ય છે. તેથી મોક્ષમાર્ગનો પ્રારંભ વૈરાગ્ય છે. તેથી જિનધર્મની આ ઉપમાઓ અપેક્ષાએ વૈરાગ્યને પણ લગાડવી.

વૈરાગ્ય હૃદયમાં લાવવા-જગાડવા આદરથી ધર્મક્રિયા-આચારપાલન-ત્યાગ-તપ-વ્રત-પચ્ચકખાણ કરતા રહેવા, સદ્ભાવના અને સદ્ભાવના ઉભી થાય તેવું વાંચન-અભ્યાસ કરવો. સાંસારિક ચીજો, પ્રવૃત્તિઓની ઉપર ઉદાસીનતા, ગૌણતા કેળવવા, સાંસારિક વ્યવહારો, પ્રવૃત્તિઓ ઘટાડવી. આ વૈરાગ્ય રુપી અગ્નિને ઉત્પન્ન કરનાર અરણીકાષ્ટમંથન છે માટે વૈરાગ્ય મેળવવા અને વધારવા પ્રયત્ન કરવો.

## ૧૦૨

चउगइ-णंतदुहानल, पलित्तभवकाणणे महाभीमे ।

सेवसु रे जीव! तुमं जिणवयणं अमियकुंड समं ।।१०२।।



**ગાથાર્થ - હે જીવ! ચાર ગતિ રૂપ અનંત દુઃખાગ્નિથી બળતા એવા આ મહા ભયંકર ભવવનમાં અમૃતકુંડ સમાન જિનવાણીનું તું સેવન કર.।।૧૦૨।।**

*102. O living being, All four modes of birth in samsara*
*Are gateways to endless misery.*
*In the vast, unending forest of transmigration, Which is burning with sorrow, The teachings of the Jinas are like a pool of nectar. Imbibe them.*
*Four modes of birth in samsara = devata {celestial being}, manushya {human being}, tiryanca {sub-human being} and naraki {hellish being}.*
*Birth in samsara = remaining stuck in the cycle of transmigration (rebirth)*



દુર્ગંધથી છૂટવા જેમ ઉકરડાનો નહીં પણ ઉદ્યાનનો જ આશ્રય કરવો પડે, તૃષાને છિપાવવા ગરમ ભજીયા નહીં ઠંડુ પાણી જ પીવું પડે, આકરા સૂર્યના તાપથી બચવા ખુલ્લા મેદાનમાં નહીં, ઘેઘુર વડલાનો જ સહારો લેવો પડે.

તેમ ચારે ગતિના અનંત દુઃખરુપી અગ્નિથી સળગતું આ મહા ભયંકર સંસારરુપી જંગલ છે. આમાં શાંતિ અને ઠંડક પામવા-બચવા અને સ્વસ્થતા મેળવવા અમૃતના કુંડ સમાન જિનવચનનું હે જીવ! તું સેવન કર.

શ્રી જિનવચન અમૃત કુંડ સમાન છે. અમૃતના ટીપાથી જેમ દાહ શાંત થાય તેમ જિનવચનથી-એના એક એક વચનથી સંસારના દુઃખો શાંત થાય છે. જે આપણને રોહિણીયા ચોર કે ચિલાતીપુત્રના જીવનમાં દેખવા મળે છે.

સંસારની પ્રત્યેક પરિસ્થિતિઓમાં ચારે બાજુ દુઃખો દેખાઇ રહ્યા છે. તૃષ્ણા-ઇર્ષા, અદેખાઇ-અસંતોષ-અધૈર્ય-મોહ-મદ-કામ-ક્રોધ-રાગ-દ્વેષ, રતિ-અરતિ-વિષાદ-સંકલ્પ-વિકલ્પો-પરાધીનતા-કર્મના વિચિત્ર ઉદયો, મન-વચન-કાયાના અનેક પ્રકારના દુઃખો વગેરે આવા દુઃખો ચારે ગતિમાં બધા જીવોને ક્યાંક સંભાવનાથી તો ક્યાંક સતત પ્રવર્તતા છે.

સંસારી જીવને લગભગ શાંતિ નથી. મુર્ચ્છિત અવસ્થા જેવી શાંતિ ક્યાંક દેખાવા છતાં અંદરથી જીવ કર્મોથી-અવિવેકથી-પરવશતાથી-અજ્ઞાનથી પીડાતા છે.

આ બધી પીડાઓને શાંત કરવા અને કાયમી રીતે આ બધી પીડાઓથી મુક્ત થવા જિનવચનરુપી અમૃતકુંડનો આશ્રય કરવો જોઇએ.

**કુંડની બહાર પાણીના કારણે ટાઢક વળે અને કુંડમાં જીવને વિશેષ શાંતિ વળે તે રીતે ભાવના-જિનવચનના ચિંતન-પરિભાવનથી ટાઢક મળે અને જિનવચન પાલનથી જીવ તે સર્વાંશે કાયમી સંપૂર્ણ શાંતિ મળે છે.**

જિનવચનનું આચરણ-અભ્યાસ અને ભાવન બાહ્ય-અભ્યંતર, વર્તમાન અને ભવિષ્યનાં દુઃખોનો નાશ કરે છે.

આ જિનવચનનું ભાવન-અભ્યાસ અને આચરણ વૈરાગ્ય વગર થતું નથી અથવા તો અભ્યાસ-આચરણ કરતાં કરતાં વૈરાગ્ય અને અધ્યાત્મ ઉત્પન્ન થાય છે. આ વૈરાગ્ય અને અધ્યાત્મ સર્વ દુઃખનો નાશ કરે છે.

જિનવચન કુંડનું સેવન મોક્ષ સુધી છે. તેમાં અભ્યાસ અને ભાવન એ વૈરાગ્ય અને અધ્યાત્મ છે અને તેની પાછળ આચાર એ શક્યતા પ્રમાણે જિનવચન ભાવિતને સાહજિક આવે છે. સ્વભાવથી, ભાવનાથી અને આચારથી જીવે અમૃતકુંડનું આ-સેવન કરવાનું છે.

પાપ આચારનો-પાપ આચારની રુચિનો ત્યાગ કરવો અને ધર્મના આચારથી-ધર્મના આચારોની રુચિથી જીવનમાં ભાવિત બનવું.

સ્વરુપજ્ઞાન અને ક્રિયાજ્ઞાનથી, વૈરાગ્ય અને અધ્યાત્મના વિશદ જ્ઞાનથી-ચિંતન-મનનથી ભાવિત બનવું, આનાથી જીવ તે વિશિષ્ટ અપૂર્વ શાંતિ પામે છે. ઉગ્ર પીડામાં પણ જિનવચનભાવન જીવને અપૂર્વ સ્વસ્થતા-શાંતિ અવશ્ય આપે છે.

આચારસહિત વૈરાગ્યની ઉગ્રતા એ જિનવચન ભાવનાની તીવ્રતા છે. જિનવચનની ભાવનાથી વૈરાગ્ય તીવ્ર બને છે અને વૈરાગ્યની તીવ્રતાથી અધ્યાત્મ તીવ્ર બને છે. શાતા વેદનીયથી જેટલું સુખ મળે છે તેના કરતા અનેકાનેકગણું સુખ વૈરાગ્ય અને અધ્યાત્મથી વાસિત-ભાવિતને કાયમ મળે છે.

सुखिनो विषयाऽतृप्ता, नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।
भिक्षुरेक: सुखी लोके, ज्ञानतृप्तो निरंजन:।। ज्ञानसार


ઈન્દ્રને કાયમી સુખ નથી પરંતુ શ્રી જિનવચનભાવિતને-સાધુને કાયમી એનાથી અનંત ગુણ સુખ છે.

આંતરિક સુખ તો જિનવચન અમૃતકુંડથી જ મળે છે એને બીજા બાહ્યસુખ પણ વિશિષ્ટ અને કાયમી જેવા-દીર્ઘકાલીન મળે છે. માટે વૈરાગ્યનો આશ્રય કરીને અને વૈરાગ્યનો આશ્રય કરવા શ્રી જિનવચનથી ભાવિત બનીને અપૂર્વ શાંતિ મેળવવી.



## १०३

विसमे भवमरुदेसे, अणंतदुह गिम्हतावसंतत्ते ।
जिणधम्म-कप्परुक्खं, सरसु तुमं जीव! सिवसुहदं ।।१०३।।



ગાથાર્થ - હે જીવ! અનંત દુઃખ રૂપ ગ્રીષ્મ ઋતુના તાપથી સંતપ્ત અને વિષમ એવા સંસારરૂપ મરુદેશમાં શિવસુખને આપનાર જિનધર્મરૂપી કલ્પવૃક્ષનું તું સ્મરણ કર. ।।૧૦૩।।

***103. In the scorching desert of transmigration,***
***Where people are burning in the heat of endless sorrow,***
***The teachings of the Jinas are like a wish-fulfilling tree.***
***Take their shelter for the bliss of liberation.***

પાછળની ૧૦૦મી ગાથામાં આલોક અને પરલોકના, સ્વર્ગના અને મોક્ષના સુખો આપવા સમર્થ જિનધર્મને કલ્પવૃક્ષ સમાન બતાવ્યો પરંતુ જેમ **'શૈલે શૈલે ન માણિક્યં, મૌક્તિકં ન ગજે ગજે'** દરેક પર્વત પર માણિક્યરત્ન કે દરેક હાથીના ગંડસ્થલમાં મોતી ન હોય તેમ દરેક ભૂમિ પર કલ્પવૃક્ષ ન હોય તે વાત જણાવતા કહે છે કે-

મારવાડની જગ્યા પહેલા નંબરે વિષમ છે. એટલે પર્વત અને ચડઉતર-ખાડા ટેકરાથી વ્યાપ્ત છે. આવી જગ્યા-જમીન જ્યાં હોય ત્યાં કાંટા અને કાંકરા બહુલ હોય.

મારવાડમાં પાણી ઓછું હોય તેથી વનસ્પતિ, ઝાડ, પાન ઓછા હોય, પાક ઓછા થાય તેથી ઠંડક પ્રાયઃ ન હોય કે ઓછી હોય અને પર્વત-પત્થર-કાંકરા બહુલ હોવાથી તે તપવાથી ગરમી વિશેષ હોય. ઉનાળામાં અસાધારણ ગરમી હોય.

સંસારને મારવાડની ગરમીની ઉપમા આપી છે. ઉપમા હાજરવાળી વસ્તુની અપાય કેમ કે સામે રહેલ-હાજર ઉપમેય વસ્તુ કે વ્યક્તિ દેખાડીને સહેલાઇથી સમજાવી શકાય છે. તેના મગજમાં તે વાત બરોબર બેસી જાય છે. માટે અહીં નરકની કે છઠ્ઠા આરાની ઉપમા ન આપી.

આ સંસારરુપી મારવાડ જેવા દેશમાં પરસ્પરની સ્વાર્થવૃત્તિ-ક્લેશબહુલતા-એકબીજા તરફથી આવતા વિશ્વાસઘાતો અને આપત્તિઓની વિષમતાઓ અને દુઃખના કાંટા સર્વત્ર પ્રાયઃ વ્યાપ્ત છે માટે સંસારને મત્સ્યગલાગલ ન્યાય જેવો બતાવ્યો છે.

વિસ્તારથી સમજવું હોય તો સંસારમાં અનુકૂળ વાતાવરણ ઓછું હોય છે એટલે પાણી ઓછું હોય છે, ઝાડપાન ઓછા હોય છે એટલે પરસ્પર પ્રેમાળતા ઓછી હોય છે અને સામાન્ય નિમિત્તમાં તૂટી જાય છે.

નાની નાની આપત્તિરુપી કાંકરાઓ ગણાય નહિ એટલા છે અને મોટી આપત્તિઓ, પ્રતિકુળતાઓ, મોટા રોગો, મોટા વિઘ્નો, મોટા ઉપસર્ગો અને પ્રતિકૂળતાઓ રૂપી પર્વતો, ખાડા-ટેકરાઓ, ચડઉતર સર્વત્ર પ્રાયઃ સર્વને પરિશ્રાન્ત કરનાર છે, થકવી નાખનાર છે.

આ બધાની સાથે સંસારમાં વિષમકર્મોની ગરમી, અંતરાયોની ગરમી, અપયશ-



અનાદેયતાની ગરમી વગેરે અનેક પ્રકારની ગરમીના દુઃખથી મારવાડની જેમ સંસાર વ્યાપ્ત છે, ભરેલો છે.

દુન્યવી રીતે એમ કહેવાય કે આ બધા દુઃખને દૂર કરનાર કલ્પવૃક્ષ હોય છે કેમ કે એ ચારે બાજુ નજીકના વાતાવરણને બધી રીતે અનુકૂળ કરે છે, ઇચ્છિત પરિસ્થિતિનું નિર્માણ કરે છે તેમ સંસારમાં જિનધર્મરુપી કલ્પવૃક્ષનો આશ્રય કરનાર જીવને જે મુખ્યતયા મોક્ષસુખ આપે છે, કાયમ માટે સર્વ સંસારના દુઃખોનો નાશ કરે છે.

બીજા નંબરમાં જિનધર્મને સ્વીકારવાથી=મનથી આશ્રિત થવાથી અને આચરવાથી માનસિક અને બાહ્યદુઃખોનો નાશ થાય છે. એટલે કે જિનધર્મરૂપી કલ્પવૃક્ષની આરાધના કરવાથી બંધાયેલ પુણ્ય દ્વારા બાહ્યદુઃખોનો નાશ થાય છે અને સદ્ભાવના દ્વારા-સદ્વિચાર-જ્ઞાનપરિણતિ દ્વારા માનસિક દુઃખોનો પણ નાશ થાય છે.

ત્રીજા નંબરે જિનધર્મનું શરણ સ્વીકારનારને, જિનધર્મનો આશરો કરનારને સત્ત્વ-ધૈર્ય-સહિષ્ણુતા અને વૈરાગ્ય વિશેષરૂપે પ્રગટ થાય છે.


તેથી નિકાચિત કર્મના ઉદયે કદાચ બાહ્ય દુઃખો ભોગવવા જ પડે તો પણ શ્રી જિનધર્મ માનસિક દુઃખરહિત-અસમાધિરહિત બનાવે છે.

શ્રી જિનધર્મ પામેલાને અને શ્રી જિનધર્મ પામવાની યોગ્યતાવાળાને સત્ત્વ-ધૈર્ય-સહિષ્ણુતા અને વૈરાગ્ય પૂર્વભૂમિકા રુપે પ્રગટ થાય છે અને આ બધાના કારણે શ્રી જિનધર્મનું સ્મરણ-આશરો કરનારને, ભાવથી જિનધર્મ પામનારને મોક્ષ સુખ અવશ્ય મળે છે. અને એ ન મળે ત્યાં સુધી માનસ દુઃખ નષ્ટ પ્રાયઃ થાય છે. કાયિક દુઃખ પણ ક્રમશઃ ઘટતું જાય છે.

તેથી સંસારની તમામે તમામ વાતો-વ્યવહારો કાર્યોમાં પણ શ્રી જિનધર્મનો આશરો સ્વીકારવાનું-આચરવાનું કરવું. કારણ કે શ્રી જિનધર્મ દરેક પ્રસંગોમાં કઇ રીતે વિચારવું-વર્તવું તે બતાવે છે. જે જીવને પાપ બંધથી અટકાવે છે અને શાંતિ સમાધિ આપે છે. આ કરવા માટે પ્રાથમિક ભૂમિકામાં વૈરાગ્યની અનિવાર્યતા છે. તે માટે આ વૈરાગ્યશતકનું ભાવન જરૂરી છે.

## १०४

किं बहुणा जिणधम्मे जइअव्वं जह भवोदहिं घोरं ।
लहु तरियमणंतसुहं, लहई जिओ सासयं ठाणं ।।१०४।।



ગાથાર્થ - ઘણું કહેવા વડે શું! ઘોર ભવોદધિને સહેલાઈથી તરીને અનંત સુખનું શાશ્વત સ્થાન જે રીતે જીવ પ્રાપ્ત કરે તે રીતે જિનધર્મમાં યત્ન કરવો જોઈએ. ।।૧૦૪।।

*104. What more needs to be said?*
*One ought to follow the teachings of the Jina dharma*
*And make efforts*
*To swim across the vast ocean of transmigration,*
*And attain the eternal bliss*
*Of liberation.*
*NAMO VITARAGAYA*



'યથા નામ તથા ગુણ' ન્યાયે નામ પ્રમાણે ૧૦૪ ગાથાના આ ગ્રંથમાં વૈરાગ્ય ઉત્પન્ન કરાવનાર-દૃઢ બનાવનાર-આગળ વધારનાર અનેક પ્રકારની વાતો ગ્રંથકારે આપણને કહી.

સંસારનું સ્વરૂપ-ચારેગતિના દુઃખો-મળેલ સ્વજનોની સ્વાર્થપ્રિયતા-સાધનોની નશ્વરતા-સારા-નરસા પદાર્થોની પરિવર્તનશીલતા અનેક દૃષ્ટાંતો દ્વારા આપણી સમક્ષ જણાવવામાં કોઈ કચાશ રાખી નથી.

ક્યાંક પ્રેમથી-મીઠાશથી પણ જગાડ્યા છે તો આપણી અવળચંડાઈ-પ્રમાદિતા-બેસાવધાનીથી ખિન્ન થયેલ મહાપુરુષે અંદરથી કરૂણા અને બહારથી કડકાઈથી-કઠોર શબ્દોમાં ઠપકાર્યા પણ છે.

આમાંથી છૂટવાના ઉપાય સ્વરૂપ જિનેશ્વર દેવો-તેમના દ્વારા પ્રરૂપિત ધર્મની મહત્તા-સમર્થતા વર્ણવી હવે છેલ્લી ગાથામાં કહે છે; 'किं बहुणा' ઘણું કહેવાથી શું? ટૂંકમાં એટલું જ કહું છું શ્રી જિનેશ્વર દેવના કથન પ્રમાણે આચરણપૂર્વક વિશેષરુપે જીવનની બધી જ વાતોમાં પ્રયત્ન કરવો જોઈએ.

શ્રી જિનેશ્વરદેવના ધર્મમાં બધી જ રીતે પ્રયત્ન કરનાર એટલે કે જીવનની બધી જ બાબતોમાં શ્રી જિનેશ્વર દેવના વચનને લક્ષમાં લઈને તદનુસારે વર્તનાર શીઘ્ર સંસાર સાગરને પાર કરી અનંત સુખરુપ શાશ્વતસ્થાનને પામે છે.

આમાં બે વાત બતાવી છે. ૧) યત્ન કરવો. સંસારમાં પણ જે કરવું પડે છે તેમાં જિનમતાનુસાર પ્રયત્ન કરવો એટલે બાહ્ય સંસારની પ્રવૃત્તિ જેટલી ઘટાડાય તેટલી ઘટાડવી-સંસારની પ્રવૃત્તિમાં રસ મંદ કરવો-ઘટાડવો-પશ્ચાત્તાપ રાખવો. બને તો તેની પ્રશંસા ન કરવી. બને તો વધારવી નહી. ૨) સંસારની પ્રવૃત્તિમાં ધર્મનો પ્રવેશ કરાવવો-અભક્ષ્ય ત્યાગ-રાત્રિ ભોજન ત્યાગ-ધર્મમાં પ્રભુના ભક્તિગીત ગાવા, ધર્મના-અધ્યાત્મના પુસ્તકો આપવા, સંસારના પ્રસંગો ધર્મના પ્રસંગની સ્મૃતિ કરાવે તેવા કરવા. સંસારના પ્રસંગોમાં અઠ્ઠાઈ મહોત્સવ માંડવા, ધાર્મિક પ્રોગ્રામો ગોઠવવા, આ બધું સંસારમાં ધર્મની જયણા છે તેનાથી ધર્મ પ્રધાન બની સંસાર ગૌણ બને છે.

ધર્મમાં ઉત્તમ વ્યક્તિનું સાનિધ્ય, ઉત્તમ વસ્તુ લાવવી, ઉલ્લાસથી-આદરભક્તિથી

ક[illegible]ર વગર પ્રવર્તવું, સમયની પાબંદી ન રાખવી. જયણા રાખવી.

ધર્મના પ્રસંગોમાં પ્રવચન ખાસ રાખવા બીજી વાત ગૌણ થાય તો હજુ ચાલે પણ પ્રવચન ગૌણ થાય તે ન ચાલે. પ્રવચનના અભાવમાં પ્રભુભક્તિ યોગ છે. પ્રવચન એ પ્રભુની ભાવભક્તિ છે. આ બધામાં પ્રયત્ન કરનાર શીઘ્ર મોક્ષપદ પામે છે. આ વૈરાગ્યનો સાર છે.

આ ગ્રંથની પ્રત્યેક ગાથાની દરેક વાતને ખૂબ શાંતચિત્તે વાંચવી, વિચારવી, મમળાવવી, તે તે પ્રસંગે યાદ કરી તે રીતે વર્તવાથી અચૂક રાગ-દ્વેષના શિકાર થતા બચી શકાશે. આપણા સંસારને સીમિત-મોક્ષને નજીક બનાવી શકાશે તે માટે પ્રયત્ન કરવો.

ઇતિ શમ્